॥ शिवमस्तु सर्वजगतः ॥



# શ્રુતપર્વ

## શંખેશ્વર મહાતીર્થે
## દ્વિદિવસીય શિબિર

૨૧ તથા ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૪




- **SHRUT PARVA : By - Pujya Muniraj Shri Dhurandharvijayji M. S.**

  Year 2025 • સંવત્ ૨૦૮૨ • 500 Copies • 200 Pages • Rs. 250.00

---

- **PUBLISHER**

  Bhadrankar Prakashan, Ahmedabad - 380004.

  Keyurbhai : +91 98252 58969



© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust - Rajkot


---


- **ENHANCED & DESIGNED BY**

  Bharti Deepak Mehta
  Pattani Bldg., M.G.Road, Rajkot.
  bharti@mindfiesta.com
  +91 98252 15500

- **Second Edition**

- **eBOOKS AVAILABLE AT**

  www.bhadrankar.com

  www.navkarday.com



પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી દાન-પ્રેમ-રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન
અધ્યાત્મયોગી પરમ પૂજ્ય પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજના પ્રશિષ્યરત્ન

**વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય મુનિરાજશ્રી ધુરંધરવિજયજી મહારાજ સાહેબ**

## વાચનાકારનો પાવન પરિચય

પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી દાન-પ્રેમ-રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન અધ્યાત્મયોગી પરમ પૂજ્ય પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજના પ્રશિષ્યરત્ન વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય મુનિરાજશ્રી **ધુરંધરવિજયજી મહારાજ** સાહેબે માત્ર ૭ વર્ષની નાની ઉંમરે શ્રી ઝઘડીયાજી તીર્થમાં પોતાના પિતા-માતા સાથે પૂજ્ય પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજને હસ્તે સંયમનો સ્વીકાર કર્યો. નાનપણથી જ સંયમસાધનાની સાથે જ્ઞાનસાધનામાં પણ ખૂબ આગળ વધ્યા.

દેવ-ગુરૂની કૃપાથી ખૂબ ભણ્યા-ખૂબ વાંચન કર્યું. જૈન-અજૈન દરેક દર્શનોનો ઊંડો અભ્યાસ કર્યો અને જૈનદર્શનના પદાર્થોનો સર્વ દર્શનના ભાવો સાથે સમન્વય કઈ રીતે છે, તેના જ્ઞાતા બન્યા. આજે જૈનદર્શનની પ્રત્યેક ક્રિયા-વિધિ-વિધાનનું રહસ્ય શું છે, તે પૂજ્યશ્રી ખૂબ જ સરળ રીતે લોકો સુધી વાચના-વ્યાખ્યાન દ્વારા પહોંચાડે છે.


તેઓની કવિત્વશકિત પણ ગજબની છે! સેંકડો સંસ્કૃત-ગુજરાતી કાવ્યો-ગ્રંથોનાં સર્જન તથા અનુવાદો પૂજ્યશ્રી દ્વારા થયેલ છે, જેનું સંકલન આપણને શબ્દધુરંધર-કાવ્યધુરંધર-ભાવધુરંધર-ભકતધુરંધર નામના ચાર ગ્રંથોમાં મળે છે. આપણી પ્રાચીન હસ્તપ્રતો ઉપરાંત તંત્ર-મંત્ર-યંત્રવિજ્ઞાનના ઊંડા રહસ્યોના પરમ જ્ઞાતા એવા પૂજ્યશ્રી પોતાના ગુરૂમહારાજના આર્હંત્ય - નવકાર - મૈત્રી આદિ તત્ત્વોને જન જનના માનસ સુધી આજે વિસ્તારી રહ્યા છે.

સાહેબજી નિરોગી-દીર્ઘાયુ બની આવા કાર્યો કરવા દ્વારા શાસન ઉપરાંત સકલ જગત ઉપર ઉપકાર કરતા રહે, તેવી ભાવનાપૂર્વક વંદન... વંદન... વંદન...

વાચનાગ્રંથના લાભાર્થી

**ગુરૂભકત પરિવાર**

॥ शिवमस्तु सर्वजगतः ॥



**: ૨૧ તથા ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૪, શનીવાર/રવિવાર :**

શ્રી શંખેશ્વરજી મહાતીર્થે સં.૨૦૮૦ના પરમોપકારી ચાતુર્માસમાં
શ્રી હાલારી વિશા ઓશવાળ ધર્મશાળા મધ્યે યોજાયેલ
દ્વિદિવસીય શિબિરની લેખિત ઝલક.

**: શ્રી શંખેશ્વરજી મહાતીર્થે પ્રવચનકર્તા :**

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી પંન્યાસપ્રવરશ્રી
ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબના દિવ્ય ભાવોને ઝીલનારા
વિદ્વદ્વર્ય પરમ પૂજ્ય મુનિરાજશ્રી ધુરંધરવિજયજી મહારાજ સાહેબ.


**: વિષય :**

જૈન ધર્મની પાયાની અદ્ભૂત વાતો અને તેના રહસ્યો સાથે
ગૌરવવંતા પ્રસંગો-વિશિષ્ટ ઉપદેશોનો દ્વિદિવસીય વાચના-પ્રવાહ.

**: શ્રુતપર્વમાં સાંન્નિધ્ય :**

૩૦૦થી અધિક શ્વેત વસ્ત્રધારી શ્રાવક-શ્રાવિકાઓ સમક્ષ
એવં ચાતુમાસાર્થે ત્યાં રહેલ શ્રમણ-શ્રમણીજી ભગવંતો તથા
શ્રાવક-શ્રાવિકાઓની જિજ્ઞાસામયી ઉપસ્થિતિમાં
યોજાયેલી દ્વિદીવસીય શિબિર.

॥ देवाधिदेव श्री शंखेश्वर पार्श्वनाथ प्रभु ॥




ॐ ह्रीं श्रीं धरणेन्द्र पद्मावती परिपूजिताय
श्री शंखेश्वर पार्श्वनाथाय नमो नमः ॥

**શ્રી નમસ્કાર મહામંત્ર, ગુરુસ્તુતિ આદિ માંગલિક સૂત્રો તથા 'દાન' વિષેના શાસ્ત્રીય શ્લોકપઠન પશ્ચાત્ પ્રવચન પ્રારંભ.**

ધર્મનો પ્રારંભ ક્યાંથી થાય? ક્રિયાથી કે ભાવથી?
જન્મ થતાં સૌ પ્રથમ નવકાર જ સંભળાવે, એ ધર્મનો પ્રારંભ!
નવકાર મંત્ર એ શેનો મંત્ર છે? એ નમસ્કાર ભાવનો મંત્ર છે.
'I am nothing, you are everything. પ્રભો! હું કંઈ જ નથી, બધું તમે જ છો. 'નમો' દ્વારા એ સ્વીકાર થાય છે. મારા શ્વાસ અને પ્રાણ પણ તમે જ છો, હું તો ખોખું છું. એમાં હાલતું - ચાલતું ચૈતન્ય તમે જ છો.' આ સ્વીકાર એ 'નમો અરિહંતાણં'.
પ્રભુ ભીતર આવ્યા વિના ધર્મનો પ્રારંભ થતો નથી.
પ્રભુ જ ધર્મ કરાવે અને તમે કરો છો, એટલે જ પહેલો નવકાર!
પ્રભુ તમારામાં પ્રવેશ કરે અને તમે ખાલી થઈ જાઓ. શૂન્ય હોય, તો જ પૂર્ણ થાય. એ સ્વીકાર કે 'હું છું જ નહીં,' કેમકે
જે દેખાય છે, તે પર્યાયોનું અસ્તિત્વ તો ક્ષણિક છે.
આ ક્ષણે છે, તે બીજી ક્ષણે નથી.
બીજી ક્ષણે છે, તે ત્રીજી ક્ષણે નથી! જે છે, પ્રભુનો અંશ છે.
અનાદિ નિગોદથી નીકળી નિર્વાણ સુધી પહોંચો,
ત્યાં સુધીની તમારી સંબદ્ધ સક્રિયતા પ્રભુના આલંબને જ છે.
અનાદિ નિગોદની અંદર આપણે નિષ્ક્રિય પડ્યા હતા,
લાખ્ખો વર્ષે ય ના ઓગળે,
એવા પથ્થર સમી આપણી ચેતના પૂર્ણ રીતે થીજી ગયેલી.
ઠેઠ ત્યાંથી જ આપણી ગતિ શરૂ થઈ, એટલે જ ગાયુંઃ
'તું ગતિ, તું મતિ, આશરો, આલંબન મુજ પ્યારો રે.'
પ્રભુ! પગ મારા, ગતિ તારી! પ્રયત્ન મારો, માર્ગ તું!

'મેં કર્યું' એવો અહંકાર તો કરવા જેવો જ નથી, એ પહેલી વાત! એમ વિચારીએ કેઃ હું એકલો શું કરવાનો હતો? પ્રભુની કૃપાથી એ મારા દ્વારા થયું. 'કર કે કૃપા, પ્રભુ દરિસણ દીન્હોં!' પ્રભુએ કૃપા કરી અને મને દર્શન આપ્યા તથા 'ભવ કી પીડ મિટાઈ.'

પ્રભુના સ્પર્શે ધર્મનો પ્રારંભ! ધર્મ એટલે? પ્રભુની આજ્ઞાનું પાલન. પ્રભુની આજ્ઞા શું? 'તને જે ગમતું નથી, એવું આચરણ તું બીજા સાથે ન કર! તને જે કંઈ ગમે છે, એવું આચરણ તું બીજી વ્યક્તિ સાથે કર.' એમાં કોઈ શર્ત નહીં કે તે સામી વ્યક્તિ શું કરે છે? મારા ગુરુ મહારાજ કહેતાંઃ 'બધાનું મોટા ભાગનું જીવન બીજાનું કર્તવ્ય શું છે, એની પંચાતમાં જ જાય છે! અધ્યાત્મમાર્ગની પહેલી શરત છે સ્વકર્તવ્યબોધ. તમારે કરવા લાયક છે, એ જ જૂઓ.'

એકવાર હું એક ગામમાં બેઠો હતો. ૧૦ ઘર. એક સમજદાર શ્રાવક મારી સાથે બેઠા હતા. ચર્ચા ચાલે, મને કહેઃ 'महाराज साहेब, जिस के पास जो होता है, वो वही देता है। उनके पास गालियाँ है, तो गालियाँ दँगे, हमारे पास गुड़ है, तो गुड़ दँगे।' એ શું કરે છે, એ નથી જોવાનું. મારે બીજા સાથે શું કરવાનું, એ જ જોવાનું છે! તમે બધા ધાર્મિક અનુષ્ઠાનો કરવાવાળા હો, પણ પહેલા એ વિચારો કે તમારામાં સ્વકર્તવ્યબોધ છે કે નહીં? તમારી શક્તિ કેટલી છે? અત્યારે કરવા લાયક કેટલું છે? અને તમારી શક્તિ પ્રમાણે તમે કરો છો કે નહીં? એ વિચારો.

એકવાર સાહેબ પાસે એક ભાઈ બેઠેલા. દિકરાની ફરિયાદ કરેઃ 'એ આમ નથી કરતો અને તેમ નથી કરતો.' સાહેબ બધું સાંભળે.

પછી એમણે પૂછ્યુંઃ 'અમે કહીએ, તે ધર્મ તમે કરો છો ખરાં? કે પછી તમને ઠીક પડે, તેટલો જ કરો છો?' પહેલું આ જ પૂછ્યું. હવે શું જવાબ આપે? તમારો ધર્મ આજ્ઞા કે ઈચ્છા આધારિત? જો ઈચ્છા, તો સંસાર શરૂ. ઈચ્છા બહુમુખી, આજ્ઞા શિવમુખી છે. તું જેટલો ધર્મ કરે, એટલો ધર્મ તારો દિકરો કરતો નથી, એ તારી ફરિયાદ છે પણ તું કરે છે, તેના કરતાં એ વધુ ધર્મ કરે, તો શું થાય? તું મારી પાસે અડધો કલાક બેસે અને તારો છોકરો મારી પાસે આખી રાત બેસી જાય, તો તને ગમે? સંસારની શિખામણ આપવાનો તને અધિકાર, પણ ધર્મ આપવાનો અધિકાર તારો નહીં, અમારો છે. છોકરો માંદો પડે, પછી દવા કઈ આપવી, એ અધિકાર ડૉકટરનો. એ મા-બાપનો યે નથી!

વ્યક્તિ અને સદ્ગુરૂ - વચ્ચે ધર્મ. એમાં બીજો દલાલ ન ચાલે. તમે અમારૂં સાંભળો, તો એ તમારૂં સાંભળે ને? અમારૂં પણ સાંભળીને તમારે મનફાવતું કરવું છે અને તમારૂં મનફાવતું છોકરાંવ પાસે કરાવવું છે! એ ના ચાલે. તે અનનેચરલ-અપ્રાકૃતિક છે. એટલે પહેલા તો છોકરાંઓને મગજમાં જ ના બેસે, પછી તમારૂં કયાંથી સાંભળે? મોટે ભાગે આપણી જીંદગી 'પરકર્તવ્યબોધ'માં જ જાય છે કે પતિ-પત્ની-દિકરા-વહુ વગેરેએ શું કરવું જોઈએ? પણ તારે બધા સાથે જેવી રીતે વર્તવું જોઈએ, એ તો તું પહેલા કર!

ધર્મનો અર્થ શું છે? જાત સાથે વાત કરવી કે દુનિયા સાથે? ઉપાશ્રયે કે ઘરે સામાયિક કરતાં યે બધાનું ધ્યાન રાખતા હો છો! કોણ આવ્યું-ગયું-કોણ કેમ છે? એવું બધું! કોઈ ન મળે, તો પછી અમારૂં ધ્યાન રાખે કે અમે સાધુઓ શું કરીએ છીએ? ઘણીવાર તો

તમે ઉપાશ્રયે સામાયિક લઈને બેઠા હો, તો અમારી માટે જોખમ થઈ જતાં હો છો! પોતાના કાયદા ન પાળનાર શ્રાવકો અમે કાયદા પાળીએ છીએ કે નહીં, એ ચોકી કરવા જાણે બેઠા છે, એવું લાગે!

આજથી ૭૦-૮૦ વર્ષ પહેલા પૂનામાં એક સમજદાર શ્રાવક રહેતા. ગુરૂ મહારાજથી જ ધર્મ પામેલાં. એ ય બહુ વિચિત્ર રીતે કે એકવાર શ્રાવિકાએ તેમને કહ્યુંઃ 'ગુરૂ મહારાજ પધાર્યા છે, તો તમે ઘી વહોરાવો.' કેટલું અને કેમ વહોરાવવું, એનો ખ્યાલ આ નવા બનેલા શ્રાવકને તો હોય નહીં! એટલે સાહેબે ચેતનો ઉઘાડયો, તેમાં ઘીનું તપેલું ઊંધુ કરી એમણે આખ્ખો યે ચેતનો ભરી દીધો. ચૌદસનો દિવસ. વાપરનાર સાહેબ એકલા! અડધો લીટર ઘી! પરઠવાય પણ નહીં! પરંતુ સાહેબ એક શબ્દ પણ ના બોલ્યા કેઃ 'એલા, કંઈક ધ્યાન રાખ! કેમ વહોરાવાય એ તો પહેલા શીખ!'

ચૂપચાપ વ્હોરીને સાહેબ તો ગયા. પછી શ્રાવિકાએ કહ્યુંઃ 'તમે ગજબ કર્યો! ઘી વહોરાવાય એનો વાંધો નથી, પણ સાહેબ કહે એટલું જ વહોરાવાય.' શ્રાવક કહેઃ 'મને શું ખબર? એ કહે કે વહોરાવો, એટલે મેં વહોરાવ્યું.' 'પણ વાપરશે કોણ? તેઓ બે જ જણ છે!' નાજુક તબિયતમાં યે સાહેબ બધું ઘી વાપરી ગયા અને ઉપર એક અઠ્ઠમ કરી લીધો, એની ચીમનલાલને ખબર પડી કેઃ 'મારા ઘીના પરિણામે સાહેબે અઠ્ઠમ કરવો પડયો!' એથી એમને બહુ લાગી આવ્યું. સાવ નાસ્તિક હતા, પણ સાહેબ પાસે આવીને રડતે હૈયે માફી માંગીને કહ્યુંઃ 'આવી ઉત્તમ તમારી સાધુતા! ત્યારે એક શબ્દે ય બોલ્યા નહીં કે આટલું બધું કેમ વહોરાવ્યું ?' જવાબ મળ્યોઃ 'એ ભાવ ત્યારે તોડાય નહીં, એટલે એ સમયે

હું ચૂપ રહ્યો. પછી જ્યારે અવસર આવે, ત્યારે કહેવાય!' પછી તો તે શ્રાવક એકદમ સાહેબના ભકત અને બહુ ધાર્મિક બની ગયા.

એકવાર એમની ટપાલ આવી સાહેબ ઉપર. ફરિયાદ હતી કે સાધુ બહુ ઢીલા થઈ ગયા છે, ધર્મ પાળતા નથી વગેરે! જેમ બાપાઓની સનાતન ફરિયાદ કે છોકરાંવ માનતા નથી, ધર્મના માર્ગે ચાલતા નથી! તમારા માટે તમારા બાપાની અને તમારા બાપા માટે એમના બાપાની યે એ જ ફરિયાદ હતી! એવો બળાપો પત્રમાં પ્રગટ થયેલો.

સાહેબે જવાબમાં એટલું જ લખ્યું કેઃ 'સાધુ ઓછામાં ઓછું કેટલું પાળે તો યે સાધુ કહેવાય, એ ન જાણો, ત્યાં સુધી તમારે કોઈ ટીકા કરવી નહીં. આ તમારૂં કામ નથી.' ચોખ્ખી વાત થઈ ગઈ સ્વકર્તવ્યબોધની! તમારે કેવા હોવું જોઈએ, એ તમે વિચારો. સામે બીજાએ કેમ રહેવું, એ તમારે વિચારવાનું નથી.

તમારે તો શરત હોય છે કેઃ 'મારા ગુરૂ આવા હોવા જોઈએ અને તેવા હોવા જોઈએ.. તો જ તેમના શિષ્યો થઈએ અને તેમને ગુરૂ તરીકે અમે સ્વીકારીએ!' હવે હકીકત એ છે કે સદ્‌ગુરૂ જો એમ કહી દે કેઃ 'મને ઠીક લાગશે, તો તારો સ્વીકાર કરીશ. તારી શરતે હું નહીં, મારી શરતે તું. બાકી હું મારા કર્તવ્યમાં મસ્ત છું, તારે ચિંતા કરવાની જરૂર નથી!' તો તમને ખબર પડે!

યશોવિજયજી મહારાજ આજે કહે છે તેમઃ 'આપણે મૌન શિબિર બંને બાજુથી કરીએઃ હું યે મૌન રહું અને તમે ય મૌન રહો.' બહુ સાચી વાત છે. ગુરૂએ જે ગુણો આત્મસાત્ કર્યા હોય, એમની

પાસે ઉપનિષદમાં બેસી રહો, એટલે તમારામાં એ ગુણો પ્રવાહિત થઈ જ જાય. આપણામાં એ ગુણો ખેંચવાનો પાવર હોવો જોઈએ. ગ્લાસમાં રહેલું પાણી જે રીતે નાનકડી ભૂંગળી દ્વારા ચૂસો, એ રીતે તમારે પીક અપ કરવાનું છે. ગુરૂએ કશું જ કરવાનું નથી. ગુરૂ તો નિષ્ક્રિય જ હોય, શિષ્યે સક્રિય રહેવું પડે. જે શિષ્ય ખાલી થાય, તે ખાલી જગ્યામાં ગુરૂમાંથી ઉભરાતું હોય તે ભરાઈ જાય.

સ્પેસ વગર હવા યે તે જગ્યામાં ન જાય અને જગ્યા થાય, તો ધરમૂળથી બધું બદલી નાખે તેવું વાવાઝોડું ય તેમાં પ્રવેશી જાય. એક ઈંચના સોમાં ભાગ જેટલી જ જગ્યા હોય, તેમાં યે આટલી બધી હવા આવી જાય, તો તમે તો આ...ટલા બધા મોટા છો, તો તેમાં જગ્યા થાય, તો પરમાત્મા કેટલા બધા તેમાં આવી જાય! જે ખાલી હોય, તે બીજાનું કયાં જોવા જાય?

**પૂ. આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ 'ખાલી થવું' એટલે શું?**
**ઉત્તરઃ** 'ખાલી થવું' એટલે વ્યક્તિત્વમાંથી મુકત થવું. સંસારની તમારી બધી વાતો પર્સનાલિટી-વ્યક્તિત્વની આસપાસ જ ગૂંથાયેલી છે. 'પર્સનાલિટી' એટલે શું એ ખબર છે? જગતના સર્વે જીવોથી જૂદાં પડીને વિનાશના રસ્તે જવું, એનું નામ પર્સનાલિટી! દરિયાના પાણીથી છૂટ્ટું પડી બિંદુ થઈ તડકામાં ઉડી જવું, એ પર્સનાલિટી! ખાલી થવામાં અસ્તિત્વના મહાસમુદ્રમાં અક્ષય થઈ જાય વ્યક્તિ. સિદ્ધશિલામાં એ જ થાય છે ને? ચેતનાના અનંત સમુદ્રમાં વિલીન થઈ જવાય ત્યાં. પતી ગયું પછી! અક્ષય-અવ્યાબાધ સ્થિતિ!
સાચું કામ કરો ને તમે કોઈપણ, તો સાંજ પડયે થાક ન લાગે, ન કંટાળો આવે, પણ ખોટ્ટેખોટ્ટું કામ આખો દિવસ કર્યે રાખ્યું હોય,

તો જ્યારે કામ મૂકો, ત્યારે શરીર આખ્ખું ય તૂટી પડતું હોય! તમે લોકો સાંજે થાકી જતાં હો છો કે તાજા બનો છો? થાકી જતાં હો, તો બધું ખોટું કામ કર્યું છે અને સાંજે ય તાજા હો, તો સમજજો કે આખ્ખો દહાડો સાચું કામ કર્યું છે!

અમે ૨૫ કિલોમીટરનો વિહાર કરીને આવ્યા હોઈએ. અમારા સાધુ તે પછી યે આવીને તરત જ બધા માટે પાણી લેવા જાય, કાજો કાઢીને બધી તૈયારી કરે. અમને સ્વકર્તવ્યનો જ બોધ છે. બીજો આવશે અને એ કરશે, એવું નહીં! હું વહેલો આવ્યો છું, તો બધું કરવા માંડું! તો થાક લાગતો જ નથી!

થાક મગજમારીનો જ લાગે, મહેનતનો ન લાગે! તમારો અહં અને તમારૂં વ્યક્તિત્વ સંભાળવાની મગજમારીનો એ થાક હોય છે! સાસુ-વહુ વચ્ચે કેવી મગજમારી હોય ખબર છે? વહુને હોય કે પતિ મારો અને સાસુને હોય દિકરો મારો! બેમાંથી એક જણાંએ તો ધણીપણું છોડવું જ પડે અને તો જ શાંતિ થાય! બંને ધણી થવા જાય એટલે ધમાલ શરૂ થાય! પછી કોઈ સાથે ના રહી શકે.

એલા મનુષ્યજન્મ તો છે ને જે મળ્યું એ વહેંચવા માટે મળ્યો છે. આ જન્મ માત્ર એના માટે જ છે. એ માલિકી કરવા કે જે મળ્યું છે, એ સંઘરવા કે સાચવવા માટે નથી મળ્યો. બહેનોને બહુ હોય કે ધણી મારા કબજામાં રહેવો જોઈએ, એની માના કબજામાં નહીં અને દિકરો યે મારા કબજામાં રહેવો જોઈએ, એની પત્નીના નહીં. એમ બે મોરચે લડવાનું! એક બાજુ સાસુ-સસરા સાથે અને બીજી બાજુ વહુ અને વેવાઈઓ સાથે લડવાનું! પછી શું થાય?

ઘણીવાર બહેનો આવીને મને કહેઃ 'સાહેબ! માંદી જ રહું છું. દવા લાગુ પડતી નથી. શું કરૂં?' હું જવાબ આપુંઃ 'જે આપણા નથી, તેનું ઘણીપણું કરવા જાવ, પછી માંદગી જ આવે ને! માલિકીપણું છોડો, તો હમણાં બધી બિમારી ભાગી જશે!' એક તો નાનકડી જીંદગી, એમાં આ બધી મગજમારીની જરૂર શી છે? આપણે આપણા માટે ન જીવીએ? કે બીજા માટે જીવીને ખોટું ટેન્શન કરીએ? જરૂરત શી છે બધી? ધર્મના પ્રારંભ પહેલાની સમજદારીની આ વાતો છે. તમે કયા સ્ટેટસ-અધિકાર ઉપર છો અને તેથી તમારે શું કરવું જોઈએ, એ બધાનો તમને ખ્યાલ હોવો જોઈએ.

માત્ર સામાયિક લેવાથી કે પૌષધ કરવાથી ધર્મ નહીં થાય! છ'રી પાળતો સંઘ કાઢવાથી કે ઉપધાન કરવાથી યે ધર્મ નહીં થાય! આ માત્ર ક્રિયાઓ જ છે! દ્રવ્ય ક્રિયાઓ માત્ર સંસારનું જ કારણ થાય, ભાવ આવે કે ચૈતન્યનો વિચાર શરૂ થાય!

'મારી આજુ બાજુ રહેલી ચેતનાઓ મારી પાસેથી શું અપેક્ષા રાખે છે? તે મારે પૂરી કરવી છે. એ જે માંગે, તે મારે આપી દેવું છે. તારે જોઈએ, એ મારે નથી જોઈતું. લઈ જા!' ધર્મના પ્રારંભ પૂર્વેની ભૂમિકામાં આ વિચારસરણી હોવી જોઈએ. એ છે કે નહીં, તે વિચાર કરજો. સંઘજમણમાં સૌ પ્રથમ પહોંચો છો કે એમ વિચારો છો કેઃ સૌ આરામથી જમી લે, પછી વધશે તો જમશું, નહીં તો બધા જમી ગયા એ બહુ સરસ! પ્રભાવનાના ભાવથી છેલ્લે આરામથી હશે, તો લઈશું, નહીં હોય તો વાંધો નહીં. પ્રભુનો પ્રસાદ નહીં મળે! પ્રભાવના લેવાની છે જ પ્રસાદ તરીકે, હક્ક તરીકે નહીં! આ વસ્તુ હંમેશા યાદ રાખજો.

'સવ્વે જીવા પુઢો પુઢો' અને 'એગે આયા' બંને વાક્યો છે. 'સવ્વે જીવા પુઢો પુઢો' એટલે દરેક જીવની પસંદગી અલગ-અલગ હોય છે, એના ઉપર આપણી પસંદગી કે ઈચ્છાઓ થોપવી નહીં! 'એગે આયા' એટલે આખા વિશ્વમાં આત્મતત્ત્વ એક જ છે. વિશ્વ એનાથી સંપૂર્ણ જોડાયેલું છે. ચેતનાના સાગરથી તમે કોઈને જૂદા ન કહી શકો. જૂદા થાવ, તો તમે ખોવાઈ જાવ.

તમે કર્મ કરવાના અધિકારી છો, એના ફળના અધિકારી છો? નહીં. કર્મ બદલવાના અધિકારી છો? ના. તો પછી માથાફોડી ના કરવી. કોઈના કર્મને કોઈ બદલી શકે ખરૂં? હા! પરમાત્મા અને પરમાત્માએ બનાવેલા સદ્ગુરૂ કર્મને બદલી શકે! મા-બાપ તો ન જ બદલી શકે! તમે બદલવાની મહેનત કરો, તે તમારી અનધિકાર ચેષ્ટા છે, જેમાં છેલ્લે તમારે થાકવાનું જ! નકલી પોલિસ થઈને દરોડા પાડો, તેનું છેલ્લે શું પરિણામ હોય? પોતે જ હેરાન થાવ! બહુ ચોકીદાર ના થવું... વગર પગારના!

એક જણના ઘરમાં થોડીક બબાલ થાય, એટલે.. આખા માળાની બહેનોમાં તરત જ વાયરલેસ પ્રસારિત થઈ જાયઃ 'અલી જોયું? પેલાના ઘરમાં શું થયું?' અરે... પણ આ બધી પંચાત તારે શું? ઢોલ વાગે, તો યે એ ખબર ના પડવી જોઈએ કે પાછળના ઘરમાં ઢોલ વાગ્યા'તા! એટલા પોતાના કામમાં મસ્ત હોય! છોકરો અને છોકરી પહેલ-વહેલાં પ્રેમમાં પડયાં હોય અને અચાનક ઘરમાં એકાંત મળી ગયું, તો બહાર ગમે તેટલા ઢોલ વાગે, તો'ય બેમાંથી એક્કેયને એની ખબર પડે? એમ ભગવાનની સાથે જે જોડાયેલો હોય, એને આવી બધી પંચાતની કાંઈ ખબર ન પડે!

**પૂ. આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ સાહેબ, 'ભગવાન સાથે જોડાવું' એટલે શું?**

**ઉત્તરઃ** કોઈની ખોડ-ખામી પ્રત્યે નજર ન હોય અને જે સહજપણે જીવતાં હોય, તે ભગવાન સાથે જોડાયેલા કહેવાય. ભગવાન આવા જીવોને તરત પકડી લેતા હોય છે અને કહે છે કેઃ 'આવ! મારે તારો જ ખપ છે. ડોઢ ડાહ્યાઓનો ખપ નથી! ભગત બનવાને બદલે જે ભક્તિ શીખવે છે, એનો મારે ખપ નથી! મારે તો ભગતનો ખપ છે, ભક્તિના ટીચરનો ખપ નથી!' જીવમાત્રમાં પરમાત્માનું જ સ્વરૂપ જૂએ, એ ક્યાં એની ખોડ જોવા જાય?

એક વાર વાઘને કહેવા ગયું હરણીયું કે... 'તમારો લાડકડો બહુ જ અપલખણો છે હોં! હાલતા-હાલતામાં તમાચો ઠોકી દે છે અમને અને અમે પતી જઈએ છીએ!' તો વાઘણે જવાબ આપ્યોઃ 'મારો દિકરો તો બહુ ડાહ્યો છે! કોઈને ય પજવે નહીં! નુકસાન કરે નહીં! બધાંને વહાલ કરે!' હરણિયું કહેઃ 'જાણ્યું હવે એનું વ્હાલ કેવું છે? એક ઝાપટ પડે ને અમે પતી જઈએ, એવું એનું વ્હાલ છે!' પણ માતાને એ કેવો નિર્દોષ દેખાય! એમ તમને તમારી જાત અને જેના જેના ઉપર તમને મોહ છે, એ બધાં જ નિર્દોષ દેખાય.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ નિર્દોષ દેખાવાનું કારણ શું?**

**ઉત્તરઃ** એનું કારણ અનાદિનો મોહ! ધણીપણાંનો ભાવ! અનાદિ નિગોદમાં કાંઈ જ ન્હોતું. અનંતાની જોડે એક ઘરમાં રહેવું પડતું હતું, તેમાં કંટાળ્યા. પ્રભુની કૃપાથી બહાર નીકળ્યા અને ધીરે ધીરે સ્થાવરમાંથી પ્રત્યેકમાં આવ્યા. સ્વતંત્ર શરીર મળતું જેવું શરૂ થયું કે મોકાણ શરૂ થઈ તમારી! ઘર લો તો ફર્નીચરની પંચાત આવે.

ઘર ન લો તો સુથાર-લુહાર-મિસ્ત્રીની પાછળ રોજ દોડવું ન પડે! નહીંતર રોજ ટેન્શન કે કોઈ સમયસર આવતા જ નથી માળાં! એક વાર ઘર લીધું, તો  તમને ઉપાધિ થઈ ને? સ્વતંત્ર શરીર હવે એટલે મળ્યું છે કે... તમારૂં પણ તમે કો'કને આપી શકો. પહેલા તો તમારૂં કંઈ હતું જ નહીં, તો તમે શું આપો? ને જ્યાં સુધી આપો નહીં, ત્યાં સુધી તમે આગળ વધી શકવાના જ નથી! બધી સ્વતંત્રતા ભગવાને 'આપવા' આપી છે, ભોગવવા કે ધણી થવા માટે નથી આપી!

'દાન' એટલે કોઈ જાતની બદલાની ઈચ્છા વિના જે અપાય તે. કોઈ બદલો મળે, એવી અપેક્ષા/ઈચ્છા વગર અપાય, એ દાન! 'પ્રભુ! તેં જે આપ્યું છે, તેનો બદલો હું શું વાળું? તે બદલો તો વળી શકે તેમ જ નથી, છતાં જે બોલું છું તારૂં આપેલું, એ જ તને ઈજ્જત આપી અને મારી આદત, જે લેવા અને માંગવાની છે, એ સુધારવા પ્રયાસ કરીશ!'

આપણે અનાદિ કાળના ભિખારી છીએ, તેનું વર્ણન 'ઉપમિતિ'ના પહેલા જ પ્રસ્તાવમાં 'દ્રમક' તરીકે કરવામાં આવ્યું છે. એ જ્યાં જાય, ત્યાં ખપ્પર લઈને જ જાય! બસ! સૌને એ દ્રમકપણાંની જ આદત છે. એ તોડવા માટેનું સૌ પ્રથમ કદમ છે 'દાન'! દાનથી જ પહેલી શરૂઆત થાય! તીર્થંકરો પણ દાનથી જ થાય છે! ધન્ના અને શાલીભદ્ર પણ દાનથી જ થાય છે!

**પૂ. આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ સંસારનો ત્યાગ કર્યો એ? ઉત્તરઃ એમાં શું નવાઈ કરી? મરી જઈએ, ત્યારે ઈચ્છા ન હોય,**

તો પણ ત્યાગ કરવો જ પડે છે ને? એમાં નવું શું કર્યું? ના છોડો, તો ય છોડાવી જ દે છે એ તમને! એટલે બસ... 'આપો'!

પૂ. આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ પરમાત્માએ શું આપ્યું? ઉત્તરઃ તમારૂં અસ્તિત્વ. (સભાઃ વાહ!) કોઈએ પૂછ્યુંઃ પ્રભુ છે, એની સાબિતી શું? તો તું! તું જ સાબિતી છે ભગવાન છે એની. ભગવાન ન હોત, તો તું યે ન હોત! આપણે કોઈ છોકરાંને પૂછીએ ખરાં કે તારો બાપ છે એની સાબિતી શું? છોકરો છે, એ જ બાપ હોવાની સાબિતી છે. બાપ વગર તે હોત જ ક્યાંથી? બસ, એવી રીતે જ છે. પરમાત્મા ન હોત, તો આપણે હોઈએ જ ક્યાંથી?

કોઈ પૂછેઃ આપણા દેશમાં હમણાં સુરાજ્ય છે, એની સાબિતી શું? આ ખૂલ્લી જગ્યામાં આરામથી તમે બધાં નિઃશસ્ત્ર લોકો ભેગા થઈ શકો ને તમને કોઈ રોકે, ડીસ્ટર્બ કે હેરાન ન કરે, એનાથી વધારે મોટી સાબિતી શું હોય? આપણને ઑક્સિજન સરળતાથી મળે છે, એટલે એ દુર્લભતાની ખબર પડતી નથી. આજથી ૧૦૦ વર્ષ પહેલા તમે જીવતાં હોત, તો આટલા ભેગા થઈ શકયા હોત? ના. કયારે બે રાજા બાખડી પડે અને આખ્ખા રાજયમાં આતંક ફેલાઈ જાય, એનો પત્તો જ ન્હોતો. રોજ ઝઘડતા રહેતા હતા, રોજ લૂંટારા-બહારવટીયા આવતા. આજે એવું કશું જ નથી! આજે છાપામાં આવે, એ દરિયાના પાણી સામે એક ચાંગળું પાણી જેટલું જ છે કે આટલા અકસ્માતો થયા! પણ આટલી ગાડી રસ્તા ઉપર ફરે, તેમાં અકસ્માત ન થયા, એવા સમાચાર? એટલે 'સુરાજ્ય'ની સાબિતી તમે અહીંયા આરામથી બેઠા છો એ. તેમાં છાપાનો અભિપ્રાય લેવા શું જવાનો? એ માટે પોલ પણ ન લેવાય!

જ્યાં રોડ ઉપર ખટારાઓ નિરંતર ચાલતા હોય, ત્યાં સાધ્વીજીઓ નિડરપણે વિહાર કરી શકે, એનો મતલબ એ કે પ્રભુ યે છે અને ગુરૂઓ ય કાંઈક તો મજબૂત છે, જેથી એમની રક્ષા થઈ રહી છે. જુવાન સાધ્વીઓ રોડ ઉપર કોઈને સાથે રાખ્યા વગર વિહાર કરે. તે ઘરે હોય, તો તમે એક મિનિટે ય છૂટ્ટી મૂકો?

છોકરીને બહાર જવું હોય, તો કાં તો તેનો બાપ-ભાઈ-પિતા કે પછી દિકરો સાથે જાય. ગામડાંની વાત જો કે જૂદી છે. ભગવાન મહાવીરના સમયમાં પણ જે સેફ્ટી ન્હોતી, એ આજે છે. પ્રભુ વીરની હાજરી હતી, છતાં રાજા ચંડપ્રદ્યોતે સગી સાળી મૃગાવતીને ઘરે બેસાડવા પ્રયત્ન કર્યો પણ મૃગાવતી હોંશિયાર! એટલે એણે ભગવાનને જ યાદ કર્યા કે હવે તમે જ મને છોડાવો. ભગવાને હાજર થઈ બચાવી લીધી. પણ સામાજિક પરિસ્થિતિ કેટલી વિચિત્ર અને પ્રતિકૂળ કે રાજાની રાણીઓ પણ ત્યારે સલામત ન્હોતી. ત્યારે શેઠાણીઓ ય ગુમ થતી ને કોઈ પૂછનાર કે ફરિયાદ નોંધનારે ય ન્હોતું!

...અને એવો કાળ આવે ને, ત્યારે જ તીર્થંકરો ઉત્પન્ન થાય! કાળને બદલવા માટે જ. અત્યારે કેટલી નિરાંતે તમે બેઠા છો. આત્મા કે અધ્યાત્મની ઉચ્ચ વાતો આજે થાય છે, તે સમયે તે ન્હોતી થઈ શકતી. માણસ જ્યારે સલામતી માટે જ આમથી તેમ દોડતો હોય, ત્યાં ક્યાં એવી વાતો ચાલે? સુખી માણસને જ અધ્યાત્મ સુઝે. 'સુખી' એટલે જેનું ચિત્ત ઠેકાણે છે એ. બધી સુ વિધા એ સુખી, એવો અર્થ ન લેવો. જે પરિસ્થિતિ હોય, તેમાં આનંદથી રહેતો હોય ને, એ જ અધ્યાત્મમાં જઈ શકે.

...તો ધર્મનું પહેલું જ પગથિયું છે 'આપવું'. આવ્યો? લઈ જા. હવે બોલો, ધર્મનું પહેલું પગથિયું 'દાન' જ શા માટે અનિવાર્ય?

શ્રોતાઃ સરળ છે એટલે. ધર્મ એટલે દાન, શીલ, તપ અને ભાવ. ઉત્તરઃ દાન શું આપે? પુન્ય આપે. 'બધું આપે' એમ ન બોલવું. દાન પુન્ય આપે, શીલ સંવર આપે, તપ નિર્જરા આપે, ભાવ મોક્ષ આપે. ચારે ધર્મ અલગ-અલગ. તેમાં પ્રથમ દાન પુન્ય આપે. શીલ કોણ પાળી શકેઃ પાપી કે પુન્યશાળી? પુન્યશાળી. તપ કોણ કરી શકે? પુન્યશાળી. ભાવ કોણ કરી શકે? પુન્યશાળી.

સંસારમાં પૈસા વિના જેમ કોઈ કામ ન થાય, એમ જીવનમાં પુન્ય વિના કશું જ ન થાય! 'પુન્ય' યાને બધી સુખસામગ્રી સહજ મળે, એવી યોગ્યતા પ્રાપ્ત કરવી તે. પુન્યથી જ સદ્‌ગુરૂ, સત્સંગ ને સહજ રૂપ પણ મળે અને દાનથી જ પુન્ય મળવાની શરૂઆત થાય. એવું મન થાય કેઃ 'અભિષેકમાં હું ઉત્તમમાં ઉત્તમ દ્રવ્યો વાપરૂં', તો એ ભાવ થયો. અભિષેક જળમાં લાખ રૂપિયાની કસ્તુરી કે અંબર નાખી એની જાહેરાત ન કરી કે એના બદલામાં મારે કશું નથી જોઈતું, એનું નામ 'દાન'. ત્યાગથી વધુ પાપ આવતું અટકે (સંવર), તપથી નિર્જરા થાય. શીલ સંવરરૂપ, તપ નિર્જરારૂપ અને ભાવ મોક્ષરૂપ છે.

નવ તત્ત્વોમાં પુન્ય, સંવર, નિર્જરા અને મોક્ષ, ચાર ઉપાદેય છે, તે જ પ્રકારના ધર્મથી મળેઃ દાન, શીલ, તપ અને ભાવ. અજીવ નીકળી ગયું, પછી જીવ માટે રહ્યું શું? પાપ, અશુભાશ્રવ અને બંધ નથી જોઈતા આપણને. પણ પહેલું પાયામાં જોઈએ પુન્ય!

તેના વિના કશું ન મળે. પ્રભુ યે પુન્યથી જ મળે! પુન્ય દાનથી મળે. તો શેનું દાન? નવનું. પાપસ્થાનક કેટલા? ૧૮. પુન્યસ્થાન કેટલા? ૯. ૧૮ પાપસ્થાનકના નામ બધાને આવડે, હવે પુન્ય સ્થાનકના નામ બોલો તો! પહેલું આ... બીજું આ... ત્રીજું આ... ચોથું આ... પાંચમું આ...! બોલો ફટાફટ! છોડવાનું છે, એ આવડે છે પણ મેળવવાનું છે, એ આવડતું નથી. શું કરશું? કચરો કાઢવાનો નક્કી છે પણ ઝાડુ કયાંથી લાવવું, એ જ ખબર નથી! ઝાડુ તો જોઈશે જ. હાથથી તો કચરો કાઢવાનું થાય નહીં.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ આપ શું કહેવા માંગો છો?**
**ઉત્તરઃ** એટલે હમણાં ને હમણાં બોલી દઉં? (સભામાં હાસ્ય...) સાચું કહો, ધર્મ મોક્ષ માટે જ કરવો જોઈએ, એવું રોજ સાંભળો છો અને દેરાસરમાં 'હે ભગવાન! આ મારી પૂજા મોક્ષ માટે જ થજો' એવું નાટક પણ કરો છો ને? સાચું કહું તો કોઈના બાપાને ય મોક્ષ જોઈતો નથી. તું અહીંયાથી મને છોડ, એ મારો મોક્ષ!

કયારેય એવું બન્યું ખરૂં કે દેરાસરમાં ગયા અને ધ્યાન જ ના રહ્યું કે પૂજારી કયારે દેરાસર બંધ કરીને જતો રહ્યો? (સભાઃ ના)

કયારેય નથી બન્યું એવું? ઈન્કમટેકસની રેઈડ પડવાની હોય અને ચોપડા ચોખ્ખા કરતા હો, ત્યારે બાજુમાંથી કોઈક જાય, તો ખબર પડે? ટિફિન ઠંડુ થઈ જાય કે બાજુમાંથી બેન્ડ-વાજા સાથે મોટું સરઘસ નીકળે તો યે ખબર ન પડે, એવા હો એકધ્યાન! ખબર એક જ છે કે આ રેઈડ પડે અને જો એ રસ્તે મૂકી દેશે, તો ફસાઈ જઈશું! તમે બધા ભયથી જ સીધાં ચાલો એવા છો!

સંસારનો ભય લાગે તો ભગવાન પાસે સ્થિરતા મળે! ભવથી ભીરૂ હોય, એ જ ભગવાન સાથે જોડાઈ શકે. આપણે વાત ચાલે છેઃ પ્રભુ સાથે કોણ જોડાય? જે જોડાયા છે, તે દાનથી જ જોડાયા છે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ પ્રભુ સાથે જે જોડાયા, તે દાનથી જ જોડાયા, તેમાં ઉદાહરણ તરીકે?**

**ઉત્તરઃ** નયસાર શેનાથી જોડાયા? દાનથી જ જોડાયા ને? ધન્ના સાર્થવાહ શેનાથી જોડાયા? દાનથી. બધા જ તીર્થંકરો દાનથી જ જોડાયા. તમે યે વહેવારના દાનથી જ જોડાઓ છો ને? મહારાજ સાહેબ તમારા શહેરમાં આવે. પછી તમારે ઘરે વહોરાવા આવે, એટલે ખબર પડે કે મહારાજ સાહેબ આવ્યા છે. અને વહોરાવ્યું હોય એટલે મન થાય કે ઉપાશ્રયે જરા વંદન કરવા જઈએ. બધે જ તમારૂં વ્યાપારપણું ના જોડો! દાન આપવું બહુ મુશ્કેલ છે. બે મહિના બહુ સરસ ભક્તિ કરે અને પછી પરિચય થાય, એટલે પછી ચોપડો ઉઘાડે ઉઘરાણીનો!

એક વાત પૂછું? વહેતી નદીને કહેવું પડે કે પાણી આપ? સૂરજને કહેવું પડે કે પ્રકાશ આપ? પ્રભુ અને ગુરૂ યે આપવા જ બેઠા છે. તમારે કહેવાનું જ ન હોય કે આપજો. એમનું કામ જ એ છે કે જેટલા ખાડા, એટલા ભરી દેવાના! માંગવાનું શું હોય વળી? જેણે નથી માંગ્યું, એનું જ દાન એને ફળ્યું છે. પહેલું જ દાન છે. ૧૮ પાપસ્થાનકની સામે કયા ૯ પુન્ય છે, તે આમાંથી એને જ ખબર હશે, જેણે પંન્યાસજી મહારાજને બરાબર વાંચ્યા હશે. આપણને છે ને નેગેટીવ વાતો બહુ યાદ રહેતી હોય છે, પોઝીટીવ નહીં! એટલે બધાને પાપ યાદ રહે, પુન્ય નથી યાદ રહેતા.

દિવાળીને બે દિવસની વાર હતી અને એક ભાઈ દિવેલીયું મોઢું લઈને ફરતા'તા. મેં પૂછ્યું: 'શું વાત છે? બજારમાં તો બધે તેજી છે, તમને નુકસાન થયું છે?' તો કહે:'અરે, મને આ વખતે આશા હતી કે પાંચ લાખ રૂપિયાનો નફો થશે, એને બદલે ૩ લાખનો જ થયો.' મને પલ્લે ના પડ્યું. આશાથી ઓછું મળે એટલે દુઃખી? રોજ મંદિરે જાવ એટલે કંઈ ને કંઈ મળતું જ હોય, પણ તમારા રોદણામાંથી જ બહાર આવો, તો ખબર પડે ને કે શું મળ્યું?

**પ્રભુ આપણને રોજ કહે છે કેઃ**
**'પહેલા કંઈક મૂક, પછી આપીશ!' એટલે જ કહ્યું છેઃ**
**દેવ અને ગુરૂ પાસે ખાલી હાથે ન જવું!**

ખાલી હાથે જાય, એ ખાલી હાથે જ પાછો આવે! પાપવૃત્તિ ઉભી થાય એવું આપવું, એ દાન નથી ગણાતું. જીવનજરૂરી ચીજો એ દાન. ગરીબને ખાવાનું આપો. ભૂખ્યો તે ખાઈ લે, વાત પૂરી. નમસ્કારભાવ મેળવવાની પૂર્વભૂમિકામાં પણ દાનધર્મ જ છે. પૂર્વે સુપાત્રદાન કર્યું, તો જન્મતાંવેંત મા-બાપે નવકાર સંભળાવ્યો, તે કાંઈ અમસ્તા અમસ્તા નથી મળ્યો.

૯ પ્રકારના પુન્ય એ ૯ પ્રકારના દાન જ છે. ૯ પુન્યના સ્થાન એ નવે નવ દાન જ છે. એક-એક પુન્ય બે-બે પાપસ્થાનકને કાપે. ગુરૂ મહારાજે પોતાની નોટમાં આખ્ખી એની નોંધ આપી છે. પહેલું પુન્ય પ્રથમ બે પાપને કાપે, બીજું પુન્ય એ પછીના બીજા બે પાપને કાપે અને એમ છેલ્લું નમસ્કાર પુન્ય મિથ્યાત્વશલ્ય અને માયામૃષાવાદ પાપને કાપે.

| ક્રમ | ૯ પ્રકારના પુણ્યથી.. | નવપદજીની પ્રાપ્તિ | ૧૮ પ્રકારના પાપોનો ક્ષય |
|---|---|---|---|
| ૧ | અન્નપુણ્ય | અરિહંત | હિંસા - મૃષાવાદ પાપનો ક્ષય. |
| ૨ | જલપુણ્ય | સિદ્ધ | અદત્તાદાન - અબ્રહ્મનો ક્ષય. |
| ૩ | વસ્ત્રપુણ્ય | આચાર્ય | પરિગ્રહ - ક્રોધનો ક્ષય. |
| ૪ | ઔષધપુણ્ય | ઉપાધ્યાય | માન - માયાનો ક્ષય. |
| ૫ | શયનપુણ્ય | સાધુ | લોભ - રાગનો ક્ષય. |
| ૬ | મનપુણ્ય | દર્શન | દ્વેષ - કલહનો ક્ષય. |
| ૭ | વચનપુણ્ય | જ્ઞાન | અભ્યાખ્યાન - પૈશૂન્યનો ક્ષય. |
| ૮ | કાયાપુણ્ય | ચારિત્ર | રતિઅરતિ - પરપરિવાદનો ક્ષય. |
| ૯ | નમસ્કારપુણ્ય | તપ | માયામૃષાવાદ તથા મિથ્યાત્વશલ્યનો ક્ષય. |

આ ૯ દાન પુન્યસ્વરૂપ છે. મેં કહ્યું તેમ દાનથી પુન્ય મળે, શીલથી સંવર થાય, તપથી નિર્જરા થાય, ભાવથી મોક્ષ મળે.

આ ધર્મો અને તત્ત્વો જેમ એકબીજાથી જોડાયેલા છે, એવી રીતે તે ચારે કષાયનો પણ નાશ કરે. સૌથી અઘરો કષાય છે લોભ. સૂક્ષ્મ લોભને કારણે જ જીવ ઉપર ચડયા પછી યે ફરી નીચે પડી શકે. દાન એ લોભ કે પરિગ્રહસંજ્ઞાને તોડે, શીલ માયાને તોડે, સરળતાને જ શીલ કહ્યું છે, તપ ક્રોધને તોડે અને ભાવ અહંકારને તોડે. લોભ તૂટે એટલે બીજા બધા કષાયો નબળાં પડી જાય. આમાં કયાંય ભૌતિક પદાર્થો નથી, બધે જ જીવનનું દાન છે.

દાન બે જાતનાઃ (૧) દ્રવ્યદાન (૨) ભાવદાન.
લોકમાં આપવું એ દ્રવ્યદાન, લોકોત્તરમાં આપવું એ ભાવદાન. લૌકિક એટલે જે જીવ તમારી સામે આવે, તેને આપો એ દ્રવ્યદાન અને એ જ વસ્તુ સાધુ અને પરમાત્માને ધરો, તો ભાવદાન. દ્રવ્યદાન દુઃખના ઉપાયો આપે, ભાવદાન દુઃખનો જ નાશ કરે. દ્રવ્યદાન જીવનવ્યવસ્થા સલામત કરે, ભાવદાન સંસારથી મુકત કરે. ભૂખ-તરસ લાગે, તો દ્રવ્યદાન ફળરૂપે ભોજન/પાણી આપી દે. જિંદગી આરામથી જીવી શકો, એવી વ્યવસ્થા દ્રવ્યદાન કરે.

પહેલું લૌકિક-પછી લોકોત્તર દાન. લૌકિકને ઓળંગીને લોકોત્તર કયારેય હોઈ ન શકે. તમે 'હિંદુ' મટીને 'જૈન' થઈ શકો? ના. 'હિંદુ' એટલે આત્મવાદી પ્રજા. તેમ હો, પછી જ તમે જૈન તરીકે આગળ ચાલો. આ લોક અને પરલોકમાં માને, તે બધા જ હિંદુ મોક્ષમાં માને. પાયામાં તો બધા હિંદુ જ હોય, પછી કોઈ જૈન, કોઈ બૌદ્ધ થાય. કોઈ શીખ, કોઈ મુસ્લિમ, કોઈ વૈષ્ણવ થાય. જેને જે દર્શન ગમ્યું, એમાં રહે. આ સર્વ ધર્મ છે, સમાજ નથી.

ધર્મના આધારે સમાજ બને નહીં, બની શકે પણ નહીં. એક ભં ગી-કુંભાર-રબારી જૈન છે. સાધર્મિક તરીકે તમે તેને બોલાવો, જમાડો, પણ એની મર્યાદાપૂર્વક. તમે એને દિકરી આપવાના? ના. અહીં તમે 'હિંદુ' થઈ ગયા. ત્યાંની વર્ણ/જાતિની જે વ્યવસ્થા છે, એમ તમે વ્યવહારમાં વર્તવાના.

તમારી દિકરી પટેલમાં જશે, તો કદાચ ચલાવી લેશો, મુસ્લિમમાં જતી હશે, તો સહન નહીં થાય. હિંદુમાં જાય, ત્યારે થાયઃ

ઠીક છે, જો કે આ સમાજમાં રહેત, તો સારૂં હતું. હિંદુ હોય, તો મોટો વાંધો નથી આવતો. એ વાંધો પહેલા ન હતો અને અત્યારે ય નથી. લગ્નવ્યવસ્થામાં પૂર્વે ધંધો નહીં, પરંતુ ખાનદાની, યોગ્યતા અને આર્યપ્રજા છે કે અનાર્ય, એટલું જ જોવામાં આવતું.

'લૌકિક ધર્મ' એટલે હું જે વાત કરીશ એ મુજબ હિંદુઝમ, જેના ઉપર આપણી હિંદુ પ્રજાતિ ઉભી છે. એ રહીને પછી તમે જૈન થાવ, તો જ આ દેશમાં ટકશો, નહીંતર નહીં. ધર્મથી જાતિ અને સમાજ ન બની શકે. ધર્મ વૈયક્તિક બાબત છે. તે જો સામાજિક બને, તો મુસ્લિમ અને ઈસ્લામ ધર્મની જેમ ઝનૂન પેદા કરે. પાયાના સિદ્ધાંતમાં એવું છે કે જીવમાત્ર ગમે તે ધર્મનો હોય, ગમે તે જાતિ કે દેશનો હોય, આપણા માટે મિત્ર જ છે.

ગુરૂ મહારાજ વાતચીતથી જ અમને બધું શીખવતા. તેમણે કયારેય ઉપદેશ આપ્યો જ નથી. તેઓ સ્પેશીયલ વાચના પણ ન આપતા અને અમે માંગતા પણ નહીં! સીધી-સાદી વાત છે. ગુરૂ મહારાજ મરજી હોય ત્યારે આપે, આપણે તૈયાર જ રહેવાનું. ઉઘરાણી કયારેય પણ નહીં કરવાની.

આજે તો જાણે ફેશન ચાલી છે. કોઈપણ આવીને વંદન કરે, પછી કહેશેઃ 'સાહેબ, કાંઈ હિતશિક્ષા આપો.' શું આપે? મફતમાં પડી છે હિતશિક્ષા કે એમનેમ આપી દે? એની માટે અંદરની ભૂખ અને તત્ત્વજિજ્ઞાસા હોવી જોઈએ. બધા ઉપનિષદોની શરૂઆત પ્રશ્નોથી જ થાય. જંબુસ્વામી પૂછે, સુધર્માસ્વામી જવાબ આપે. એમાં પણ પાછા પોતાનો નહીં, ભગવાનનો હવાલો આપે.

ઘણીવાર તો રોજનું વ્યાખ્યાન પણ કંટાળો આપે કે ભાઈ!
અમારે ડિમાન્ડ વગર દુકાન ખોલવી?
સામે જિજ્ઞાસા કે કશું ય નથી!
કાંઈક તો પ્રશ્નો હોવા જોઈએ ને?
તમે આટલા બધા મહાત્માઓને મળ્યા,
બહુ અદ્‌ભૂત છે બધાનું એમ કહ્યું, પણ કોઈએ એવું ન પૂછ્યું કેઃ 'સાહેબ, તમે બાવા કેમ થયા? તમે આ દીક્ષા કેમ લીધી અને આ ગુરૂ કેમ પસંદ કર્યા?' આજ સુધીમાં તમે આ કેટલાંને પૂછ્યું? છોકરો આપવો હોય, તો વેવાઈઓનું બધું પૂછો. કયાંના છે ને કોણ છે ને સાત પેઢી સુધી ઉખાડો. વળી એમ પણ પૂછી લો કેઃ સાત પેઢીમાં કોઈને ધોળો ડાઘ તો ન્હોતો ને? કોઈ દેવું નથી ને? અહીંયા કોઈવારે ય પૂછવાનું મન જ ન થાય? ના. લેવા-દેવા જ નથી! કાંઈ સંબંધ બાંધવો હોય, તો પૂછે ને? વળી સામાજિક હોડ રાખવાની દોડ છે. ઉપાશ્રય-દેરાસરમાં ન જઈએ, તો ભઈ આપણો હક્ક ના રહે! અત્યારે દોડ બધી ધાર્મિક નથી, સામાજિક થઈ ગઈ છે. હું આજે એટલે જ અહીં ચર્ચા કરી રહ્યો છું કે તમે જે દોડો છો, તે વાસ્તવમાં ધર્મ છે કે માત્ર પરિભ્રમણ છે?

ઓળખીતા મહારાજ આવ્યા છે, તો ઘર-પતિનું બધું છોડી છોડીને દોડો! ઘર રોજનું થયું, ઉપાશ્રયે પહોંચો અને વ્યાખ્યાન સાંભળો. ત્યાં મહારાજ સાહેબ પાછી પતિવ્રતા જીવનની જ વાત કરે, ત્યારે ખુશ થઈ સાંભળીને ડોલો! શું મહારાજ સાહેબે સરસ વાત કરી! ધૂળ સરસ? પતિને છોડીને આવી અને પાછા કહે 'પતિવ્રતા ધર્મ'!
દહેરાસર જતાં હો અને રસ્તામાં માંદુ પડેલું ગધેડું મળે,
તો પૂજા કરવા જાવ કે ત્યાં જ ઉભા રહો?

તમને એટલો જ સમય છે કે યા તો આને દવાખાને પહોંચાડો
અને કાં પૂજા કરો! વધુ સમય નથી.
તો તમે શું કરો? કોઈકને ભળાવી દો ગધેડો? કે આપણે જ કરવું?
હવે બીજું દ્રશ્ય! દેરાસર પહોંચ્યા.
ત્યારે સમાચાર મળ્યાં કે છોકરાને એક્સિડન્ટ થયો છે,
તો કોઈકને ભળાવો કે પોતે જ દોડો?

જેમાં જીવનના અંશો, તે સમર્પિત કરી શકો ભગવાનને, જેમ કેઃ
(૧) પહેલું જલપુન્ને! તરસ્યાંને પાણી આપવું.
લૌકિકમાં કોઈપણ રસ્તે ચાલતો અજાણ્યો માણસ અને લોકોત્તરમાં સાધુને જલદાન! બોલો હવે, લૌકિક ને લોકોત્તર જલદાન કેટલાંના ઘરમાં થાય છે? ઘરની બહાર કૂંજો મૂકેલો જ હોય. કોઈપણ જતું -આવતું તરસ છીપાવે. ઉપર કુંડામાં પક્ષીઓ માટે પાણી લટકાવેલું જ હોય! પરબ ખોલાવો તે લૌકિક દાન છે, મોક્ષદાયક નથી. એમાં લોકો એની ઈચ્છાથી તમારું નામ લખે, એ વાત જૂદી છે.

બિનશરતી દાન જ સાચું. તેમાં પહેલું જલદાન. એનો મહિમા છે. તમારે શરત નહીં રાખવાની કે નામ લખો, તો જ પૈસા આપું. લોકો તો એટલા માટે ય લખે કે કાલે પરબ જૂની થઈ જાય, તો તમે નામ જૂઓ એટલે ખબર પડે કે આપણે પાછું આ સમારકામ કરાવી લઈએ. એ એક સામાજિક વ્યવસ્થા છે. એને સાચવવાની અને આગળ ચલાવવાની. જે ધણીએ પરબ કરાવી, તેણે નામ આપ્યું હોય, તો તકતી જોવા નહીં જવાનું કે તકતી કેવડી છે? એવી ખટપટ નહીં કરવાની કે આમ કેમ અને તેમ કેમ લખ્યું છે? દાન ન કરો તો જળ દુર્લભ થતું જાય છે, જેમ આજે કૂવાનું જળ.

જે ઘરમાં સાધુ નિત્ય પાણી વહોરી જતાં હોય, એવા ઘર કેટલાં? લોકોત્તર જલદાનમાં શ્રમણોને પાણી વહોરાવવું અને ભગવાનની અષ્ટપ્રકારી પૂજામાં છેલ્લે અલગ અલગ જાતના જળપાત્ર ધરવા, જેમ કેઃ એલચીવાસિત જલ, પુષ્પસુવાસિત પાણી, અલગ-અલગ શરબતો. ક્યાંયે એમાં હલકી ચીજ વાપરેલી ના હોય.

પ્રભુભક્તિમાં ઉત્તમ દ્રવ્યો જ વપરાય. પ્રભુ સામે નૈવેદ્યમાં ગોળ ના મૂકાય, ખડી સાકર જ મૂકાય, કારણકે શેરડીના રસને ઉકાળી મેલ કાઢે એટલે ગોળ બને. ગોળને ઉકાળી એમાંથી મેલ કાઢે, ત્યારે સાકર બને! સાકરમાંથી ખાંડ બને. એ ખાંડને બાળે, પછી ખડી સાકર બને. એટલે પ્રભુ સામે ખડી સાકર જ મૂકાય. અત્યારે બહુ ચાલ્યું છે કોલ્હાપુરી ગોળના રવા લાવીને પ્રભુ સામે મૂકવાનું.

આમ પહેલું જલદાન. જો એ પાયાનો ધર્મ નહીં ટકે ને, તો મોટા ધર્મો નહીં ટકે. જલપુન્યમાં સાધુને નિર્દોષ પાણી વહોરાવવું, એ નંબર વન અને બીજા નંબરમાં ભગવાનની સામે હંમેશા ઝરણાનું-નદીનું-ડંકીનું-કૂવાનું અને વરસાદનું જ મૂકાય. ઑવરહેડ ટાંકીનું પાણી, જેમાં જંતુનાશક દવા નાખેલી હોય, તેનાથી પ્રક્ષાલ તો ન જ કરાય અને પ્રભુની સામે ય ન મૂકાય, કેમકે એ પાણી મરી ગયેલું હોય. એવા જલથી ભગવાનની કોઈ જ ક્રિયા ન થાય. જીવોથી જ જીવ જીવે છે અને તેથી જીવતું અને વળી તાજું જ જલ વપરાય, વાસી ન વપરાય. બોલો, તરસ્યો કોઈ ઘરે આવે અને જીવતું પાણી જ પીને જાય, એવા તમારા ઘર કેટલા? ગમે ત્યારે સાધુ કે સાધર્મિક આવે અને સૂઝતું પાણી મળી જ જાય, એવા ઘર કેટલા? ભગવાનની જળપૂજા કરી શકે, એવા ઘર કેટલા?

પુન્યનું સૌથી પહેલું કદમ જલદાન. એનાથી જ આખી સૃષ્ટિ-વિશ્વ ઉત્પન્ન થાય છે. જલ વિના વિશ્વમાં કશું જ નથી. જો જલદાન ન હોય, તો તમારી આખી વ્યવસ્થા કેટલી ખરાબ થઈ જાય! અત્યારે તમને ન્હાવાનું પાણી બહુ મળી રહ્યું છે, પીવાનું જ નથી મળતું, તેથી મશીનો (વોટર ફિલ્ટર્સ) લગાવવા પડે છે.

જલપુન્ય માટે 'દાનપ્રદીપ'માં ચોથા આરાની એક સરસ ઘટના છેઃ ૫૦૦ સાધુઓનો સમુદાય વિહાર કરતા કરતા આવે છે. ઉનાળાના દિવસો છે. પૂર્વે ૫૦૦-૫૦૦ સાધુઓ એકસાથે વિચરતા. દરેક ઘરમાં વહોરવા જતાં. માત્ર જે ઘરમાં બ્રાહ્મણો ન જાય, તે ઘરમાં નહીં, બાકી બધા ઘરે જાય. એમાં એક શેઠને ઘરે પહોંચ્યાં મોટા-મોટા તુંબડા લઈને, કેમકે તે સમયે ઘડા ન હતા.

એ સમયે એક મોટું કુટુંબ એટલે કે તે વખતની વ્યાખ્યા પ્રમાણેઃ ૨૮ પુરૂષ અને ૩૨ બહેનો હોય. એવા પરિવારમાં સાધુને ગોચરી મળે, કેમકે ત્યાં ૫/૨૫ છોકરાંવ હોય, વહુઓ હોય, આખ્ખો દહાડો પાણી યે ગરમ થતું હોય, દૂધ પણ ગરમ રહેતું હોય અને એક પછી એક છોકરાંઓ દુકાનેથી જમવા આવે, તેની વહુ બનાવતી હોય. બાળકો શાળાએથી આવે, એની મા બનાવતી હોય, એટલે આખ્ખોય દહાડો રસોડું ચાલુ જ હોય. વહુઓ ય ઘડીક આ હોય - ઘડીક તે હોય, એમ બદલાયા કરતી હોય. એમાં વળી ઘડીક સાસુ આવે ને ઘડીક વડસાસુ યે આવે. જેના ડોસા જમવા આવે, એની વહુ આવે જમાડવા. ડોશીના વર જીવતા હોય, ત્યાં સુધી માજીને પાછો ગર્વ હોયઃ 'મારા હાથની રોટલી જ એમને ભાવે, બીજાની ભાવે જ નહીં!' આવો જમાડવાનો મહિમા હતો. સ્ત્રીનો

મોટો સંતોષ હતો કે સામાને જમાડીને તૃપ્ત કરવા! 'અન્નપૂર્ણા'નું વિશેષણ પુરૂષોને ન મળે, માત્ર સ્ત્રીને મળે. તમે એમને પૈસાની સત્તા નથી આપતા, એ તમને જમાડવાની સત્તા ન આપે. હવે ૫૦૦ જણાના સમુદાયમાંથી એક સાધુ આ ૬૦ જણાના મોટા પરિવારમાં પાણી વહોરવા ગયા. તેમાં ચોખા (ભાત) કેટલા બધા થતાં હોય, કેમકે પહેલા ચોખા એ આપણો આર્યોનો મુખ્ય ખોરાક હતો. ઘઉં સચિત્ત હોય, તેથી પીલાવવા પડે. ચોખા તો અચિત્ત જ હોય, એટલે જ ચોખાની ખીરને 'પરમાન્ન' કહ્યું છે ને? તેમાં ઓછામાં ઓછી હિંસા ને વધુમાં વધુ પુન્ય મળે. ચોખામાં કેલેરી વધારે. ઓસાવી નાખો, તો જ કેલેરી ઓછી થાય, નહીંતર ચોખા પચવામાં સૌથી ભારે. મારવાડમાં ચોખાને કયારેય ન ઓસાવે.

હું ૧૫/૧૬ વર્ષ પહેલા જ્યારે પહેલી વાર મારવાડ ગયો, ત્યારે વજ્રસેનવિજય કહેઃ 'જોજો હોં, અહીંની રોટલી સુપાચ્ય ને ચોખા ભારે છે પચવામાં. સાંજે ચોખા લેવા, કેમકે પછી ઊંઘી જ જવાનું હોય ભારે ખાઈને. બપોરે ચોખા નહીં લેવાના-રોટલી જ લેવાની. હવે એ ૬૦ જણાના ઘરમાં ચોખાના ઓસામણનું નહીં, ધોવણનું પાણી યે ઘડાના ઘડા ભરાય એટલું હોય. મહારાજે ત્યાં પહોંચી 'ધર્મલાભ' આપ્યો. શ્રાવકે પૂછ્યુંઃ 'મહારાજ, શેનો ખપ છે?' તો મહારાજે કહ્યુંઃ 'પાણીનો'. 'પાણી તો મટકાંઓમાં આ રહ્યું.' તો કહેઃ 'એ નહીં. આ પાણી છે ને, તે વહોરાવો.' શ્રાવક કહેઃ 'એ ધોવણનું પાણી તો ફેંકવા જેવું છે.' 'બસ, એનો જ ખપ છે. અમારે એ જ ચાલે.' તો શ્રાવક કહેઃ 'આ વહોરાવવામાં તો મારે કોઈને પૂછવા યે જવું પડે તેમ નથી.' અને ખૂબ ભાવથી વહોરાવ્યું જીંદગીમાં એક જ વાર. તો બીજા ભવે મેઘનાદ નામે રાજા થયો.

સાધુ જેટલા ઉદાર કોઈ નહીં! એની પાસે કશું યે ન હોય અને તમને બધું જ આપી દે! ચક્રવર્તી યે બનાવી દે! માંગવું ના પડે. માંગો તો તમારી હેસિયત પ્રમાણે મળે. ન માંગો, તો એમની હેસિયત પ્રમાણે આપે. માંગવાની ગરબડ ના કરવી. એ આપવા જ તો બેઠાં છે. અનાદિ નિગોદમાંથી તમને અહીં સુધી લાવ્યા છે. બાપાને કહેવું પડે કે તમારી બધી સંપત્તિ મારા નામે કરજો? હવે એ મેઘનાદ રાજાને રસકુંપિકા મળી. એથી એણે રાજ્યમાં બધી જાતના ટેક્સ માફ કરી દીધા. તે રસકુંપિકામાંથી રોજનું ૧૦૦ ક્રોડ તોલા સોનું બનાવે, જેમાંથી ૨૫ ક્રોડ તોલા સોનું ધર્મમાર્ગે, ૨૫ ક્રોડ તોલા સોનું રાજ્યના કામ માટે, ૨૫ ક્રોડ તોલા સોનું જમા કરે અને ૨૫ ક્રોડ તોલા સોનું પરોપકારના કાર્યોમાં વાપરે. જૂઓ, સાધુને એક જ વાર ભાવથી વહોરાવેલું પાણી એની આખ્ખી ય જીંદગી દાન કરી શકે, એટલી શક્તિ આપે.

**પૂ. આચાર્ય હેમપ્રભસૂરિજી મહારાજઃ એ જલદાનનો પ્રભાવ હતો કે ભાવનો?**

**ઉત્તરઃ** શ્રાવક રાજી રાજી થઈ ગયો કેઃ ‘મારૂં હતું ને મેં આપ્યું. મહારાજને મારૂં પાણી કામ આવી ગયું, એનાથી રૂડું શું?’ એણે ભાવથી આપ્યું. ‘હા, લઈ જાવ મહારાજ!’ એવી રીતે નહીં...! આજકાલ કોઈ શ્રીમંતને ઘરે મારા સાધુ જાય, તો શેઠ બૂમ પાડેઃ ‘મા’રાજ! મહારાજ આવ્યા, એમને જોઈએ તે વહોરાવી દો!’ આના કારણે પુન્ય એટલું ઘટે ને કે બીજી પેઢીએ એમના ઘરમાં મહારાજ (રસોયા) અને ખવડાવનારી વહુયેના રહે! બંને જણાંને બહારથી ટિફિન લાવીને જમવું પડે! આ વહોરાવવાની ટેવો સામાન્ય નથી, અસાધારણ છે! આમ જલદાન જીવનનું દાન છે.

(૨) હવે બીજા નંબરે અન્નદાનઃ અન્નપૂન્ને.

પહેલું પુન્ય જલ ને બીજું અન્ન છે. અજાણ્યા બે જણને જમાડયા સિવાય સદ્‌ગૃહસ્થ જમે નહીં. अन्न वै प्राणाः । જલ એ જીવન, તો અન્ન એ પ્રાણ અને ઘી એ આયુષ્ય. धृतम् आयुः । અન્ન સાથે ઘી વહોરાવવું. મુખ્ય અન્ન.

ભગવાને નયસારના ભવમાં વહોરાવ્યું, એ અન્ન છે.<br>
શાલીભદ્રે પૂર્વભવે ખીર વહોરાવી, એ પરમાન્ન છે.

ખાનદાન ઘરમાં અંદર આવીને સૌથી પહેલા ગૃહસ્થ એ જ પૂછેઃ 'આજે કોઈ મહારાજ સાહેબ આવ્યા હતા?' 'હા, આવ્યા'તાં.' પછી પૂછે કેઃ 'કોઈ સાધર્મિક આવ્યો હતો?' તો કહેઃ 'હા, આવ્યા છે.' પછી વળી પૂછે કેઃ 'કોઈ અજાણ્યો અતિથિ આવેલ?' જવાબ મળેઃ 'હા, એ ય હાજર છે.' બસ! પછી પોતે જમવા બેસે. બોલો! છે તમારા ઘરમાં આ રીતે પૂછવાનું? કે પછી હોટલમાંથી જ ભાણું આવે? આજે તમારા ઘરમાં જલપૂન્ને? No. અન્નપૂન્ને? No.

સુપાત્રદાન અને ગુરૂ ભગવંતોના ઘરે પગલાં - આ બે સિવાય કોઈ પુન્ય જ નથી. એ પુન્ય ગયું, એટલે તમે મજૂર જ થવાના. આ આખી યે નવી પેઢી મજૂર છે! પતિ અને પત્ની-બંને નોકરી કરવા સવારે આઠે નીકળી રાતે આઠ વાગ્યે આવે, એ કયા બાપજીને વહોરાવે? સંઘમાં ભલેને ૧૦૦૦ ઘર હોય, વહોરાવનારા માંડ ૧૫૦ હોય! પહેલા સોમાંથી સો ઘર વહોરાવનારા હતા. એ જમાનામાં એક બાપ ૬ છોકરા અને ૮ છોકરીઓને મોટી કરી આપતા. બધાને ઠેકાણે ય પાડી શકતાં.

આજે બંને કમાતા હોવા છતાં બાળકને કેટલા બજેટની શાળામાં ભણાવશું એની ચિંતા હોય, એટલા પુન્યહીન થઈ ગયા.

એમની માતાઓની યે બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે કે જન્મથી જ બાળકોને મજૂર કે પરદેશી કંપનીઓના ગુલામ કરવા તૈયાર કરે છે. નહીંતર અંગ્રેજી શાળાઓમાં કેમ મૂકે? કઈ રીતે મારો છોકરો અનાર્ય થાય, એની જાણે દોટ ચાલી છે! જૈન તો જવા દો, એ હિંદુ યે ના રહેવો જોઈએ! પુરૂષોને કહીએ તો કહેશેઃ 'ભઈ, આ બધામાં અમારા હોમ મિનિસ્ટરનું જ ચાલે. નક્કામું બોલીને ક્યાં કજીયો કરવો?' જલ અને અન્નદાનનો આધાર શ્રાવિકાઓ જ છે!

જે શ્રાવિકા એવું વિચારે કેઃ
'બહુ બધા લોકો ઘરે આવે અને મને જમાડવા મળે' તે અન્નપૂર્ણા. જે આવું ન વિચારે, તે સૌ દુર્ગા! જીવવાનું જમવાથી છે, પૈસાથી કાંઈ જીવાય? કમાવાનું પણ નિરાંતે જમવા માટે અને એ ય જો નિરાંતે ન થતું હોય, તો શું કામનું? તમારા ઘરે ચાર જણાં યે જો પેટ ભરીને ન નીકળતાં હોય, તો તમારૂં કરોડ રૂપિયા કમાવું પણ શું કામનું?

અતિથિ દેવો ભવ! જે કોઈ આવશે, તે પુન્ય આપીને જ જવાના. ગાયોને-કૂતરાને-ભિખારીને રોટલો મળે અને અજાણ્યા બે લોકોને પણ પકડીને લાવી જમાડે. જીવમાત્રનો એ સ્વભાવ છે કે તમે કોઈપણ જાતની ઈચ્છા વગર બીજા જીવને સહાય કરો, તો બદલામાં એ તમને પુન્ય આપે અને પુદ્ગલનો સ્વભાવ છે માત્ર પાપ આપવાનો. તમે સહાય કરો, એના બદલામાં પુન્ય આપે.

પુન્ય આપવાનો સ્વભાવ માત્ર જીવનો જ છે અને પુદ્ગલનો સ્વભાવ છે માત્ર પાપ જ આપવાનો. તમે ગમે તે રીતે એને સાચવો, ભલે ગમે એટલી વાર તમે એને પંપાળો, એ તમને માત્ર પાપ જ આપે. એને પરોપકારમાં જોતરો (જોડો), તો જ એ તમને પુન્ય આપે. જીવન પણ જીવથી જ છે ને? અન્ન, ફળો આદિ જીવ જ છે ને? જીવનદાનથી જ જીવન મળે.

બાજરી જેવા બીજા મીલેટ્સ નરેન્દ્ર મોદી ખાવાનું કહે છે (બંટી, કોદરી, નાગલી, ચેણો, મૌરૈયો, સામો જેવા બરછટ ધાન), તે સૌ તુચ્છ ધાન્ય છે, તેથી એક્કેયને ભગવાન સામે ન મૂકાય, કેમકે તેમાં બૌદ્ધિક કસ ઓછો, માત્ર શરીરની જ શક્તિનો કસ વધારે. ખેડૂતો બાજરી ખાય તે બરાબર છે, કેમકે તે અત્યંત શ્રમ કરે છે. બાજરી-મકાઈના ઘાસમાં યે જો આટલી બધી તાકાત હોય, તો તે ધાન્ય શરીરનું જ બળ આપે, બુદ્ધિ ન આપે.

ચોખા અને ઘઉં અને મગ-ચણા-અડદ,
આ ત્રણે બધું સંતુલન કરી બળ અને બુદ્ધિ બંને આપે.
તેથી જ આપણો મુખ્ય ખોરાક છે ઘઉં-ચોખા, જે બુદ્ધિવર્ધક છે.
૧૦૦-૨૦૦ ગ્રામની જ રોટલીમાં પેટ ભરાઈ જાય અને જ રોટલા?
એક કિલો લોટના જ જાડા રોટલા થાય.
એટલું બધું તે ધાન્ય ખાવા જોઈએ.
ઓછું ખાઈને વધુ કેલરી મેળવી શકાય,
તે શ્રેષ્ઠ ધાન્ય જ ભગવાન સામે મૂકાય.

છેલ્લા એક વર્ષથી મને બહુ લોકો એક પ્રશ્ન પૂછે છે કેઃ 'સાહેબ, સમાજ કેમ દિવસે-દિવસે નીચે જઈ રહ્યો છે?' એનો બહુ સ્પષ્ટ જવાબ છે કેઃ 'તમારો સમાજ આખ્ખો યે પુન્યહીન થઈ રહ્યો છે.

એના ઘરમાંથી પાયાના દાન જ નીકળી ગયા છે. એ દાન આપવામાં માણસ ગુલામી કે વેઠ સમજે છે. બધું જ આજે ખૂટી રહ્યું છે. થોડું ઘણું યે જે દાન અપાય છે, એના કારણે થોડુંકે ય મળે છે. આમાં જૈનોમાં સૌથી વધારે ખરાબ હાલત છે.

અજૈનોના નાના મંદિરોમાં પણ અન્નક્ષેત્ર ચાલતું હોય. બપોરે બાર થી બે વચ્ચે કોઈ ભૂખ્યો આવે, તો ખાઈને જ જાય. જ્યારે તમારા મોટામાં મોટા તીર્થોમાં પણ કયાંય અન્નક્ષેત્ર છે? વસ્તુપાળ તેજપાળનું નામ લઈને છાતી ફૂલાવી ફરનારા એવા તમને ખબર છે ખરી કે વસ્તુપાળના ૭૦૦ અન્નક્ષેત્રો હિંદુસ્તાનમાં ચાલતાં હતા!

ભૂખ્યાંને અન્ન, તરસ્યાંને પાણી, નાગાંને વસ્ત્ર, થાકયાંને વિસામો અને બિમારને દવા, આ પાંચે જ્યાં મળે, તેનું નામ ‘દાનશાળા’. આપણે ત્યાં ભોજનશાળા પહેલા ન્હોતી, દાનશાળાઓ જ હતી. બધું ફ્રીમાં મળે. મુખ્ય ધર્મ જ આ. એના કારણે જૈનોની નાની વસ્તી જ હોવા છતાં યે હિંદુસ્તાનમાં હજ્જારો વર્ષોથી જૈનો ટકયાં.

દુષ્કાળમાં જગડુશાએ કે કોઈએ ઘાસ આપ્યું છે? ના. માત્ર અનાજ આપ્યું છે. માણસોને દયાનો પાત્ર માણસ જ છે, પશુ નથી. પશુ તો તમને જીવવા માટે સહાય કરે છે. ઢોર ન હોય, તો આપણું જીવન જ ન ચાલે. એ તો ધન છે. રાજા તો માત્ર માણસ છે, જેને દુનિયાભરની સગવડો મળે, ત્યારે જ જીવી શકે. ધર્મ પણ માણસ જ કરી શકે અને મોક્ષે પણ માણસ જ જઈ શકે. આ શાસનને ય માણસ જ ચલાવી શકે. માટે માણસને સાચવવો, એ અનુકંપાનો ધર્મ આપણો.

અહીં પાંજરાપોળો ન હોય, અહીં અનાથાલયો હોય! પાંજરાપોળ તો ઘરે ઘરે હોય. જેનું દૂધ પીવો છો, જેની બીજી વસ્તુઓ વાપરો છો, એની સેવા કરવી તમારી ફરજ છે. એમાં ધર્મ ક્યાં આવ્યો? માણસની સેવા કરવી, એ ધર્મ છે પણ અહીં માણસનું મૂલ્ય જ નથી ને! અરે ઘરની વહુનું કે મા-બાપનું યે મૂલ્ય ન હોય, ત્યાં આપણે બીજી શું આશા રાખવાની?

લૌકિકમાં મા-બાપની સેવાથી જબરદસ્ત પુન્ય મળે, લોકોત્તરમાં દેવ-ગુરુના આશીર્વાદથી જબરદસ્ત પુન્ય મળે. લૌકિક આશીર્વાદ પહેલા લોકોત્તર આશીર્વાદ મળે જ નહીં! આ જન્મ મોજ કરવા કે કેરીઅર બનાવવા માટે નથી, મુકત થવા છે, જેના ઉપાયો આપણે કરવાના છે! ક્ષણિક જ જીંદગી, એમાં થોડાંક જ માણસો તમને જાણે, એમાં કેરિઅર બનાવીને કરવાનું શું? પછી એમાં છેલ્લે ડિપ્રેશન મળે! કેરીઅરમાં ને કેરીઅરમાં છોકરી ૪૦ વર્ષની થઈ જાય અને પછી એ પરણે નહીં, એટલે છેલ્લે એકલીની હાલત શું થાય? ગાંડી થાય! પણ આજે સૌને માત્ર ફૂલફટાક થઈને ફરવું છે.

શરીર વધારવું છે! કશું ઘસાવું નથી!

હિંદુસ્તાનમાં હિંદુનું ઘર હોય તો એવું બને જ નહીં કે ગામમાં કોઈ માણસ ભૂખ્યો ઉંઘે! હિંદુઓ એ વસ્તુ બરાબર સાચવી રહ્યા છે, તેથી દિન- પ્રતિદિન તેઓની પ્રગતિ થઈ રહી છે. નાની-નાની દેરીઓની જગ્યાએ હવે તેના મોટા-મોટા મંદિરો ઉભા થઈ ગયા! ૪ ઈંટોની જ દેરીની જગ્યાએ ૨૫ કરોડના મંદિરો ઉભા થઈ ગયા!

અંબાજીની પદયાત્રામાં કોઈ હિંદુ ખાવાનું સાથે લઈને જતું નથી. રસ્તામાં પગચંપી કરવાવાળા યે રાખ્યા છે એ લોકોએ.

૩૦ લાખ માણસ આ વર્ષે ગયું. કેટલો ખર્ચો થયો હશે, વિચારો. ૩૦ કરોડ? ક્યાંય તકતી? નામ? હોય તો બતાવો! આટલાં કેમ્પ થાય, એમાં જૈનોનો એક્કે ય કેમ્પ ન હોય? કેમ, તમે હિંદુ નથી? મુસ્લિમ છો? જૈનો સિવાય અમે કોઈને ખવડાવીએ-પીવડાવીએ નહીં અને ખવડાવે તો મિથ્યાત્વ, એમ? એમાં પાપ લાગે! અરે, આ કંઈ રીત છે તમારી? આ તે કાંઈ ધર્મ છે?

જીવના જીવત્વનો તો સ્વીકાર કરો! આમે તમે ક્યાં સમ્યક્ત્વી છો? મિથ્યાત્વી જ તો છો! સમ્યગ્જ્ઞાન નથી-ભક્તિ નથી! પેલાં જે ચાલીને જાય છે, તેની માત્ર ભક્તિ કરવાની છે, ૩૦ લાખ લોકો આપણા તીર્થોની-ગામોની બારોબારથી જાય અને આપણને એની ભક્તિ કરવાનું મન ન થાય? આટલું ચાલીને એ લોકો માતાજીના દર્શન એક ક્ષણવાર જ કરવા પામે, પણ ભાવ એટલો જબરદસ્ત કે એ મહાપુન્યનું કારણ બની જાય! એ પુન્યને કારણે જ રસ્તા ઉપર કેટલી સગવડો વગેરે તેમને મળે! બહાર જઈને જૂઓ તો ખબર પડે! તમે લોકો શું ખર્ચ કરો છો? ફક્ત ઘરના-ઘરનાને ખવડાવી રાજી થાઓ છો, બીજું છે શું? એક ગામમાં હિંદુ મંદિરની પ્રતિષ્ઠામાં ૩૬ કોમને જમવાનું કહે, એમાં આપણી કોમ પણ આવી ગઈ. આપણે બોલાવીએ એ લોકોને પ્રભુની પ્રતિષ્ઠામાં?

**પૂ. આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજ:** હવે બોલાવીએ છીએ.

ના..રે ના...! બધા બોલાવતા નથી અને બોલાવે, તો એ લોકો વિચારે કે ઠીક છે, રિવાજ માટે છે. પોતે જૂદું જમશે અને આપણને જૂદું જમાડશે! તમને લોકોને જમાડતા યે ક્યાં આવડે છે? ઘરમાં તમે જે જમો, તમારો શોફર-નોકરાણી પણ એ જ ખાય.

જો એમાં ફેર કરો, તો મહાપાપ લાગે. આપણા શાસ્ત્રોમાં લખ્યું છેઃ વ્યક્તિભેદ ક્યારેય ન કરવો, નહીંતર મહાપાપ લાગે! સ્વામીનારાયણ કે અન્ય ધર્મીઓની કોઈપણ અન્નક્ષેત્રમાં જમવા જાવ, તો તમને પૂછે ખરાં કે તમે જૈન છો? જમવામાં યે કોઈ ફેરફાર નહીં હોય. એના શેઠીયાઓ પણ એ જ જમશે, જે તમને અજાણ્યાને જમાડશે! તમે એવું ન કરી શકો? આવી બાબતોને સામાજિક કેમ બનાવો છો? એને ધાર્મિક બનાવો.

બધા જ આત્માઓને પોતાના જેવા માનીને સેવા કરે, એ ધાર્મિક. અમુક જ આત્માને પોતાના જેવા માનીને સેવા કરે, તે સામાજિક.

સામાજીક આત્માઓ ખતમ થઈ જવાના,
ધાર્મિક આત્માઓ ખતમ નહીં થાય! આ પાયાનો ધર્મ છે.
એક જીવને પણ તમારા જેવા માનો, તો પરમાત્મા કહે છેઃ
'હું હવે આવવા તૈયાર છું. દરવાજો ખોલ. તારા દરવાજે હું આવીશ, મારા દરવાજે તારે આવવાની જરૂર નથી!'

તમારી ધ્યાનની અને એવી બધી મોટી-મોટી વાતો પછી કરવી.
પહેલા પાયાનો ધર્મ કરશો, તો આપોઆપ ધ્યાન લાગશે.
ચૈતન્ય સાથેનો દુર્વ્યવહાર એ સૌથી મોટો વિક્ષેપ છે ધ્યાનમાં!

હમણાં હોસ્પિટલમાં બનેલી એક ઘટના જાણી. એક બહેને અનેક અનેક દવાઓ કરી, પણ એનું માથું દુઃખતું મટે જ નહીં! અંતમાં એક હોંશિયાર ડૉકટરે ગોતી કાઢયું તેનું કારણ કે એના મનમાં કો'ક શલ્ય છે! એની સીટીંગ લેવી શરૂ કરી. એમાં એના મનની વાત ધીમે ધીમે બહાર આવી. એના સાસુ પર એને બહુ દ્વેષ કેઃ

'મારી સાસુ જ મને બધે નડે છે, એ ખરાબ છે.'
લગભગ બધી વહુઓને સાસુ ખરાબ જ લાગતી હોય અને સાસુ ઓને વહુ ખરાબ જ લાગતી હોય!
હવે આમાં ક્યાંથી સાજા રહે? બિમાર જ થાય.
કાઉન્સેલીંગ કરી કરીને તેને સમજાવ્યું કેઃ તારી સાસુ સારી જ છે. તેનું બહુમાન કરતી કરી, તારા માટે બહુ ભલું જ ઈચ્છે છે, એ રીતે બધું શીખવાડ્યું અને માથું દુઃખતું બંધ થઈ ગયું.
તમારા ઘણા રોગો બીજા માટેની ફરિયાદોમાંથી જ પેદા થાય છે. હાથે કરીને કૂતરાંને સળી કરે અને પછી ફરિયાદ કરે કે ભસે છે! હવે એને શું કહેવું? પેલું નિરાંતે બેઠું હોય, એને લાકડીથી સળી કરે, પછી એ ઉભું થઈ જાય ભસવા માટે, તો એનું શું કરવું? આપણે પણ મોટા ભાગે એ જ કરતા હોઈએ છીએ.

એક જીવ પ્રત્યેનો દુર્વ્યવહારે ય આખી જીંદગી હેરાન કરે. ભગવાન પણ એનો સ્વીકાર ન કરે! કહેશેઃ 'સૌને જે જીવ તરીકે માને, એ મારે ત્યાં આવે. એકને પણ જો બાકાત કરે, તો મારે ત્યાં નોટ અલાઉડ!' વહુ ભલે સાસુનું બધું ધ્યાન રાખે... પણ forced! એમાં એને ચિત્તપ્રસન્નતા ન મળે! રોજ નવા ગુરુઓ અને ધ્યાન પધ્ધતિ ગોતવા જઈ જિંદગી ભિખારીની જેમ ભટકીને પૂરી કરશે.

ચૈતન્યનું સન્માન એ ધર્મનો પાયો છે.
નામદેવ રોટલી બનાવીને જમવાની તૈયારી જ કરતા હતા, ત્યાં જ કાળિયું હડકાયું કૂતરું આવ્યું અને રોટલીનો થપ્પો ઉપાડીને ભાગ્યું. નામદેવ તો ઘીની વાડકી લઈને પાછળ દોડ્યા કેઃ 'મારા પ્રભુ! એ રોટલીઓ લુખ્ખી છે, ચોપડવા તો ધો.' તેમને કૂતરા પાછળ

દોડતા ને આમ બોલતા જોઈને લોકો તમાશો જોઈ રહ્યા! આગળ કૂતરું દોડે એ ભયથી કે રોટલી પડાવી લેશે અને પાછળ નામદેવ દોડે, રોટલી ઉપર ઘી ચોપડવા! જબરો તાસીરો થઈ ગયો.

પછી ઈતિહાસ કહે છેઃ
ગામ બહાર પહોંચ્યા ને જેવું એકાંત મળ્યું કે જોયું...
તો કાળિયાની જગ્યાએ કનૈયો હસતાં ઉભો ઉભો કહેતો હતોઃ
'આજે તને કેવો બનાવ્યો!'

જે બીજા માટે જીવે છે ને, એને પૌષધ કે પ્રતિક્રમણની યે જરૂર નથી કે નથી અમારી પાસે ય આવવાની તેને જરૂર! ધતિંગ છે! બીજા માટે જીવતો હોય અને અહીંયા આવે, એ અમારે ય કામનો પણ માત્ર સ્વાર્થ, પોતાના જ સુખ કે કામ માટે કે સ્વદુઃખના રોદણાં રોવા જ અહીં આવતો હોય, તો એવા જીવતા માણસનું જીવન બધે જ નક્કામું! એક જીવને પણ આનંદ આપશો ને... તો તમારું ડીપ્રેશન અને એવું બધું જ મટી જશે. એક જીવનો પણ હાશકારો લેશો ને, તો કલ્યાણ કરી દેવાની આ જીવની તાકાત છે!

શેઠને ત્યાં છોકરો જન્મ્યો. જોષ જોવડાવ્યા, તો જ્યોતિષીએ કહ્યુંઃ 'છોકરો બહુ નસીબવાળો છે પણ એક જબરદસ્ત ગરબડ છે! એ પરણ્યા પછી ઘુંઘટ ખોલીને જેવો એની વહુનું મુખ જોશે કે એ જ ક્ષણે એ મરી જશે.' શેઠે સાંભળી લીધું અને જોષીને કહી દીધું કે કોઈને ય આ વિષે ન કહેતા. મારી ઘરવાળીને ય ખબર ન પડે. છોકરો મોટો થયો, હોંશિયાર થયો, ભણાવ્યો, ગણાવ્યો. મોટું નગરશેઠ જેવું ખાનદાન ઘર, તેથી જૂના જમાના પ્રમાણે ગામ-ગામેથી મોટા ઘરની દિકરીઓના માંગા આવવા શરૂ થઈ ગયા!

શેઠાણીએ તો કૂદાકૂદ શરુ કરી. એ વખતની શેઠાણીઓ તો ૧૩/૧૪ વર્ષનો દિકરો થાય એટલે પરણાવી જ દેતી કે વહુ આવી જાય, એટલે પછી નિરાંત! શેઠાણી કહેઃ'આટલા સારા સારા ઘરેથી માંગા આવે છે, તો જલ્દી વિવાહ કરો, નહીંતર છોકરો મોટો થઈ જશે.' ત્યારે ૧૭/૧૮ વર્ષનો છોકરો તો બહુ મોટો થઈ ગયો ગણાતો! પંન્યાસજી મહારાજનું પણ પહેલું લગ્ન ૧૬ વર્ષે! પહેલા પત્ની જબરદસ્ત હતા. તેમનું શુકન લેવા તો આખું ગામ આવતું. તેઓ ગુજરી ગયા પછી ૧૮મે વર્ષે જીતુભાઈના બા બીજા પત્ની તરીકે આવ્યા. ભગવાન મહાવીર પણ ૧૪/૧૫ વર્ષે જ પરણ્યા છે ને? એટલે જ તો દીક્ષા લીધા પહેલા જ નાના થઈ ગયેલા ને?

હવે આ બાજુ શેઠાણી કૂદાકૂદ કરે અને શેઠ કહ્યા જ કરે કેઃ 'શાંતિ રાખને ભઈ! હજુ સારું ઘર આવશે.' તો શેઠાણી કહેતા રહે કેઃ 'હવે આનાથી કયું હજુ સારું ઘરેથી માંગુ આવશે? માટે હવે તો દિકરાનો વિવાહ કરો!' આ બાજુ શેઠ વિચાર કરતા રહે કેઃ 'હવે શું કરવું આનું? વહુને ચોરીમાં જ વિધવા બનાવવાની વાત હોય, તો શા માટે કોઈ દિકરીનો ભવ બગાડવો?' શેઠના મનમાં આ એક જ વાત, એટલે હા ન પાડે અને તેથી શેઠાણીને જંપ વળે નહીં! વળી એમ માને કે શેઠે એમનું જ કહ્યું માનવું જોઈએ. એ ભ્રમ હોય જ બધી યે શેઠાણીને કે કંથ તો કહ્યાગરો જ ભલો! તો તે પાછળ પડી ગઈ અને શેઠે પોતાની ખાનદાની બહાર ખરાબ ન દેખાય, એટલા ખાતર નાછૂટકે સગપણ કરાવ્યું પણ લગ્ન ટાળ્યા કરે, હજી મુહૂર્ત આમ નથી ને તેમ નથી... એમ કહીને! શેઠાણી કહેઃ 'હવે કયાં સુધી ટાળશો? હવે તો દિકરાને પરણાવો.' છોકરો આમ ને આમ ૧૮/૨૦નો અને છોકરી યે ૧૬/૧૭ વર્ષની થઈ.'

અંતે પરણાવ્યો. અષાઢ સુદ સાતમ/આઠમના દિવસો. શેઠે છેક છેલ્લું મુહૂર્ત લીધેલું. છેલ્લા ૭ દિવસથી ભયંકર વરસાદ! છોકરો પરણીને ઘરે ઉતર્યો. માએ બહુ જ બહુ ખુશીથી વધાવ્યો.

શેઠ જોયાં કરે કે હમણા કલાકમાં જ શેઠાણી ઠૂઠવો મૂકવાની છે! અત્યારે ભલે ગમે તેટલી રાજી થાય વહુને પોંખીને! દિકરો હમણાં ઉપર ગયો નથી ને વહુનું મોઢું જોયું નથી, ત્યાં જ એનું આયુષ્ય પૂરું થઈ જવાનું છે. વિધિ પૂરી થઈ ગઈ બધી. હવે બસ, બંનેને મળવાની જ વાર હતી. ત્યાં શેઠે દિકરાને કહ્યુંઃ 'સાંભળ. તારા લગ્નમાં ઘણો જ ખર્ચો થયો છે, તો લગ્નનો હિસાબ કરવા બેસ!' વહુને કહી દીધું કેઃ 'જા ઉપર! મારો દિકરો થોડીવારમાં આવશે.' એ જમાનાની છોકરી આજના જેવી આઝાદ તો નહીં જ, એટલે બિચારી ચૂપચાપ ઉપર દાદરો ચડી ગઈ. બંને માટે ફર્સ્ટકલાસ મોટો થાળ ભરીને વાનગી જમવા માટે મૂકેલી કે ઉપર જાય એટલે બંને જણાં સાથે જમે! શયનખંડ પણ આખ્ખો સરસ શણગારેલો.

આ બાજુ વાણિયો બાપ હિસાબમાં સરકારથી યે વધુ ગૂંચ કાઢવા લાગ્યો, તેથી હિસાબ લાંબો જ થતો ગયો. રાતના આઠ-નવ-દસ વાગ્યા! શેઠાણી ઊંચી-નીચી થાયઃ 'હવે તો પેલાને મોકલો ઉપર. પેલી બાપડી રાહ જોતી હશે! કો'કના ઘરેથી આવેલી દિકરીને આવી રીતે તંગ ના કરો!' પણ શેઠ તો હાંભળે શેના? રાતના ૧૧ વાગ્યા. છોકરી યે બાપડી થાકી ગઈ. ખાવાનું યે ઠરીને ઠીકરું થઈ ગયું. હવે જમવાની શું મજા રહે? સાંજે ૭ વાગ્યાનું તૈયાર કરેલું ૧૧ વાગ્યે ખાવું શું ભાવે? ભલે ને ટોપમાં ટોપ રસોઈ હોય, પણ ગરમાગરમ જમવાવાળાને થોડું ભાવે? ભૂખ્યાંને ભાવે.

એ મકાનમાં એક સરસ વ્યવસ્થા હતી. મકાનની પાછળની બાજુએ પણ એક બીજો દાદરો હતો. કાંઈ આગ કે એવું લાગે, તો ઉપર સૂતેલા લોકો પાછળથી ભાગી શકે એટલે ઈમરજન્સીનો.

આ બાઈ સાતમે માળે રાહ જોતી ઝોકા ખાઈ રહી છે, ત્યાં એના કાનમાં એક દર્દનાક અવાજ સંભળાયોઃ ‘હું તાજી સુવાવડી બાઈ ક્યારથી ભૂખી છું. છાતીમાં દાવાનળ ઉપડ્યો છે. જો હવે ખાવાનું નહીં મળે, તો હું અને મારું નવજાત બાળક - બંને મરી જઈશું! આ જૂઓને ભયંકર વરસાદ ચાલુ છે. પાસે ઓઢવાનું કે ખાવાનું પણ રહ્યું નથી! કોઈના હૈયામાં જો રામ વસે, તો મને ખવડાવે.’

હવે રાત્રે ૧૧ વાગ્યે કોણ ખવડાવે? આ બાજુ ચાર-ચાર કલાકથી એનો માનેલો નથી આવતો, એથી નવી પરણેતરે દુઃખીયારી છે, જે આ બીજી દુઃખીયારીનું દુઃખ સમજી શકી! એણે આ ચિત્કાર સાંભળ્યો. એને થયું કે આમે ય હવે આ જમાવાનું તો છે નહીં. મારો પરણેતરે ય થાકી ગયો હશે, તે એ ય સૂઈ જ જવાનો છે અને મારે ય ઊંઘી જ જવું છે. તો ચલો, આ જમવાનો થાળ લઈને હું જ જમાડી આવું એ બેનને! એટલે પાછળથી દીવો લઈને નીચે ઉતરીને બારણું ખોલીને કહ્યુંઃ ‘બેન, ભયંકર વરસાદ ચાલુ છે, તો અંદર આવી જા.’ બાઈને અંદર બોલાવી એક સરસ કપડું આપ્યું કે જેથી વરસાદમાં એની રક્ષા થાય. પછી કહ્યું કેઃ ‘આવ બેન, હવે આ જમી લે!’ બે જણાં માટેનો મોટો થાળ ભરેલો હતો, તે બધું ખાઈ ગઈ એ બાઈ! તૃપ્ત થઈને બોલી કેઃ ‘તારું હેવાતન (સૌભાગ્ય) અખંડ રહેજો. મને જેવી ઠારી છે, એવી તું ઠરજે.’ બાઈ આશીર્વાદ દેતી ગઈ ને પરણેતર ઉપર ગઈ.

ત્યાં બાર વાગ્યા જોઈ હવે શેઠાણી બગડીને કહેઃ 'હવે મૂકો તમારી આ વહીપોથીની દિવાળી! હવે તો છોકરાંને પહેલા મોકલો ઉપર!' શેઠે વિચાર્યુંઃ 'બસ! પતી ગયું હવે. આને ખબર નથી કે હવે શું થશે? બનવાકાળ બનશે.' અને શેઠે મોકલ્યો દિકરાને ઉપર. વળી એને ખબર ન પડે, તેમ શેઠ પણ પાછળ-પાછળ ગયા. છોકરાએ ખંડમાં અંદર જઈ ઓરડો બંધ કર્યો. શેઠ બહાર ઉભા.

એ જ સમયે એક ભયંકર ફણીધર નાગ ઠેઠ સાતમે માળે પહોંચ્યો. દરવાજા નીચેથી સીધો અંદર ગયો, પણ બીજી જ મિનિટે દરવાજા નીચેની જગ્યામાંથી પાછો આવ્યો. શેઠે નાગને પકડીને પૂછ્યુંઃ 'તું કોણ છે? કેમ આવ્યો'તો અને કેમ પાછો ફર્યો?' જવાબ મળ્યોઃ 'હું કાળ હતો. આજે તમારા દિકરાને મરવાનું જ હતું પણ એક દુઃખી બાઈની આંતરડી તમારી વહુએ એવી ઠારી કે હવે હું આનું આયુષ્ય નહીં લઈ શકું, હવે છોકરો ૧૦૦ વર્ષ જીવશે!' આમ કહી નાગ પાછો ફરી ગયો. એક જ આત્માની દુવામાં પણ આટલી તાકાત છે, તો અનેક આત્માની દુવામાંથી તો કેટલી તાકાત મળે! તમને પૈસામાં તાકાત દેખાય, બીજાના પ્રેમ-દુવામાં નથી દેખાતી!

જીવન આપવું, એ શ્રેષ્ઠતમ દાન છે, એટલે જળ-અન્નનું દાન શ્રેષ્ઠતમ દાન છે. સ્ત્રી માટે તો આ કાર્ય એના જીવનનું કર્તવ્ય છે. આનાથી જ એને જલ્દી મોક્ષ મળે છે, ઓઘો લીધા વિના.

જે બીજા માટે જીવે, સાધુ-સંતો માટે જીવે, ગરીબો માટે જીવે, એ બહેનોને દીક્ષા આપવાની ન હોય! અનુપમાદેવી જેવા હોય, તે અહીંયા સેવા કરી મહાવિદેહ ક્ષેત્રમાં જઈને આઠ વર્ષની વયે

દીક્ષા લઈ કેવળજ્ઞાન જ મેળવવાના! એને કોઈ આત્મધ્યાન પણ ન કરવું પડે અને ધ્યાનની કોઈ શિબિરમાં યે ન જવું પડે! એનું ધ્યાન એમાં જ હોય કે કોઈપણ દુઃખીયાને કેવી રીતે ઠારું અને કઈ રીતે એમને સહાયભૂત બનું? બસ! આ જીવન એને માટે જ જીવવાનું હોય એમને! અને જૈન દર્શને એમાં જ પુન્ય માન્યું છે.

**સભાઃ અનુકંપા દાન ચડે કે સાધર્મિક ભક્તિ ચડે?**

**ઉત્તરઃ** અરે.. અનુકંપાદાન તો પાયામાં છે. આયુષ્ય એનાથી વધે, એ ખબર છે? જીવવાની તાકાત આ દાન આપે અને જીવાડવાની તાકાત ભગવાન આપે! જગતના જીવો અને તમે બંને સરખા છો, એક જ કેટેગરીમાં મૂકીને 'આપણને જે જોઈએ, એ જ બીજાને આપવું જોઈએ' એમ વિચારીને આપો તો અનુકંપાદાન, પરંતુ 'એ બિચારો છે અને હું આપું છું' એમ આપો, તો અનુકંપાદાન નહીં. આ યાદ રાખજો. કોઈ જીવ આપણાથી તો નીચો છે જ નહીં. એટલે જ સુરદાસે ગાયું કેઃ 'મોં સમ કૌન કુટિલ ખલ કામી...' રાજચંદ્રે પણ એવા જ ભાવનું કહ્યું ને કેઃ 'અધમાધમ... એ સમજણ આવ્યા વિના સાધન કરશે શું?' જીવતાં જીવ સાથે રહેવાનો વહેવાર જેને નથી આવડતો ને, એની નિશ્ચયનય અને આત્મજ્ઞાનની વાતો બોગસ છે! જેટલા પણ ઊંચી કક્ષાના ભક્તો થયા, એને ત્યાંથી ક્યારેય કોઈ ભૂખ્યું ગયું નથી. અજૈનોમાં જેટલી ઉચ્ચ કક્ષાની ભક્ત સંતો થઈ, એના ભજનો જાણે યોગીરાજના ભજનો! પારકી છઠ્ઠીની જાગતલ! હવે બોલો! જલદાન-અન્નદાન તમારા ઘરમાં કે...ટ...લું? કઈ પેઢીને કેટલો લાભ મળે? પછી ક્યાંથી પુન્ય આવે? અને પછી એનું અને એના છોકરાઓનું પેટ મજૂરી કરે, તો યે ભરી ન શકે, એવા હાલ થાય!

**પૂ. આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ આયંબિલ ખાતામાં જો ઉકાળેલા પાણીનો લાભ લે, તો જલદાનનું પુન્ય મળે કે ન મળે?**
**ઉત્તરઃ** જઘન્ય કક્ષાનું મળે. ઘરે પાણી ઉકાળી ઠારીને વહોરાવો, એ જ ઉત્તમ. મહેમાનોને ઘરે જમાડો અને હોટલમાં જમાડો, એટલો ફેર છે આમાં. બીજી એક વાતઃ આયંબીલ ખાતામાં પાણી કોણ બનાવે? માણસો. એ ભાવ શું હોય? એમાં જયણા શું હોય?

એકવાર સં.૨૦૨૦માં ચોમાસામાં અમે બાવન સાધુ પિંડવાડા હતા. તેથી રોજે ઓછામાં ઓછાં ૬૦-૭૦થી વધારે ઘડા પાણી જોઈએ. આખા પિંડવાડામાં ઘરે ઘરે સાધુઓ વહોરવા જાય. લગભગ લોકો ત્યારે ઉકાળેલું પાણી જ પીતાં. હવે સાધુઓ વહોરવા જાય, ત્યારે દૂર દૂર ઘર હોય એટલે એક ઘડો પાણી લઈને આવતાં ૨૦ મિનિટ પણ થાય. ત્રણેક ઘડા પાણી લાવે, ત્યાં કલાક ઉપર થઈ જાય.

સંઘે તેથી એક દિવસ વિચાર કર્યો કેઃ ‘આમ પાણી વહોરવા જવામાં શ્રમણ ભગવંતોનો બહુ સમય જાય છે અને સ્વાધ્યાયમાં બાધા પહોંચે છે. તો એની બદલે સંઘના જે ૩૦૦/૪૦૦ માણસો પાકું પાણી પીવાવાળા છે, તે સૌ પાણી લેવા આવીને અહીં ઉપાશ્રયેથી જ ઘરે ઘરે પાણી લઈ જશું. આપણા માટે ઉકળે, તેમાં થી સાધુઓ પણ વહોરી જઈ શકશે. ઉપાશ્રયમાં જ પાણી થાય એટલે બે-બે મિનિટમાં ઘડો ઉપર! ૧૦ મિનિટમાં તો આખું કામ પતી જશે!’ આ વ્યવસ્થા સંઘે કરી પણ સાહેબને કોણ પૂછવા આવે? મહાજન પંચ સમક્ષ થઈ ગયું નક્કી અને શ્રમણોને કહી દીધું કે હવેથી ઘરોમાં પાણી નહીં થાય, એટલે નહીં મળે અને તમારે ય ઉપાશ્રયમાં નીચે જ વહોરવા જવાનું!

સાધુઓ બધા ભોળિયાં... કોણ લાંબુ વિચારે? કહે કેઃ 'હા, ભલે તો એમ કરીશું. ફટાફટ વહોરવાનું કામ થશે, તો સાહેબજીના ગ્રંથ નિર્માણનું કામ જોરદાર ચાલશે ને સ્વાધ્યાય વધારે ઝડપથી થશે.' હવે સાહેબ એવી જગ્યાએ બેસે ને કે બધા એમની નજર સામેથી જ પસાર થાય. આવે કે જાય, પણ સાહેબને બધાની ખબર રહે કે આ આવ્યો અને આ ગયો. હવે... સાહેબજીને ખ્યાલ જ કે રોજ તો પાણીનો ઘડો લઈને સાધુ ૨૦ મિનિટે આવે અને આજે જોયું તો બે મિનિટમાં આવી ગયા પાછાં! વળી બીજો-ત્રીજો ઘડો પણ બે-બે મિનિટમાં જ આવી ગયા. એટલે વિચાર્યુંઃ 'આ શું જાદુ છે? એક પછી એક ઘડા કેવી રીતે ભરાઈને આવી જાય છે?' એક દહાડો જોયું, પછી બીજા દહાડે ય પાછું જોયું. આમ બે-ત્રણ દહાડા જોયું, પછી કોઈને પૂછ્યુંઃ 'અલ્યા, આ વાત શી છે? આ પાણી આટલું જલ્દી-જલ્દી કેમ આવે છે?' તેથી સાધુએ સાહેબને વાત કરીઃ 'સાહેબ, સંઘે આ રીતે વ્યવસ્થા ગોઠવી છે અને પાણી નીચે થાય, એટલે ફટાફટ ઉપર આવે છે.' સાહેબ કહેઃ 'સારૂં.'

સાહેબે પછી સંઘના આગેવાનોને બોલાવ્યા અને કહ્યુંઃ 'અલ્યા, શું માંડયું છે તમે આ બધું?' પેલાઓ કહેઃ 'કેમ સાહેબ, શું થયું?' 'પાણી ઉકાળવાનું અહીં કેમ શરૂ કર્યું?' 'આપના મહાત્માઓનો સમય ઘણો બચી જાય એટલે.' સાહેબ કહેઃ 'મારે એવો ટાઈમ નથી બચાવવો. મારા સાધુ ઘરોમાં વહોરવા જવાનું અને તમે લોકો પાણી ઉકાળવાનું અને પછી સાધુને વહોરાવવાનું ય ભૂલી જશો. વળી આ તમારા લાકડાને કોણ પૂંજશે? ૫૦૦ માણસનું પાણી અહીં બને, તેમાં કેટલાં લાકડા આવ્યા? ઘરે-ઘરે તો સહુ પૂંજી-પ્રમાર્જી કામ કરે, અહીંયા કરશે કોણ આ બધું? એટલે આવો

કોઈ મારા સાધુઓનો સમય મારે બચાવવો નથી! કાલથી જ એ બંધ કરો. તમે અમારા માટે જ પાણી બનાવશો ને, એનો ય કદાચ વાંધો નહીં, પણ તમારા ઘરે વહોરવા આવવાની ટેવ બંધ ન કરાવો. જયણા પણ પળાય, તેથી અમારો સાધુ કાલથી તમારે ઘરે જ પાણી વહોરવા આવશે. નહીંતર તમારા ઘરે સાધુના પગલાં જ થતાં બંધ થઈ જાય! પાણીને કારણે એણે તમારા ઘરે રોજે આવવું જ પડે! ગોચરી માટે તો આવે કે ન પણ આવે, ખપ હોય તો જ આવે... પણ પાણી માટે તો બધાના ઘરે પગલાં થઈ જાય ને? નહીંતર સાધુના પગલાં ક્યાંથી થશે તમારા ઘરે? એ પગલાં જ તમારા ઘરનો ઉદ્ધાર કરે. સાધુના પગલાં પડે, એટલે પુન્ય વધી જ જાય જબરદસ્ત.' આમ સાહેબે સહુને ટપાર્યા ને બીજા દિવસથી એમ જ શરૂ થઈ ગયું અને હકીકતમાં એ જ સત્ય છે.

લગભગ ૭૦-૮૦ વર્ષ પહેલાની વાત. ડીસાની અંદર એક પરિવાર. મોવડી ગામડા ગામમાં જાય... અને નાનો-મોટો ધંધો કરે. ૨/૩ દિકરી અને ૩/૪ દિકરા. માજી એમને ઉછેરે. ઘરે એક ગાય એટલે દૂઝણું થાય. છાશ બને. એ વખતે ડીસામાં વાગડના તત્ત્વવિજયજી મહારાજ સાહેબ ચોમાસુ રહેલા. તે મહાત્મા વાગડના ખરાં ને? એટલે રોટલો અને છાશ જોઈએ. ગામમાંથી રોટલા તો મળી જાય, પણ છાશ ન મળે. આ પરિવારના ઘરે છાશ હોય જ, એટલે છાશ વહોરવા મહારાજ એમને ઘરે રોજે જાય. લાભ મળે, એટલે માજી રાજી રાજી થઈ જાય કેઃ 'ચલો, રોજે ગુરૂ મહારાજના પગલાં થાય છે મારા ઘરે.' ચોમાસુ પૂરું થયું. ૪ મહિના પછી એના છોકરાઓને એમના મામા લઈ ગયા અમદાવાદ અને ૫-૧૦ વર્ષમાં તો એટલું બધું પુણ્ય વધ્યું એ માજીનું કે એ બધા છોકરા

કરોડપતિ થઈ ગયા. સાધુ માંગ્યે ન આપે, આપે આપે. સમજ્યા ને? તમે માંગો તો સાધુ કશું ન આપે, પણ તમે આપો, તો એ બધું જ આપી દે. મફતલાલનો અમારે ત્યાં ચાન્સ નથી.

ભગવાન તો ચોખ્ખું જ કહે છે કેઃ 'તું એક પૈસો જમા કરાવીશ, તો એના વ્યાજ રુપે એક કરોડ રૂપિયો આપીશ, પણ પહેલા એક પૈસો જમા કરાવ, પહેલા તું આપતા શીખ!' અનાદિની કૃપણતા છે ને, એ તોડ. બધું ગમે, બસ! કોઈને આપવું ન ગમે! એમાં યે બધાને ખવડાવવું સૌથી અઘરૂં છે પણ જીવનની મજા જ એ છે ખાવું ને ખવડાવવું. જે ખાવાથી જૂદા પડે, એ કયારેય ભેગા ન થાય. અંતમાં કાંઈ દાનનું મહત્વ નથી, આખું જીવન અને આખી વ્યવસ્થા અન્ન-જળ ઉપર જ છે અને એનો લાભ તમારા ઘરમાં મળવો, એ ચૌદ રાજલોક ને ત્રણે લોકમાં દુર્લભ ક્ષણ છે, એટલું યાદ રાખજો. આ દુર્લભ ક્ષણ જેને મળે, એ દુનિયાનો સૌથી મોટો પુણ્યશાળી છે! તમે એવું સમજી બેઠાં કે આપી દો ને રૂપિયા જ ભોજનશાળામાં! ઘરવાળીને કાંઈ કરવું નહીં, ત્યાંથી વહોરાવાઈ જાય, બીજી ખટપટ નહીં અને આપણને નિરાંત. નિરાંત શું? નિગોદમાં જવાનો રસ્તો.

'पूज्यपूजा व्यतिक्रम।' જે પૂજ્ય છે, એની પૂજાનો વ્યતિક્રમ થાય, એ નિગોદમાં જવાનો સૌથી પહેલો રસ્તો છે. મને પંન્યાસજી મહારાજ હંમેશા કહેતાઃ 'પૂજ્ય ૪ છેઃ માતા-પિતા અને દેવ-ગુરૂ.' એ ચાર પ્રત્યેની ઉપેક્ષા અને ચારથી અલગ પડવાનો ભાવ, પછી તમે રોજ પૌષધ કરો, તો ય તમે નિગોદમાં જવાના. દીક્ષા પછી જે ચૂકે, એ નિગોદમાં જવાના. હિંસા કરનાર તો નરકમાં જાય.

**પૂ. આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ હિંસા કરતાં પણ શું માતા-પિતા અને દેવ-ગુરૂની ઉપેક્ષા ભયંકર ગણાય?**

**ઉત્તરઃ** હા. ઉપેક્ષાને આરે સૌથી ભયંકર. નિગોદમાં જવાના રસ્તા જ એ છે. અત્યારે આખી આ નવી પેઢી છે ને, સીધા જ નિગોદમાં જવાનો રસ્તો ખોલી રહી છે. આખી નવી પેઢી!

તમને ખબર છે? નિગોદમાં તમે કેટલા હતા? અનંત.

મોક્ષમાં કેટલા? અનંત.

તો અહીં જે કોઈ સાથે ન રહી શકે, તે મોક્ષમાં રહી શકશે? ગૃહસ્થ સંયુકત કુટુંબમાં અને સાધુ જો ગુરૂકુળ વાસમાં ન રહી શકે, તો બંને નિગોદના પ્રવાસી. વ્યકિતગત ગમે એટલો ધર્મ કરતાં હોય, પણ કોઈ લેખે લાગે નહીં. એ ધર્મ જમા જ નથી થતો!

**પૂ. આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ એટલે મોટો પરિવાર હોય અને વ્યવસ્થા માટે જૂદા થાય તો? (સભાઃહાસ્ય)**

**ઉત્તરઃ** બધા બહાના છે, ૧૫૦-૧૫૦ માણસોના રસોડા હોય અને એક રસોડે જમાતું હોય, એવા પણ કુટુંબો આજે છે હિન્દુસ્તાનમાં.

પોતાના સુખનો વિચાર આવ્યો, એટલે સંસારની વૃદ્ધિ શરૂ થઈ. બીજાના માટે જીવવાનું શરૂ કરો, એટલે મોક્ષમાર્ગ ખૂલ્લો થાય. સંયુકત કુટુંબ અને ગુરૂકુળવાસમાં બધાને માટે જ જીવવું પડે અને પોતાની અનુકૂળતા ગૌણ કરવી પડે. આ મનુષ્ય ભવ મજા માણવા માટે નથી, થોડો સમય અહીં રહેતાં શીખો. પછી તમારે આગવું ભોગવવું હોય, તો બે જગ્યા મજાની છેઃ મોક્ષ યા યુગલિક ક્ષેત્રમાં જતાં રહો. ત્યાં 'હમ દો હમારે દો'. કોઈ માથાફોડી જ નહીં. આખી જીંદગી બે જ જણાં રહે. પછી જયારે મોત આવે,

એના ત્રણ વર્ષ પહેલા એક જોડલાંને જન્મ આપીને એ જતાં રહે. એટલે ન સાસુ, ન સસરા, ન માતા, ન પિતા. કશું જ નહીં. કોઈ ના જોઈતું હોય ને, એમણે યુગલીક ક્ષેત્રમાં જવું. યુગલિક ક્ષેત્રમાં પાછા એ જ જઈ શકે, જેમણે આ બધાની સેવા કરી હોય. (સભાઃહાસ્ય)

સંસારમાં છે ને સૌથી સુખી યુગલિક ક્ષેત્રનાં માણસો. દીર્ઘાયુષી, કલ્પવૃક્ષની ઉપસ્થિતિ, કોઈ રાજા કે રાણી નહીં, બધા દેખાવમાં, હાઈટમાં, આયુષ્યમાં, સુખમાં એકસરખા, પૂર્ણ સામ્યવાદ!

**પૂજ્ય આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ આપે કહેલું કે યુગલિકો એકબીજાને માત્ર જોયાં કરે, કોઈ બોલે નહીં.**
**ઉત્તરઃ** હા, બોલવાની જરૂર જ નહીં. એટલો બધો પ્રેમ હોય ને કે આંખથી જ વાત થઈ જાય! હાથમાં હાથ મૂકે, તો જાણે ભવોભવના સંગાથી હોય એટલો સ્નેહ હોય. યુગલિક ક્ષેત્રમાં એટલે મનુષ્યલોકમાં સર્વોત્કૃષ્ટ સ્નેહ, સર્વોત્કૃષ્ટ સુખ. દેવલોકમાં નહીં,

દેવલોકમાંથી ઈન્દ્રમાં અને ત્યાંથી બીજે બીજે જવાય. એટલે પાછા પતિ-પત્ની, પાછા બે પુરૂષ નહીં. નવગ્રૈવેયકમાં બધુ સુખ હોય, પણ બે ભાઈઓ જ હોય!

**પૂ. આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ ત્યાં દેવીઓ ન હોય?**
**ઉત્તરઃ** નવગ્રૈવેયક અને અનુત્તરમાં યે દેવીઓ ન હોય. તમારે જે જોઈએ છે, એ જ ત્યાં હોય. તમે અને તમારા સાથી. બસ! આરામથી જીવો. ઘરડા કયાંય ન મળે આખા યુગલિક ક્ષેત્રમાં!

**પૂ. આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ યુગલિક ક્ષેત્રમાંથી જીવ પછી દેવલોકમાં જ જાય ને?**
**ઉત્તરઃ** જીવ ત્યાંથી દેવલોકમાં જ જાય, દુર્ગતિમાં ન જાય. પછી આગલા ભવના સંસ્કાર પ્રમાણે આગળ વધે.

એટલે હવે મૂળ વાત ઉપર આવતાં.. પાણી આપણે જાતે જ ઉકાળીએ. તમને ખબર છે? પુણીયો શ્રાવક શું કરતો હતો? ઉપવાસના પારણે ઉપવાસ! એક દિવસ એ ઉપવાસ કરે અને બીજા દિવસે એની ઘરવાળી ઉપવાસ કરે. શા માટે? તેઓ એટલું જ કમાતા કે બે જ જણ ખાઈ શકે. બીજા બહારનાને જમાડે, ત્યારે પોતે જમવાનું નહીં. એટલે શ્રાવક ઉપવાસ કરે, ત્યારે સાધર્મીક તરીકે શ્રાવિકાને તેડી આવી જમાડે અને શ્રાવિકા ઉપવાસ કરે, ત્યારે સાધર્મીક તરીકે શ્રાવકને તેડી આવી જમાડે. પણ જમાડ્યા સિવાય જમે નહીં. એકલું સામાયિક એમનું નથી,  સામાયિક સાથે એમનો ભાવ છેઃ 'આપ્યા વિના જમવું નહીં.'

મૂળ વાત એ જ છે. પછી ટિફિન પહોંચાડવાની વાત આવે, પણ બહારે ક્યાંક પૈસા આપીને બનાવડાવીને વહોરાવવાનું આવે. વળી તમારી ફેક્ટરી છે, ત્યાં આગળ રસોડું છે અને તમારી રસોઈમાં થી મિલ કે ફેક્ટરીના એક કે બે કામદારો કે એક-બે અજાણ્યાને રોજ જમાડો, એટલો પણ લાભ લઈએ. તમે પોતે ત્યાં જમો, તો ચોક્કસ ચાલે. તમે ઘરે જમો અને એમને ત્યાં જમાડો, તો ન ચાલે. તમારે ય ત્યાં જમવાનું સાથે, તો ચોક્કસ લાભ મળે, કેમકે તમે પગાર, અલાઉન્સ વગેરે ઉપરાંત જમાડો છો, એ પ્રેમથી અન્નદાન થાય. આમ હકીકતમાં અજાણ્યાને અન્નદાન કરવું.

તમારા સગા અને જાણીતા મહારાજ સાહેબ આવ્યા, તો શું કામ તમારે ધક્કો ખાવો કેઃ વહોરવા પધારો.. પધારો.. પધારો! 'મુખ દેખી કીધું કરે રે' તે ના ચાલે. અજાણ્યા મુનિઓ આવ્યા છે, ત્યાં ય એ જ ભાવથી લઈ આવો. જાણીતાને લાવો તો ય તમારી અંદરનો સામાજીક મોભો પણ નડતો હોય છે. એમ અજાણ્યા અતિથિને જમાડવા, જાણીતાને નહીં. કામદારોને જમાડો, તેથી ખુશ થાય કે શેઠ જમાડે છે! એટલે વધારે સરસ રીતે કામ કરે. છેવટે તો તમારા ફાયદામાં જ આવ્યું ને? તો નિરાસકત ભાવ ન આવ્યો.

દાનની વાત કરવી સહેલી છે, દાન કરવું સહેલું નથી. એમાં દ્રવ્ય અને આત્મા - બંનેનો ભોગ આપવો પડે. શીલમાં માત્ર દ્રવ્યનો ભોગ આપવાનો. તપમાં માત્ર સ્વાદનો ભોગ આપવાનો. ભાવમાં માત્ર મનથી કરવાનું. દાનમાં તો તમારે બધી રીતે ઘસાવું પડે અને તો જ તમારી અનાદિની જડતા ઉડે. ચૈતન્યની ફિલિંગ્સ શરૂ થાય, સંવેદના શરૂ થાય. બાકી ધ્યાન કરવાથી ચૈતન્યની ફિલિંગ્સ ન શરૂ થાય! એવી ડાહી ડાહી વાતો કરવાથી ન થાય! 'અવિનાશી હું શુદ્ધ સ્વરૂપી..' એમ બોલવાથી કાંઈ એ શુદ્ધ સ્વરૂપ મળી જવાનું નથી. જીવતા લોકોમાં-જીવંતમાં ધબકતું ચૈતન્ય અનુભવે, એ ભાવને ત્યાં અવકાશ ન હોય.

શીલમાં દ્રવ્યનો ભોગ આપવાનો. આપણે દ્રવ્ય નથી રાખતાં ને? બધું છોડીએ ને અનેક પ્રકારનું? શીલમાં વ્રતો આવે ને? દાનમાં દ્રવ્યનો ય ભોગ આપવાનો અને આત્મભોગ પણ આપવાનો. અહંકારનો પણ ભોગ આપવાનો. કરોડોપતિ હોય ને, તો ય ઘરે આવેલા મહેમાનોને પોતે પીરસે. તેઓ જમવા બેસે, તો તેમને

પોતે પંખો નાંખે અને પેલા જમે. તો જ અહંકાર તૂટે ને? જે જમવા આવ્યો, તે અજાણ્યો છે. એ શું આપીને જવાનો? પુણ્ય. તમારો એક વેપારી આવ્યો છે, જો તમને અને એમને મેળ પડી જાય, તો દર વર્ષે તમને એક કરોડ રૂપિયાનો નફો થાય! એ વેપારીને તમે કઈ રીતે જમાડશો? એકદમ વી.આઈ.પી. ઢંગથી? તમે પોતે જ પંખો ઢાળશો અને તમે જ પીરસી આગ્રહ કરશો. બધી રીતે મહેમાનગતિ કરશો. તો પેલો જે પુણ્ય આપે છે, એ પુણ્ય એ નફા કરતાં ઘણું વધારે હોય છે.

એક શેઠ. બહુ મોટા દાનેશ્વરી. સ્કૂલો, હોસ્પિટલો, સામાજીક સંસ્થાઓ જેવા ઘણાં બધા સ્થાનોએ એમના નામનાં પાટીયા!
કોઈ જગ્યા એવી નહીં કે એમના નામનું પાટીયું ના હોય! ખૂબ પૈસા ખર્ચે. એમ કરતાં અચાનક પાપોદય આવ્યો. શેઠ તો રસ્તાની ઉપર આવી ગયા. હવે કરવું શું? એકદમ ખાનદાન, મોટી ઈજ્જત એટલે ક્યાંય માંગવા તો જવાય જ નહીં! એટલે પહેલા તો એ ગામડે જતાં રહ્યા. ત્યાં એકદમ ઓછા બજેટમાં ઘર ચાલે. પાણી ફ્રી, કરીયાણું સસ્તું, શાક પણ સસ્તું મળે, દૂધ પણ સાવ સસ્તું મળે, છાશ તો ફ્રીમાં જ મળે. એટલે ગામડે જતાં રહ્યાં. પણ ક્યાં સુધી આમ રહેવું? ત્યાં કાંઈ જ એવું નથી કે એ ધંધો કરી શકે. ત્યાં એમને ખબર પડી કે બાજુના રાજ્યની રાજકુમારી પુણ્ય ખરીદે છે અને પુણ્યની જેટલી કિંમત હોય, એટલા પૈસા આપી દે છે. એની પાસે એવું એક કાચ છે કે તમે તમારૂં પુણ્ય બોલતા જાઓ, એટલે એની અંદર એ સિરીયલ દેખાતી જાય. આખું ચિત્ર પૂરૂં થાય અને નીચે આવી જાય કેઃ 'આ પુણ્યની કિંમત આટલી.' શેઠે વિચાર કર્યો કે આ ઠીક છે. એક પુણ્ય વેચી આવું.

આમે ય પાર વિનાના ઘણાં પુણ્ય ભેગા થઈ ગયા છે. એટલે નીકળી પડ્યાં એ તો પુણ્ય વેચવા!

૩૦૦-૪૦૦ વર્ષ પહેલાની આ ઘટના. એ જમાનામાં ચમત્કારિક ચીજો હજુ હતી. શેઠ એક પુણ્ય વેચવા સવારે નીકળે, ત્યારે માંડ સાંજે પહોંચે. એટલે બપોરે જમવા એમની ઘરવાળીએ મરચું-મસાલો બધું નાંખીને મસ્ત ઢેબરા બનાવ્યા, એટલે શાક અને અનાજ પણ એમાં આવી ગયું. જાડાં જાડાં ઢેબરા બનાવ્યા સાત. ડબરામાં ગરમાગરમ ભરીને લઈને શેઠ તો ઉપડ્યા અને સાત ગાઉ જેટલું ચાલી નાંખ્યુ, ત્યાં એક વાવ આવી મસ્ત. એકદમ ઠંડક. પાસે વડનું ઝાડ. વિચાર કર્યો કેઃ 'ચલો, અહીંયા થોડો પોરો ખાઉં. એ પછી રોટલા ખાઈને આગળ વધું. સાંજે તો ગામમાં પહોંચી જઈશ, એટલે ગમે ત્યાં ખાવાનો બંદોબસ્ત થઈ જશે.' હાથ-પગ-મોઢું ધોઈને શેઠ પછેડીમાં ઢેબરા લાવેલાં, તે જમવા બેઠા. આપણા જેવા ફેશનેબલ નહીં કે લઈને નીકળે ટીફીન! તો જેવા ખાવા બેઠાં, એવી જ એક તાજી વિયાંએલી ભૂખીડાંસ કૂતરી આવી, સાથે સાત ગલુડીયાં. આવીને ઉભી રહી.

શેઠે જોયું તો તે સમજી ગયા કે ભૂખી છે, એટલે એને આપ્યા વિના ખાવું ઠીક નહીં. એક ઢેબરૂં ઉપાડીને એને આપ્યું. જાડું એવું, ભલે બધું જતું રહ્યું પણ શેઠાણી આમ દિલના ગરીબ નથી કે સાવ પાતળા પાતળા બનાવીને લોટ બચાવે. એ તો તમે ગહૂંલિ કરો ને, ત્યારે જ પરખાઈ જાવ કે તમે કેવા છો! (સભાઃહાસ્ય) ગામમાં જઈ ને જોતાં રહીએ. કોઈ તો વડી-પાપડ કરતાં હોય, એમ ગહૂંલિ કરે અને કોઈ મોટા દિલના એવી ગહૂંલિ કરે કે અમે

સમજી જઈએ કે અહીંયા વહોરવામાં વાંધો નથી. મોટા દિલના હોય, તેને હંમેશા ઓછું પોષાય જ નહીં, બધું મોટું જ પોષાય. શેઠ વિચાર કરેઃ 'આપણે તો બે ઢેબરા ઓછાં હશે, તો ચાલશે.' પેલીને નાંખ્યું તો એ ફટાફટ ખાઈ ગઈ. કૂતરા છે ને સૌથી વધારે ભૂખ્યા રહે. પાછું એ બાજુ જૂએ એટલે બીજું ઢેબરૂં ઉપાડીને એને આપ્યું. શેઠને એમ કે એનું પેટ ભરાય અને એ જાય, પછી જ હું ખાઉં. એની નજર સામે ખાઉં એ ઠીક નહીં. શિરસ્તો નથી કે કોઈ ભૂખ્યું સામે ઉભું હોય, આપણે એની સામે જમીએ. એ ઠીક નથી. બીજું ઢેબરૂં નાંખ્યું, એ ય એ ખાઈ ગઈ. ત્રીજું નાંખ્યું, એ પણ ખાઈ ગઈ. ફટાફટ... નાંખે ભેગું સાફ! શેઠ તો નાંખતા જ ગયા. પછી શેઠ આમ તો માણસ છે ને? એટલે ત્રણ, ચાર, પાંચ... છેવટે એક-બે ઢેબરાં ખાઈને ઉપર પાણી પીને પહોંચી જઈશ. એમ વિચારતાં શેઠે છ ઢેબરાં નાંખી દીધા તો'ય પેલી હજુ આમ જ જૂએ છે. સાતમું ઢેબરું યે નાંખી દીધું. વિચાર્યુંઃ લે, તારા ભાગ્યનું હશે.'દાને દાને પે લીખા હૈ, ખાનેવાલે કા નામ.' પેટ ભરાઈ ગયું એનું. સંતોષથી શેઠ સામે નજર કરી, નજીક આવી, પગ ચાટીને કૂતરી જતી રહી.

શેઠે પાણી પી લીધું કેઃ 'કાંઈ નહીં, ખેંચી કાઢશું સાંજ સુધી. અભાવને કારણે હમણાં ઘણીવાર અડધે પેટે રહેતો જ હોઉં છું ને!' શેઠ પછી ફટાફટ નીકળ્યા, ખાધું નથી એટલે પગ ફટાફટ ચાલે ને, ભર્યું હોય તો જરા વધારે સમય લાગે. (સભાઃહાસ્ય) તો શેઠ રવાના થયા. સાંજે વહેલા વહેલા પાંચ વાગ્યે પહોંચી ગયા સામે ગામ. સીધા જ રાજકુમારીને ત્યાં ગયા. કારણકે ટકો યે નથી પાસે. વેચીશ તો પૈસા આવે કાંઈક રોકડા, પછી મારે કાંઈક કરવું.

હાથ તો લાંબો કરવો જ નથી. જઈને રાજકુમારીને કહ્યુંઃ 'મેં બહુ મોટા પુણ્ય કર્યા છે, એમાંથી થોડું પુણ્ય વેચવા આવ્યો છું.' રાજકુમારી કહેઃ 'સારૂં, હું તો પુણ્યની જ અર્થી છું, મારે તો પુણ્ય જ જોઈએ છે. ચાલો.' સ્પેશીયલ રૂમમાં લઈ ગયા. સામે કાચ લાગેલો હતો. 'તમે તમારૂં પુણ્ય બોલો, એટલે આમાં સીરીયલ શરૂ થશે. તમે કંઈ રીતે કર્યું, શું કર્યું, તેનો આખો ફોટો આવશે. પછી નીચે આવશે એની કિંમત.' શેઠ બોલ્યાઃ 'હોસ્પિટલ બનાવડાવી લોકો માટે.' પડદામાં કોઈ હલચલ નહીં, કાચમાં કશું ન આવ્યું. શેઠ વિચારમાં પડી ગયા. 'સ્કૂલ બનાવી.' કાંઈ આવ્યું નહીં. બોલતાં જ ગયાં લાઈનસર. કેટલાં બધા પૈસા ખર્ચ્યા હતા. એમના શીલાલેખ આખી દુનિયા ઠેકાણે ઠેકાણે વાંચતી. બોલતાં જ ગયાં, પણ કાચ તો કોરો ને કોરો. એક પણ દ્રશ્ય આવે નહીં. આખું લીસ્ટ પૂરૂં થઈ ગયું.

કરોડો-અબજો રૂપિયા ખર્ચેલ હતા એમણે. શેઠ વિચારવા લાગ્યા કે હવે તો કાંઈ જ બચ્યું જ નથી. આટલું મેં ખર્ચ્યું, પણ કાંઈ પુણ્ય જ જમા નથી થયું? ગજબ થઈ ગયું. રાજકુમારીએ કહ્યુંઃ 'કયાંક જાણ્યે-અજાણ્યે પુણ્ય થયું હોય, તો એને યાદ કરો.' 'હવે એ તો કેમ યાદ કરૂં?' રાજકુમારી કહેઃ 'એમ કહો કે હું જાણતો પણ ન હોઉં અને કોઈ પુણ્યનું કામ મેં કર્યું હોય, તો પડદા ઉપર આવી જાવ!' શેઠ એમ બોલ્યા! એટલે ફટ્ દઈને ફિલ્મ ચાલુ થઈઃ નદીનો કિનારો, વડલાનું ઝાડ, નીચે વાવ, ઢેબરાંનો ડબ્બો ખોલીને પોતે બેઠાં છે. પછી ભૂખી કૂતરી આવે છે. એ એક પછી એક ઢેબરાં નાંખ્યે જાય છે. એમ સાતે સાત ઢેબરાં નાંખ્યા. પેલી તૃપ્ત થઈ તેની સામે જોઈ પગ ચાટીને રવાના થઈ. ફિલ્મ પૂરી.

એ પુણ્યની કિંમત રુપે નીચે એક આંકડો આવ્યોઃ ૧૦ લાખ રૂપિયા! જેમ સંગમને કિંમત આવીને ૯૯ પેટી તેમ. રાજકુમારી કહેઃ 'લો, લઈ જાવ ૧૦ લાખ રૂપિયા.' 'અરે! એક જ તો પુણ્ય જમા છે! એ આપું તો મારી પાસે રહ્યું શું? એટલે એ રે'વા દયો. હું જાઉં, મારૂં જે થવું હશે, તે થશે.' એમ કહી શેઠ તો રવાના થયા. બહાર નીકળ્યા અને રાજકુમાર મળ્યો. કહેઃ 'અરે તમે કયાં ખોવાઈ ગયા છો? ગોતી ગોતીને થાકી ગયો.' 'શું કામ છે?' 'અરે, હું સંકટમાં હતો, ત્યારે તમે મને ૧૦ લાખ રૂપિયા આપેલા. તે આપવા કયારનો તમને ગોતું છું. આ લ્યો પૈસા લઈ જાવ, મારો ભાર ઉતરે.' વગર પુણ્ય વેચ્ચે ૭ ઢેબરાનાં ૧૦ લાખ રૂપિયા જમા આવ્યા. ચાર! કાંઈ મગજમાં બેઠું?

અન્નપુણ્ય કેટલું મોટું છે, એની આ વાત છે. બાકી બધા જ ખર્ચા કરો ને, એમાં કેટલાં ગોટાળા-ગડબડ ચાલતા હોય છે! મોટી હોસ્પિટલ બનાવો, તો કોન્ટ્રાકટરોને મજા, મજૂરોને મજા, ડૉકટરોને મજા, માત્ર દર્દીઓને સજા. જેના માટે બનાવો, એ બધા આમથી તેમ ઠેબા જ ખાતાં હોય હોસ્પિટલોમાં. એટલે લોકો હાયકારા નાંખે, એવું સ્થાન તમે બનાવ્યું, જેમાં ગુડાંઓ અને લુચ્ચાઓ પૈસા ખાઈને મજા જ કરે, એટલે એમનું પાપ પણ બાંધો તમે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ પુણ્યના મોહથી દાન કરાય? ઉત્તરઃ ના. ન કરાય. દાન કરવું, તો નિરાસકત ભાવે જ!**

જલદાન-અન્નદાન પછી હવે ત્રીજું દાન બતાવુંઃ વસ્ત્રદાન. ભૂખ્યાને અન્ન, તરસ્યાને પાણી, નાગાને વસ્ત્ર. આ બધી જીવનજરૂરી

ચીજો છે ને? રોટી, કપડાં ઔર મકાન. લાલબહાદૂર શાસ્ત્રીનું એ સ્લોગન હતું ને? બધાને જોઈએ જ એ.

સાધુને કરવું લોકોત્તર દાન, જીવોને કરવું એ લૌકિક દાન. લૌકિક દાન અહીં સુખ આપે, લોકોત્તર દાન મોક્ષ સુધીનું સુખ આપે.
ખાવા માટે સોનું-ચાંદી કે ઝવેરાત કામ ન આવે, એના માટે તો અનાજ જ જોઈએ. પીવા પાણી જ જોઈએ. આજે પાણી મળતું હોય, તો તમે સાધુને વહોરાવી શકો ને? અનાજ તમારી પાસે હોય, તો તમે વહોરાવી શકો ને? એ જે મળે, એ આ બધાને ખવડાવવાના પુણ્યથી મળે. એ પણ એટલું જ જરૂરી, જેટલું આ. સાધુને દાનથી વધુમાં વધુ બીજાનું ભલું કરી શકો, એવી તમને શક્તિ મળે. પેલા દાનથી જ તમે આરામથી જીવી શકો, એટલી શક્તિ મળે અને સાધુઓને દાનથી અનેકોને તમે જીવાડી શકો, એવી શક્તિ મળે. બંને જરૂરી છેઃ તમે જીવી શકો, એ શક્તિ જેટલી જરૂરી, એટલી જ અનેકોને જીવાડી શકો, એ શક્તિ યે જરૂરી છે. આ બધું કરોને તો મોટા ભાગે તમારી બધી બિમારીઓ ખતમ થઈ જાય. લોકોના આશીર્વાદ મળે, એનાથી હોસ્પિટલના બધા ખર્ચા તથા ઘણી ખરી બિમારી, ડીપ્રેશન ખતમ થઈ જાય. જે બીજાને આનંદ આપે, એમને જ આનંદ મળે છે.

મુનિઓને વસ્ત્રદાન કરે, તો જબરદસ્ત એનું પુણ્ય મળે. જેણે એકવાર પણ મુનિને વસ્ત્ર આપ્યું એમને પણ રોજ દેવલોકમાંથી દેવદુષ્ય એમને પહેરવા માટે મોકલી આપે, એવા પણ શાસ્ત્રોમાં દ્રષ્ટાંતો છે. વસ્ત્રદાનનો મહિમા બહુ છે. પણ લાભ લેવા માટે જ અમને વહોરાવો, તો તે કામ ન આવે. અમારે જરૂર હોય, ત્યારે

જ વહોરાવો તો કામ આવે. 'સાહેબ, મને લાભ મળવો જોઈએ.' એ..લા પણ ગોચરી તો વપરાતી હોય, એટલી જ વપરાય ને? એમ કાંઈ પેટ તોડીને તો લાભ ન આપી શકાય ને? પણ ઘણાં ગાંડિયાઓ તો કહે કેઃ 'અમે રહ્યા સંસારી. તમારા પાત્રા ભરાય, એટલે અમારૂં ઘર ભરાય, એટલે અમારૂં કામ થઈ જાય.' એ બધા હતા ત્યાં ને ત્યાં જ રહે. ક્યાંય બદલાની ભાવના ના આવી જોઈએ. લેવાની ઈચ્છા કરી, એટલે સંસાર શરૂ થયો. ધંધો થયો એટલે ઝંઝાળ વધતી જાય ને? ઘરમાં તમારી જીવનપ્રણાલી જ એવી ગોઠવી હોય કે સહજ રીતે તમને લાભ મળે.

ઉત્તમ શ્રાવકો ઘરમાં પોતાના માટે જ એવા વસ્ત્રો રાખે, જે સાધુને જ્યારે પણ જરૂર પડે, ત્યારે ફટ દઈને વહોરાવી શકાય. પણ ડ્રેસ અને પેન્ટ-સુટના આ જમાનામાં તમે શું લાવો? શ્રાવકના ઘરમાં દાંડો હોય, પાત્રા હોય, બધું હોય. તમારી પાસે શું છે?

**પૂ. આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** સામાયિકના કપડા.

પણ શ્રાવક ન કરતો હોય તો? બધા કરતા હોય? અને પૂજાના કપડા કામ ન આવે, રેશમી હોય એટલે. ગમે ત્યારે મન થાય, તો સાધુ થઈ શકાય, એટલે જ સાધુનો આખો એક ડ્રેસ ઘરમાં રાખવો જોઈએ. અડધી રાત્રે મન થાય ને કપડાં પે'રીને રવાના. ઘરવાળી પૂછે શું? તો કહેવુંઃ ધર્મલાભ. આ હું ચાલ્યો. (સભાઃ ખડખડાટ હાસ્ય) પણ આટલા જલ્દી? શી ખબર ક્યારે જવાનું, એના કરતાં વે'લો જ જાઉં ને? હું જીવતો જતો રહું, તો તારે બહુ રડવું ચે ન પડે. મરીને જાઉં, તો તારે રોવું પડે. તો શું ખોટું?

કસ્તુરભાઈના માતા ગંગામા-દાદીમા કારીગરો પાસે રંગાવીને ૧૦૦ જોડી પાત્રા ઘરે રાખતા. સાધુ-સાધ્વી પાસે ન્હોતા રંગાવતા. એમ કહેતા કેઃ 'મારે મારા ઘરમાં જ રાખવા જોઈએ, એમ સાધુ -સાધ્વી પાસે મજૂરી થોડી કરાવાય?' એ જમાનામાં શ્રાવિકાઓ ઓઘા, ભરેલા પાટા, દસીયું વગેરે ખૂબ સરસ બનાવી જાણતી. ગંગામા એવી શ્રાવિકાઓ પાસે તૈયાર કરાવતા અને પછી જો એમના ઘરે કોઈ મારા જેવો નાનકડો સાધુ વહોરવા ગયો હોય, જેની પાસે ઉપર એક પાત્રુ નીચે એક તરપણી જ હોય.

ગંગામા દૂર બેઠા હોય, ત્યાંથી કહેઃ 'મહારાજ, કોના ઘરે વહોરવા આવ્યા છો? કોઈ ભિખારીના ઝૂંપડામાં વહોરવા આવ્યા છો, તે આટલું જ પાત્રું લાવ્યા છો? નહીં ચાલે, ઉભા રહો.'

પછી જાય અંદર. ઝોળી-પલ્લા અને પાત્રા લઈ આવે. પછી કહેઃ 'લો પકડો, હવે ચાલો મારે ત્યાં વહોરવા. મને સંતોષ થાય, એટલું હું હવે વહોરાવી શકું ને.' આ તો એમની ભાવનાની વાત અને એવાને ત્યાં વહોરવા પણ કોણ જાતું? મોટાં આચાર્યના ચેલા જ જતા. નાના સાધુ હોય ને એના તો પગે ય ન ઉપડેય નહીં. ટૂંકમાં એમ કે શ્રાવિકાઓ એવી તૈયાર બનાવવાની છે કે સુલસા, રેવતી ને અનુપમા જેવી. અનુપમા પોતાના રસોડે રોજના ૧૫૦૦ સાધુઓને પોતાના હાથે વહોરાવતી, ૫૦૦૦ બ્રાહ્મણોને જમાડતી અને બાવા-અતિથિઓ તો જૂદા. એવું મોટું એમનું રસોડું ચાલતું.

ઘી કમંડલમાં જ આવે, વાઢી કે ટબુડીમાં નહીં. સાધુ પાત્રુ ધરે અને ધ્યાન ન રાખે તો એનું આખું પાત્રું ઘીથી જ ભરાઈ જાય.

સાધુએ જ ધ્યાન રાખવું પડે કે આ અનુપમાનું ઘર છે. એ પુણ્યે જ આજે મહાવિદેહમાં તેઓ કેવલી થઈને બેઠા છે. એમણે ૧૨ વ્રતમાંના એક્કે ય વ્રત નથી લીધા. ભક્તિ એ જ મુક્તિની દૂતિ છે. ભક્તિ વગરની ગમે એટલી અનાસક્તિ કાંઈ જ કામની નહીં.

તો વસ્ત્રદાન. પહેલા તો વિધવા બહેનો ધોળા ઓઢણાં ઓઢતી, જેમાંથી સાધ્વીને ઓઢવાનો કપડો બની જાય. વાપરતા જ હતા એવા કપડા. શ્રાવકો એવા સફેદ કપડાના ખમીસ સીવડાવતાં, જે સાધુના ચોલપટ્ટા માટે કામ આવે. લોકો વિવેકી એવા કે પોતે પણ એવા જ કપડા પહેરવાના કે જેમાંથી સાધુઓનો ય વેશ થઈ શકે. ધોતીયા પણ એ જ રીતે હોય. પણ 'જિનશાસન એ મારૂં કુટુંબ છે, જગતના બધા જ જીવો મારા સ્વજન છે' એ ભાવ આવે ને, પછી જ આ બધી વાત ચાલે. એ ભાવ આવે, પછી જ પ્રભુ તમારો સ્વિકાર કરે. માત્ર તમે કહો કેઃ 'પ્રભુ તમે મારા.' તો નહીં ચાલે. પ્રભુ કહેશેઃ 'જેટલા મારા છે, એ બધા ય તારા હોય, તો મારે અને તારે લેવા-દેવા, નહીંતર ભાગી જા.'

ખાનદાન છોકરી વરને પરણે કે ઘરને? બાપ ઘર જોઈને પરણાવે. ઘર મજબૂત હોય, તો વર નબળો હોય તો ય ચાલે. દિકરી આખી જીદંગી નભી જાય, સુખેથી રહી શકે. આમાં પણ એ જ રીત છે. પ્રભુના તે જ થઈ શકે જે પ્રભુના હોય, તે બધાના હોય અને એ થવાના બધા પ્રકાર એટલે જીવનજરૂરી ચીજોનું દાન. પૈસા ખર્ચવા જ છે, તો ચાલો જે કોઈ બિમાર હોય, તેને ઔષધ આપો, ખાવાનું કે ફ્રૂટ પહોંચાડો. મેડીકલમાં ખર્ચ કરવો હોય, તો સીધો કરો, જે દર્દીને જ મળે. પાણીમાં ન જવા જોઈએ તમારા પૈસા.

તે ચૈતન્યને-જીવંતને કામ આવવા જોઈએ, જે જીવંતને રક્ષિત કરે અને એનું જીવન આગળ વધારે.

પાંચમું દાન વસતિદાન યાને થાકયાને વિસામો. ભૂખ્યાને અન્ન, તરસ્યાને પાણી, નાગાને વસ્ત્ર, બિમારને દવા, થાકયાને વિસામો. અન્નપુન્ને, જલપુન્ને, વત્થપુન્ને, ઔષધપુન્ને, વસઈપુન્ને.

હજુ ચાર પુણ્ય બાકી છેઃ મનપુન્ને, વયણપુન્ને, કાયપુન્ને તથા છેલ્લું નમસ્કારપુન્ને. મનપુન્નેમાં મન દ્વારા બધાનું શુભ ચિંતવવું. મનનો પણ બહુ મોટો પ્રભાવ છે ને? પણ પહેલા પાંચ પુણ્ય કર્યા હોય, તો મનમાં બધાનું શુભ ચિંતવવાનો ભાવ આવે. આ દરેક પુણ્ય એકમેક સાથે જોડાયેલાં છે ક્રમબદ્ધ. આપણે એવા હોંશીયાર છીએ કે તોડ પડે, ત્યાં ખસી જઈએ અને મફત મળે ત્યાં પહોંચી જઈએ. જરૂરીયાતવાળાને બધું આપવું, ગુરૂ ભગવંતોને પણ આ બધું આપવું. લોકોત્તર પુણ્ય અને લૌકિક - સંસારી વ્યક્તિને આ બંને પુણ્યની જરૂર છે. સાધુને પુણ્યની નિર્જરાની જરૂર છે. છતાં એમને ય એવા પુણ્યની જરૂર તો ખરી જ કે જેનાથી મોક્ષના સાધનો વધુમાં વધુ મળે, ઝડપથી મોક્ષે જવાય. સાધુ સાધુની સેવા કરે, એટલે એવા સાધનો મળે. ભરત ચક્રવર્તી આગલા ભવમાં રોજ ૫૦૦ સાધુઓને ગોચરી વહોરાવતા. ગૃહસ્થાવસ્થામાં ચક્રવર્તી હતા, છતાં શરમ નહીં. પરિણામ શું? બીજા ભવમાં ઘેર બેઠાં જ પહેલા કેવળજ્ઞાન, પછી ઓઘો. બાહુબલીને પણ એ જ છે. એમણે બધાની સેવા કરી’તી, એમને ય ઉભા-ઉભા જ કેવળજ્ઞાન થયું, પછી ગયા ભગવાન પાસે. ગોચરીનું દાન ઉત્કૃષ્ટ છે કે જેના આધારે સાધુના બધા જ યોગ ચાલે.

ભરત ચક્રવર્તીને ૧૨ મહિના કાઉસ્સગ્ગમાં ન ઉભા રહેવું પડ્યું, માત્ર એક વીંટી નીકળી ગઈ અને કેવળજ્ઞાન! અને તેમનું કેટલું જબ્બર પુણ્ય કે એમને એકલાને જ નહીં, એમની આઠ પેઢી સુધી જે એમની પાટે આવ્યા, તે બધાને આરીસા ભવનમાં કેવળજ્ઞાન થઈ ગયું. પહેલા કેવળજ્ઞાન, પછી ઓઘો. સાધુ-સાધ્વી ન હોય, તો કોની સેવા કરો? એ પણ હોવા જરૂરી છે.

**પૂ. આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ આગળના છેલ્લા પાંચ પુણ્ય સાથે મનપુણ્યનું કેવી રીતે કામ?**
**ઉત્તરઃ** બીલ્કુલ. એ કરેલું હોય, તો જ મન સારૂં વિચારી શકે. ઉદારતા આવેલ હોય, તો જ વિચારો ઉદાર રહે. બધાની સેવા કરી હોય, દૂવા - આશીર્વાદ જે મળ્યાં હોય, એ તમારા ચિત્તના સંકલેશ દૂર કરી દે અને મનથી તમને એ જ સારૂં-સાચું લાગે.

સગા-વ્હાલા સાચવવા દોડો, પણ કોઈ ભૂખ્યું-તરસ્યું હોય, તો પહેલા લાભ લો. પહેલો એ પછી બીજી વાત. વ્યસન હોય આ. બહાર નીકળે તો કોઈને ગોતતો ગોતતો જતો હોય કે કોઈને મારી સહાયની જરૂર તો નથી ને? કોઈને કપડાં કે દવાની જરૂર તો નથી ને? તો કરતો જાઉં. કોઈ બાપડો નિરાધાર-રખડતો તો નથી ને? તો રહેવાની કાંઈક વ્યવસ્થા કરી દઉં!

મનપુણ્ય પછી વચનપુણ્ય. વચનથી પણ સામાના ગુણ જોવાના, ગુણ જ બોલવાના. કોઈની ખોટ ન કાઢવી, કોઈની ટીકા ન કરવી. પોતાના મોજ-મજાની વાતો કરવી જ નહીં પણ બીજાને કઈ રીતે સહાય થઈ શકાય, એ જ વાત હોય એની પાસે.

ગુણવાનના ગુણ ગાવાનું, પ્રભુની સ્તવના કરવાનું વગેરે સર્વ વચનપુણ્ય છે. એ ઉલ્લાસ ત્યારે જ આવે, જ્યારે પહેલા ઘસાઈ ગયા હો. જોરદાર મહાપૂજા કર્યા પછી ચૈત્યવંદન કરવા બેસો, ત્યારે સ્તવન ગાવામાં કાંઈ ફરક પડે ખરો? સામાન્ય રીતે ગાવ ને મહાપૂજા કર્યા પછી ગાવ, તો ઉલ્લાસમાં કેટલો બધો ફરક પડે!

કાયપુણ્ય યાને માતા-પિતા, દેવ-ગુરૂ, ગરીબ ને જરૂરીયાતમંદવાળા માટે કાયા વાપરવી. પોતે જ દોડવું. માત્ર વાતો નહીં કરવાની. હાથોહાથ પહોંચાડે-વહોરાવે, બધે જ તમારામાં ઉદારતા આવે, તો જ તમે આ બધું કરવાના. એ સિવાય નહીં. આ પણ દાન છે. તમે મનમાં શુભ વિચારો ને, એ પણ દાન છે અને એની પણ બહુ અસર થતી હોય વાતાવરણ અને વ્યક્તિ ઉપર. વચનની તો કેટલી બધી અસર થતી હોય છે. અશુભ અને શુભ વચનની પણ કેટલી મોટી અસર થાય છે. કાયામાં પણ એવી જ રીતે છે.

હવે છેલ્લું નવમું પુણ્ય નમસ્કારપુણ્ય.
જીવન જરૂરીયાતની પાંચ વસ્તુઓ આપી,
મન આપ્યું, વચન આપ્યું, કાયા આપી,
હવે શું બાકી રહ્યું? આત્મસમર્પણ. એટલે જ 'નમો અરિહંતાણં'. પણ પહેલા દ્રવ્યસમર્પણ કર્યું હોય, તો જ આત્મસમર્પણ આવે.

જે મકાનમાં પૈસા ખર્ચ્યા હોય, એ મકાન માટે તમે સમર્પિત થઈ જાવ ને? જે ઘરવાળીને બહુ ખર્ચો કરીને લાવ્યા હો, તો એને ય સમર્પિત થઈ જાવ ને? જે ઘરેણાં બહુ પૈસા ખર્ચીને લાવ્યા હો, તેનું ચોવીસે કલાક ધ્યાન રાખો, તે ય આત્મસમર્પણ જ થયું ને?

પ્રભુ ને પ્રભુના સાધુને મનથી શ્રેષ્ઠતમ પરમતારક તરીકે સ્વીકારવા, વચનથી ગુણ ગાવા, સ્તવના કરવી, કાયાથી એમને વહોરાવવું, લેવા-મૂકવા જવું, રાત્રે સ્વાધ્યાયથી થાકેલા મુનિઓના પગ દબાવવા, શરીર દબાવવા, ભગવાનની બધી જ પૂજાની સામગ્રી ઘરે તૈયાર કરવી, ચંદન જાતે જ ઘસવું, કેસર ઘસીને હાથે જ તૈયાર કરવું, ફળ-નૈવેદ્ય ટીપટોપ બધું જ ઘરેથી સજાવી પછી સુશ્રાવિકા અને બાળકો સાથે બધા એક એક થાળ લઈ દેરાસરે ગાતા ગાતા જતાં હોય, આમ વટ પડી જાય. તમે તો પૂજન હોય, ત્યારે બધું જ ઠેકેદારને કહી દો કેઃ ‘લે પૈસા ને બધું લઈ આવજે.’ વાત પૂરી થઈ ગઈ. બસ! પેકેજ આપો અને ભવિષ્યમાં તમે પેકેજ નક્કી કરો એટલે તમે પેકેજવાળા જ થાવ પછી. સી.ઈ.ઓ.ને પણ ભલેને ૫ કરોડ રૂપિયાનું પેકેજ હોય, તો ય શેઠ ન કહેવાય, નોકર જ કહેવાય. પેકેજવાળા છે ને બાંધી આવકવાળા જ બને.

ગુરૂ મહારાજનો મોટો સમુદાય આમ શહેરમાં. ચંદ્રધવલકુમાર નામના શ્રેષ્ઠીપુત્રના લગ્ન માટે આ મોટા શેઠે બહુ મોટી તૈયારી કરી. શેઠ ધાર્મિક. આટલો મોટો ગુરૂ મહારાજનો સંઘાડો જોયો ને એટલે શેઠે છોકરાને કહ્યુંઃ ‘ગુરૂ મહારાજ આવે, તો ૧૬ લાડવા વહોરાવજે.’ આવડો મોટો થાળ હોય ને તેમાં ૧૬ લાડવા રાખ્યા. મહારાજ સાહેબ જે પાછું નંદી લઈને આવશે ને, તેમાં ૧૬થી વધારે લાડવા સમાવાના નથી. એટલે ૧૬ એમને એટલા માટે કહ્યું કે પૂરૂં માટલું ભરાઈ જાય. પણ આંકડો આપી દીધો ૧૬. શેઠ તો જતાં રહ્યાં. છોકરાએ વિચાર્યુંઃ ‘મારા લગ્નને નિમિત્તે આ બધી વાનગીઓ બની છે. ખાવાવાળા ઝાપટીને સંસાર જ ભોગવવાના છે અને આપણને પાપ આપવાના છે.

ખાઈને સ્વાદ કરીને મજા કરવાનું બધું પાપ એ કરશે, એમાં હું વરરાજા, એટલે બધું પાપ મને જ મળશે' એ હકીકત છે. સંસાર નિમિત્તે જે વપરાય, એ જેના નિમિત્તે હોય, પાપ તેને જ મળે. બધા મહેમાનો પુણ્ય નહીં, પાપ આપવા આવે છે, એટલે હરખાવું નહીં.

'ગુરૂ મહારાજના ક્યાંથી હોય આપણાં ઘરે પગલાં? મારૂં લગ્ન છે અને ગુરૂ મહારાજ આવી ગયા! અદ્‌ભૂત યોગ! બાપા ભલેને ૧૬ કહી ગયા, આપણે તો પાત્રા ભરાય, એટલા ભરી જ દેવાના, બીજી વાત નહીં.' ગુરૂ આવ્યા. મોટું નંદીપાત્ર હતું એમની પાસે. હવે એવા પાત્ર નથી રાખતા, પહેલા રાખતા. માથે ઉપાડીને જાય પછી ગુરૂ મહારાજ પાસે. આખો દિવસ તો ભર્યું જ રહે. હાથેથી તો ઉપડે જ નહીં અને એ જમાનામાં છે ને આ બધું લોકોને રોજીંદુ લાગતું. એક ફેરે બાપજી માથે ઉપાડીને જતા, તો ખરાબ ન લાગે. આ જમાનામાં તમે બધા સ્ટેટસવાળા થયા ને, એટલે તમારા ગુરૂ પણ સ્ટેટસવાળા હોવા જોઈએ ને? (સભાઃહાસ્ય)

અત્યારે ગામમાં બાવાઓ આવે, એમને ખાવા-પીવાનું જોઈતું હોય, તો કોણ લઈ આવે? બાવાઓ જ લાવે ને? પણ બાવાઓ લઈ આવે, તો તમને ખરાબ ન લાગે પણ અમારે માટે લાવે, તો તમને ખરાબ લાગે. જૈન હોય કે અજૈન બાવા, બધા બાવાઓ આવી રીતે જ વર્તતા પહેલા. કોઈ પરાશ્રયી ન હતા, સ્વાશ્રયી હતા. પછી એઆપણને જોઈએ, તો આપણે જ લઈ આવવાનું.

પેલા દિકરાએ તો મહારાજનું પાત્રુ ભરી દીધું. મહારાજ વહોરીને ગયા. પેલો બહુ જ ખુશ થયો કેઃ બહુ સરસ લાભ મળી ગયો.

ભયંકર આશ્રવ થવાનો હતો પાપનો, એમાં આટલું મારૂં પુણ્યબંધ થઈ ગયું. ત્યાં નોંધે છે શાસ્ત્રકારઃ બંને જણા મરી ગયા પછી બીજા ભવમાં બાપ એ ધર્મદત્ત નામનો શેઠ થયો અને દિકરો તે રાજકુમાર થયો. ધર્મદત્ત શેઠ ગમે તેટલી મહેનત કરે, તો પણ ૧૬ લાખ તે ૧૬ લાખ જ કમાય. ૧૬ લાખ અને ૫ હજાર પણ થાય નહીં. કંટાળી ગયો. ગમે તે ધંધા કરે, આમ કરે, તેમ કરે, ઊંચું -નીચું કરે, પણ ૧૬ લાખથી ઉપર ના જાય. એમાં છેલ્લે છેલ્લે કોઈ ૧૬ સિદ્ધિવાળો સંન્યાસી મળ્યો, જેમણે એક યજ્ઞ કર્યો અને જાનના જોખમે એમાં ધર્મદત્ત જોડાયા.

જ્યારે એમને હોમવા માટે સંન્યાસીએ તરકટ કર્યું, ત્યારે બાવાજીને જ ઉપાડીને એમાં અંદર હોમી દીધા. એ બાવાજી થઈ ગયા સુવર્ણ પુરૂષ. સુવર્ણ પુરૂષ એટલે એક જીવતી વ્યક્તિ આખી સોનાની થઈ જાય પછી જીવ જતો રહે, પણ મંત્રના કારણે એમાં કાંઈક વિશિષ્ટ એવું હોય કે તેના હાથ અને પગ રોજ કાપી નાંખવાના અને ધડને કપડું ઢાંકીને મૂકી દેવાનું. સવારે પાછા હાથ-પગ આવી જાય. રોજેરોજ જોઈએ એટલું સોનું કાઢવાનું તમારે. આપોઆપ બની જાય સોનું. બસ, ઢાંકીને રાખવું, અંદર આ પ્રક્રિયા ચાલે. ખાડાની રાખમાં ઢાંકી શેઠ ગયા ઘરે કે સવારે આવીને લઈ જઈશ.

એ રાત્રે શિયાળણીએ રાજકુમારને કહ્યુંઃ ‘ઉઠ રાજકુમાર. સ્મશાનમાં ફલાણી જગ્યાએ અગ્નિકુંડ છે, એમાં તારા નસીબનો સોનાનો પુરૂષ છે, તે લઈ આવ.’ રાજકુમાર તે સાચું છે કે નહીં, તે જાણવા માટે આવી ગયા. તપાસ કરી તો સાચેસાચ સોનાનો પુરૂષ હતો.

કોઈ ધણી તો હતો નહીં. તેથી રાખમાંથી કાઢયો, ઉપાડીને થયા રવાના અને ઘર ભેગું કરી નાખ્યું. રાજકુમારને સુવર્ણપુરૂષ મળી ગયો. હવે સુવર્ણસિદ્ધિથી કેટલું સોનું બને? ૧૬ લાખ અને ૧૬ કરોડનું સોનું પણ બની જાય. નસીબ હોય એમને જ મળે ને? સવારે શેઠ આવ્યા અને જોયું. માથું કુટીને રોયા. આટલી મહેનત તથા જાનનું જોખમ લઈને ય કાંઈ હાથમાં ના આવ્યું.

ત્યાં એક જ્ઞાની ગુરૂ મહારાજ આવ્યા. તેમને પૂછ્યુંઃ 'સાહેબ, આ ૧૬ના ૧૬ જ કેમ?' તો જવાબ મળ્યોઃ 'આગલા ભવમાં તે કેવું કર્યું હતું? તે કહેલું કે ૧૬ લાડવા આપજે, એટલે ૧૬ જ મળે ને? આપતાં આવડવું જોઈએ. અખંડ દાન આપે, અખંડ સુખ મળે.'

જગાણાના એક જતિજી મહારાજે પણ મને એક વાત કરી હતી કેઃ 'એકવાર તેઓ જગાણાથી ચાંગા ચાલતા ચાલતા જતા હતા. રસ્તામાં એક જગ્યા આવી, એટલે મેં એના ખેડૂતને કહ્યું કેઃ 'આની અંદર જમીનમાં ધન છે.' તો કહેઃ 'ના હોય.' મેં કહ્યુંઃ 'છે... ચાલો ખોદીએ.' આમ હાથથી ઝાડ આઘું કરીને ખોદ્યું, ત્યાં સોનાનો ભરેલો આખો ચરૂ નીકળ્યો. હવે ઘરે લઈ જવો કેમ? ગાડુ તો હતું નહીં. એટલે મહારાજે એવું કહ્યું કેઃ 'તું જા ઘરે ગાડુ લેવા, હું અહીં બેઠો છું.' તો કહેઃ 'એમ તો મને બીક લાગે. તમે સાથે ચાલો. રાતના અહીં કોણ લેવા આવવાનું છે?' 'અલ્યા, હું કહું એ ઠીક છે. તું જા અને હું ચોકી કરૂં.' તો કહેઃ 'ના. મારાથી નહીં જવાય.' સવાર સુધી રખાય નહીં અને સરકારમાં ખબર પડે, તો સરકાર લઈ જાય. એટલે અમે બે ય જણા ગાડુ લેવા ગયા અને પાછા આવ્યા, એની પહેલા જ પોંચા પટેલ ત્યાંથી નીકળતા

હતા અને ઓલો તૈયાર મામલો જોઈ, ઉપાડીને ગાડામાં મૂકીને રવાના થઈ ગયા. જતિજી મને કહેઃ ‘અમારે આવું થયું બોલો સાહેબ! ચરૂ અમારા બંનેના નસીબમાં નહીં, એટલે ગાડાવાળો પણ જતો રહ્યો.’

દીધાનું ફળ હોય, રાખ્યાનું ફળ કાંઈ ના હોય. (સભાઃવાહ!) સાધુ વહોરવા આવે, તો એ પાત્રામાં થોડું દૂધ નાંખે, પછી જૂએ કે સાહેબ ના પાડે છે કે હા પાડે છે? નાંખ. હજુ ના નથી પાડતા, એટલે આપે. વળી પાછું ઉપર જૂએ, વળી પાછું નાંખે. વળી પાછું જૂએ, વળી પાછું નાંખે. એટલે... પતી ગયું! તમારૂં એક વર્ષ બહુ સરસ ચાલે, બીજુ વર્ષ નકામું. પાછું એક વર્ષ સરસ ચાલે, પાછું નકામું. આંતરે કરેલો ધર્મ આ રીતે બધે વચ્ચે વચ્ચે અંતરાય પાડે. બધે જ દ્રષ્ટાંત દાનનું જ આવે છે. પુણ્યબંધમાં પ્રધાનહેતુ દાન જ છે. આપ્યા સિવાય કશું જ ન મળે.

નમસ્કારપુણ્ય એટલે આપ્યા પછી આત્મસમર્પણ થવું બસ એ જ. ‘નમો અરિહંતાણં’નો અર્થ એ જ છે કેઃ ‘પ્રભુ, હું અને મારૂં બધું જ તારૂં. મારો અહંકાર જ તો મારૂં અસ્તિત્વ છે અત્યારે તો. એ જ તારા ચરણોમાં સમર્પિત.’ ‘નમો’નો અર્થ એ કે તમારી પર્સનાલીટી પંચપરમેષ્ઠીના ચરણોમાં મૂકી દો. પણ આઠ પુણ્ય કર્યા હોય, ત્યારે નવમું પુણ્ય આવે. એ નવમું પુણ્ય જે છે ને, એ સાગર છે. બાકીનાં બધા પુણ્ય છે ને, એ નાનકડા તળાવ છે, પછી સાગર જેવું પુણ્ય આવે કેવી રીતે? આ રીતે. સંસારમાં તમારા મનનાં બધા જ તરંગો પર્યાયના તરંગો ઉપર રહેલાં છે. એ પર્યાયના કારણે જ અહંકાર થાય છે.

બધા પર્યાયો પ્રભુના ચરણોમાં સમર્પિત કરો, તો ચિત્ત બિલ્કુલ નિસ્તરંગ, નિરામય, નિશ્ચલ, સહજ રીતે બની જાય. આખી આ પ્રક્રિયા છે. કશું કર્યા વિના છેલ્લું જ પુણ્ય કરવા જાવ, તો પહેલું ય જાય અને છેલ્લું ય જાય, બે ય જાય!

આ આપણું ફાઉન્ડેશન કેઃ ભૂખ્યાને અન્ન, તરસ્યાને પાણી, નાગાને વસ્ત્ર, બિમારને ઔષધ, થાકયાને વિસામો. દરેક ઘરમાં ઓટલો શા માટે હોય? ડોસાબાપાને દાતણ કરવા માટે? છોકરાને રમવા માટે? ના. થાકેલાને બેસવા માટે. દહેરાસરમાં આપણે બહાર ઓટલો હોય, એ ભગવાનને ફરવા માટે કે ચાત્રીઓ આવે, એ આરામથી બેસી શકે એટલા માટે? કયાં ઉભા રહે બિચારા?

ભગવાન કહેઃ 'મારે આંગણે આવેલો ફીલ્ડીંગ ભરે, એ કામ ન આવે. અહીં આરામથી બેસ.' ઓટલો એ માટે જ છે. એ બીજા માટે જ બનાવવાનો, એટલે ઘરમાં પ્રવેશ કરતાં જ પહેલો જે ભાગ આવે, તે બીજા માટે હોય પછી તમારા માટે હોય. એટલે પહેલું પુણ્ય, પછી ઘરનું પાપ. જેમ પહેલી રોટલી ગાયને આપે, પછી કૂતરાને આપે, એટલે જે વિરાધનાનું પાપ છે, તે એકદમ ઓછું થઈ જાય. સીધી જ તમે પહેલી રોટલી ખાવ, તો ચૂલાનું આખું પાપ તમને લાગે. દાન સિવાય પાપે ય ના ધોવાય.

'धर्मस्य आदि पदंदानं, दानं दुर्गतिनाशनं।' જૈનો કેમ આટલા બધા પહેલા ફેમસ અને પ્રિય હતા? દાન ઝાઝા હતા. ઉભરા ઉપડતા ન હતા. જયારથી સ્વાર્થી બન્યા કે 'હું અને મારા', ત્યારથી જૈનોનું ડિમોશન થઈ ગયું. કિંમત ઘટતી જ જાય છે, ઘટતી જ જાય છે.

અજૈનોમાં ખવડાવવાની પ્રવૃત્તિ બહુ વધતી જાય છે. એમનું પુણ્ય જબરદસ્ત વધતું જાય છે. કલ્પી ન શકીએ, એટલાં કામો એ બધા કરવા લાગ્યા. ભગવાનના દરબારમાં છે ને, કર્તવ્યને જ જૂએ છે, ઈષ્ટ કોને માનો છો, એ નથી જોતાં. તમે બીજાને શાતા આપો છો કે નહીં? શાતા આપે તો જ શાતા મળે, શાતા માંગે ન મળે.

ગરીબોને આપ્યું ન હોય, તો ઘરમાં અભરે ભરેલું ખાવાનું હોય, પણ પોતે ખાઈ ન શકે. ઘરના માણસો દૂધ સાથે બદામની પૂરી જમતા હોય અને શેઠ બાજરીના રોટલાનો ઉપરનો ખોપટો અને મગનું પાણી પીતા હોય! ખવડાવ્યું નથી, તો શું થાય હવે? કહ્યું છેઃ 'भोज्यं भोजन शक्तिश्च।' ખાવાનું અને ખાવાની શક્તિ, પહેરવું અને પહેરવાની શક્તિ, ભોગ્ય વસ્તુને ભોગવવાની શક્તિ - એ બધું જ દાનના પ્રભાવથી મળે.

જીવનજરૂરી ચીજો પરમાત્માના ચરણે દેવ-ગુરૂ તથા જરૂરીયાતવાળા પ્રાણીઓને સમર્પિત કરવી, એ જ પ્રબળ પુણ્યનું કારણ છે. હિન્દુ સંસ્કૃતિમાં રોટલાનો ચોર સૌથી મોટો ચોર ગણાય. એ માણસનો પછી ઘડો જ ના રહે. એની કિંમત ખતમ થઈ જાય.

**સભાઃ રોટલાનો ચોર એટલે?**

**ઉત્તરઃ** એટલે કોઈને ખવડાવવું જ ના ગમે, માત્ર એકલા પોતે જ ખાવું હોય, એ બધા 'રોટલાના ચોર' કહેવાય. આ હિન્દુ સંસ્કૃતિ છે, જેમાં બધાને આપીને જ લેતાં. અનાજ પાકીને જ્યારે ખેડૂતોના ખળામાં આવે, એટલે સૌ પહેલા મહાદેવના મંદિરનો ભાગ પડે, પૂજારીનો ભાગ પડે, ગામમાં બિચારી કોઈ દુઃખીયારી નિરાધાર

સ્ત્રીઓ હોય તો તેમનો ભાગ પડે, બીજા હજામ-સુથાર-ભિક્ષુકોનો ભાગ પડે અને પછી બધું જે ફ્રીમાં કરી આપતાં હોય, એનો ભાગ પડે. એ તો બધું વિનિમયના હિસાબે, પણ આ તો કોઈ વિનિમય ચે નહીં. પહેલા ભગવાનનો ભાગ, પછી ભગવાનના જે નિરાધાર જીવો છે એનો ભાગ, પંખીઓના - પશુઓના બધાયના ભાગ હોય. પછી જે વધે, તે ઘરે લઈ જાય.

એક બનેલી ઘટના કહું છુંઃ નવા જમાનાના છોકરા. મોંઘામૂલા ખાતર ને દવાઓ નાંખી નાંખીને અનાજ પકવે અને પછી ખળામાં આવે, તો ડોસા બધું લૂંટાવે. ડોસા જૂના જમાનાના અને છોકરા નવા જમાનાના. આ લક્ષણ છે કે કોઈને ખવડાવવું ન ગમે, તે બધા નવા જમાનાના ને જેમને ખવડાવીને ખાવું ગમે, એ જૂના જમાનાના. એકલા ખાવું એ ફેશન નથી પણ ફિયાસ્કો છે, એ નથી ખબર એમને. એકવાર ડોસા પડ્યા બિમાર. ખળામાં ધાન આવ્યું હતું અને ડોસા ન હતા. છોકરા કહેઃ ‘આટલું બધું ધાન લોકો લઈ જાય પણ આજ તો કોઈને આપવું નથી.’ પહેલા પાણા આવતા, એ ભરીને ભરીને પાલી, બે પાલી, ત્રણ પાલી, કોઈને ચાર પાલી આપતા. હવે એવું તો આ ઢગલામાંથી કેટલું રહે પછી? પણ જેટલું વધતું એટલું ડોસા લઈ જતા.

પહેલા કોઠી હતી ગામડામાં. ઉપરથી ભરવાનું-નીચેથી કાઢવાનું. ઉપરથી કાઢવાનું નહીં ક્યારે પણ. કોઠીની પણ આમન્યા હતી કે નીચેથી જ કાઢવાનું. કોઠીમાં નીચે કાણું હોય. કપડું કાઢે એટલે ધાન બહાર આવે. જોઈએ એટલું કાઢી પાછું કપડું નાંખીએ, એટલે કોઠીમાંથી ધાન આવતું બંધ થઈ જાય. રોજ વપરાય પણ ક્યારેય

કોઠીમાં જાર ખૂટે નહીં. ગમે તેટલા ખાવાવાળા આવે, ખાઈને જાય પણ જાર કે અનાજ ખૂટે નહીં. આ છોકરાઓએ નક્કી કર્યું કેઃ ડોસા તો હોસ્પિટલમાં છે, એટલે આ વખતે તો બધું ઘર ભેગું જ કરવું છે. કોઈ ગરીબ-ગુરબાં, મહાજન-ફહાજનને આપવું નથી. બધું ભર્યું, લેવાવાળા આવ્યા. કરગર્યા. છોકરાઓ કહેઃ 'હટો હરામખોરો! મફતનું ખાવા આવ્યા છો તે!' માંગવાવાળાને કાઢી મૂકીને અનાજ લઈ ગયા ઘરે. કોઠીમાં ભર્યું. દર સાલ અનાજ ભરે, તો કોઠી છલકાય અને ઉપરથી અનાજ નીચે પડે.

આ વખતે કોઈને આપ્યા વિના બધું જ અનાજ ઘરે લઈ ગયા, તો છલકાવાની તો વાત ઘરે ગઈ પણ કોઠી માત્ર પોણી જ ભરાણી. છોકરાઓને વિમાસણ થઈ કેઃ 'દર વર્ષે તો બાપા બધાને દઈને આવતા'તાં, તો ય કોઠી છલકાઈ જતી'તી. આ વખતે તો પોણી જ ભરાણી. શું કરશું?' ત્યાં જ ડોસા મારંમાર આવ્યા. પટેલ ભાયડો એટલે લાઠી ચોપડતો હોય ને? એમના છોકરા હોય તો શું થઈ ગયું? આવીને પહેલા જ બરાડ્યા કેઃ 'હરામખોરો! આ અનાજ કોઈને આપ્યા વિના લાવ્યા છો કે આપીને લાવ્યા?'

શું જવાબ આપે? બધા નીચે જોઈ ગયા. ડોસાએ બધું જ અનાજ કોઠીમાંથી પાછું કઢાવ્યું. પાછા ગાડા ભરાવ્યા. લઈ જાવ ચાલો હવે ખળામાં. લઈ ગયા. બોલાવ્યા બધા ગામવાળાને. કહેઃ 'આવો, આ વખતે બધા ડબ્બલ લઈ જાવ.' છોકરાઓ વિચારે કે બધું જ અનાજ નાંખ્યા પછી પણ પોણી જ કોઠી ભરાણી હતી. હવે આ આ ડોસો લૂંટાવશે, તો પછી ૧૨ મહિના ખાવા માટે રહેશે શું? ડોસાનો તાપ એટલો હતો કે ડોસા સામે તો કશું બોલાય એમ

હતું નહીં અને હકીકતે આપવાવાળાનો તાપ હોય જ. એવા ય ડોસા જોયા છે, જે એકલો ખાય, એનો તાપ ન હોય ઘરમાં ય.

ડોસાએ તો આપ્યું બધાને ડબ્બલ. કહેતા જાયઃ 'આ વખતે લઈ જાવ ડબ્બા ભરી ભરીને બધા. તમારા છોકરા બાપડા રોઈ રહ્યાં છે બેઠાં બેઠાં. ભરો ગાડા.' ભર્યા પછી વધ્યું તે અનાજ લઈને આવ્યા ઘરે. ડોસાએ કહ્યુંઃ 'ભરો હવે કોઠી.' કોઠી ભરી. આખી તો છલકાણી અને ઉપરથી કેટલું બધું અનાજ પડ્યું! બોલો બનેલી ઘટના! મને કહેઃ 'બાપજી, કો'કને આપીને એના પુણ્યથી કોઠાર ભરાય છે, ખાઈએ એના પાપથી નહીં.' હકીકત પણ એ જ છે.

એકવાર હું જતો'તો અને જોયું કે રસ્તા ઉપર કલાકંદની એક લારી ચાલે. કંદોઈ ગરમાગરમ કલાકંદ ઉતારતો જાય. જે આવે, એ ખરીદી ખાતા જાય. એમાં એક ગામના બહુ સારા આગેવાન ટ્રસ્ટી ડોસા ત્યાં બેઠા બેઠા પડીકામાં લઈને ખાય. મેં કહ્યુંઃ 'એ ય... આ તમને શોભે? કલાકંદ ઘરે લઈ જઈ ઘરે બેસીને ખાવ. આમ રસ્તા ઉપર કોઈ ભિખારી ખાતું હોય, એમ ખવાતું હશે?' તો ડોસાએ જવાબ દીધોઃ 'ઘરે લઈ જાઉં, તો આના કરતાં પાંચ ગણો કલાકંદ લઈને જવું પડે! એટલે એકલો ખાઈને જાઉં તો ખર્ચો ના કરવો પડે.' આવા પણ ડોસા હોય છે! આવા ઘરડાં થાય, ત્યારે કોઈ એની સેવા કરવા તૈયાર ન થાય. બધા એનાથી ભાગે. દીધાનું ફળ હોય, તે આનું નામ.

શાસ્ત્રોમાં તો બહુ સ્પષ્ટ આવે છે કેઃ ખાવાના પણ દેવ હોય છે. એ આપનારના ઘરમાં ડબ્બલ ભરાવી દે અને ન આપનારના

ઘરમાંથી એટલું ઉપાડી લે. ભલે સરકાર ધ્યાન ના આપે પણ પેલાં લોકો જે ધ્યાન આપે, એ ગણતરી થાય વર્લ્ડના એક્સ્ટર્નલ સરકારની. સૂક્ષ્મ જગતની સરકાર છે. જેમ કાલે સવારે કહ્યું'તું ને કે નિધાન અને બધું આઘુ-પાછું થાય, એમ આ બધું પણ આઘુ-પાછું થાય. એ તો જવા દો, એમ પણ લખ્યું છે કેઃ

વલોણું કરતા હોય ને ઘી પણ અડધું જતું રહે તમારૂં. સીધે સીધું એ પછી જલારામ બાપાના મંદિરમાં કે જગન્નાથના મંદિરમાં પહોં ચી જાય. દેવોની એ પાર્સલ સેવા આખી અલગ જ હોય છે. એ તમે વલોણું કરો ને, તો તેમાંથી જેટલું ઘી થવું જોઈએ, એટલું ન થાય. રોજ હિમાલય જતું રહે. કોઈ જ્ઞાનીને પૂછે કેઃ 'ગણતરી હતી ઘણી વધારે, પણ આટલા બધા દૂધમાંથી આટલું જ ઘી કેમ ઉતરે છે?' તો જવાબ મળેઃ 'આટલું જ દૂધ અને આટલું જ ઘી તારા નસીબમાં છે. બાકીનું જેના નસીબનું હતું, ત્યાં પહોંચી જાય છે.' તો એ ઘી ક્યાં ગયું? ત્યાં વગર પગારના લોકો કામ કરે છે ને એટલે બિલ્કુલ પ્રામાણિક લોકો જ ત્યાં હોય. આ દુનિયામાં તમારી સત્તા ચાલે છે, એમ નહીં સમજવાનું. અહીં પરમસત્તા જ ચાલે છે ને એની બધી જબરદસ્ત વ્યવસ્થા છે. કોઈ જગ્યા એવી નથી, જ્યાં એના ચોકીદારો ના હોય!

દેવતાઓ પણ હોય બધે. એ બધું જ ધ્યાન રાખતા હોય.
અમે બોલવામાં ગરબડ કરીએ ને તો અમારો અવાજ બેસાડી દે.

કહે કેઃ 'મહારાજ, હવે તમારે બોલવાનું નથી, ચૂપ રહો.'
સરખું બોલીએ, તો બેસતો અવાજ પણ ઉભો કરી દે પાછો.

પરમાત્માની શક્તિનું નિયંત્રણ જબરદસ્ત છે. બધે આપણા કાયદા ન ચાલે, એમના જ કાયદા ચાલે. એમનો પહેલો કાયદો શું છે? 'तेन त्यक्तेन भुंजीथाः।' જે વાપરવું છે, તે પહેલા પરમાત્માને, પછી ગુરૂને સમર્પિત કરો, પછી માતા-પિતાને સમર્પિત કરો, પછી જે આશ્રિત છે, એને આપો. પછી જેનો કોઈ આશ્રય નથી, એમને આપો. પછી તમે ખાવ. તો હક્કનું થશે, હજમ થશે.

લોકો પૂછે છે કેઃ ધાર્મિકતા અને માનવતાને સંબંધ ખરો કે નહીં? માનવતા વિના ધાર્મિકતા હોઈ જ ન શકે. દેખાતા માનવની માટે પણ જેની ભીતર મૈત્રી અને અનુકંપા નથી, તો ન દેખાતા પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય કે વનસ્પતિકાય જીવો માટે તો શું કહેવાનું? ત્યાં કોઈ ભોગ આપવો પડતો નથી, તો તે બની જવાનું! મુહપત્તિ જરીક પલેવીએ, એટલે માનીએ કે મહાન જીવદયાના પાલક થઈ ગયા આપણે, પણ એમ થોડું થવાય?

આ પાયાની વાતો છે. પૌષધ કરવા જતાં કોઈ દીન-દુઃખીને જૂઓ, તો પહેલા એની સારવાર કરવા જતું રહેવાનું. પૌષધ પછી. વ્યાખ્યાન સાંભળવા જતાં હો અને ઘરની અંદર કોઈ માંદાને તમે જાઓ, એટલે તકલીફ જ પડે એમ હોય, તો નહીં જવાનું. આ બધું સાંભળીને એ જ શીખવાનું છે. પોતાનું ગૌણ કરીને બીજા માટે જીવવાનું અને એ ના આવડે તો બધા વ્યાખ્યાન સાંભળ્યા નક્કામા અને પૂજા કરી, એ ય નક્કામી.

એક વાત યાદ રાખજોઃ તમારા પૂરતું જ જે મળે છે, એટલું જ તમારા માટે છે. તમે ખાઈ શકો એટલું જ. વધારે જેટલું મળે છે, એ

બીજા માટે તમને મળે છે, સંગ્રહ માટે નહીં. પુણ્ય તમને એટલા માટે આપે છે કે તમે આપી અને તેને સાર્થક કરો. 'परोपकाराय पुन्याय, पापाय परपीडनम् ।' બીજાને સહાય કરવી, એ જ પુણ્ય છે અને બીજાની પીડાની ઉપેક્ષા કરવી, એ પાપ છે. બાજુમાં પાડોશી ભૂખેથી મરે છે અને તમે સાધર્મિક વાત્સલ્ય કરવા જાવ, એ ના ચાલે. પહેલા એના ઘરમાં બે-ત્રણ મહિનાનું રાશન ભરી ઘો. પાડોશી ભલે જૈન ન હોય, માણસ તો છે ને? પછી જજો સાધર્મિક વાત્સલ્ય કરવા. એ બાજુવાળાની અનુકંપા નથી. એ જે કરે છે, એ ધંધો જ છે. તમારૂં સ્ટેટસ બનાવવા, જશ લેવા, નામ કમાવવા સર્વ ધંધા છે. એ પ્રેમનો ધંધો નથી. જીવમાત્ર પ્રત્યેનો પ્રેમ એ તો ધર્મના પાયાની શરત છે અને પ્રેમ હોય, તો નિઃસ્વાર્થ સહાય એ બીજું સ્ટેપ છે. આજે જે આખો સમાજ પાછો પડી રહ્યો છે, એમાં સૌથી મોટું કારણ દુઃખીજનોની અને માતા-પિતાની ઉપેક્ષા.

હરિભદ્રસૂરિ મહારાજે જૈનત્વ પહેલાના માર્ગાનુસારી ગુણોની જેજે ભૂમિકા બાંધી છે, એમાં પહેલો ગુણ છે ન્યાયસંપન્ન વૈભવ. એટલે કે કોઈને પીડા આપ્યા સિવાય બધાને ય મળે અને તમને પણ મળે, એ રીતનો ધંધો. બીજો ગુણ માતા-પિતાનો પૂજક.

જેમ ઘર છોડયા પછી સાધુ માતા-પિતા સાથે જોડાયેલો રહે, તો 'મૂઆ નહીં તો પાછા થયાં' જેવું થયું. એમ સાસરે ગયેલી સ્ત્રી પિયર તરફ મોઢું રાખે, એને સતી ગણી શકાય નહીં. જે સ્ત્રી એવું માને કેઃ 'વર અને વરનો પરિવાર એ જ મારો પરિવાર' એ જ સતી, બાકી અસતી. તે કદાચ ધર્મ ન કરતી હોય, તો પણ

જે પૂજ્ય અને ઉપકારી છે, એનો પૂરેપૂરો આદર-સન્માન રાખી તેમની સેવા કરવાના કારણે એનું પુણ્ય એટલું બધું વધે કે બસ! ઘરનો વારસો કોણ આપીને જવાનું? પોતાના મા-બાપ કે વરના? સ્ત્રીએ સમજવું જોઈએ કે તે વરના મા-બાપ આપી જવાના, કાંઈ પોતાના મા-બાપ નથી આપવાના. કોના ઘરનું નામ રાખવાનું? બાપના ઘરનું? ના. પતિના ઘરનું. વંશ કોણ વધારવાનું? પતિ. બહેનોએ ઘર છોડ્યું, એટલે અમારી જેમ દીક્ષા જ લીધી કહેવાય.

જેમ અમે દીક્ષા લઈને ઘર-માતા-પિતાને ભૂલી જઈ દેવ-ગુરૂને જ માતા-પિતા તરીકે સ્વીકારી લઈએ, એ જ રીતે સાસુ-સસરાને માતા-પિતા તરીકે સ્વીકારવાના. આકરા મા-બાપ હોય ને, તે આખો દિવસ મહેણાં મારતા હોય, તેથી મા-બાપથી તેઓ ત્રાસી જતા હોય. આપણું પુણ્ય ઓછું હોય, તો એવા સાસુ-સસરા પણ હોય છે. પણ જરા વ્યવસ્થિત એનો સ્વીકાર કરી લઈએ, તો તે પુણ્ય પણ પાપનો ઉદય છે. તે જલ્દી ખતમ થઈ જાય. પાપની એ ખૂબી છે કે તમે એને સ્વીકારી લો, એટલે પાપને જતું રહેવું પડે. જેટલો એનો સામનો કરો, એટલું જ રહે.

તમે જેટલું રોવો, પાપોદય એટલો વધારે રહે. સ્વીકારીને વિચારોઃ 'ભોગવી લઈશ આરામથી' તો તે પાપોદય જલ્દી ભાગી જાય. દુઃખનો સ્વભાવ પણ એવો અને રોગનો સ્વભાવ પણ એવો જ.

ગાણા ગાવ, એટલો રોગ વધારે આવે. રોગ તરફ દુર્લક્ષ્ય કરો, તો ધીરે ધીરે ઉડી જાય. શરીર ઉપર બહુ ધ્યાન નહીં આપવાનું. બીજાની સેવામાં શરીરનો ઉપયોગ થાય, એટલો કરી લેવાનો.

હવે સૌ પ્રથમ જે સૌથી નિકટના આ ભવના સગા હોય, એનો ઉપકાર માનવાનો. પછી વિચારવું કે આ મા-બાપ માત્ર આ જ ભવના છે, પણ પરમાત્મા સમગ્ર ભવચક્રના માતા-પિતા છે. અનાદિ નિગોદમાંથી તમને કાઢીને ઠેઠ નિર્વાણમાં પહોંચાડે, ત્યાં સુધી પ્રભુ તમારી ઉપર નજર રાખીને તમારી સંભાળ રાખે છે. સ્ટેપ બાય સ્ટેપ તમને આગળ લઈ જાય છે. તેઓ લોકોત્તર ઉપકારી છે, પણ દેખાતા ઉપકારી એવા આ મા-બાપને પણ જે ના માને, એ ન દેખાતા એવા પરમાત્માને શી રીતે માનશે?

હું વ્યાખ્યાન કરૂં તો મને તકલીફ, પણ હું તો વાતો કરૂં છું આરામથી બેઠો બેઠો. હું કયાં તમને ઉપદેશ આપવા આવ્યો છું કે મને ચિંતા હોય? આ તો ફ્રેન્ડશીપ છે. ગુરૂ મહારાજની સેવા કરતાં કરતાં જે મળ્યું છે એ વહેંચુ, એટલે આવતા ભવમાં મને આવું મળે. કાંઈ જમા કરાવ્યું નહીં હોય, તો શી રીતે મને મળશે?

વર્ષો પહેલા કલાપૂર્ણસૂરિજીને એક વખત વાતવાતમાં મેં કહ્યુંઃ 'મને વ્યાખ્યાનનો બહુ કંટાળો છે. આ શું પંચાત? બધા વાણિયાની સાથે શું માથાફોડી કરવી?' તેઓ મને કહેઃ 'મહારાજ, કોઈક મહાત્માઓએ તમારી સાથે માથાફોડી કરી, તો તમે અહીં આવ્યા છો ને? (સભાઃ હાસ્ય) એ બધાનું ઋણ કેવી રીતે ઉતરશે? તમે ય એ કો'કના માટે કરશો અને ઘસાશો, તો ઋણ ઉતરશે અને આ પાછું મળશે. કાંઈ લેવું હોય, તો જમા કરાવતા રહો.'

હું પણ છે ને આ બધું મને આવતા ભવમાં મળે, એટલે તમારી સામે રજુ કરૂં છું, જમા કરાવતો જાઉં છું.

જગતના બધા આત્માઓ સદ્ધર આસામી છે. તેમને ત્યાં જમા કરાવેલું પાછું આવે જ, પણ પુદ્ગલને ત્યાં જમા કરાવેલું કશું પાછું ના આવે. હું જમા જ કરાવું છું. વ્યાજ પણ નથી માંગતો અને બદલામાં યે કશું નથી માંગતો. એટલે કાંઈ તકલીફ નથી પડતી મને. પ્રભુ પણ રાજી રહે છે કેઃ સારૂં. તું બેઠો બેઠો થોડી મારી વાત કર. (સભાઃ હાસ્ય) લોકોને મારી ઓળખાણ આપ.

મારે અને તારે ઓળખાણ થઈ, એ તારા પૂરતી સીમિત રાખીને ન બેસી જતો. મારા કાયદા સમજાવ. તમારા ઘરના કાયદા અહીં નહીં ચાલે. ભગવાનનો કાયદો એ છે કેઃ 'તને જે ગમે છે, એ બીજાને આપ. તને જે ન ગમે, એ તારી પાસે રાખ.'

નમસ્કારપુન્યની વાત આગળ કરવાની છે,
પણ પહેલા થોડા પ્રશ્નો લઈ
પહેલા એની ભૂમિકા પાકી બંધાઈ જાય, એમ કરી લઈએ.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ આપ જે વાતો કરી રહ્યા છો, તે તો માનવધર્મ જ છે. તો એમાં જૈન ધર્મની વિશેષતા શું?**
**ઉત્તરઃ** મનુષ્ય અને પશુ-બંને પંચેન્દ્રિય. એમની ચેતના વ્યકત છે. 'એ આત્મા છે' એમ તમે ઓળખી શકો છો. એના સુખ-દુઃખ, એની પીડા તમે જોઈ શકો છો. હવે એના પ્રત્યે ય જો તમારામાં સંવેદનો ન હોય, તો પૃથ્વીકાય - અપ્કાય - તેઉકાય - વાઉકાય અને વનસ્પતિકાયના અનંત જીવો સુધી તમારી સંવેદના કઈ રીતે પહોંચે? માનવો પ્રત્યેની અનુકંપા જ જીવોની અનુકંપામાં બદલાતી હોય છે, એ જરુર યાદ રાખજો.

'દીક્ષા' એટલે શું? જરા સંસાર મોટો કરી નાખવો તે? ઉત્તરઃ નાના હોય તો સંસાર કહેવાય, મોટો હોય તો સંસાર ના રહે. ચાર ભીંત વચ્ચે રહો, તો ઘરમાં રહો છો, એમ કહેવાય અને ચાર દિશાની વચ્ચે રહો તો? તો વિશ્વમાં રહો છો, તેમ કહેવાય.

સાધુ બીજું કાંઈ કરતો જ નથી. તે માત્ર નાના પરિવારને છોડી ષડ્જીવનિકાયને પરિવાર માને છે, મોટો પરિવાર કરી નાખ્યો છે. એક માત-પિતાને છોડી જે અનંત માત-પિતા આજ સુધીમાં થયા છે, એવા કોઈને પણ પીડા ન પહોંચાડવી-શાતા પહોંચાડવી, એ વ્રત લે છે. એમની જે વૃત્તિઓ છે, તેનું વિશાળીકરણ થાય છે.

ઘર નાનકડું છે. એક ઘર છોડી સેંકડો પૌષધશાળાના હક્કદાર બન્યાં, તો શું થયું? એક ઘર છોડયું, તો બીજા ૧૦૦ ઘર મેળવ્યા ને? અને તે છતાં ય ઘરની બધી ચિંતા અને મજૂરી છૂટી ગઈ. માલિક હોય, તેને ચિંતા રહે. માલિકી જ મટી ગઈ એટલ બધું છૂટી ગયું અને બધું આરામથી ભોગવે. ભાડાની જોગવાઈ પણ કેમ કરશું, એવી યે કોઈ ચિંતા નથી. આટલા મોટા ઉપાશ્રયો વાપરતા હોઈએ તો ય! પાંચ-પચ્ચીસ સગા હતા, તેની જગ્યાએ આખ્ખો ય સંઘ સગાવ્હાલા થઈ જાય. પ્રેમનું ફલક વિસ્તર્યું, તેને કહેવાય સાધુપણું. વૃત્તિઓનું જ વિશાળીકરણ કરવાનું છે, બીજું કાંઈ છે જ નહીં!

મનુષ્યની પણ સંવેદના સમજી ન શકો, તો પરમાત્મા અને અનંતા મહાપુરુષોની જે શકિત દેખાય, એને સંવેદી શકવાના જ નથી તમે. એટલે તમારું માણસ હોવું, એ પાયાની વાત છે.

માણસાઈને સાચવીને આપણે ધાર્મિક થવાનું છે, તેને છોડીને નહીં. સરકારમાં ગમે તેવી મોટી નોકરી મળે, ધારાસભામાં પહોંચી જાવ, પ્રધાન પણ બની જાવ, બધું જ બની જાવ, પરંતુ ભારતીયતાને મૂકીને કે રાખીને? (સભાઃ રાખીને) ભારત પ્રત્યેની વફાદારી મૂકીને આમ બધે પહોંચ્યા હો, તો શું થાય? ત્યાંથી પટકે ને પાછા? જે આસન્ન ઉપકારીની સહાયથી તમે આગળ વધ્યા, એના પ્રતિ યે તમારા મનમાં જો કૃતજ્ઞતા ન હોય, તો પેલા પ્રત્યે કૃતજ્ઞતા તમને ક્યાંથી આવશે? એટલે આ જરૂરી છે.

ધર્મ કોઈ માનવધર્મ હોતો નથી, ધર્મ એ ધર્મ જ હોય છે. ‘ધર્મ’ યાને જે પોતાના છે, તેને પોતાના માનવા અને જે પરાયું છે, તેને પરાયું માનવું. આત્માના સંબંધો આપણાં, પુદ્ગલના પરાયા છે. એમાં પછી એકેન્દ્રિય હોય, કે પંચેન્દ્રિય હોય, પણ પહેલો પાયો તૂટી જાય, એટલે કે દેખાતી ચેતનાની યે જો અવગણના કરે અને ન દેખાતી ચેતનાઓને માત્ર માનવા ખાતર માનશે, તો કઈ રીતે સંવેદી શકશે? એટલે ટૂંકમાં માણસ મટીને ધાર્મિક નથી બનવાનું, માણસપણું સાચવીને પછી ધાર્મિક બનવાનું છે. (સભાઃ વાહ!)

મેં ક્યાં કહ્યું કે દીક્ષા ન લેતા? મેં ક્યાં કહ્યું કે પૂજા ન કરતા? માત્ર સંવેદના તમારી તીવ્ર રાખજો. તમે વધુમાં વધુ જીવો અને સહાયક બનો. એકલા ન ભોગવતાં, સૌને વહેંચીને સુખ ભોગવજો. બીજા જીવોને અભેરાઈ ઉપર ન મૂકતાં, સાથે રાખજો.

પરમાત્મા ઔચિત્યના યે સ્વામી છે. ક્યારેય ઔચિત્ય ચૂક્યાં નથી. આ બધું ઔચિત્ય જ છે. તેઓ કૃતજ્ઞતાના સ્વામી છે.

બધા જ જીવોએ આપણી પર ઉપકાર કર્યો છે કોઈ ને કોઈ રીતે! એટલે જ્યારે કોઈ જીવને જરૂર હોય, ત્યારે સહાય કરવી. તો જ બીજા જીવોના ઉપકારનો બદલો વળે. ભગવાન બીજા માટે જ જીવે છે. એવા પ્રભુ સાથે તમારો પણ મેળ ક્યારે પડશે? જ્યારે પરાર્થવ્યસની થશો ત્યારે!

લેણ-દેણનો સંબંધ તો પંચેન્દ્રિયો સાથે જ થઈ શકે. તમે પાણીને શું આપી શકવાના? ધરતીને શું આપવાના? અગ્નિ અને વાયુ ને શું આપી શકવાના? નિગોદને શું પહોંચાડશો? શુભ ભાવ પહોંચાડો. જો પ્રથમ પાયા ઉપરનો શુભ ભાવ નહીં પહોંચાડ્યો હોય, તો પછી આ બધા ઉપર શુભ ભાવ નહીં જ આવે!

માનવધર્મને એકબાજુ મૂકી ધાર્મિક થવું અસંભવ છે. માનવધર્મ એ ધોતિયું છે અને ઉપરનો ધર્મ એ શણગાર છે. ધોતિયું મૂકીને તમે શણગાર કરવા જાવ, તો કેવા લાગશો? તમે બહુ પૈસાદાર થયા, તો હેંડો હવે ધોતિયું મૂકી દો, ખાલી સોનું પહેરીને નીકળો બહાર, એના જેવી આ વાતો છે! ‘માણસ’ તો સાધુએ ય પહેલા થવું પડશે! નહીં તો સંઘ, સંઘના સદસ્યો, સમુદાય, સમુદાયના સાધુ-સાધ્વીજીઓ માટેની સંવેદના પણ એમના ચિત્તમાં નહીં રહે.

મોક્ષનું કારણ તો ચેતના સાથે આત્મીયતાથી જોડાવું તે છે. એ જોડાણ થાય, એટલે પુદ્ગલ સાથેનો સંબંધ આપોઆપ તૂટી જાય! જેમ ગરીબમાં ગરીબ છોકરાના પ્રેમમાં પાગલ થયેલી છોકરી એના અબજોપતિ બાપનું ઘર છોડી દે, તે શું ત્યાગ ભાવનાથી છોડે છે? (સભાઃ ના) એમ જીવો પ્રત્યેના પ્રેમના કારણે પ્રેમ ઉત્કૃષ્ટ બને કે

સંસારના સાવદ્ય સમારંભ ઓછાં થઈ જાય. આપણે માત્ર દુર્ગતિના ભયની જ વાતો કરીએ છીએ. 'બીજા જીવને દુઃખ આપશું, તો આપણને દુઃખ મળશે.' આવી નેગેટીવ વાતો નથી કરવાની. તેની બદલે 'સુખ આપીશું, તો સુખ મળશે' બસ! એવું વિચારવાનું.

સુખ તો શું આપી શકવાના? દુર્ભાવથી જ દુઃખ આપો છો. મનના તરંગો દુષ્ટ હોય, તો પૃથ્વી, પાણી વગેરે ઉપરે અસર કરે.

નાના હતા, ત્યારે ચોપડીમાં ભણતા કલાપીની એક કવિતા. રાજા ભૂલો પડયો છે અને ભયંકર તરસ સાથે એક ખેતરે પહોંચ્યો છે. ખેડૂતને કહ્યુંઃ 'ભાઈ, પાણી પા.' ખેડૂતે જોયું કે કોઈ બહુ મોટો માણસ લાગે છે, તો પાણી શું પાઉં? શેરડીનો રસ જ પાઉં. રસથી ભરેલા સાંઠા હતા, તેમાંથી એક સાંઠો કાપીને રસ કાઢયો, તો બે ગ્લાસ ભરાઈ ગયા. રાજાને આપ્યો. રાજાએ રસ પીધો. તેને થયું કે એક જ સાંઠામાંથી જો બબ્બે ગ્લાસ રસ નીકળે, તો કેટલો બધો ગોળ થતો હશે! અને હું ટેકસ તો ઓછો લઉં છું. મારે તે થોડોક વધારવો જોઈએ. વિચારોમાં માત્ર આટલો જ ભાવ કર્યો એણે. ખેડૂતને કહ્યુંઃ 'હજુ તરસ છે ભાઈ, હજુ રસ આપો.'

ખેડૂત બીજો સાંઠો લઈને આવે છે. રસ કાઢવા સાંઠો નીચોવે છે. આખ્ખા સાંઠામાંથી માંડ અડધો જ ગ્લાસ ભરાયો. બીજો સાંઠો લઈ તેમાંથી યે રસ કાઢી ભેગો કર્યો, તો યે ગ્લાસ ભરાયો નહીં. રાજા કહેઃ 'આ શું? પહેલા એક જ સાંઠામાંથી બે ગ્લાસ અને સ્હેજ વાર પછી બે સાંઠામાંથી યે એક ગ્લાસ રસ ન નીકળ્યો?' ખેડૂતે જવાબ આપ્યોઃ 'રસહીન થઈ ધરા, દયાહીન થયો નૃપ.'

તમારો આપવાનો ભાવ સમગ્ર પ્રકૃતિને આપતી કરી દે અનેતમારો લેવા-ભોગવવાનો ભાવ તેને કંજૂસ કરી નાખે, કૃપણ કરી નાખે. તમારા સ્વાર્થની બહુ ભયંકર અસર થતી હોય છે. સ્વાર્થથી તમે કેટલો ભયંકર અનર્થ કરી નાખો છો, એ અનર્થથી બચો. એટલે જ દેરાસરમાં નિર્દોષ બાળકને જોઈને ભગવાન જેટલા ખુશ થાય ને, એટલા તમને જોઈને ન થાય, ભલે ને તમે સોનાનો મુગટ ચડાવો તો યે! કારણકે પેલો બાળક તો પ્રભુને માત્ર પ્રેમ જ કરતો હોય!

યશોવિજયજી મહારાજ થોડા વર્ષો પહેલા પાલનપુરમાં હતા. ત્યાં ઓચ્છવ ચાલે, તેમાં આંગી તૈયાર થતી હતી. આપણે ત્યાં ખોભળા જ પહેરાવવાનો રિવાજ છે ને? કોઈએ બહુ સરસ આંગી તૈયાર કરી પ્રભુને પહેરાવવાની તૈયારી કરી. ત્યારે એક બાળાએ ઉપાશ્રયે જઈ પૂછ્યુંઃ 'મહારાજ સાહેબ, હું આમ ઝભલું પહેરીને આવી છું, તો યે મને પસીનો પસીનો થાય છે, તો મને લાગે છે કે આવું ખોખું પહેરશે, તો ભગવાનને કેટલી બધી ગરમી લાગશે?'

યશોવિજયજી કહેઃ 'તું મારી ગુરુ! આવી રીતે તો ભગવાનને મેં ય નથી જોયા, જે રીતે તેં જોયા!' આપણામાં ક્યાં સંવેદના જ છે કે પ્રભુનો સ્પર્શ કરતાં જ રોમેરોમ ખડાં થઈ જાય! જીવતાઓની સંવેદના કરશો, તો ભગવાન તરફની સંવેદના આવશે, નહીંતર નહીં આવે. મનના માનેલાને સ્પર્શો, તેથી ય અનેકગણી વધારે સંવેદના થશે. જીવતામાં રહેલા પ્રાણને સંવેદી શકતા નથી તમે, તો મૂર્તિમાં રહેલા પ્રાણને કેમ સંવેદી શકશો?

જે વ્યક્તિને સંવેદી શકે, એને મંદિરમાં પણ આવવાની જરૂર નથી!

એવી વ્યક્તિ ગુરુ મહારાજ પાસે આવે, એટલે તેઓ શિષ્યને કૂટી કૂટીને એની સંવેદના બહાર કઢાવે, પછી ભલે જાય એ મંદિરમાં! ગુરુનું કામ પંપાળવાનું નથી, ટપારવાનું છે. એટલે માનવધર્મના પાયામાં જ પ્રાણીમાત્ર પ્રત્યેની સંવેદના છે. તમે બધાય છે ને કરૂણા દેખાડવામાં નંબર વન કંજૂસ છો.

હમણાં હું પૂછતો હોઉં છું ધાર્મિક લોકોનેઃ 'નવકાર મળ્યો, તો ખુશ છો?' તો કહે છેઃ 'હા. આખી દુનિયામાં શ્રેષ્ઠ મંત્ર મળ્યો. એના પ્રભાવે બધાં કામ થાય, કલ્યાણ થાય!' હું કહુંઃ 'સારું. તો નવકાર નથી આવડતો એવા કેટલાં લોકોને તમે શીખવાડયો? તમારી કામવાળી-મુનિમ-નોકરને શીખવાડયો? અરે તમને જ શ્રદ્ધા નથી!' મસ્જિદમાં બેઠા છીએ, એટલે બાંગ પોકારવી પડે, એવી હાલત છે તમારી! બાકી કાંઈ લેવા-દેવા નથી! ધર્મ જો 'ધર્મ' લાગે, તો વહેંચતો ફરે માણસ! કોઈ પંખીને ય મરતું જૂએ, તો બેસી જાય અને નવકાર સંભળાવે અને પૂજાને ય બાજુ ઉપર મૂકી દે.

બધા ધર્મનો સાર એ જ છે કે સંવેદના તીવ્ર થાય, જીવમાત્ર પ્રત્યે સ્નેહ ઉભરાય અને એમાંથી જ સાચી અહિંસા સાકાર થાય. ઉપેક્ષા કરવાની પણ હિંસા ચાલતી હોય છે. 'હું કોઈને મારું નહીં અને મરતો હોય કોઈ, તો એ એનું કર્મ. મારે શી લેવાદેવા?' આ 'ઉપેક્ષા' નામની હિંસા છે, કશું ઘસાવું ન હોય, તેની માટે.

સાચો ધર્મ તો છેઃ 'હું મારું નહીં અને મરતાં જીવને બચાવું.' વચમાં એક સૂત્ર ચાલતું હતુંઃ 'જીવો અને જીવવા દો.' મેં કહ્યુંઃ 'એમ નહીં. જીવો અને જીવાડો, કેમકે તારી જ જવાબદારી છે.'

જેટલા તમે ઉપરના સ્ટેજમાં, એટલી જવાબદારી વધતી જાય. એટલે આ સીધી અને સાદી વાત એ પાયા ઉપર જ છે કે જે સજીવ છે, જેની ચેતનાને આપણે જોઈ શકીએ છીએ, જેના માટે પ્રુફની આપણને જરૂર નથી, એના સુખ-દુઃખ તરફ સંવેદના અને શક્તિ બની સહાય કરવાની. આ કામ જે કરે, તે જ ભગવાનના ષડ્જીવનિકાય સાથે એકાત્મતા રૂપ ધર્મને પ્રાપ્ત કરી શકે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ મુંબઈ જેવા મહાનગરમાં ઊંચે માળે રહેતા હોય, એમાં ગાય-કૂતરાની પહેલી રોટલી કાઢી તેમને જમાડવી, એ શક્ય ન બને, તો શું કરવું? ક્યારેક તેઓ ન મળે, ત્યારે અંતે એ ડસ્ટબીનમાં પડે, ત્યારે આનો ઉપાય શું?**
ઉત્તરઃ ઊંચે માળે રહેતા હોય, એને ગાય અને કૂતરા ન મળે, પણ ગરીબો તો મળે ને?

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ એપાર્ટમેન્ટની અંદર તેઓને આવવાની મનાઈ લખી હોય, અંદર આવવા ન મળતું હોય તો?**
**ઉત્તરઃ** તો પાંચ-દસ ઘરનું ભેગું કરી, બહાર જઈ ભૂખ્યા જીવ શોધી તેઓને ખવડાવી આવવું. થોડું એ પણ ધર્મનું કામ કરવું. તમે શાક લેવા જતાં જતાં આજુબાજુના બીજા ચાર જણાનું શાક લેતાં આવો ને એમ! જેને કરવું જ છે, એને બધા ઉપાય છે. બાકી નથી કરવું, તેના નખરાં છે. (સભાઃ હાસ્ય)

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** અહીં બેઠેલામાંથી એક એવી વ્યક્તિ છે કે સવારે દૂધવાળો દૂધ આપવા આવે, એટલે એને એક કેળુ આપે. દર્શન કરવા ઉતરે, ચોકીદારને કેળુ આપતાં જાય.

એટલે જેને કરવું જ છે, તેને સાહેબે કહ્યું તેમ શક્ય જ છે.

**ઉત્તરઃ** અરે.. તમારા ઘરે દૂધ આપવા આવે ને, એને રોટલી નહીં તો બીજું કાંઈક તૈયાર જ રાખીને પકડાવી દો. કરવું જ છે, એને શું છે? સાંજે દૂધ આવે તો સાંજે આપો. વળી એને ય કહેવાયઃ 'ભાઈ, ગાય હોય, તો આ રોટલી એને ખવડાવી દેજે.' મૂળમાં કૃપણતા જ બધા પ્રશ્નો ઉભા કરે છે. કોઈ પણ રીતે ન આપવું, એ સંસારીજીવનો મુદ્રાલેખ છે. એ માટે હજારો બહાના કાઢે.

અમારા ગુરુ મહારાજ કહેતાઃ
'અનાદિનો સહજમળ તે જ કૃપણતા.'

આપવાના અવસરે ગમે તેવા બહાના કાઢીને છટકી જવું કેઃ 'એ તો મિથ્યાત્વી છે ને અવિરતિ છે અને એ આમ છે અને તેમ છે! એને આપીએ તો કુમતનું પોષણ થાય ને ફલાણું ને ઢીંકણું થાય.' તમારી પાસે કંઈક બહાના છે! તમે ધર્મનો યથેષ્ટ મનની માન્યતા પ્રમાણે જબરો ઉપયોગ કરનારા છો. જેમ કાયદાના છીંડા ગોતીને મોટાં માણસો છટકી જાય ઈન્કમટેક્સમાંથી, એમ નાના માણસો પૂરો ટેક્સ ભરે ને મોટા તમારો ટેક્સ ખાઈ જાય, એવું જ છે એ.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ એક પ્રશ્ન છે કે અન્નદાન તો કરવાનું, પણ અન્નદાન જૈન નિયમનું જ હોવું જોઈએ ને?**
**ઉત્તરઃ** ગાયને ઘાસ જ ખવડાવવું પડે ને? એમાં ક્યાં જૈન અન્નદાન ચાલે? (સભાઃ હાસ્ય) તમને કોણ ના પાડે છે? કલાકંદ જ ખવડાવો ને, મારી ક્યાં ના છે?

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ પ્રશ્ન એમ છે કે અન્નદાન કરીએ, તેમાં બટાકાનું શાક-રોટલા અપાય કે નહીં? જે અન્નક્ષેત્ર એ વસ્તુ આપતા હોય, ત્યાં પૈસા આપવા કે નહીં?**

**ઉત્તરઃ** તમે ત્યાં દાન નહીં આપો, તો તે અન્નક્ષેત્ર બંધ થવાનું? ના. બસ તો! તમારી કૃપણતાને કંઈ બહુ મહોરાં ન પહેરાવવા. તમે એ બનાવીને ન આપતા. ઘરેથી ઘી ચોપડેલો રોટલો બનાવીને સાથે મરચું મૂકીને આપજો, તો યે ખાવાવાળો ખાઈ જશે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ ગરીબો ભૂખ્યા હોય, તો એને રાતના જમવાનું અપાય કે ન અપાય?**

**ઉત્તરઃ** રાત્રિભોજન તો ઘરે આવેલા જમાઈને પણ ન કરાવાય અને મહારાજ સાહેબ સાથે વિહાર કરીને આવેલો માણસ ભૂખ્યો સૂઈ જાય, તો સવારે વિહાર ન કરી શકે, એટલે રાતના ૧૨ વાગ્યે પણ એને ખવડાવાય. (સભાઃવાહ વાહ) તો જ તમે માણસ છો અને નહીંતર મશીન! મશીનમાં જે પ્રોગ્રામ નાખેલ હોય, એ જ આવે.

આપણે કાંઈ કમ્પ્યુટર નથી કે ફીડ કરાયેલા જ પ્રોગ્રામ ચલાવીએ. નવા પ્રોગ્રામે ય નાખી જ દેવાના. બીજી વાત. રોટલા જ કરીને ખવડાવવા, એવું કોણે કહ્યું? ઢેબરા રાખવા, છુંદો રાખવો. એ પછી પકડાવી દેવાનું કે ખા! નવી રસોઈ બનાવવાનું કોણ કહે છે? ખબર હોય કે સાહેબ સાથે માણસ મોડેથી આવે છે, તો જમાડવા પડે એ હકીકત છે. ઉનાળાના દિવસોમાં કોઈ મહારાજ સાહેબ સૂર્યાસ્ત પહેલા ન પહોંચી શકે અને શિયાળામાં યે ન જ પહોંચી શકે અને માણસ વિના હવે વિહાર થતો નથી! એટલે તમારે છે ને... મહારાજ કરતાં યે વધારે તેના માણસને સાચવવા જોઈએ.

(સભાઃ વાહ) આ પણ માણસાઈની જ એક વાત છે.

સન્ ૧૯૪૦ના સંમેલન પછી હું બે માણસો સાથે પાટણ પૂજ્ય મહારાજ સાહેબને મળવા માટે નીકળ્યો. એમાં સાબરમતીથી સીધો ગાંધીનગર ગયો અને ગાંધીનગરથી સાંજે ધુવાસણ ગામ પહોંચ્યો. પહોંચતાં પહોંચતાં જ પાણી ચૂકવ્યું અને સૂર્યાસ્ત થઈ ગયો! અજાણ્યું ગામ અને ભગવાનને ભરોસે જ નીકળેલાં કે જ્યાં જગા મળશે, ત્યાં સૂઈ જશું અને હિન્દુઓનું ગામ છે એટલે માણસો યે ભૂખ્યાં નહીં સૂવે. એમને ખાવાનું કોઈ ને કોઈ આપી જ દેશે. એટલે ચિંતા ન હતી. એમ જ ફટાફટ ગામમાં અંદર જતાં હતા અને પાછળથી અવાજ આવ્યોઃ 'એ પ્રભુ! એ પ્રભુ! ઉભા રહો.'

અજૈનોમાં આ રિવાજ છે કે સાધુ ભગવંતોને પ્રભુનો જ દેહ માને, એટલે અમને 'પ્રભુ' કહીને જ બોલાવે. અમારી તરફ 'મહારાજ' ન કહે, પ્રભુ જ કહે, કેમકે સાધુઓ હાલતાં-ચાલતાં પ્રભુ જ ને? અમે ઉભા. પેલો દોડતો આવીને કહેઃ 'બાપજી! ઘરે પધારો.'

મેં કહ્યુંઃ 'અમારે મોડું થાય છે. અમારે ઠેકાણે પડવાનું છે ને આ માણસોને ય ઠેકાણે પાડવાના છે, એટલે અમને હમણાં જવા દે. એમ કાંઈ તારે ઘરે પગલાં કરવા હમણાં ન અવાય.' 'અરે બાપજી! મારે ઘરે જ ઉતરજો ને! સૂવા માટે સરસ રૂમ આપીશ.' 'હા, તો વાંધો નથી. ચાલ. પણ મારા આ બે ડોળીવાળા છે, એને કોણ ખવડાવશે?' 'બાપજી! અમારા સગા ઘરે આવે ને, ત્યારે ગાડુ લઈને આવે, તો અમારા સગા કાંઈ એમ ન કહે કેઃ 'મને ખવડાવજો અને સાથે મારા આ બળદોને પણ ચારો નીરજો.

(સભાઃ હાસ્ય) એ તો સમજવાનું જ હોય કે ગાડું આવ્યું હોય, તો બળદને તો ખવડાવવાનું જ હોય ને?' મેં કહ્યુંઃ 'તો વાંધો નહીં. તું સાચો 'માણસ' છે.' પછી અમે એને ત્યાં ઉતર્યા.

મને કહેઃ 'બોલો પ્રભુ! તમે શું લેશો?' મેં કહ્યુંઃ 'ભાઈ, અમારે તો સૂર્યાસ્ત થઈ ગયો એટલે કાંઈ લેવાય નહીં. ખબર હોત કે તું આટલો ભાવુક છો, તો અડધા કલાક વહેલા આવીને કાંઈક લાભ આપત.' તો કહેઃ 'હારું તારે, આ લોકોને જમાડી આપીશ.'

આદિકાળથી એવું નથી બન્યું કે ખેડૂતો રાતના જમતા ન હોય! એ લોકોને રાત પડી જ જાય! થોડીવાર પછી એમને લઈ ગયા. બે ડોલીવાળા વર્ષોથી મારી જોડે રહે. જમીને આવ્યા. પેટ ઉપર હાથ ફેરવતાં-ફેરવતાં! મેં પૂછ્યુંઃ 'કાં? કેમ રહ્યું જમવાનું?' તો કહેઃ 'સાહેબ, જીંદગીમાં ન જમ્યા હોઈએ, એવું જમ્યા છીએ આજે.'

(સભાઃ હાસ્ય) 'એટલે?' તો કહેઃ 'એ પટેલે તો જાડો ખોબાવાળો રોટલો લઈ તેમાં ખોબો ભરીને ગોળ નાખ્યો અને પછી આખ્ખી વાટકી ભરીને ઘી ઠલવી દીધું! ઓછામાં ઓછું ૨૦૦ ગ્રામ ઘી હશે! અમારા બેયના રોટલા અલગ! એટલું ખાતાં ખાતાં તો ધરાઈ ગયા! પણ જિંદગીમાં આટલું કોઈ દા'ડો ક્યાંય વાણિયાએ ય જમાડ્યું નથી અને રસોડામાં યે ક્યાંય આવું જમ્યા નથી! આજનું જમ્યું એ 'જમ્યું' કહેવાય!' ત્યાં પટેલ આવ્યા. મેં કહ્યુંઃ 'પટેલ! આટલું બધું ખવડાવવાની શું જરૂર? રોટલા-શાક જમાડી દેવાય ને!' જવાબમાં કહેઃ 'મહારાજ સાહેબ! ઈ તમારા 'ઉપડાયતા' કહેવાય. ઈ તમને ઉપાડે, તો તમે અમારા ઘરે આવ્યા ને?

અમારા બળદીયાંવને ય અમારે જો ઝાઝું ચલાવવાના હોય ને, તો એનું મોઢું ખોલીને એને ચે ઘીની નાળ પાઈ દેતાં હોઈએ છીએ. ડબ્બાના ડબ્બા પીવડાવતાં હોઈએ છીએ. તો આપના બળદિયાં વને તો પીવડાવવું જ જોઈએ ને?' બોલો, જે અક્કલ એનામાં હતી, એ તમારામાં છે? (સભાઃ ના) એટલે જ હું એને નયસારનો આત્મા કહું છું, તમને નહીં! આવા અવસર બને, ત્યારે જ ખબર પડે કે માણસાઈ, ઈમાનદારી અને વિવેક શું છે? સગા જમાઈને રાતના ઘરમાં પાણી પણ ન આપે, પરંતુ ત્રણ દિવસનો ભૂખ્યો માણસ આવી જાય, તો એને પેટ ભરીને જમાડો, એમાં તમને જરીકે પાપ ન લાગે! પુન્ય બંધાય. ધર્મને છે ને જીવતો રાખો! જીવની કિંમત સૌથી વધારે છે. તમારા બાહ્યાચાર અને ક્રિયાની કિંમત જીવથી વધારે નથી. સાધુ માંદા પડયા હોય અને દવા સાથે આપવાની જરૂર પડે, તો શ્રાવકને કહેઃ 'જરા દૂધ ગરમ કરીને રાખજો.' 'પણ સાહેબ, તમારે એવું કહેવાય જ નહીં.' ભાઈ, તું મને ન સમજાવ. પણ આપણે ડોઢ ડાહ્યા જ છીએ. બીજાએ શું ન કરાય, એની જ ખબર રાખવાની. આપણે શું કરાય-શું ન કરાય, એની ખબર જ નહીં રાખવાની!

'કુગુરુ' કોણ કહેવાય? એના વ્યાખ્યાન રોજ સાંભળશો, 'કુશ્રાવક' કોને કહેવાય, એ વ્યાખ્યાન આજ સુધી કોઈ દહાડો સાંભળ્યું? (સભાઃ હાસ્ય) 'કુગુરુ' હોય તો 'કુશ્રાવક' ન હોય? કોઈ આચાર્ય પાસે વિનંતી કરી ખરી કેઃ સાહેબ, કુશ્રાવક કોને કહેવાય, એનું વ્યાખ્યાન આપો? હવે કોઈ આચાર્ય આવે ને, તો એને કહેજો કેઃ 'સાહેબ, સાધુ તો 'સુસાધુ'ને ઓળખે, પણ અમે સંસારી જીવ! તો કેવા શ્રાવક એ 'સુશ્રાવક' કહેવાય, એ થોડું સમજાવી દો.'

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** એક પ્રશ્ન છે કે અમે વધુ દાન કરીએ, તો ડોઢ ડાહ્યામાં ખપીએ છીએ. તો શું કરવું?
**ઉત્તરઃ** સાચી વાત છે, પણ સામો માણસ જાણે તો ને? મોટાં ભાગના લોકો છે ને પોતાના જ નોકરોને ૧૦૦ રૂપિયા આપે ને, તો પણ પાંચ જણાંના દેખતાં આપે! ભંડારમાં પૂરે તો યે ઈચ્છે કે સામો જાણે! અમે ય શું કરીએ? એમ વિચારીને નભાવીએ કેઃ

'સાધુએ તો દયા રાખવી જ પડે સૌ ઉપર! તે છો દેખાડે, આપે તો છે! સાવ ના આપે, એના કરતાં તો સારો ને? ગાઈ-વગાડીને આપે, પણ સાવ ન આપતા હોય, એના કરતા તો સારું ને?' બાકી ચૂપચાપ જ આપી દેવાનું હોય! જાહેરાત કરેઃ'અમે સાધારણ સાધર્મિકોને કીટ આપશું. ઉપાશ્રયમાં આવો, સાહેબને વંદન કરો, પછી મહારાજ પાસે કાંઈક નિયમ લઈ તમારી કીટ લઈ જાવ.' આવી શરત મૂકો, તે 'દાન' કે 'સાધર્મિક ભકિત' ના જ કહેવાય!

કોઈ શ્રાવકનો દિકરો જુગારી કે શરાબી હોય, તો યે એને દિકરાની જેમ સંભાળીને સાચા રસ્તે આગળ લાવે, એને કહેવાય શ્રાવક! 'આ તો સાહેબ આવો છે અને આમાં તો ગરબડ છે!' અલ્યા ઈ એવો છે, તો તું નિંદાખોર વળી કયો સારો છે? નોકરને ૧૦૦ રૂા. આપે, એ ય લોકોને દેખાડે પણ પ્રભુ તને લાખ રૂપિયા આપે, તો યે તું તો ભગવાન સામે જોતો યે નથી! જેનામાં ખોટ છે, એની સામે એ ય નથી જોતાં, તો તું આટલું શું કામ જૂએ છે?

ભગવાનને તો તમે થોડુંકે ય આપો, તો ઘણું આપી દે છે. વળી કહેતા ય નથી કેઃ 'તેં થોડું આપ્યું, એટલે આ આપું છું.

એટલે હવેથી આપતો રહેજે.' એ તો પછી આપણામાં અક્કલ હોય, તો આપણે સમજીએ! એટલે કોઈ 'દોઢ ડાહ્યો' એવું તમને કહે નહીં, ચૂપચાપ દાન આપો તો. હા, ઢોલ વગાડીને કહો, તો કદાચ કહે!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ હું દાન કરીશ, તો મને સંપત્તિ મળશે, એવા ભાવથી કોઈ દાન કરે તો?**

**ઉત્તરઃ** તે દાન છે, ધર્મ નથી. સોદો છે શેરબજારનો. (સભાઃ હાસ્ય) હમણાં આ શેર લઉં છું લાખમાં, એ આશાએ કે કાલે એ સીધા કરોડ રૂપિયા થઈ જાય! થોડું આઘું-પાછું થઈ જાય તો! એટલે એને ક્યાં ધર્મ કહ્યો જ છે? તમને વગર શરતે પ્રકાશ, ઓક્સિજન ને એવું કેટલું યે આપે, પણ કોઈ જ શરત કરતી નથી પ્રકૃતિ! અને આપણે તો ભગવાન સાથે ય શરત કરવા નીકળ્યાં છીએ! બહુ નવી-નવાઈના દાનવીરો છો બધાં!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ ઘણા ખીચડી ઘરોમાં પ્લેટ આપતા કહે કેઃ બોલો 'જય મહાવીર', તો એ બરાબર છે?**

**ઉત્તરઃ** જે બોલાવવું હોય, એ બોલાવો ને! પણ કદાચ કોઈ ન બોલે, તો એને ખીચડી આપ્યા વિના કાઢી ન મૂકતા. બધા બોલે જ એવો આગ્રહ પણ ન રાખવો. દેરાસર જાવ, ત્યારે બહાર જે ભિખારી બેઠા હોય, એ મોટા ભાગે રાહ જોતા હોય કે તમે ક્યારે બહાર આવો અને એમને કંઈક આપો.

**હવે આમાં પ્રશ્ન એ છે કે એમને આપીને દેરાસર જવું કે દેરાસર જઈ છેલ્લે એમને આપવું? બોલો શું કરવું?**

**સભાઃ યાચકને આપી પછી દેરાસરમાં અંદર જવું.**
**ઉત્તરઃ** હં... તો તમે માણસ! જો એમ કરતા હો, તો પેલો ભિખારી તમે દહેરાસરજી ક્યારે આવો, એની રાહ જૂએ કે શેઠ ક્યારે આવે ને મને કંઈક મળે. પણ તમે અંદર જઈને પછી બહાર નીકળતાં આપતાં હો, તો એમ રાહ જૂએ કે શેઠ ક્યારે જલ્દી મંદિરમાંથી બહાર નીકળે અને મને કંઈક મળે! એટલે તમે ભગવાન પાસેથી જલ્દી બહાર નીકળો, એની રાહ જૂએ! એ બહુ ખોટું!

મનુષ્યના મનના વિચારો ને તરંગોની અસર પણ બહુ મોટી હોય. યાચકને આપ્યા વિના અંદર જાઓ ને, તો એનું મન બહુ ચંચળ થઈ જાય. એના મનમાં ગોળીબાર ચાલતો જ હોય કેઃ 'જલ્દી બહાર આવ, જલ્દી બહાર આવ!' એ ગોળીબાર તમને લાગે જ. એટલે જલ્દી બહાર નીકળી જ જવાના! આ એક વાત.

હવે બીજી વાત... કે ભગવાનની સામે આમ જરા છાતી કાઢીને ય જઈ શકો કેઃ 'શું બાપુ? તું ઘણું આપે છે પણ હું યે થોડુંક આપીને આવ્યો છું, તો જરા દોસ્તી રાખજે હોં મારી સાથે!' (સભાઃ હાસ્ય) ભાઈ, તું ભિખારી નથી, આપનાર છે. કિંમત તો છેલ્લે ઘસાયાની જ છે, નહીંતર તમે જેને પાણીનો ગ્લાસે ય ન પાતાં હો, એ તમારી સાથે શેની દોસ્તી રાખશે? દોસ્તી સરખે - સરખામાં હોય. પ્રભુ સાથે દોસ્તી કરવા આપનારા જ થવું પડે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ એક હોસ્પીટલમાં ૫૦૦ પેશન્ટ્સને દાતા બીસલેરીની બોટલ આપે છે, તો જલદાન કહેવાય?**
**ઉત્તરઃ** જેનાથી તરસ છીપે, એ જે કંઈ પણ આપો, એ જલદાન

જ કહેવાય. શરબત ભલે આપો પણ કોકાકોલા જેવું અભક્ષ્ય અને જેમાં વધારે વિરાધના થઈ હોય, એવું પીણું નહીં આપવાનું.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** રોજેરોજ અમે સાધર્મિકને ગોતવા જઈએ, એ કરતાં દુકાનના જ માણસોને રોજ સાંજે ગરમ નાસ્તો આપીએ,એ સાધર્મિક વાત્સલ્ય કે અન્નદાન કહેવાય ખરું?
**ઉત્તરઃ** ના. ભૂખ્યાંને અન્નદાનની વાત છે. અહીં સ્વાર્થ ભળ્યો.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ ઘરના સભ્યો તથા સગા-સંબંધીઓને પૂછીને પછી જ ધર્મમાં પૈસા ખર્ચવા?**
**ઉત્તરઃ** મેં એવું કહ્યું નથી પણ એ લોકો ભૂખે મરતા હોય અને તમે અહીંયા આ લ્હાવા લેતા હો, એ ઠીક નહીં! એક વહેવારની વાત તમને અહીંયા કહી દઉં. સગ્ગા વેવાઈ, ભાઈ કે ભલે દીકરો પણ હોય, દેવું કરીને એને ધંધા માટે ક્યારેય પૈસા આપતા નહીં. ભૂલે-ચૂકે ય નહીં. તેમને ચોખ્ખું કહી દેવું કેઃ ‘મહિનાનો ખર્ચો ન નીકળે, તો ખર્ચો લઈ જજે, પણ મારા માથે દેવું કરીને હું તને ધંધો ન કરાવું.’ એને કદાચ ભયંકર અંતરાયનો ઉદય હોય અને તમે આપેલ પૈસા યે જતાં રહે, તો કાલે તમારું ય બધું જતું રહે!

મારી પાસે એવા બહુ કિસ્સાઓ વચ્ચે આવ્યા...! ડિસા ગામમાં નાગરિક સહકારી બેંક સાથે મુકેશ મોદીની બેંક મર્જર થઈ ગઈ. એમાં કેટલા બધા લોકોના પૈસા ભરવાના બાકી રહી ગયા. ૫૦ ટકા કેસ તો એવા હતા કે ભલમનસાઈથી કોઈકના જામીન થઈ પૈસા આપેલ. ઘણાં આવીને મારી પાસે કરગરેઃ ‘સાહેબ, તમારે એમની સાથે સંબંધ છે, તો કાંઈક કરાવી આપો.’

મોદીએ પણ મને કહેલું કેઃ 'બેંકના કાયદા પ્રમાણે જેટલી રાહત મળી શકે તેમ હશે, એટલી આપીશ. બે લાખના ૧૬ લાખ થઈ ગયા છે, એ હું ૪ લાખમાં પતાવી દઈશ પણ ૪ લાખ તો ભરવા પડશે.' હવે જેને કાંઈ લેવા-દેવા નથી, કો'કે પૈસા લીધા ને ખાઈ ગયો અને પોતે જામીન થયા હતા, એને હિસાબે રૂા. ૪ લાખ ભરવા પડયા. પેલો કાયદાની બહાર જઈને તો કાંઈ ન કરી શકે! એટલે ભૂલેચૂકે ય તમને અસમાધિ થાય એવું કાંઈ ન કરવું.

કોઈને આપવું જ હોય, તો એ રકમને ભૂલી જવા માટે આપવું. એક તો તમે આપો દુઃખ વેઠીને અને પછી જયારે માંગવા જાવ, એટલે હંમેશ માટેનો સંબંધ બગડી જાય! આવું ડબ્બલ નુકસાન શેની માટે કરવું? ન આપો, તો સંબંધ તો ના બગડે! કહી દેવું કેઃ 'ભાઈ, મારી પાસે સગવડતા નથી.' ઘણાં તો 'ભગવાન આપશે' એમ કહીને પૈસા ન હોય, તો યે વાપરી નાખે. બાપો એમ કહેઃ

'વાંધો નહીં, તું તારે ચડાવો બોલજે, ભગવાન આપી દેશે.' તો શું હાલત થાય? એટલે આવું કશું ય ના ચાલે. જે હાજર છે, એમાંથી જ જેટલું થઈ શકતું હોય, તે કરો. હાલત કાલે સુધરશે, એમ સમજીને કયારેય કરવું નહીં. ધર્મમાં રોકડો વહેવાર જ રાખો. વળી જયાં સુધી તમારે માથે દેવું હોય, ત્યાં સુધી એક પણ પૈસાનો ખર્ચ સંસારમાં યે વધારે ન કરવો અને ધર્મમાં પણ નહીં. પૂજા કરવાની હોય, તો એ સ્વદ્રવ્યથી થાય. તેમાં જેટલો ખર્ચ થતો હોય એ કરવો, બાકી કોઈ ચડાવો બોલવો નહીં. કમ્પલીટ દેવું ઉતરી જાય પછી જ ચડાવો બોલવો, નહીંતર પારકા પૈસે તમે ચડાવો બોલ્યા, એના જેવું થાય! એવું ના ચાલે.

દાનમાં જીવનજરૂરી ચીજ ને મન-વચન-કાયાના શુભયોગ જરૂરી. ભૂખે મરતાંને ખવડાવવામાં કાંઈ મોટો ખર્ચો નથી થઈ જતો. તરસ્યે મરતાંને પીવડાવવામાં યે કાંઈ મોટો ખર્ચો નથી થઈ જતો.

બિમારોને ઈમરજન્સીમાં થોડી-ઘણી દવા અપાવો.
એકાદ જોડી કપડાં આપો કે બે દહાડા વિસામો આપો.
તો યે એટલામાં તમે કાંઈ ખાલી જઈ જતાં નથી.

કોઈવાર એવા યે ઠગ આવે છે કે મારૂં પાકીટ ચોરાઈ ગયું છે અને ગામ પાછાં જવાના યે પૈસા નથી. તો તેને ગામ જવાની ટિકિટ કઢાવી આપો, જે બીજાને ન આપી શકાય અને તેને જવું જ પડે. એટલે ખોટો હશે, તો આપોઆપ છટકી જશે. તમારા કર્માદાનના પૈસા સાવ હરામમાં જાય, એ પણ બરોબર નથી.

**પૂ. આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** ઉપા.યશોવિજયજી મહારાજે ‘દાનબત્રીસી’માં લખ્યું છેઃ જીવદયા-અનુકંપામાં ત્રણ શરતો જોવી જોઈએ, તો જ તે શાસ્ત્રીય છે. પહેલી શરતઃ આત્માની કરુણા પોષાય તે માટે. બીજી શરતઃ સંઘની પ્રભાવના થાય, તેથી શાસન સાથે જોડાવા માટે. ત્રીજી શરતઃ શાસનની અપ્રભાવના અટકાવવા જીવદયા-અનુકંપા કરવી.

**ઉત્તરઃ** આ બરાબર છે. બધાને ખોટા માનીને જૈનો સહાય ન કરે, તે ખોટું છે. જરૂર પડે, ત્યારે અમુક જાતની બીજી પણ સહાય કરવાની. તમે એનાથી જૂદા છો એવું ન લાગવું જોઈએ. જેથી કાલે કદાચ તમને તકલીફ આવે, તો કોઈ ઉભા રહે! આ ઔચિત્ય છે.

જૂઓ હું બીજી વાત સમજાવુંઃ સ્થાનકવાસી કે દિગંબરમુનિ આવે, તો શું કરવું? બહુ ભક્તિથી વહોરાવવું. કેમ? કેમકે તમારા સાધુ વિહાર કરતાં કરતાં તેમના ક્ષેત્રમાં જશે, તો જે રીતે તમે એમને સાચવ્યાં હશે, તેમ એ મુનિઓએ ત્યાં કહ્યું હશે કેઃ 'શ્વેતાંબરો તો બહુ સારા હોય છે હોં. અમને કેવા સરસ સાચવેલા, એટલે એમના કોઈ સાધુ આવે તો તમે ય ધ્યાન રાખજો.' પણ તમે જો અહીં ગરબડ કરી હશે ને, તો ત્યાં અમારે હેરાન થવાનું જરુર આવવાનું! ઉપાશ્રય પણ નહીં આપે અમને રહેવા માટે!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ આ લોકોને પ્રશ્ન છે કે એમાં મિથ્યાત્વ ન લાગે ને?**
**ઉત્તરઃ** કોઈ સજીવને આત્મા ન માનવા, એનું નામ મિથ્યાત્વ. (સભાઃ વાહ) જે (જીવ) તત્ત્વ છે, એને તત્ત્વ રૂપે ના જૂએ, તો એ મિથ્યાત્વ મિથ્યાદર્શન છે. ઔચિત્ય બધું જ જોવું. સંકટના સમયે બધાનું બધું જ કરવું જોઈએ.

ગામડામાં એક જ ઘર જેમનું હોય, તે બધાના પ્રસંગે ઉભો રહે, તો જ એની સાથે ગામ ઉભું રહે. હોળી આવે, તો હોળીમાં યે ઉભો રહે ને ધૂળેટી કે બળેવમાં ય ઉભા જ રહેવું પડે ગામ સાથે. તે દિવસે બ્રાહ્મણને સીધું આપી દે અને બધું સાચવી લે, તો જ એનું સચવાય. પછી કયારેક અમે જઈએ, ત્યારે તે ગામના ગમે તે મંદિરમાં જઈને જો એ કહે કેઃ 'અમારા બાપજી આવ્યા છે, તેથી અહીં ઉતરવા દો.' તો એ લોકો હોંશે હોંશે અમને ઉતરવા આપે. વારે-તહેવારે એમનું સાચવતા ન હો, તો ના યે પાડી દે! આમ... આવું ઘણું ય જોવાનું હોય.

પૂજ્ય આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ સાહેબને મેં પ્રશ્ન કર્યોઃ નવમું નમસ્કાર પુણ્ય આવ્યું, તો હવે આર્હંત્યની વાત આવશે ને?

પણ અત્યાર સુધી એ વાત એમણે કદાચ એટલા માટે નથી કરી કે પૂ.દાદાગુરુ મહારાજે એક જ વાત વારે વારે કરી છે અને શિષ્યોના ભાવ સતત વિકસાવતા રહ્યા છે કેઃ જ્યાં સુધી આપણા હૃદયમાં બીજા જીવો માટેની આત્મસંવેદના નહીં થાય, ત્યાં સુધી તાત્ત્વિક ધર્મ આપણા હૃદયમાં પ્રવેશી શકે નહીં! (સભાઃ વાહ) તાત્ત્વિક ધર્મનો પ્રવેશ જો હૃદયમાં કરાવવો હોય, તો પહેલી ભૂમિકા આત્માની તો જોઈશે જ.

પૂ.દાદાગુરુ મહારાજે તો ત્યાં સુધી કહ્યું છે કેઃ જે સહજમલની વાત તેમણે કરી, તેમાં ઉદાહરણ તરીકે ઉમેશભાઈએ કદાચ નિલેશભાઈ માટે કાંઈક નબળું કહ્યું, પણ નિલેશભાઈના હૃદયમાં ધર્મનો ભાવ બેઠેલો છે, તેથી કહેશેઃ 'કાંઈ વાંધો નહીં. ઉમેશભાઈ નિમિત્તવાસી છે, બાકી વાંક તો મારા આત્માનો જ છે. મારા આત્માએ પૂર્વે કાંઈક ભૂલ કરી હશે, એટલે આજે હેરાન કરે છે. બાકી તે ખરાબ નથી, એમનો વાંક નથી, એ તો માત્ર નિમિત્ત છે.' પરંતુ દાદાગુરુ મહારાજે તો પૂજ્ય હરિભદ્રસૂરિજી મહારાજના સહજમલના ભાવને પ્રગટ કરતા કહ્યું છે કેઃ

'ઉમેશભાઈ નિમિત્ત પણ નથી. નિલેશ! નિમિત્ત તારો પોતાનો આત્મા જ છે, જેણે એવું કામ કરેલ હતું એટલે તારું સહજમલ જ ઉમેશને પ્રેરે છે કેઃ 'તું નિલેશને હેરાન કર.' ઉમેશભાઈ નિમિત્ત નથી, નિમિત્ત છે તારો સહજમલ (કર્મ કરવાની યોગ્યતા).

એનો અર્થ એ થયો કે જો આમ ન વિચારીએ, તો ઊંડે ઊંડે પણ ઉમેશભાઈ ઉપર કદાચ દ્વેષ થાય! એટલે કોઈ પણ જીવ પ્રત્યે સામાન્યથી આંશિક પણ અભાવ-દુર્ભાવ-દ્વેષભાવ રહે, ત્યાં સુધી યથાર્થ નમસ્કારભાવ આવી શકે નહીં, કારણકે અરિહંત જ આત્મા અને આત્મા જ અરિહંત છે! એ ભાવ જ્યાં સુધી હૃદયમાં બરાબર ન બેસે, ત્યાં સુધી શક્રસ્તવ કે આર્હંત્યના ભાવ કઈ રીતે બેસે?

પૂર્વે આ સાહેબજીએ ૭૨ જિનાલયમાં ભાવો ખોલ્યા, ત્યારે એકવાર કહેલઃ ‘અજૈનો કર્તૃત્વભાવથી માને છે કે ભગવાન જ બધું કરે છે.’ મેં કહ્યુંઃ ‘સાહેબ, પણ આપણે તો એવું માનતા નથી.’ તો જવાબ મળ્યોઃ ‘ત્યાં જ બધી ગરબડ છે! આપણે જૈનો ય માનીએ જ છીએ, પણ જે કાંઈ થઈ રહ્યું છે, તે ભગવાન શક્તિસ્વરૂપે કરે છે.’ એ ભાવો એમણે ત્યારે જે ખોલ્યા અને હવે તમારામાં ય એ ખૂલશે, ત્યારે થશે કેઃ ઓહોહો! બધું જ અર્થાત્ સારું-નરસું, જે કરીએ છીએ, તે બધું પરમાત્મા જ કરાવે છે.

તો મેં કહ્યુંઃ ‘સાહેબ! ભગવાન સારું કરે છે, એ તો એકદમ સમજાય, પણ ખરાબ?’ તો કહેઃ ‘હા, ભગવાન ખરાબ પણ કરે!’ હવે બોલો, આ વાત આપણા મગજમાં કઈ રીતે બેસે? ભગવાન કાંઈ ખરાબ કરતા હશે? ભગવાનને કાંઈ એવા ભાવ હોતા હશે? એટલે મેં ફરી પૂછ્યુંઃ ‘સાહેબ, આ શું કહો છો આપ?’ એમણે તેમાં ફરી હા કહીને જે રીતે એ ખોલ્યું કે...

‘કોઈ વ્યક્તિ સારા કામ કરે, તે સરકારના કાયદા મુજબના હોય, તો સરકાર એને શું કરે? પુરસ્કાર-ઈનામ આપે.

તેની કાંઈ સજા ન થાય. હવે એ જ વ્યકિત સરકારે બનાવેલા નિયમ અને કાયદાની વિરુદ્ધ કાર્ય કરે, એનો કેસ ચાલે કોર્ટમાં અને જજ જ્યારે એનો ફેંસલો આપે અને ચુકાદા તરીકે જેલની સજા આપે, ત્યારે હકીકતમાં એ જેલની સજા જજ આપે છે કે સરકારના કાયદા? સરકાર. તો હેમપ્રભ મહારાજ! આ સરકારે સજા કરી, તો ભગવાનના કાયદાથી વિરુદ્ધ આપણે જે વર્તન કર્યું, એના કારણે આપણને જે તકલીફ થઈ, એ હકીકતમાં કોણે સજા કરી કહેવાય? ભગવાન થકી મળી કહેવાય.' આવા તો એક-એક ભાવ જ્યારે તેઓ ખોલતા હોય, ત્યારે થાય કે વાહ! ગજબ! આપણે પ્રશ્ન પૂછીએ, ત્યારે જવાબ તો તેઓની અંદર તૈયાર જ હોય, માત્ર જવાબ દેવા પહેલા જે સ્હેજ રોકાય, તે એમ વિચારતાં હોય કે કઈ રીતે આને જવાબ દેવો? એટલે અંતે તેમનો એ જ ભાવ હોય છે કે પ્રથમ આપણને આપણો આત્મા ઓળખાવો જોઈએ અને આપણે સ્વ-રૂપને જોઈ શકવા જોઈએ.

જૂઓ, તમને બધાને આવડે ને એવો જ એક પ્રશ્ન તમને પૂછું: અરિહંતના ગુણ કેટલા? સભાઃ ૧૨. હં...સૌને આવડે છે. એના કરતાં યે વધુ મોટેથી જવાબ આવશેઃ આચાર્યના ગુણ કેટલા?

સભાઃ ૩૬. સાધુના ગુણ કેટલા? સભાઃ ૨૭. વાહ!

હવે છેલ્લો સવાલઃ શ્રાવકના ગુણ કેટલા?

સભામાંથી આછો અવાજઃ ૨૧.

હં... જૂઓ, અમારા કેટલા ગુણ એ સૌને આવડે કે સાધુમાં ૨૭ અને આચાર્યમાં ૩૬ ગુણ જોઈએ જ, પણ તમારામાં કેટલા ગુણ જોઈએ, એ ખબર નથી! અહીંયા સાહેબ એ જ સમજાવે છે કેઃ આપણામાં શું છે? એ જો ઓળખાઈ જાય, તો કામ થઈ જાય.

પૂજ્ય આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ આમ પહેલા દિવસે તો એમણે આ ભૂમિકા ઉભી કરી અને પ્લેટફોર્મ તૈયાર કર્યું અને એની ઉપર હવે આપણે આગળ વધીશું. સાહેબને આજે ૮૦ વર્ષની ઊંમરે જે શ્વાસની તકલીફ છે, તેથી ચાલીને અવાતું નથી અને વ્હીલચેરથી ઉતરીને અહીં પાટ ઉપર બેસે, એટલીવારમાં એમની ધમણ ચાલવા માંડે! રીતસર શ્વાસની ધમણ હં! પછી થોડીવાર બેસે, ભગવાનને યાદ કરે, એટલે ધીમે- ધીમે તે ધમણ બેસે અને પછી નોન-સ્ટોપ બોલે.

તેઓ ભલે કહે હું કમ્પ્યુટર નથી પણ પ્રભુ અને ગુરુ મહારાજની તેમની ઉપર અનહદ કૃપા છે કે આ ઊંમરે-આ સ્વાસ્થ્યે અને ૭૨ વર્ષના દીક્ષાપર્યાય પછી પણ આમ સતત ખેંચે છે! આજે તમે છો એટલે નહીં, અમારે નિત્ય ૪ કલાક યાને કલાક-કલાકના ચાર ભાગમાંઃ સવારે ‘લલિત વિસ્તરા’માં નમુત્થુણં સૂત્ર ઉપરના જે ભાવો તેમણે વહેતા કર્યા છે, તે કલ્પના બહારના છે!

હરિભદ્રસૂરિજી મહારાજે તો કમાલ કરી જ છે પણ એને ખોલવામાં સાહેબે ય કમાલ કરી છે. પછી તરત અમારે ‘ક્ષેત્ર સમાસ’ ચાલે. એ પછી વ્યાખ્યાનમાં એક કલાક પૂજ્ય દેવભદ્રસૂરિજી મહારાજના ‘પાર્શ્વનાથ ચરિત્ર’માં એમણે એક વસ્તુ બહુ જ સરસ ખોલી કેઃ ‘આપણને એમ થાય કે ૧૦ - ૧૦ ભવ સુધી પાર્શ્વનાથ ભગવાનના આત્માએ કમઠના આત્મા તરફથી બહુ દુઃખ ભગોવવું પડ્યું. આપણને એમ જ છે કે પ્રથમ ભવથી કમઠે બહુ હેરાન કર્યા, પણ સાહેબજીએ એ વાત ઉપર ખાસ પ્રકાશ ફેંક્યો કે પાર્શ્વનાથ પ્રભુના આત્માએ વહેવારમાં શું ભૂલ કરેલી? ખરેખર દેવભદ્રસૂરિજી આચાર્ય મહારાજે એક શ્લોકમાં એ ખોલ્યું છે કે એ

ભૂલ શી હતી? એ જોઈ મને બહુમાન થયું કે આપણા શાસનની બલિહારી છે કે કયાંય અન્યાય જ નથી! જે છે, એ જ કહ્યું છે!

પૂજયશ્રી ધુરંધરવિજયજી મહારાજઃ કેવી મસ્ત વાત કે સંસારમાં છો, તમારે વૈરાગ્ય છે, તો લગ્ન જ ન્હોતા કરવા જોઈતા. પણ હવે જો લગ્ન કર્યા જ છે, તો તમારે એવી રીતે રહેવું જોઈએ કે જેથી અરસ-પરસ સમજીને એ માર્ગ બીજાની સમતા-સમાધિમાં ખલેલ પાડયા વગર આગળ વધાય, કારણકે શ્રાવકના ૨૧ ગુણમાં એક ગુણ છેઃ સુપક્ષયુકત દાક્ષિણ્ય. એટલે બંનેના એકસરખા ભાવ. તો આ પાર્શ્વ પરમાત્માનો આત્મા એટલી હદે વૈરાગ્યવાસિત બની ગયો કે પત્નીની સંપૂર્ણ રીતે ઉપેક્ષા કરી! એટલી હદે કે તે બેબાકળી બની બધે ભમ્યા કરે અને છેવટે એના પોતાના જેઠ સાથે ઉન્માર્ગે ગઈ! કેમ ગઈ? એનો ખુલાસો કરીને પૂજય રચનાકાર વિવરણ લખે છે કે પ્રભુનો આત્મા પોતાનું કર્તવ્ય કે વિવેક ચૂકયા, એટલે આમ બન્યું.

વળી બીજી ચૂક એ કે જયારે એના ભાભી કહે છેઃ ‘દ્રષ્ટિ ખોલીને જૂઓ કે ઘરમાં શું ચાલી રહ્યું છે?’ ત્યારે પ્રભુનો આત્મા તો પોતાની મસ્તીમાં મસ્ત છે. એણે જોઈ લીધું પણ ચૂક એ થઈ કે આવો પ્રસંગ બને, ત્યારે ઘરમેળે જ આ વાતનો ઉકેલ લાવી દેવો જોઈએ, પણ પ્રભુએ ભૂલ કરી અને સીધી રાજાને ફરિયાદ કરી, જેથી રાજાએ કમઠને ગધેડા ઉપર ચડાવીને નગરમાં ફેરવીને ફજેતી કરાવી. આ એક આત્માની ફજેતીમાં પ્રભુ નિમિત્ત બન્યા, તેને કારણે મોટાભાઈ કમઠના આત્મામાં જે વેરના બીજ વવાઈ ગયા, તે દસ-દસ ભવ સુધી પ્રભુને આડા આવ્યા!

આ આખી યે વાત મેં તો ટૂંકાણમાં કરી, પણ એ દિવસે વાચના-વ્યાખ્યાન પૂરા થયાં બાદ સાહેબ ગોચરી વાપરીને નાના બાલુડા જેવા આ બાળમુનિઓ સાથે તેઓને ગમે તેવી જ્ઞાનગોષ્ઠિ કરતા હતા, ત્યારે મેં નિખાલસભાવે કબૂલાત કરી કેઃ'સાહેબ, આજે મને સાચે જ શંકા ગયેલી કે આ વાત મૂળ રચનામાં છે કે તમે તમારી વાત એમાં ઉમેરો છો? પણ આપ શ્લોકો ઉપર શ્લોકો ગ્રંથમાંથી બોલતા હતા, ત્યારે મેં જરા આડી નજરે ચકાસ્યું, તો જોયું કે ઓહો, આ બધું વર્ણન આપ મૂળ રચનાને આધારે જ કરી રહ્યા હતા! એમાં એક્કેય શબ્દ બહારનો કે આપનો પોતાનો ન હતો!'

મને એમ હતું કે મૂળ ગ્રંથમાં એમ હશે કેઃ 'જેને ધર્મ ગમે છે, એણે પત્નીને ગમે કે ન ગમે, એ કરવાનું ન જ છોડવું જોઈએ.' પણ ધર્મમાં અતિપરિણત આત્માની સ્થિતિ કેવી હોય, તે સાહેબે સમજાવી ખુલાસો કર્યો. વળી સાહેબે પ્રાકૃતનું વ્યાકરણ પણ ત્યારે કર્યું ન હતું, છતાં પ્રાકૃતના શ્લોકો ધડાધડ બોલે, એટલે મને શંકા તો એ પડી કે સ્હેજ સા'જ નજર કરે શ્લોક ઉપર અને સરસ રીતે અર્થ સમજાવે. એમ થાય કે આ શું? આમ અદ્ધર-અદ્ધર જ જાય છે કે શું? એટલે મેં કહ્યું કેઃ 'સાહેબ, મારી આ ભૂલ થઈ છે, મને માફ કરશો.' આ રીતે મેં સમય પૂરો કરી દીધો.

(સભાઃ હાસ્ય) પશ્ચાત્ 'શિવમસ્તુ...' શ્લોકનું સહગાન કરી
૩ પ્રગટ નવકાર મહામંત્ર તથા ૧૨ નવકાર મનમાં ગણી
જગતના સર્વે જીવોની કલ્યાણની ભાવના કરી
આ સેશન મહાત્માઓએ પૂર્ણ કર્યું.

-----------------------------------

## શિબિર : દિવસ-૨

**શ્રી નમસ્કાર મહામંત્રના ગાન પશ્ચાત્ સુંદર માંગલિક શ્રવણ કરાવી 'દાન' વિષયક શ્લોકપઠન બાદ શરૂ કરેલ ઉદ્‌બોધનઃ**

અનાદિકાળથી લેતાં જ શીખ્યાં છીએ, એમાંથી પાછા ફરવાનું છે. દેતાં આવડે છે પણ આપણી પીડા છે કે આપ્યા પછી પાછું જ ન આવે, તો શું કામનું? સંસાર આખ્ખો ય લેવાવાળો જ છે, આપવાવાળો નથી. આપવાનો સ્વભાવ માત્ર ચૈતન્યનો જ છે! ચૈતન્યને આપેલું કયારેક નિષ્ફળ જતું નથી. આપો છો તમે, પણ તમે જેમાં મુખ્ય છો, એ બધો સંસાર છે અને આત્મા જેમાં મુખ્ય છે, એ ચૈતન્યનો વ્યવહાર છે. ઓળખાણ માત્ર ચૈતન્યની, ચહેરાની નહીં. અજાણ્યા અતિથિ બધા પરમાત્માના પ્રતિનિધિ છે.

પ્રભુ કઈ રીતે તમારે ત્યાં આવે, એનો કોઈ પત્તો નથી. પ્રભુની એ મજબૂરી છે કે સ્વયં અમૂર્ત છે, તેથી કો'ક મૂર્તના સહારે જ એને પ્રગટ થવું પડે, જેને તમે કયારેય ઓળખી શકતાં જ નથી કે એને પ્રભુએ મોકલ્યા છે! વગર નોતરે-મુહૂર્તે તમારે ત્યાં કોઈ લેવા આવે, એ બધા ય પ્રભુના મોકલેલા આવે. એનો આદર કરવો. બસ! ત્યાંથી જ પરમાત્માની સંસ્કૃતિનો યાને આપવાનો પ્રારંભ થાય, જે આજે બહુ દુર્લભ થઈ ગયું છે. આજે તો 'પૈસા ફેંકો, તમાશા દેખો'નો મહિમા છે. હૈયાના હેત વિના બધું નકકામું. એ સ્વયં કરે, તો જ આવે. એમાં ભાડુઆત કે વાયા-વાયા ન ચાલે.

પતિ પ્રિયતમાને સંદેશો મોકલે કે આવી જા, પણ પોતાના બદલે એક બહેનપણીને મોકલી આપે, તો શું થાય? પતિ ગુમાવી બેસશે.

જમવાનું આપણે કે આપણી બદલે બીજાને મોકલીએ?
લેવામાં ખુદ હાજર અને આપવામાં વાયા વાયા કરવું, ના ચાલે!

મંદિરની બહાર બેઠેલા ભિક્ષુકને રાજી કરવો. તેની હેસિયત જ કેટલી? એને ૫/૧૦ રૂા. આપો, તો રાજી અને ૧૦૦ આપો, તો ઓહોહો થઈ જાય! તમને તો એટલાની કિંમત જ ન હોય!

આપીને પછી દેરાસરમાં અંદર જાવ. જે આપ્યું, તે તમારું.
એટલી તમારામાં સ્પેસ સર્જાઈ, તમે ખાલી થયા.
એટલી વસ્તુનો માલિકી હક્ક તમે છોડયો!
બસ એ સ્પેસ પ્રભુને આવવાનું દ્વાર બને છે.
હવે એ સમર્પણ કોઈની પાસે કરાવાય કે આપણે પોતે કરાય?
ન છૂટતાં હોય, તો પાયાથી જ કરાવાય કોઈની પાસે.

શંખલપુર પાસે એક ગામ છે. ઠેચડી એનું નામ. ત્યાં ઠાકોરો રહે. તે એક જમાનામાં આપણા જૈનોના વર્ચસ્વવાળું ગામ. આપણી ખાસ્સી વસતિ હતી ત્યાં. પહેલા જૈનોનો ધંધો ખેતી જ હતો. ખેડૂતોને આપણે પૈસા ધીરીએ, એ આપણને બધો માલ આપે. એમ જીવવાનો આખ્ખો વહેવાર ગામડાઓમાં આરામથી ચાલતો. જૈનો બપોરે ૩/૪ વાગ્યે બજારમાં જાય. ખેડૂતો પણ નવરા થઈને સાંજે આવ્યા હોય. ૩/૪ કલાક ધંધો ચાલે. જેને જે લેવું હોય, તે લઈ જાય. જે મૂકવું હોય, એ આપી જાય.

શ્રાવકોની દિનચર્યા જ એવી કે સાંજે સૂર્યાસ્ત પહેલા ધંધો પૂરો! કદાચ ચાલતો હોય, તો એક જણ બેસે ને એક જમવા જાય,

પણ કોઈ રાતે ન જમે. સવારે ઉઠીને સામાયિક-પ્રતિક્રમણ વગેરે કરે. ગુરુ મહારાજ પાસે જાય પછી જ નવકારશી કરી પૂજા કરવા જાય. બપોરે ૧૨ વાગે પૂજા કરીને ઘરે આવી જમીને આરામ કરે, પછી ધંધો કરવા જાય. શાંતિનું નિશ્ચિંત જીવન. પુન્ય જ એટલું કે બધું વ્યવસ્થિત ચાલ્યા જ કરે. ૪ કમાનાર અને ૪૦ ખાનાર હોય! નાનો હતો ત્યારે એવા મોટા-મોટા પરિવારો મેં ખૂબ જોયાં છે!

એમાં એક શેઠને પાલીતાણા જવું હતું, તેથી ખેડૂતને બોલાવી કહ્યુંઃ 'ભઈ, ચોમાસુ આવી રહ્યું છે, તારે જે બિયારણ જોઈતું હોય, તે લઈ જા. પૈસા પછી આપજે' ખેડૂત બહુ હોંશિયાર. તેણે પૂછ્યુંઃ 'શેઠ, અત્યારે કેમ ત્યાં જાવ છો?' શેઠ કહેઃ 'અમારું એ બહુ મોટું તીર્થ છે. ત્યાં જીવતા-જાગતા અમારા આદિશ્વર દાદા છે. એમની જાત્રા કરવા જાઊં છું. અમારે પૂનમ પહેલા કરી લેવી પડે. એટલે તારે ખેતીનું અને મારે યાત્રાએ જવાનું ટાણું, બે ભેગા થઈ જાય!'

હવે ૬૦/૭૦ વર્ષ પહેલા તો તમને ખબર જ છે ને કે ઠકાઠક ગાડી આવતી હોય. વિરમગામથી બેસે, તે બે દહાડે તો શિહોર પહોંચે. શિહોરથી વળી કાંઈક બદલી કરે પછી પાલીતાણા પહોંચે! તે જઈને પાછા આવતાં ૭/૮ દિવસ થઈ જ જાય. વળી એ પહેલા બધી તૈયારી યે કરવી પડે ને? આજની જેમ ત્યારે ન્હોતું.

બહેનો ૧૦ દહાડા પહેલેથી તૈયારી માંડે. ૧૦/૧૫ ડબ્બા નાસ્તાના ભરે. રસોઈના વાસણ અને સગડી યા પ્રાઈમસે ય સાથે લેવાના. પછી પાલીતાણા ૫/૬ દિવસ રહે. ત્યાં જમવાનું અને નાસ્તો યે હાથોહાથ. ભોજનશાળા કોઈ હતી નહીં અને ગોતે ય નહીં.

'નરસી નાથા' જેવી ધર્મશાળામાં રસોડા સાથેની જ રૂમ મળે. રસોડું એટલે એક ચૂલો હોય ને લાકડા બજારમાંથી લઈ આવવાના. પછી ચૂલો ચેતાવી રસોઈ બનાવવાની. સવારે દૂધ લઈ આવે અને બધા ભરપૂર નાસ્તો કરી લે. કરવાવાળા કરે, ન કરવાવાળા ન કરે. પછી ૮/૯ વાગ્યે નીકળે આરામથી યાત્રા કરવા. ઠે...ઠ નરસી નાથાથી ચાલતાં ચાલતાં તળેટીએ પહોંચી ચૈત્યવંદન કરે. પછી ઉપર ચડે આરામથી. ૧૧/૧૨ વાગ્યે પહોંચે ઉપર અને દાદાની પૂજા-સેવા કરી, બધે દર્શન કરી નિરાંતે ૩/૪ વાગ્યે નીચે ઉતરે. ઉતાવળ તો હોય જ નહીં ને. ૪ વાગ્યે આવીને રસોઈ બનાવે.

આજુબાજુમાં જે સાધુ-સાધ્વીજી હોય, એને વિનંતી કરે વહોરવા માટે આવવાની, તેઓ લાભ આપે. વળી કોઈ એકલદોકલ યાત્રિક હોય, એને ય જમવા પકડી લાવે, જે આમતેમ ખાવાનું શોધતાં જ હોય! આમ યાત્રા માટે ૧૦/૧૫ દિવસ તૈયારી કરી લાંબી મુસાફરી કરી પહોંચે, યાત્રા કરીને પાછા આવે. આમ દાદાનું ધ્યાન એક મહિનો ચાલે. તમારી જેમ વગર ધ્યાને નહીં જવાનું. દાદાના વિરહમાં તપવાનું. ભીતર પૂરેપૂરી પ્યાસ જગાવી પહોંચે, ત્યારે ભગવાન સીધા આવીને બાથ ભરીને જ મળે!

ભગવાન કાંઈ બોલે ય નહીં અને સીધા ખોળામાં આવી મળે! 'પંચવિધે પ્રભુજી મળ્યા.' લેવા આવે ભગવાન તમને. તમે ભૂલા પડયા હો, તો લેવા યે આવે તમને. કહે કેઃ 'હાલ ભાઈ હાલ! હું તારી જ રાહ જાઉં છું.' આપણે પ્રભુ માટે ઝૂરતાં હોઈએ, ત્યારે એ ય રાહ જોતા હોય કે મુંઝાતો નહીં, હું રાહ જોઈશ. જેમ ભગવાન મહાવીર પેલા ગોશાળાની રાહ જોતા'તા ને, તેમ!

એ પકડીને બાંધી દે, તો ભગવાન ઉભા રહે! ચેલા તરીકે ના નથી પાડી, તો રાહ તો જોવી પડે ને? એની જવાબદારી છે. ગોશાળો ગમે તેવો પાકયો, પણ ભગવાને ગુરુપણું લજવ્યું નહીં, ગોશાળ ાએ ચેલાપણું લજવ્યું. મહાવીરને ગોશાળો મળ્યો, એ રીતે સમજી લેવાનું કે આ જમાનામાં યે ઘણા ગોશાળા જેવા જ હોય!

તો શેઠ કહે મારે પાલીતાણા આટલા દિવસ લાગશે. ખેડૂતે પૂછ્યુંઃ 'શેઠ, ત્યાં ભગવાન બહુ મોટા?' 'હા બહુ મોટા!' 'અને એકદમ હાચા?' 'હા.' આદિશ્વર દાદા માટે લોકોને બહુ જ આસ્થા! 'તો શેઠ, એક કામ કરોને! મારો હિસાબ તમારે ત્યાં જ છે, એમાં થી મારા ૫૦ રૂપિયા તમે લઈ જજો અને એના ફૂલ લઈને તમે ભગવાનને ચડાવી દેજો.' આ તો ઠાકોર. આવી જ વાત કરે એવા હોય. તમે એક શેરડી માંગો, તો ગાડુ ભરીને મૂકી જાય, એકાદ સાંઠો ન આપે! આવા લોકોને ભગવાને ય જલ્દી મળી જતા હોય! આપણી જેમ બહુ એટીકેટવાળા હોય ને, એને ભગવાન જલ્દી ના મળે. ભગવાન ગાંડા-ઘેલાંઓને જ મળે!

બુદ્ધિ કુલ્ટા સ્ત્રી જેવી છે. એ જેને વળગે, એને એના ઘરમાં ન જવા દે, બહાર રખડાવ્યા કરે. બહારની વસ્તુ જ દીધા કરે, તેનું પોતાનું કાંઈ જ ન હોય. સાચું બોલજો : તમારા બધા અભિપ્રાયો છાપાં-ટી.વી. જેવા માધ્યમોના આધારે જ રચાયેલાં કે બીજા કોઈ આધારે? એટલે બધું ઉધાર ને? તમારું પોતાનું શું? કશું જ નહીં!

બોધ ભીતરથી પ્રગટ થાય, બુદ્ધિ બહારથી આવે. બીજાની વાતો ઉપરથી જે દોરવાઈ જાય, એ બુદ્ધુ કહેવાય. ઉધાર પૈસા ઉપર જે

પોતાને કરોડપતિ માને, એ કેવો કહેવાય? બસ એવો. પેલો કહેઃ ‘૫૦ રૂા.ના ફૂલ ચડાવજો. એ જમાનાના ૫૦ રૂા. એટલે? ત્યારે અઢી તોલા સોનું આવે ૫૦ રૂા.માં. એક તોલો સોનાના ૨૦ રૂા. અને ૧૨ આને તોલો ચાંદી હતી. સ્વતંત્રતા મળી, તેના આગલા વર્ષ સુધી આટલી સોંઘવારી હતી.

ચેતનાનું મૂલ્ય બહુ હોય, ત્યારે સોનું-ચાંદી સસ્તા હોય! ચેતનાનું મૂલ્ય ઓછું થયું કે સોના-રૂપાના ભાવ વધે! આ એનું બેરોમીટર. ચૈતન્યનું મૂલ્ય ઓછું થાય, એમ સોના-ચાંદીના ભાવ વધે. જેવું ચૈતન્યનું મૂલ્ય વધે કે આ બધી વસ્તુનું મૂલ્ય ધડાધડ ઘટી જાય.

હવે ઠાકોરે તો ૫૦ રૂા. કહી દીધા. શેઠ પણ બહુ પ્રામાણિક. તેઓ ગયા અને ૫૦ રૂા.ના ફૂલ લીધા. આખા પ્રભુ ઢંકાઈ ગયા! કોથળ ાના કોથળા-જેટલા માળીના ફૂલ ઉપર આવ્યા હશે, એ બધા ફૂલ લઈને શેઠે ભગવાનને ચડાવી દીધા હશે. પંદર દહાડે શેઠ પાછા આવ્યાં. ઠાકોર મળ્યો. કહેઃ ‘શેઠ, મારા ફૂલ?’

શેઠ કહેઃ ‘તારા ફૂલ ચડી ગયા.’ ઠાકોર હતા, તો ફૂલ ચડાવ્યા. તમે હોત, તો ‘મારા વતી પૂજા કરજો’ કહી ટીલાં કરાવ્યા હોત! મફતલાલો બધા ટીલાં જ કરાવે અને ઉપરથી આંગીનો મેલ ચંદનમાં નાખી નાખીને પ્રભુમાં ચડાવતાં જવાનું. તમારા આંગળા ચોખ્ખા છે? હાથ વગર ધોઈને કપડા ઉપર મૂકો ને, તો યે છાપ આવે. રોમેરોમથી નિરંતર નેગેટીવીટીની ગંદકી નીકળી રહી છે, એથી હું તો ઘણાંને ના પાડી દઉં છું ચંદનપૂજાની કે ભાઈ! જવા દે તારું કામ નથી. વિલેપન કર પણ ટીલાં ન કરતો, જેથી પાંચ

સેકન્ડમાં ભગવાનનો છૂટકારો થઈ જાય. ટીલાંમાં તો પ્રભુને કલાક સુધી ઠોક-ઠોક કરે, તો ભગવાન ગોદા ખાધા જ કરે તારા? આ ગોદા માર્યા કરો છો ને એટલે જ બધે ગોદા ખાવ છો! કહી જોજો કે ચડાવજો અમારા વતી ફૂલ! આ પપ્પાનું, આ મમ્મીનું, આ ભાઈ-ભાભીનું ફૂલ! બે-બે રૂપિયાનું ફૂલ હોય અને પાંચ ચડાવે, ત્યાં દસ રૂા. થઈ જાય, તો મફતલાલને જરા યે ન પોસાય! આજે દાદાના દરબારમાં મફતલાલોની જ ભીડ હોય છે.

શેઠે કહી દીધું કે ફૂલ ચડાવ્યા. પેલો ખુશ થઈ ગયો. કહેઃ 'હાશ! ચલો, પ્રભુને મારું પહોંચી ગયું!' ચોમાસું પૂરું થવા આવ્યું. રૂપેણ નદીના કિનારે એનું ૧૮ વીઘા ખેતર હોં! દર સાલ પાક્કી વાત એ કે એ જમાનામાં રૂા.૪૦૦૦નો માલ એના ખેતરમાં ઉતરે. એ રુપિયા વાણીયાને ત્યાં જમા કરાવવાના. જોઈએ એમ પછી માલ આપતો જાય અને પૈસા લેતો જાય! ચોમાસું પૂરું થયું.

ખેડૂતે આવી કહ્યુંઃ 'શેઠ તમારો ભગવાન તો ભઈ બહુ હાચ્ચો!' 'કેમ, શું થ્યું?' 'આ વખતે મારે ૪૦૦૦ બદલે રૂા.૧૮,૦૦૦નો માલ ઉતર્યો છે. દર સાલ તો અનિયમિત ચોમાસાને કારણે માલ સુકાતો હોય અને પાણી ન હોય, એટલે ફસલ ઓછી થઈ જાય.' એ એવો વખત હતો કે કૂવો કે ડંકી કે કંઈ હતું નહીં. વરસાદના પાણી ઉપર જ આધાર. પેલો કહેઃ 'મારો મોલ સ્હેજ મુરઝાય કે એક વાદળી આવે અને મારા અઢારે વીઘા ઉપર વરસે અને પાછી જતી રહે. જ્યારે પણ મારા ખેતરમાં જરૂર હોય, એક વાદળી આવે, મારા સંપૂર્ણ ખેતરને પાણી-પાણી કરી જતી રહે. તમારા ભગવાન રોકડિયા છે! મેં અહીં રહીને પહોંચાડ્યું, એ તો સામે ચાલીને

અહીં આવીને મને આટલું બધું આપી જાય છે! જોઈએ તે વખતે જેટલું જરૂરી હોય એટલું પાણી મળ્યું, એટલે મારે ત્યાં પાક સાડા ચાર ગણો થઈ ગયો!'

પ્રભુ તો હાજરાહજૂર છે, તમે જરાક ભોળા થાવ. હોંશિયારી બહુ ના કરવી. એક વાણિયો હોંશિયારી કરવા ગયો. શિવજીને કહ્યુંઃ 'અમારો ૧ રૂપિયો એટલે તમારા ૧ કરોડ?' શિવ કહેઃ 'હા.''તો હું આપને ૧ રૂપિયો અર્પણ કરું છું.' શિવજીએ કહ્યુંઃ '1 minute please.' (સભાઃ હાસ્ય) એમને ત્યાંની એક મિનિટ એટલે ૧ કરોડ મિનિટ! ૧ મિનિટ સુધી રાહ જોવાનું કહ્યું. ભાઈ તો ૧ રૂા. મૂકી ૧ કરોડ કમાવાની હોંશિયારી કરવા ગયા, તો શિવે કહી દીધુંઃ

'તારી નહીં, મારી ૧ મિનિટ રાહ જો!' તમે ગમે તેટલા નાટક કરો, તે ઠગાય એવા નથી. તે કહે છેઃ 'જીવમાત્રમાં મને જૂએ, એની સાથે જ મારે લેવા-દેવા છે.' એ સંદર્ભમાં જ આ વાત છે.

ભૂખ્યાને અન્ન-તરસ્યાંને પાણી.

તમારે ગોતવા નથી જવાનું, બસ! વગર બોલાવે, જે સામે આવે, એને આવકાર, આદર અને એને જેની જરૂર છે, એ આપો.

માનવને પાંચ જ સુવિધાની જરૂર છે, પણ સામેની વ્યક્તિ બધું જ આપે અને મન ન આપે, તો કામ આવે? મન વિના તો બધું જ નકામું ને? ઘણા લોકો કંજૂસ હોય. બધું આપે, એક મન ન આપે! આભાર માનતા કે ધન્યવાદ કહેતાં એને ન આવડે. એવું માને કેઃ'આટલામાં શું? એણે કરવું જોઈએ ને કર્યું છે, એમાં આભાર શાનો?' બધાનું કર્તવ્ય કહેવાનું, બધાનું કર્તવ્ય જોવાનું. જાણે તમારું તો કાંઈ કર્તવ્ય છે જ નહીં!

જીવજગત સાથે જેનો અત્યંત પ્રેમભર્યો વહેવાર છે, પરમાત્મા એના દરવાજે ટકોરા મારે છે. હું તો એવું માનનારો માણસ છું કે પ્રભુનું શાસન સ્થપાય, એ સુશાસન કે કુશાસન? હવે વધારે લોકો સુખી હોય, તે સુશાસન. 'સુશાસન' કહેવડાવવા બધા નહીં તો યે ૭૦ % તો સુખી લોકો હોવા જોઈએ. એમ ૭૦% લોકો મોક્ષે જનારા હોય, તો જ પ્રભુનું શાસન 'સુશાસન' કહેવાય.

બીજાની ચેતનાની જેને સંવેદના છે, એ બધા પ્રભુના શાસનમાં છે, પછી ચાહે તે જલારામ બાપા હોય કે રામકૃષ્ણ પરમહંસ હોય! ભલે તમારી સ્થૂળ વ્યાખ્યામાં તે 'મિથ્યાત્વ' કે ગમે તે ગણાતો હોય. એ તમારી વ્યાખ્યામાં છે, ભગવાનની વ્યાખ્યામાં નથી.

અમે ચાલ્યા જતા હોઈએ વિહારમાં અને કોઈ મરઘા અને બકરા લેવા-વેચવા બજારમાં નીકળે, તો એવી વ્યક્તિ પણ સાધુને જોઈને સાયકલ ઉપરથી ઉતરી સાધુને પ્રણામ કરી પછી આગળ વધે. એ પણ ભગવાનની રેન્જમાં તો આવી જ જાય. કાલે એને કોઈ સમજાવશે, તો સમજશે અને મરઘા-બકરા વેચતો બંધ થઈ જશે. જે કોઈ સાધુને જોઈને ખુશ થાય અને પ્રણામ કરે, એ જ એની સૌથી મોટી યોગ્યતા. પ્રભુ કહે છેઃ 'મારા સાધુમાં એ મને જ જૂએ છે.' અજૈનો સાધુમાં યે પ્રભુ જ જૂએ છે. હકીકત એ જ છે. અમને જોઈને જૈનો પૂછેઃ 'કેટલા ઠાણા છો?' અજૈનો પૂછેઃ

'કેટલી મૂર્તિ છો?' હવે મૂર્તિ કોની હોય? પ્રભુની! તમે 'ઠાણા' પૂછો, કારણકે તમારે માલિકી જોઈએ છે. હજી સુધી મને આ 'ઠાણા' શબ્દનો અર્થ તમે લોકો શું કરો છો, તે સમજાયો નથી.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ આપ 'ઠાણા' શબ્દનો અર્થ શું કરો છો?**

**ઉત્તરઃ** હું તો કહું છું કે મને આજ સુધી એનો અર્થ સમજાયો જ નથી! સમજતો હોત, તો કહેત 'ઠાણા' એટલે શું? (સભાઃ હાસ્ય)

અજૈન ખેડૂતોને પૂછીએ કે...
'તમારું નામ શું?' તો કહેશેઃ
'નામ તો ભગવાનનું, પણ મા-બાપે આપેલું નામ 'ફલાણું'.
હું પૂછુંઃ 'દિકરા કેટલા?' તો કહેશેઃ
'દિકરા પ્રભુના, પણ એમણે આપેલા આટલા-બે/ચાર.'
એમને બધે પહેલા પ્રભુ! આમાં પહેલા તમે, પછી ભગવાન!

જે ગાડામાં ગાડી આગળ, બળદ પાછળ હોય, એ ગાડી કેવી હોય? ન માલુમ કેમ? પણ આપણે તો અહંકારની ભાષામાં જ બધી વાતો કરીએ છીએ.

એકવાર વિહાર કરતો કરતો હું એક ગામમાં પહોંચ્યો. મોટું તીર્થ. સમજણો થયા પછી ઘણા વર્ષે પહેલી વાર ગયેલો. કૌતુકી બહુ, એટલે બાપા મહારાજ વહોરવા જાય, ત્યારે આપણે મોટા ભાગે બારણામાં જ ઉભા હોઈએ. એકવાર એકલો એકલો કંટાળેલો ને બાપા વહોરવા ગયેલા, તેથી બારણે ઉભો'તો. ત્યાં એક સુશ્રાવક આવ્યા. મારી સામે પહેલા તો જોયું, જાણે પોસ્ટમોર્ટમ ચાલતું હોય! પછી પૂછેઃ 'મહારાજ, નવા આવ્યા લાગો છો?' 'હા, નવો જ આવ્યો છું.' એમણે અણસાર લેવા ચાહ્યો કે આ કો'ક દા'ડો પહેલા આપણી હડફેટે ચડેલ છે કે નહીં? (સભાઃ હાસ્ય) પછી કહેઃ

'મહારાજ, મને ઓળખો છો?' મેં કહ્યુંઃ 'હું તો બહુ અજ્ઞાની માણસ છું. તમારા જેવા મહાપુરુષોને તો ક્યાંથી ઓળખી શકું?' 'અરે મહારાજ!' તેઓ આગળ બોલતા જાય અને ખભા હલાવતા જાય. એમ જણાવવા કે સાવ બુદ્ધુ લાગે છે! 'હું સંઘનો પ્રમુખ. અહીંનું બધું જ કામ હું જ કરું છું.' મેં કહ્યુંઃ 'બહુ સરસ! કામ પડશે, તો આપની પાસે આવીશ.' 'સારું.' એમનું જ્ઞાન આપીને પછી એ રવાના થઈ ગયા. પૂછ્યું ય નહીં કે તમારા ગોચરી-પાણી મળ્યાં કે નહીં? બધી વ્યવસ્થા થઈ છે કે નહીં? એવું કાંઈ થોડું જ પૂછવાનું હોય મોટાં માણસે? એમણે તો માત્ર તપાસ જ કરવાની હોય કે ઉપાશ્રયમાં કોઈ ભળતું નથી પેસી ગયું ને? (સભાઃ હાસ્ય)

વિહારમાં આવા બધાં ભટકાઈ જતા હોય છે. મજા આવે હોં! વિહારમાં રોજ નવી ફિલમ ચડે, જે તમે જીંદગીમાં ના જોઈ હોય! પછી તમારી ફિલમ શું જોવા આવીએ? તમારી ફિલમમાં બધા નકલી હોય, અમારામાં સૌ અસલી અભિનેતા હોય, એ ય વગર પગારના! દરેક ઘરમાં એક ફિલમ ઉતરતી હોય, એ જોવા મળી જાય! આપણો અહંકાર બધે જ નડે! એટલું યે જાણતાં નથી કે જો બીજા ચૈતન્યનો સહકાર ન મળે, તો આપણું કશું જ ન થાય.

પુન્ય બાંધવું હોય, તો યે બીજા આત્માનો સહકાર જોઈએ! તમારે દાન કરવું છે પણ લેવાવાળો જ ના મળે તો શું કરો? લેવાવાળો એટલે જ આપણો મોટો ઉપકારી! આપવાવાળો નીચી નજરે આપે અને એ સમજતો જ હોય કેઃ પ્રભુએ આપેલું જ એને આપું છું, હું તો વચ્ચે માત્ર સપ્લાયર છું. માલિક તો એક જ. નાનકે કહ્યુંઃ 'સબ કા માલિક એક.' એ માલિકની મૌજુદગીમાં તમે માલિક

હોવાનો દાવો કરો, તો એક નંબરના ગુનેગાર સાબિત થયાં. જેવા માલિક બન્યાં કે માર પડવાનો શરૂ થઈ જાય! પાપ જ બંધાય!

આપ્યું છે એણે, આવ્યો છે કોઈ લેવા, તો જે જોઈતું હોય, એ લઈ જા! હું કાંઈ લઈને આવ્યો નથી અને લઈને જવાનો નથી! વાત પૂરી! આ દાનધર્મ! જ્યાં દાતા મટી જાય અને માત્ર દાન જ રહે, તે 'દાનધર્મ'! દાતા ઉભો રહે, ત્યાં સુધી દાનધર્મ ન થાય!

મંદિરે કાં તો ભગવાન રહે, કાં તમે રહો! બેઉ ભેગા ન રહી શકે. દેરાસરમાં તમે ભગવદ્રૂપ થઈને જાવ અને પછી પૂજા કરો, તો જ કામનું! ઘરના માલિક થઈને મંદિરમાં જાવ, તો કામ નહીં આવે. એ રીત સાચી નથી. એ માલિકીપણું બહાર છોડી દો. જિનાલયજીમાં આવે, ત્યારે રાજા-મહારાજાઓ સત્તાના ચિહ્નો બહાર છોડીને આવે છે ને, તેમ આવો! નિસીહી નિસીહી નિસીહી સંકેત છે દેખાડવાનો કે એ માલિકીભાવ મૂકીને આવે છે. પ્રભુ માલિક થાય, પછી વાત જ છોડી દો ને! બહુ મજા આવી જશે!

કુમારપાળ રાજાનો સેનાપતિ અંબડ-ઉદયનનો દિકરો. જબરદસ્ત પરાક્રમી! એને મલ્લિકાર્જુનને હરાવવા દક્ષિણે આંધ્રમાં મોકલ્યો. વિજય કર્યો. બહુ બુરી રીતે એને હરાવ્યો અને મરાઈ પણ ગયો. ૧૪ કરોડ સોનામહોર, વિષહરસુક્તિ, ઘોડાઓ, હાથીઓ આદિ બાદશાહનો ખજાનો લઈને એ પાછો આવ્યો ને ભેટ ધર્યું રાજાને!

રાજા કુમારપાળ તો ખુશ થઈ ગયા.
વિષહરસુક્તિ જેમાં નાખી હોય, એ ખાય કે ઝેર ઉતરી જાય!

એટલે એ અને હાથી-ઘોડા પોતાની પાસે રાખ્યાં,
પરંતુ જે રોકડી ૧૪ કરોડ સોનામહોરો તે લાવેલો,
એ અંબડને ઈનામરૂપે આપી દીધી.

અંબડે એ ૧૪ કરોડ સોનામહોરો લીધી અને ઘર તરફ ચાલ્યો, તો રસ્તામાં માંગણોના ટોળેટોળાં એટલા બધા મળ્યાં, કે ઘરે પહોંચતા પહોંચતા બધી સોનામહોરો ખાલી થઈ ગઈ! આ અમારા શ્રાવકો! વિજય કરીને આવ્યો, એ ખુશાલી દર્શાવવા બધી સોનામહોરો લોકોમાં વહેંચી દીધી પછી ફ્રી થઈ ઘરે પહોંચ્યો. કુમારપાળને આ વાતની ખબર પડી. તેઓ ગુસ્સે થઈ ગયા. મેં આપેલું કંઈ એને ઉડાડી દેવા માટે થોડું આપ્યું હતું? બોલાવ્યો મળવા અને કહ્યું કેઃ ‘આવું તો દાન હું યે નથી આપી શકતો, તું કોની હેસિયતથી આપે છે?’ એટલે અંબડે કહ્યુંઃ ‘એ તમે ન આપી શકો, કારણકે તમારો બાપ માત્ર ૧૨ ગામડીનો જ રાજા છે, જ્યારે આપ મારા બાપ તો ૧૮ દેશના ધણી છે.’

ભગવાનના ભક્તની ખુમારી ને ઉદારતા આવી હોય! માંગનારા મળે, એટલે આપ્યે જ છૂટકો થાય! બધું લુંટાવીને જ ઘરે જાય. (સભાઃ વાહ) કોણ લઈને આવ્યું છે ને કોણ લઈને જવાનું છે? આપણે ધણી છીએ એટલે ગણી ગણીને ફરીએ, પ્રભુ ધણી હોય ને, તો ગણવાનું જતું રહે.

ચડાવો બોલવા જાવ ત્યારે તમે હો. થોડીવારે તમે મટીને તમારી ઉપર ભગવાન સવાર થઈ જાય. ૫ લાખ નક્કી કર્યા હોય અને ૫ કરોડ બોલી આવો! કેમકે પછી પ્રભુ બોલતા હોય, તમે નહીં! ચડાવો મળે, ત્યારે તમને હોંશ આવે અને એમ થાય કેઃ ‘પાંચ

કરોડનો ચડાવો હું બોલ્યો?' 'હા! તું બોલ્યો! ભગવાન બોલ્યા!'

દાન સિવાય પરમાત્મા સાથેનો સંબંધ થતો નથી! દાન દ્વારા એક આત્મા સાથે સંબંધ થાય તો બધા સાથે થાય અને તો પરમાત્મા સાથે પણ સંબંધ થાય! દાન એક જ વસ્તુ એવી છે કે જે એકબીજાના પ્રેમને પ્રગટ કરે છે! બાકી શું છે, બોલો? છોકરીને પરણાવે ને ૨૫ કરોડનો દાયજો આપે, તો લોકોને થાય કે વાહ! શું એની દિકરી ઉપર એને પ્રેમ છે!

પ્રેમ હોય, ત્યાં વસ્તુની કિંમત નથી હોતી. બસ! પુદ્‌ગલની કિંમત ગઈ એટલે ચૈતન્યની કિંમત આવી! પ્રેમ એ ચૈતન્યનો સ્વભાવ છે. પુદ્‌ગલનો સ્વભાવ પ્રેમ નથી, 'છેહ દેવો' એ એનો સ્વભાવ છે. બરોબર સમયે જ એ દગો દઈ શકે છે. પ્રેમ ચૈતન્યનો સ્વભાવ છે અને ચૈતન્યનો સ્પર્શ એટલે પરમાત્માનો સ્પર્શ! પરમાત્મા કયારેય પણ આવીને સ્વયં સ્પર્શ કરતાં નથી, શકિત રૂપે સ્પર્શ કરે છે!

જેટલા તમે કાળા વાદળમાંથી ધોળાં વાદળ થઈ વરસીને ગયા હો, પછી પ્રકાશ કેટલો બધો વધારે રીફલેકટ કે પરાવર્તિત થાય? સૂર્યનો પ્રકાશ કાળા અને ધોળાં ઉપર પડે, તો ધોળાં ઉપર જ વધારે પરાવર્તિત થાય ને? આંખ આંજી નાખે, એટલું રીફલેકટ થાય ને? પ્રભુ તો આ આવે! તમારી તૈયારી નથી, તેથી પ્રતિબિંબિત નથી થતાં! તમે જેટલું આપીને જાવ, એટલા વાદળા તમારા ધોળાં! વાસના કાળી હોય, ભાવના ધોળી! ભાવના ભવનાશિની. ભાવના પ્રભુ સાથે પ્રેમ કરાવે. ચડાવો જેટલો મોંઘો મળ્યો હોય, એટલી પ્રભુની પૂજા વધારે વ્હાલી લાગે ને?

પાંચ જણાથી ચડાવાની રસાકસી થતી હોય અને છેલ્લે તમને ચડાવો મળી જાય, તો તમારી આંખમાં શું હોય? હર્ષના આંસુ હોય કે ગર્વ હોય? સભાઃ હર્ષના આંસુ. કો'ક ગાંડાને જ ગર્વ હોય! બાકી આનંદ અને હર્ષના આંસુ જ હોય!

અલ્યા પણ ૧ લાખ મણ બોલ્યો કે ૧૦ લાખ મણ બોલ્યો, તો સીધાં ૫૦ લાખ તારા ઓછાં થયાં અને છતાં તું ખુશ? 'અરે... ભગવાન મારામાં આવ્યા ને મને અડયાં ને? બસ, એની ખુશી છે! મારી શું હેસિયત હતી કે હું બોલી શકું? આટલું મોટું બોલવાની હેસિયત તો ભગવાનની જ હોય!'

પ્રભુ તો તૈયાર જ છે આવવા માટે! એટલે ખરેખર તો પ્રભુ જ પ્રભુને પૂજતા હોય છે! આપણી તો હેસિયત પણ શું કે એમને પૂજી શકીએ? જો એ કહે કેઃ 'I am ready', તો આપણે ય કહી શકીએ ખરાં કે 'I am also ready?' ના. એટલે જ પ્રભુ કહે છેઃ 'હું તૈયાર છું પણ તમે તૈયાર નથી! તું અનાદિ નિગોદમાંથી નીકળ્યો, ત્યારથી તને મળવા તૈયાર છું ને તારી રાહ જોઉં છું.'

અમારે ત્યાં ડીસા તરફ જરા જૂદો રિવાજ છે, જેમાં છોકરી જાન કાઢે અને લગ્ન કરવા સીધી સાસરે પહોંચી જાય. મોક્ષનગર એટલે આપણું સાસરું. આપણે શિવ યાને પ્રકૃતિ, પુરુષ યાને પરમાત્મા. પ્રકૃતિ એટલે સ્ત્રી. કર્મપ્રકૃતિથી બદ્ધ એવા દરેક આત્મા સ્ત્રી જ છે, કેમકે અવનવા કર્મનું સર્જન તે કર્યા જ કરે છે.

સર્જન કરવું, તે સ્ત્રીનો ને વિસર્જન કરવું તે પુરુષનો સ્વભાવ છે.

તમે કર્મનું સર્જન કરો છો, માટે આખા વિશ્વમાં દરેક સ્ત્રી જ છો. પુરુષ કોઈ છે જ નહીં, સિવાય પરમાત્મા! બાકી બધા સ્ત્રી છે અને ત્યાં પહોંચવાનું છે.

જે પ્રભુના છે એની સાથે લેણ-દેણનો સંબંધ રાખો. પ્રભુના કોણ? જે તમારી ઓળખાણના ન હોય એ. નાત, સંઘ કે મનુષ્યો, જે તમારી ઓળખાણના ન હોય, એ બધા જ પ્રભુના. એ બધા સાથે જે સંબંધ બાંધો, એનું જ નામ સાચો દાનધર્મ!

આચાર્ય મહારાજ પધાર્યા છે, શાસનના પ્રભાવક છે, તો તમે બહુ મજાનું સામૈયું કર્યું. પહેલી જ વાર તમે એમને જોઈ રહ્યા હતા કે મારા પ્રભુના શાસનના કેવા સરસ પ્રભાવક છે! હવે બીજું દ્રશ્ય. આચાર્ય મહારાજ પધાર્યા છે. છોકરાએ તેઓ પાસે દીક્ષા લીધી છે અને તમે સરસ સામૈયું કરો છો. તો એ સંસારી થઈ ગયું અને પેલું સામૈયું ધાર્મિક થયું! અહીં સંબંધ સાચવો છો સંસારનો - વ્યવહારનો. ત્યાં સંબંધ સાચવો છો પરમાત્માનો. આ ફરક!

શ્રાવક તો શ્રાવિકાને ય પહેલા આત્મા તરીકે જૂએ,
પછી સ્ત્રી કે શરીરરૂપે જૂએ કે ઘરવાળી તરીકે જૂએ.

નિશ્ચયથી તો બધા આત્મા જ છે, વ્યવહારથી ભલે તમારી પત્ની હોય! સાચો શ્રાવક નિશ્ચય દ્રષ્ટિથી વ્યવહાર પણ પાળે. સૌમાં પરમ ચેતના વિલસી રહી છે, તેથી કદાચ સ્વભાવની વિચિત્રતા છે તો કર્મજન્ય છે, એ જીવની નથી! એવી સમજણ સાચા શ્રાવકમાં હોય. એટલે કોઈ જીવ તરફ એને જરા પણ અણગમો ના હોય. બસ, એની ચેતના તરફ જ ધ્યાન હોય! તો એ તમારો સંસાર પણ ધાર્મિક થઈ ગયો, કેમકે વચ્ચે પ્રભુ આવી ગયા ને? માટે.

સાધર્મિકતાનો સંબંધ પ્રગાઢ થાય ને, તો કદાચ દસ-દસ ભવ સુધી પણ ભેગા જ રહેવાનું બની શકે. એટલે સાધર્મિકનો સંબંધ ન તૂટે. હા, પતિ-પત્નીનો સંબંધ તૂટી શકે. શરીરના લેવલનો સંબંધ શરીરના અંત સાથે જ સમાપ્ત થઈ જાય! જ્યારે ચેતના સાથેનો સંબંધ ઘણીવાર ઠેઠ મોક્ષ સુધી ચાલે! બંને એકબીજાના સહયોગમાં ઠેઠ મોક્ષ સુધી ચાલ્યા જાય!

દિકરાને ય તમે એ રીતે જ જૂઓ. દિકરો મનુષ્યજન્મ પામ્યો છે, જેનું લક્ષ્ય ધર્મ અને મોક્ષ પામવાનું છે. એટલે સૌથી પહેલું એને એ જ મળવું જોઈએ. જ્યાં સુધી એને એ ન મળે, ત્યાં સુધી એનો સંસાર એને અનુકૂળ ચાલતો રહેવો જોઈએ. આ ચિંતા કરો, તો તમે શ્રાવક! ધંધા-ધાપાની, લગ્ન-વ્યવહારની, સંસારની બધી ચિંતા એની માટે કરો છો. એક ભવની આટલી ચિંતા કરતા હો, તો જન્મજન્માંતર સુધી જે ચાલે, એ ચિંતા તમે કેમ ન કરો?

ધર્મ-મોક્ષ પામવાના સાચા ઉપાયો હોય, એ જ કરો. મા-બાપ ગમે તેટલા ગ્રેજ્યુએટ હોય, છોકરાંને ઘરે ભણાવે કે શાળાએ મૂકે? શાળાએ. હા! એ ઠીક કે લેસન કરાવી આપે, પણ એને ઘરમાં ન રખાય, ગુરુ પાસે મૂકાય. બાળકને ધર્મ આપવાનો ઈજારો ગુરુનો, ધર્મને અનુકૂળ વાતાવરણ આપવાનો ઈજારો તમારો, પણ ધર્મ આપવાનો નહીં! ગમે તેવો ભણેલો હોંશિયાર બાપ 'સર્ટિફિકેટ' આપી શકે? (સભાઃ ના) એ તો સ્કૂલ જ આપે.

એક છોકરો સાવ નાસ્તિક. ભગવાનનું મોઢું પણ ના જૂએ અને બાપ અષ્ટપ્રકારી પૂજા કર્યા સિવાય મોઢામાં પાણી પણ ન નાખે.

છોકરો મંદિરમાં યે ન જાય અને બાપ વિચાર્યા કરે કે હવે શું કરું? એટલે એણે દરવાજા ઉપર જ ભગવાનનું શિલ્પ મૂકી દીધું કે આવતાં-જતાં દર્શન કરે. તો છોકરો યે મહાગીલીન્ડર! આમ જ નીચે જોતો હાલ્યો આવે. ઉપર ભગવાન છે, તે દેખાય જ નહીં!

બાપે જોયું કે આ તો હજુ ગરબડ છે.
દરવાજો મોટો હતો, પણ એ છોકરો ભગવાનને માથું નમાવે, એટલે ખિડકી એટલી નીચી કરી કે સામેથી આવે, ત્યારે ભગવાન દેખાય જ અને નીચો નમીને અંદર આવે, એટલે વંદન થઈ જાય!

બાપ હિતકારી હતો એટલે એણે એ રસ્તો કર્યો.
દિકરો હવે નમે નહીં, તો તેનું માથું ફૂટી જાય,
એટલે વગર ઈચ્છાએ એને નમતો અને પ્રભુને જોતો કર્યો!

દિકરો મરીને સમુદ્ર માછલું થયો. વૃત્તિ મુજબ બીજો જન્મ થાય. હવે સમુદ્રમાં છે ને એક બલોયાના અને બીજા જૂના જમાનાના નળિયાના, આ બે જ આકારના માછલા ન હોય, બાકી બધા આકારના માછલા હોય. પદ્માસનસ્થ જિનપ્રતિમાના અને કાયોત્સર્ગ પ્રતિમા જેવા આકારના યે માછલા તેમાં હોય. એવા માછલા એણે જોયા અને નેગેટીવલી યે પેલા ભગવાન રોજ દેખાતા હતા ને, એના યે સંસ્કાર અંદર પડેલા. વળી એ સંસ્કાર વધારે દ્રઢ હોય!

તમને જેની ઉપર પ્રેમ હોય, તેને ચોવીસે કલાક ન યાદ કરો પણ દુશ્મનને ચોવીસે કલાક યાદ કરો, એક મિનિટે ય ન ભૂલો એને. એનું સ્મરણ તમારા મનમાં સતત ચાલ્યા જ કરે!

એ રીતે એણે આ ભગવાનને જોયા. જેવા ભગવાનના આકારના માછલા જોયા કે અંદર હલચલ ચાલી કે આવું ક્યાંક જોયું હતું! આવું ક્યાંક જોયેલું! એમ વિચારતાં જાતિસ્મરણ જ્ઞાન થઈ ગયું અને યાદ આવ્યું કે બાપાએ આ રીતે ધરાહર પ્રભુ દેખાડેલા.

વિચાર્યું: 'અરે, હું માનતો હતો કે પરલોક નથી પણ આ તો છે! હું તો માછલાંમાં આવી ગયો પણ હવે આ દુનિયામાં મારાથી આવી રીતે તો જીવાય-રહેવાશે નહીં, તો હવે હું શું કરું? ત્યાં જ ગયા જન્મના મા-બાપે મારી-મારીને જે નવકાર શીખવાડેલો, એ યાદ આવતાં ખાવા-પીવાનું છોડી દઈ નવકારના ધ્યાનમાં લીન થઈ ગયો. મરીને પાછો સીધો સદ્‌ગતિમાં આવી ગયો! એટલે બાપ છે ને, આ રીતે લાંબે ગાળે પણ છોકરાનું ઠેકાણું પડે, એનું આયોજન કરી શકે. પ્રભુ પ્રત્યે પ્રેમ હોય અને દિકરાને પણ પ્રભુ મળે, એવો વિચાર હોય, તો ટક-ટક કર્યા વિના જ એ બાપ એની ટ્રીટમેન્ટ કરી નાખે, જેનું ગમે ત્યારે પણ ફળ જરુરથી મળે.

એટલે પાયામાં શું? દાન! બસ... આપવું જ.

છોકરો ઠેકાણે આવી જાય અને ધંધો સંભાળી લે, ઘડપણમાં મારી સેવા કરે વગેરે જેવી કોઈ અપેક્ષા સાચો શ્રાવક રાખે નહીં!

'સવ્વે જીવા કમ્મવસા' દરેક જીવો પોતાના કર્મને વશ છે. જે ઘટનાઓ બને છે, એ પોતપોતાના કર્મો અનુસાર જ બને છે. કોઈના કર્મને બદલવાની તાકાત આત્મા અને પરમાત્મા સિવાય કોઈમાં નથી. પોતાના કર્મને કાં તો આત્મા પોતે બદલી શકે યા તો પરમાત્મા બદલી શકે. એટલે કોઈના કર્મ બદલવાની ચેષ્ટા

બહુ ન કરવી. કર્મ બદલાય, એવા આલંબનો એને મળી રહે, એ માટેનો પુરુષાર્થ વિચારી શકાય ખરો! દાન જેના રોમેરોમમાં પ્રવેશી ગયું હોય, એ જ આટલું બધું લાંબુ વિચારી શકે.

જે દરેક વસ્તુને પોતાના નૈતિક ફાયદા માટે જ જોતો હોય, એવા જે વ્યાપારી-સોદાગરો છે, એને 'મન' આપવું, એ વસ્તુ આપવા કરતાં યે અઘરું છે! બહુ કંજૂસ છે માણસ, પણ સામાને મન આપવું, ધન્યવાદ આપવો, સામાને આનંદ થાય, તેવું જ બોલવું.

ભિખારી પણ જો આવ્યો હોય તો કહેવુંઃ

'ભાઈ પધારો! ખાલી હાથે ન જતાં. કંઈ લઈને જ જજો.' મતલબ કે નોકરો કે ભિખારી - બધા સાથે આદરથી જ બોલવું.

'કલ્પસૂત્ર'માં સાંભળો જ છો ને કેઃ રાજા-રાણી વાત કરે, ત્યારે એકબીજાને કેટલા આદરથી બોલાવેઃ 'દેવાનુપ્રિયા!' 'દેવાનુપ્રિય!' વળી એકબીજાની વાત કોન્સીયશલી સાંભળે. વચ્ચે બોલતાં નથી. રાજા જે બોલે છે, તે પહેલા રાણી પૂરેપૂરું સાંભળી લે. જેથી રાજાને feel થાય કે પત્નિનું ચિત્ત મારી વાત સાંભળવામાં જ છે! પછી રાણી જયારે ઉત્તર આપે, ત્યારે કેટલો પોઝીટીવ આપે! આ બધું દંડક પ્રકરણમાં છે. કોઈને ય આપણાંથી ઓછા આંકવા નહીં!

મન, વચન અને કાયા દ્વારા તમારી ભૂમિકાને ઉચિત કંઈ પણ સેવા કરો. શેઠ નહીં થઈ જવાનું. જે થાય, એ કરો. સંઘજમણ હોય, તો જેની જેવી શકિત હોય એ પ્રમાણે છોકરાંઓ યે પીરસતા હોય અને નગરશેઠ પણ પીરસતા હોય. છોકરાંઓ મોટા વાસણમાં વાનગી લઈ પીરસવા માટે દોડાદોડી કરતાં

હોય, તો શેઠ પાપડનો થાળ લઈને ભલે ફરતાં હોય. એમનાથી એટલું જ ઉપડે એવું, પણ ફરે ને બધાને આપી આદર કરે. સૌ સાચું બોલો, સાધર્મિક વાત્સલ્ય એમ સંઘના આદરરૂપે થાય છે ખરું? (સભાઃ ના જી.) એટલે એ દાન છે જ નહીં. આવી પડ્યું છે માથે એટલે ઉતારી લો. અહોભાવ જે જોઈએ, એ આપવાના ભાવ સિવાય ન આવે.

હું જામનગર હતો. એ સમયે રૂપિયો, ૮ આના કે પાવલીની પ્રભાવના થાય. એ વખતે એ ય ઘણી કહેવાતી! વ્યાખ્યાન પછી શેઠ ઉભા હોય વાતોમાં અને અચાનક ધ્યાન જાય, એટલે પેલા પ્રભાવના આપનારને કહેઃ ‘અલ્યા, મારી પ્રભાવના બાકી છે હોં.’ અમે શેઠને પૂછીએઃ ‘અરે, તમારે શેની કમી છે કે તમે પ્રભાવના માંગો છો?’ તો જવાબ મળેઃ ‘જૂઓ મહારાજ સાહેબ, આપનારની ઈજ્જત કરવી ને, તે ય વિવેક છે. હું શેઠ છું, એટલે આપનારને શું મારે નીચો માનવાનો? હું નહીં લઉં, તો કાલે બીજો ય નહીં લે કે હું યે મોટો છું, તો દાતાની ઈજ્જત શું?

અને નંબર બેઃ એ આપે છે અને હું નહીં લઉં, તો હું આપીશ, ત્યારે કોણ લેશે? મેં કોઈનું લીધું હશે, તો મને લેનાર મળશે! એટલે હું લેવા માટે માંગતો નથી પણ મારા આપવાના દરવાજા ચાલુ રહે, માર્ગ ખૂલ્લો રહે, એ માટે માંગુ છું. આ તો સંઘની પ્રસાદી છે અને એમાં અમે બધા અહીંયા એકસરખા છીએ. કોઈ મોટું-નાનું નથી. પ્રભુના દરબારનો આ ભાવ છે.’ આ મનની ઉદારતા છે. સામાન્યમાં સામાન્ય માણસની પણ પ્રભાવના પ્રેમથી માંગીને પણ લઈ લેવી, તો પેલાનો હોંસલો કેટલો વધી જાય! કે

વાહ! શેઠે સામેથી માંગીને મારી પ્રભાવના લીધી! અરે... એને તો આનંદ આનંદ થઈ જાય.

**લેનાર જ મહાન છે, આપનાર નીચે છે.**
**લેનાર જ ન હોય, તો આપનાર કોને આપશે?**

કાયપૂન્નેઃ આપણે પોતે વહોરાવવું, આપણે પોતે વસ્તુઓ લાવીને મૂકવી. બધું નોકરો હસ્તક નહીં રાખવાનું. કાયાને ય ઘસવાની અને પ્રભુ માટે તો આપણે જ બનાવીને લઈ જવાનું.

**એનો એક પ્રસંગઃ**

સન્ ૧૯૬૫ની વાત. મારે એકવાર દવા માટે મોતીની જરૂર પડી. ત્યારે જામનગર જ હતો, એટલે ત્યાંના અમૃતલાલ શેઠે બસરાથી મોતી મંગાવ્યા. એ જમાનામાં ૪૦૦૦ રૂ.ના મોતી આવ્યા. પછી એકવાર હું તેમના ઘરે ગયો, તો એ પોતે મોતીને ઘૂંટવા બેઠા હતા.

મેં પૂછ્યુંઃ 'અરે શેઠ, તમે પોતે ક્યાં આ ઘૂંટવા બેઠા?' જવાબ મળ્યોઃ 'અરે સાહેબ, તમને જરૂરી દવા હોય, તો હું નોકર પાસે થોડી જ તો ઘૂંટાવું? નોકરમાં શું પ્રેમ કે આદર હોય, જે મારામાં હોય? હું ઘૂંટીશ, પછી મારો છોકરો ય ઘૂંટશે અને મારા દિકરાની વહુ પણ ઘૂંટશે. અમે ત્રણે ભેગા મળીને ઘૂંટીશું ને તમને દવા તૈયાર કરીને આપીશું.' પૈસાથી ઘૂંટાવીને આપવાવાળા તો હોય, હાથે ઘૂંટીને આપવાવાળા બહુ થોડા હોય! વળી વિવેક પણ કેવો? જબ્બરદસ્ત! હું ત્યારે ય વાતોડીયો! તો વાતોમાં ચડી જઈએ. અમૃતલાલ શેઠ ૮૦ના ને હું ૨૦ વર્ષનો!

એકવાર ઉપાશ્રયમાં અમે વાતોએ ચડી ગયા, ત્યાં શેઠ બોલ્યાઃ ‘સાહેબ, હું થોડીવાર તો ઉભો રહ્યો, પરંતુ આ ઘરડા માણસ ઉપર હવે દયા કરશો? આપ સ્ટૂલ ઉપર બિરાજો, તો હું ખુરશી ઉપર બેસું. આપ ઉભા હો, તો હું કેવી રીતે બેસી શકું?’ પોતે જ સ્ટૂલ લઈ આવ્યા ને મને બેસાડયા પછી જ પોતે બેઠાં!

વળી એકવાર સાંજે પશ્ચિમના બારણા પાસે હું અને એ બેઠેલા. સૂરજ ઢળવા માંડયો કે મારા મોઢા ઉપર તડકો આવવા લાગ્યો. એ મારા ને તડકાની વચ્ચે ઉભા રહી ગયા. થોડીવારે મેં પૂછ્યુંઃ ‘તમે કેમ ઉભા થઈ ગયા? તમે થાકો નહીં, એટલે જ હું પહેલેથી બેસી રહેલો.’ તો કહેઃ ‘સાહેબ, આપના ઉપર તડકો આવતો હતો. એ કેમ ચાલે? એટલે એની આડે ઉભો છું.’ મેં તરત કહ્યુંઃ ‘મહેરબાની કરીને તમે બેસો પહેલા. ચલો, આપણે બીજે કયાંક બેસીએ. તમારે ઉભા રહેવું પડે એ ઠીક નહીં.’ મુખ્ય વાત છે આદરની, જે ખાનદાનીથી આવે, તે શીખડાવ્યે ન આવે.

દાન સહજ છે. તમે કેટલી યે ઊંચાઈ ઉપર પહોંચો, ત્યારે ઠેઠ દાન શરૂ થાય. શીલ ને તપ પહેલા આવી જાય, ભાવ ના આવે. ભાવ તો દાન સાથે જ જોડાયેલો છે. ભાવ કહેશેઃ દાન આવે, તો હું આવું! નહીંતર હું ન આવું. આજે બધું ત્યાગ કરવાવાળા મળી જશે, પણ દાન કરવાવાળા નહીં મળે. ઉપરાંત એવા આદર આપનાર પણ નહીં મળે, જે મન-વચન-કાયાથી આદર આપે!

લોકોત્તરમાં ધાર્મિક જીવોને દાન - લૌકિકમાં જીવમાત્રને દાન!
એક વખત આપતાં શીખી જશો, પછી જ ધર્મનો પ્રારંભ થશે.
એ પછી નિશ્ચિતપણે વધારે ભવ નથી જ.

અરે... ગુરુ મહારાજ તો એમ પણ કહેતા કેઃ
'દાનની વાત જેને ગમે, એ આત્મા નિકટભવી જાણવો!
જે દુર્લભભવી હશે, એને એવું જ લાગશે કેઃ
'આ મહારાજ ઠીક બેઠાં બેઠાં ગપ્પા મારે છે! આ બધું કાંઈ થોડું વહેવારીય છે?' સહેલું નથી, પણ એક વાત નક્કી જ છે કે સાધુ ને જોઈને ખુશ થનારો વર્ગ હિંદુસ્તાનમાં બહુ મોટો છે.

હું અને યશોવિજય એકવાર ૬૦થી ૭૦ સાધુ સાથે વિહારમાં હતા. રોડ ઉપર ક્યારેક ક્યારેક ટ્રકોની એકેક કિલોમીટર લાંબી લાઈન ઉભેલી જોતાં. અમે એમને પૂછીએઃ 'ભાઈ, તમે કેમ ઉભા છો? એક્સીડન્ટ થયો છે કાંઈ આગળ?' જવાબ મળતોઃ

'નહીં સા'બ, આપ કા ઈતના બડા કાફલા હૈ ના,
તો અગર હમ ધમાધમ જાયેં, તો આપ કે ઉપર ધૂલ ઉડે,
તો હમેં કિતના પાપ લગે!
ઈસલિયે જબ તક આપ કા પૂરા કાફલા પાસ નહીં હોગા,
તબ તક હમ નહીં ચલેંગે.' કેવો વિવેક! પ્રભુના વેશને માન છે! અમે પગના ઢીલાં પહેલેથી થઈ ગયેલા, તેથી માણસ સાથે હોય. કેટલાયે અજૈનો રસ્તામાં મળે. અમારા સહાયકોને જોઈને બોલેઃ 'વાહ, ગુરુ મહારાજ કી સેવા કરતે હો. ઈન કો લેકર ચલતે હો.' અને પછી ૧૦૦/૨૦૦રૂા.આપતા કહેશેઃ'લો, સેવા અચ્છી તરહ સે તુમ કરના હં..' મને ખ્યાલ છે, ત્યાં સુધી એ વખતે વિહારમાં મારા માણસને રૂા. ૨૦,૦૦૦/- મળેલાં. (સભાઃ ઓહોહો...)

**પૂ. આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ એ બાજુ મહાત્માઓ ઓછા વિહરે છે, એટલે આટલો બધો સરસ ભાવ છે?**

ઉત્તરઃ લોકોમાં યોગ્યતા છે, માટે આવો ભાવ છે! (સભાઃ હાસ્ય) ક્ષેત્રનો પણ પ્રભાવ હોય. મુંબઈ જેવા ક્ષેત્રમાં જાય, તો ઉદાર થઈ જાય અને ગામમાં ઉદાર હોય, તે અમદાવાદમાં આવે, ત્યારે કંજૂસ થઈ જાય. (સભાઃ હાસ્ય) આ કહેવાય ક્ષેત્રજન્ય પ્રભાવ.

આમ તમે બધે ઠંડા ઠંડા હાલતા હો, પણ પાલીતાણામાં જેમ જેમ ચડતા જાવ, એમ એમ ગરમી વધતી જાય અને પછી તો એક જ ઉત્સુકતા હોય કે ક્યારે દાદાના દરબારમાં પહોંચું? બીજે ક્યાંયે એ વખતે ધ્યાન હોય? પહોંચ્યા પછી અમારે સાધુઓને ય ધ્યાન ન હોય ને કે વચ્ચે કોણ છે અને કોણ નહીં? એ ખબર જ ન પડે, જાય ફટાફટ. જે વચ્ચે આવે, એને ખસેડતાં જાય, કેમકે નજર સામે માત્ર ભગવાન જ હોય! એ ક્ષેત્રજન્ય પ્રભાવ જ ને?

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો આપણી ઉપર પ્રભાવ પડે.

આ ભાવની વાત ચાલે છે કે પ્રભુ સાથે સંબંધ કરવો હોય, તો કઈ રીતે કરવો?

જીવમાત્રમાં પરમાત્માને જે જૂએ અને નિઃસ્વાર્થ ભાવે સામે જે આવે, એનો આદર કરે એ રીતે! ભલે ગોતવા ન જાય.

અરે... જ્યારે મળે, ત્યારે લાભ લઈ લેવો.

રોજ કરવા નથી કહેતો, પણ જ્યાં અવસર મળે કે કોઈ લેવાવાળો આવ્યો, તો ફટ કરીને આપી દીધું. આદત હશે, તો આવું થશે. એકવાર હું આબુ ગયેલો. આ મહારાજ અને હું, અમે બે હતા. અમે પાછા ફરતા નીચે ઉતરતા'તાં, ત્યાં જ આડે લાકડે બસસ્ટેન્ડે પહોંચ્યા. એ જમાનામાં એક છોકરી અને એનો વર, બંને પેન્ટ-સૂટમાં. આજથી લગભગ ૪૦ વર્ષ પહેલાની આ વાત, ત્યારે એ દ્રશ્ય કેવું લાગે? એકદમ બોલ્ડ અને આધુનિક! છોકરી મને દૂરથી

જૂએ અને પછી પતિને કહેઃ'જૂઓ, જૂઓ.. મહારાજ સાહેબ જાય છે! ચાલો ત્યાં.' એ ભૂલી ગઈ કે શું પહેરીને ઉભી છે!

પતિને પકડીને લઈને આવી. વંદન કર્યા. પછી કહેઃ 'સાહેબ, કંઈક લાભ આપશો?' અમે પૂછ્યુંઃ 'શું છે તમારી પાસે?' 'મિઠાઈ અને બીજું ય છે.' અમે કહ્યુંઃ 'સારું. આપશું લાભ.' તરપણી ખૂલ્લી હતી. પછી એણે જ્યારે વહોરાવ્યું ને, ત્યારે વહી એની આંખોમાંથી આંસુની ધાર! 'અરે, અહીં હનીમૂન કરવા આવી હતી અને પહેલા જ ગુરુ મહારાજ મળી ગયા! મને લાભ મળી ગયો ખાધા પહેલા જ! કલ્પના જ ન આવે કે આબુમાં આવી રીતે ફરવા જઈએ અને ગુરુ મહારાજ મળી જશે રસ્તામાં!' હવે હું એનો વેશ જોઉં કે એના ભાવ? આ સંસ્કારો હતા ઘરના.

મારા ગુરુમહારાજે તો કોઈના યે વેશ સામે ક્યારેય જોવાની, એની માથાફોડીમાં પડવાની ના જ પાડી છે! એનું ચિંતન પણ નહીં અને એની ચર્ચા યે નહીં! એના બાપને ઠીક લાગે, એવું એ પહેરે, એમાં મારું કે તારું શું જાય છે?

૫૦ વર્ષ પૂર્વ એક વાર એક ૨૫ વર્ષની છોકરી ફ્રોક પહેરીને ગુરુ મહારાજ પાસે આવી. મેં સાહેબ સામે એ જોવા કે નજર કરી કે સાહેબ આને કાંઈ સંભળાવે છે? પણ સાહેબ તો કાંઈ બોલ્યા જ નહીં! એની સાથે આરામથી વાત કરી અને પ્રશ્નોના જવાબ આપ્યા. પછી છોકરી તો ગઈ! મેં કહ્યુંઃ 'સાહેબ, આ છોકરી કોણ હતી?' તો તેમણે હસતાં-હસતાં કહ્યું કેઃ 'જિતેન્દ્રની છોકરી હતી.' જિતેન્દ્ર એટલે સાહેબનો દિકરો. સાહેબની જ સંસારી પૌત્રી હતી.

'પણ સાહેબ, એણે આવું પહેરેલું ને તમે એને કાંઈ કીધું નહીં?'
'એ અહીં આવી, એ જ ઘણી મોટી વાત છે. એણે શું પહેરેલું, એની પંચાત મારે શું? ગમે તે પહેર્યું, પણ અહીંયા આવી તો ખરી કે નહીં? આપણી પાસે આવી, તો એનો ધન્યવાદ જ કરવાનો! કંઈક કહીએ, તો બીજી વાર આવતી જ બંધ થઈ જાય! પણ એના બાપને જે ઠીક લાગતું હશે, એ કરાવતો હશે. હવે એ વિષય જિતેન્દ્રનો છે, મારો નથી! હું તો ઘર છોડીને આવ્યો છું ને? આ વિષય મારો છે જ નહીં કે એ શું પહેરે છે? શું કરે છે? શું ભણે છે? મને કાંઈ ખબર નથી! જિતેન્દ્ર શું કરે છે? એની છોકરીઓ શું ભણે છે, એના લગ્ન થયાં છે કે નથી થયાં, એ બાબતો સાથે મારે કાંઈ લેવા-દેવા જ નથી. સાધુ આવી પંચાતમાં પડે જ નહીં. એમ નેગેટીવ રીતે ય એનું ધ્યાન ન કરે!'

એક છોકરી નહેરમાં ડૂબતી હતી અને બૂમો પાડતી હતી કેઃ બચાવો... બચાવો. બે સાધુ જતાં હતા, ત્યાં આ બૂમ આવી. એમાં જે એક નાના સાધુને તરતા આવડતું હતું, એ સીધો જ પડયો નહેરમાં અને પેલીને ઊંચકી લાવીને મૂકી બહાર. છોકરી હતી અપ્સરા જેવી! સાધુએ તો ડૂબતી બચાવીને બહાર મૂકી અને રવાના થઈ ગયાં, જેમ મજૂર પોટલું મૂકીને રવાના થાય એમ!

રસ્તામાં જે સાધુ એની સાથે હતા, તે કહેઃ 'અરે! યે તો ગજબ હો ગયા! આજ સ્ત્રી કા સ્પર્શ હો ગયા તેરે કો! તુમ તો ઉસ કો બાહોં મેં ઉઠાકર બહાર લાયા! તેરે બ્રહ્મચર્ય મેં ગરબડ હો ગઈ!' રસ્તામાં આ વાત એક...બે...ત્રણ કિલોમીટર સુધી પેલા સાધુ કરતા રહ્યા. પછી પેલા નાના સાધુએ કહ્યું કેઃ 'મહારાજજી, એક

બાત કહું?' 'હાં કહો!' 'મૈં તો ઉસ કો વહીં પર છોડ કે આયા, આપ અભી ભી ઉઠાકર ચલ રહે હો!' (સભાઃ હાસ્ય)

ગુરુ મહારાજ કહેતાઃ 'આ આપણો વિષય જ નથી. એ રીતે પણ એનું ધ્યાન ન કરવું. નેગેટીવલી પણ એ વસ્તુનો વિચાર ન કરવો. આજે જેની સામે તમારું નકારાત્મક વલણ છે, તે કાલે વળી સ્ત્રી સામે પોઝીટીવ થશે, કારણકે દરેક નેગેટીવનું પોઝીટીવ થતું જ હોય છે. એટલે ઉપેક્ષા જ કરવી. એની સામે ઔદાસિન્ય જ રાખવું. આની પંચાત જ નહીં કરવાની.'

પછી એમણે ઉદ્ભટ વેષ વિષે બીજી એક બહુ સરસ વાત કરેલીઃ 'જે દેશમાં જે વેષનો રિવાજ હોય, એ પહેરે, તો ઉદ્ભટ વેષ ન ગણાય અને જે દેશમાં રિવાજ ન હોય, તે કાંઈ નવો વેષ પહેરે તો કહેવાય! જરાકે ય લોકોની નજર ખેંચાય અને વિચારેઃ અરે... આ વળી નવું કોણ આવ્યું? એ ઉદ્ભટ વેષ ગણી શકાય.'

અમારા મારવાડમાં છે ને બહેનોના કાપડાં એવા જ હોય છે, જેમાં પાછળ ખૂલ્લું હોય (બેકલેસ), માત્ર દોરી જ બાંધેલી હોય. તો એ તો ડ્રેસ છે ત્યાંનો. એમને ઉપર સાડી પણ ન હોય. પેટ પણ અડધું ખૂલ્લું જ હોય. ઢંકાય-ન ઢંકાય એવું. આ ત્યાંનો પરિવેશ છે, તો એને ઉદ્ભટ ન કહેવાય.

**હવે છેલ્લું નમસ્કાર પુન્યઃ**

**મેં કાલે પણ કહેલું કેઃ બધું જ કરવા છતાં પણ**
**'બધું પ્રભુએ જ કરાવ્યું છે, મેં નહીં'**
**એમ વિચારવું, તે નમસ્કાર.**

જજ ફાંસી આપે, તો જજે ફાંસી આપી કહેવાય કે કાયદાએ આપી કહેવાય? (સભાઃ કાયદાએ ફાંસી આપી કહેવાય.) જજ ચુકાદો આપે, અને પછી ગુનેગાર ફાંસીથી મરે, તો એના સગા યા વહાલા સુપ્રીમ કોર્ટના એ જજને મારવા જાય? ના. કારણકે એમને ખબર જ છે કે જજના મનમાં કર્તૃત્વભાવ નથી! બસ, કર્તા મટીને તમે ય લક્ષ્યના બની જાવ, એ નમસ્કાર પુન્ય.

આ નવમું અને છેલ્લું પુન્ય છે. પ્રભુને નમસ્કાર.

આખું વિશ્વ પ્રભુનું-પ્રભુમય છે. વિશ્વરૂપ એવા પ્રભુને નમસ્કાર. આપણે એના જ એક અંશ છીએ. વ્યક્તિ નથી, એક બિંદુ છીએ. પણ સમુદ્રમાં વિલીન બિંદુ, તેથી ત્યાં વ્યક્તિત્વનું ય બિંદુ નથી. એ પ્રવાહમાં એકાકાર થઈને પ્રભુમય-એકાકાર થઈ જવું, તે જ છે નમસ્કાર. તમારું કર્તૃત્વ અને વ્યક્તિત્વ - બધું જ વિલીન!

નવકારના જાપ પણ એનું સાધન જ છે.

પાંચે પરમેષ્ઠિ અરિહંત પરમાત્માના જ અંશ છે. અરિહંતો જેમ પાંચ કલ્યાણકમાં છે, તેમ પંચપરમેષ્ઠિ અરિહંત પરમાત્મામાં છે. અરિહંત જો ન હોય, તો સિદ્ધ પણ ન હોય. બધામાં અર્હદ્ ચેતનાનો અંશ - પ્રવાહ હોય જ છે! ચાહે ૧૦ વોલ્ટેજ, ૧૦૦ વોલ્ટેજ કે લાખ વોલ્ટેજનો બલ્બ હોય, પણ તેના પ્રકાશમાં કાંઈ ફરક? વોલ્ટેજ સિવાય લાઈટમાં કાંઈ જ ફરક નથી.

ગુરુ મહારાજ ઘણીવાર કહેતાઃ ‘अरिहंतमयं विश्वं।’ આખું વિશ્વ અરિહંતમય છે, એટલે જ એક બાળક જે બહુ બુદ્ધિવાળું છે, એના સિવાયનું આખું વિશ્વ છે ને, એ આપવાના જ સ્વભાવવાળું છે.

કોઈ વૃક્ષને ક્યારેય પોતાની છાંયાનો લાભ લેતું જોયું? પોતાનું ફળ ખાતું જોયું? કોઈ ગાયને પોતાનું દૂધ પીતી જોઈ? ધરતી પોતાનામાં વવાયેલા બીજ ખાઈ ગઈ હોય, એવી જોઈ? બધા જ પરોપકાર આત્માના વિશ્વ ઉપર ચાલે છે. અરસપરસ परस्परोग्रहा जीवानां। બધા એકમેકને ઉપગ્રહ કરી જીવન આપે છે. આપવું એ જ પ્રકૃતિ છે આપણી, સંઘરવું એ અપ્રાકૃતિક છે. સમગ્ર પ્રકૃતિ આપવામાં જ રત છે, તો આપણે શેનું સંઘરવું છે?

વાત છે ધણી થવાની અને આહાર, ભય, મૈથુન, પરિગ્રહની. એ જ તમને ડરાવે છે, બાકી ગમે તેટલું ભરીલો પાણી નદીમાંથી, એથી કાંઈ નદી ખાલી થવાની ખરી? પણ એ જ પાણીને ડેમ બાંધીને રોકી દો, સંઘરો, તો નદી સુકાવાની ખરી? હા. આપવાનું બંધ થયું એટલે આવવાનું બંધ થયું. આપવાનું ચાલુ રહે, ત્યાં સુધી જ આવવાનું યે ચાલુ જ રહે! આ પ્રકૃતિનો નિયમ જ છે.

પરમાત્માની આજ્ઞાઃ 'જે તમને અપ્રિય છે, તે કોઈની પણ સાથે આચરણ કરવું નહીં અને તમને જે પ્રિય છે, તે આચરણ બધા સાથે કરવું.' આ ખબર છે, તો યે આપણે બોધપાઠ નથી લેતાં. બધાં જ ફળો ઝાડ ઉપરથી લઈ લેવામાં આવે, તો યે પાછા બીજે વર્ષે એના કરતાં યે વધારે ફળ એ વૃક્ષ ઉપર ભરાઈ જાય. શિયાળા વગેરેમાં વૃક્ષની બધી ડાળીઓ એના પાંદડા ગૂમાવે પણ ચાર મહિના પછી પાછું વૃક્ષ પાંદડાઓથી ઘેઘૂર બની ગયું હોય! એક વખત આવી રીતે ફૂલ-છોડને છાંટતો હતો માળી. મેં પૂછ્યુંઃ 'કેમ આવું કરો છો?' તો કહેઃ 'છાંટીએ, તો જ ફૂલો આવશે, નહીં છાંટીએ, તો ફૂલો આવતાં બંધ થઈ જશે.'

એટલે ઝાડ આટલું છોડશે, તો એને નવું મળશે! આ તમારી ભાષામાં કહ્યું. તમે છોડવાનું જાણો, આપવાનું નહીં. છોડો તો જગ્યા થાય, નવાને આવવાની. નહીંતર આવવાની જગ્યા ક્યાંથી થાય? આખું ઘર ભરેલું હોય, તો આ પાટ કેવી રીતે અંદર આવે? એટલે આપવાની ચિંતા કરો, આવવાની નહીં.

જેણે વગર માંગ્યે અહીંયા જન્મ આપ્યો, વગર ઓર્ડર આપ્યે માની છાતીમાં તમને મોટા કરવા માટે દૂધ આપ્યું, આટલું બધું જેણે આપ્યું, કોઈ ફેક્ટરીમાં ન મળે, કોઈ વૈજ્ઞાનિક ન બનાવી શકે, એવું આખ્ખું શરીર આપ્યું. આટલું બધું જે આપી રહ્યો છે, એ શું નહીં આપે? ભગવાન બધાને આપી જ રહ્યા છે ને?

સૂર્ય પ્રકાશ આપે છે, ચંદ્ર શીતળતા આપે છે, તારાઓ પણ અલગ - અલગ એનર્જી આપે છે, ગ્રહો પણ શક્તિ આપે છે. બધાં આપી જ રહ્યા છે. કોઈ તમારી પાસે ટેક્સ માંગે છે?

કોઈ દહાડો સૂર્યે બીલ મોકલ્યું? આટલા પ્રકાશ અને એનર્જી તમને પૂરાં પાડયાં છે, તો જરા આટલું મોકલી આપજો, એમ કહ્યું છે? કોઈ નદીએ બીલ મોકલ્યું છે? કોઈ રસ્તાએ બીલ મોકલ્યું?

આ પૃથ્વી આટલા વર્ષોથી આપણને ઉપાડે છે અને રસ્તાઓ જ્યાં જવું છે, ત્યાં લઈ જાય છે, તો કહ્યું ખરૂં કેઃ જરા આટલું મોકલી આપજો? બીલ બધા શેના છે? તમારા નખરાના. તમારી સગવડ માટે જે અનનેચરલ રોડ બનાવ્યા ને, તેનો હિસાબ ખૂબ વધારીને આપ્યો અને બીમારીઓ પણ વધારી અને હેરાન થઈ ગયા.

ઘર માટીનું હોય, લીંપણ કર્યું હોય, એ ઘરમાં ક્યારેય કોઈ બહેનના ઘૂંટણ કે ગુડા દુઃખવા નહીં આવે, પણ ફેક્ટરીઓમાં પકવેલી, ભયંકર આરંભ-સમારંભથી બનેલી લાદીઓ કે પછી જીવતાં પત્થર કાપીને બનેલી આરસની લાદીઓ જે ઘરમાં લાગશે, એ ઘરમાં બધી બીમારીઓ આવશે. તમારી બિમારીઓનું કારણ તમારું ઘર જ છે અને તમારો 'શો ઑફ' છે. 'ક્યાંય કચરો ન હોવો જોઈએ, બધે ચોકખાઈ હોવી જોઈએ!' આ ધરતીમાંથી જ તો તમે પેદા થયા છો અને ધરતીમાં જ મળી જવાના છો અને તો'ય પાછી એ જ ધરતી (ધૂળ) જોઈતી નથી.

બધું જોઈએ, પણ મારી મા ના જોઈએ. મા હોય તો દિકરો ગણાઉં ને? તો તો મારે નાના થવું પડે! મા ન હોય તો હું બહુ મોટો! મા-બાપ એક્કેય નથી જોઈતા. એની હાજરીમાં તમારો અહં કાર નથી સચવાતો. અહંકાર સચવાય, જો મા-બાપ ન હોય તો! કેમકે પછી તમે જ મોટા! બધા તમને જ પૂછે. આ બધું જ નમસ્કાર ભાવનામાં આવે.

નમસ્કારનું દાન સૌથી છેલ્લું, અઘરું અને સૌથી કિંમતી.
બાકીના ૮ દાનથી જે વર્ષો પછી બંધાય,
એટલું જ પુણ્ય એક જ ક્ષણમાં નમસ્કાર દાનથી બંધાય,
કેવી જબરદસ્ત તાકાત!
સ્વયંનું સમર્પણ - અહંકારનું સમર્પણ - ઈચ્છાઓનું સમર્પણ.

પ્રભુની આજ્ઞાનું પાલન જ ભાવનમસ્કાર છે. પ્રભુની આજ્ઞા છેઃ 'કોઈનું પણ અપ્રિય કરવું નહીં.' સગ્ગો દિકરો કે પત્ની હોય, તો પણ તમને હક્ક નથી તેમને દુઃખી કરવાનો કે અપ્રિય કરવાનો.

જે કરવું હોય, તે પ્રેમથી કરો, પુચકારીને કરો. ઘૃણા અને તિરસ્કાર એક જીવનો પણ આજે કરશો, તો કાલે કદાચ બધા જ જીવોનો કરશો, માટે એ આદત નહીં પાડવાની.

એક સંત હતા. માખી આવી પાસે. એટલે એકદમ ઝાપટ મારી. માખી જતી રહી. એક મિનિટ પછી એ સંતે આમ ધીરે... રહીને હાથ કર્યો. ભકતે પૂછ્યુંઃ 'માખી હતી ત્યારે હાથ કર્યો, એ તો સમજાય પણ અત્યારે માખી ન્હોતી, તો યે કેમ આમ કર્યું?' તો કહેઃ 'મેં જ્યારે આમ ઝાપટ મારી ને, ત્યારે હું હોંશમાં ન હતો. મારો ઉપયોગ નહોતો, તેથી જોરથી ઝાપટ મરાઈ ગઈ, એને પીડા પહોંચી હોય એ રીતે. પણ હવે મારી આદત ખોટી ન પડી જાય, એટલે મેં ધીરે રહીને હાથ ફરી હવામાં આમ કર્યો.' તમારે ય આ રીતે કરવું જેથી આદત ખરાબ ન પડી જાય.

સાધુ-સાધ્વી બહારથી આવે, એટલે કામળી, કપડાં, પાત્રા, દાંડો - બધું જ પૂંજી-પ્રમાર્જીને મૂકે ને? દાંડો તો સમજ્યા, પાત્રા પણ જોરથી મૂકે તો કદાચ તૂટી જાય, પણ કામળી અને કપડાંને આટલું સાચવવાની જરૂર એ કે આજે તમે અચેતનની અવહેલના કરવાની ટેવ રાખી, તો કાલે ચેતનની પણ અવહેલના કરશો.

તમારી આદત ખરાબ ન થાય,

એટલે એને પણ ચૈતન્ય જેટલો જ આદર આપો.

હિંદુ માણસ જમવા બેસશે ને, એટલે પહેલા અન્નને હાથ જોડશે કે તમે દેવ છો. 'જે દેવે, તે દેવ.' તમે અમને જીવન આપો છો, શક્તિ આપો છો, તેથી દેવ છો અને દેવને અમારે પ્રણામ

કરવા જ જોઈએ. તમે કહેશોઃ ‘મિથ્યા..ત્વ! જે દેવ ન હોય, પંચ પરમેષ્ઠિ, એને પ્રણામ કરો, તો મિથ્યાત્વ કહેવાય!’ એ તમારા અર્થ છે ને બધાં, તે બહુ ખોટાં છે! અહીંયા‘દેવ’નો અર્થ એ કરવાનો કે જે આપે એ દેવ. એ બધાને પ્રણામ કરાય. પણ તમે તો લેનારાંને જ સાષ્ટાંગ દંડવત્ કરો, આપનારાને નહીં! જેની સામે તમે હાથ જોડીને ઉભા રહો છો, એ બધા લેનારાં છે.

નમો અરિહંતાણં = અહંકારનું વિસર્જન.

પ્રભુ તું જ છો, હું નથી. ‘હું છું’ એ મારો ભ્રમ છે.

રીયલમાં તું જ છો. તારું શાશ્વત અસ્તિત્વ અને મારું વ્યક્તિત્વ છે ક્ષણભંગુર! આજે છે અને કાલે રાખ થઈ જશે. તું અહીંનો શાશ્વત માલિક છે, હું ટેમ્પરરી છું. તમે બધા પદાર્થના શાશ્વત માલિક. એમની સત્તા પ્રમાણે ચાલતા વિશ્વમાં ફેરફાર કરી શકાય? એ તમારી બધી જ ગંદકીને સાફ કરાવી નાખે છે. આ વ્યવસ્થા જ છે આખી, કેમકે પરમાત્મા પતિતપાવન પણ છે.

એક માલિક હોય, પછી આપણે શેના માલિક થવાનું?
બસ! માલિક વતી કામ કરવાનું.
ધર્મમાં પ્રારંભ એ જ ‘નમો અરિહંતાણં.’

ગુરુ મહારાજના પરિચિત એક પ્રખર વિદ્વાન વેદજ્ઞાતા પ્રોફેસર હતા કલ્લાજી. ઈન્ટરનેશનલ કક્ષાના એ વિદ્વાનને જો વેદોમાં કાઈ ગૂંચ પડે, તો ગુરુ મહારાજ પાસે આવી તોડ કાઢતા. અમેરીકા જાય, તો વેદો ઉપરના એમના એક લેકચરની ફી હોય ૫૦૦ ડોલર. બધું જ એ જમાનામાં યે રેકોર્ડ થતું. પછી એના ઉપર કલાસ ચાલતા.

આપણા જૈન મુનિઓ જે કોસ્મિક એનર્જીની વાત કરતા હોય, એ એટલા ઊંચા લેવલની હોય છે કે એનું પણ મૂલ્ય જ ન થઈ શકે! માટે જ સાધુઓ એની ફી નથી રાખતા. રાખે તો એનું મૂલ્ય 'અમૂલ્ય' ન રહે! તે ફ્રીમાં જ મળે. હવા-પ્રકાશ-પાણી-જમીન ઉપર રહેવાનું, બધું ફ્રીમાં જ મળે. તમે એના જેવું બીજું ઉત્પન્ન ના કરી શકો, એની ફેક્ટરી પણ ના નાખી શકો. એથી અમૂલ્ય.

જે આજુબાજુ બધાનું ભલું કરતો હોય,
એને જ પ્રભુના દરબારમાં આવવાનો અધિકાર.
પહેલા કહેલું તેમઃ કંજૂસ માટે અહીંયા શાસનમાં એન્ટ્રી બંધ છે,
માટે દાનવીર થયા વગર ઉદ્ધાર નથી!

'કલ્પસૂત્ર'માં કહ્યું છેઃ 'કૃપણના ઘરે કયારેય પ્રભુ જન્મ લે નહીં!'
એમ કંજૂસના હૃદયમાં પ્રભુનો જન્મ કયારેય થાય નહીં.
જેના હૃદયમાં જડ બેઠેલો હોય, એમાં પરમ ચેતના આવે જ કઈ રીતે? પ્રભુની ભક્તિનું કોઈ મૂલ્ય જ નથી!

એક શેઠે દેરાસર બંધાવ્યું.
શી ખબર કેમ, પણ પછી તેમના પડતીના દિવસો આવી ગયા!

કૂવા-બગીચા માટે ય મોટી જમીન આપેલ. એ ઉદ્યાનમાંથી જ ફળ-ફૂલ બધું ઉતરે. ભગવાનને ય ચડે ને બહારે ય વેચાય, જેથી ખર્ચા એમાંથી જ ચાલે. એ એવા દરિદ્ર થયા કે ખાવાના યે ફાંફા થઈ ગયા. તેથી ઈજ્જત સાચવવા ગામડે ગયા. ત્યાં સામાન્ય ધંધો કરીને માંડ રોટલા ભેગા થાય.

એમાં પર્વનો દિવસ આવ્યો. શેઠને મનોરથ થયોઃ આજે તો મારા દેરાસરમાં મારા ભગવાનની પૂજા કરી આવું, તેથી શહેરમાં ગયા. માલણ તો શેઠને જોતાં જ ખુશખુશાલ થઈ. બહુ જ સરસ ફૂલોનો હાર લઈ આવીને તેણે કહ્યુંઃ 'આ હાર ભગવાનને ચડાવો.' શેઠ કહેઃ 'ના ના, તને આપવા માટે મારી પાસે એક પૈસો ય નથી.'

કઠણ કર્મ ઉદયમાં આવે, ત્યારે એવું યે થાય કેઃ
પોતે જ બનાવેલું જિનાલય, પોતે જ આપેલો કૂવો, પોતે જ ખેડાવેલો બગીચો અને એમાં પોતાના જ પગારથી કામ કરતી માલણ માળા આપે, ત્યારે કહેઃ 'ફોગટ લેવું મને છાજતું નથી! અને આજે કશું યે તને આપી શકાય એવું નથી.' માલણ કહેઃ 'બાપા, આ બધું તો તમારું જ આપેલું છે. હું તમને ફૂલો આપું, એમાં નવાઈ શું? તમે તો માલિક છો અમારા! તેથી તમે મનમાં એવો સંકોચ ન રાખો.' તેથી શેઠ ફૂલો લઈને ગયા પ્રભુ પાસે. દુઃખમાં પ્રભુ વધારે વ્હાલા લાગે, પણ જે ડાહ્યાં હોય એને જ. ગાંડાને તો પ્રભુ ઉપર ત્યારે ખાસ દ્વેષ થાય કે તમે કેવા ભગવાન? આ અમે મરી રહ્યાં છીએ, તો યે તમે ધ્યાન તો રાખતા નથી!

આ બાજુ શેઠ બહુ ભાવથી ફૂલની માળા ચડાવે છે. ઘણાં દિવસે પ્રભુના દર્શન થયાં, એટલે આંખમાં આંસુની ધાર છે આનંદની કેઃ 'પ્રભુ! આજે તું મળ્યો! ઘણા દિવસે મળ્યો! આવો સરસ હાર તને ચડાવવા માટે મને સામે ચાલીને મળ્યો! પ્રભુ! કોઈ ફરિયાદ નથી. બસ! તું મારો રહેજે!' એ દિવસે ઉપવાસ કરેલો, એટલે શેઠને ખાવા-પીવાની કાઈ ચિંતા ન હતી. આખ્ખો દિવસ ભક્તિ કરી પછી ગામડું બાજુમાં જ હતું, તેથી ઘરે જઈ રાત્રે સૂઈ ગયા.

ત્યાં દેવલોકમાં ધરણેન્દ્ર દેવનું આસન ચલાયમાન થયું, તેથી નીચે આવી નિદ્રાધીન શેઠને કહ્યુંઃ 'જાગો.' શેઠે જાગી પૂછ્યુંઃ 'શું છે?'

'તમે આજે જે ભાવથી પ્રભુની ભક્તિ કરી છે ને, એનો કરંટ મારા સુધી પહોંચ્યો એટલે હું આવ્યો છું. તમે માંગો.' 'શું માંગુ? કંઈ ઈચ્છા નથી થતી.''પણ કંઈક માંગવું જ પડશે.''સારું, એમ કરો કે આજે ફૂલની માળા ચડાવી, એનું ફળ આપો.' ધરણેન્દ્રે કહ્યુંઃ 'અશક્ય! એ માળાનું ફળ આપવાની તાકાત મારી પાસે નથી.'

'સારું! તો માત્ર એક ફૂલનું ફળ આપો, જેટલું આપી શકો તેટલું.' 'એક ફૂલનું યે ફળ આપી શકું તેમ નથી.' 'હવે શું કરું?' 'તમારે કાંઈક તો માંગવું જ પડશે. દેવ દીધા વગર પાછા ન ફરે.' 'ઠીક, તો એક કામ કરો. મારું જૂનું ઘર છે. એના ચારે ખૂણામાં લાખ-લાખ સોનામહોરો ભરેલ એક-એક ચરુ રાખી દો. જરૂર પડે એમાંથી કઢાવીશ.' એમ કરી દેવ તો અદ્રશ્ય થઈ ગયા, પણ શેઠ જાગી ગયા ને પ્રભુસ્મરણ કરતાં કરતાં આખી રાત પસાર કરી.

સવારે છોકરાઓએ બાપાને જોયા. રાત્રે મોડા આવેલા એટલે જોયા ન્હોતા. અત્યારે જોતાંવેંત ઝઘડો શરૂ કર્યોઃ 'બાપા, તમે આટલો બધો ધર્મ કર્યો અને તમારા ધર્મથી સાવ બરબાદ થઈ ગયા! તો યે હજુ તમારાથી ધરમ છૂટતો નથી, તમારું મંદિર છૂટતું નથી! તમારાથી ભગવાન છૂટતાં નથી! શું કર્યું ભગવાને તમારું?'

બાપાએ કહ્યુંઃ 'પ્રભુ આપે છે,એ સાબિત કરું, તો ધર્મમાં સમર્પિત થશો?' 'હા થશું.' 'તો જાવ, પેલા ઘરના ખૂણામાં ખોદો.'

ખૂણામાં સ્હેજ ખોદ્યું, ત્યાં ચરુ ઉપર જ હતો. તેને આપવું હોય, તો સંપત્તિ ઉપર આવે. ન આપવું હોય તો જમીનમાં નીચે જાય. 'ખડિંગ' અવાજ આવ્યો. ધૂળ હટાવી અને અંદરથી ચરુ નીકળ્યો! છોકરાઓ તો ગાંડા-ગાંડા થઈ ગયા અને કહેઃ 'સાચી વાત! આ તો તમારા ભગવાને સાચ્ચે જ આપ્યું!'

પછી શેઠના આખા યે પરિવારના વળતાં પાણી થઈ ગયા.
અહીં મુખ્ય વાત એ કેઃ ભાવથી પ્રભુની ભક્તિ કરો અને
હર્ષના આંસુ સાથે સાધુને વહોરવો, તો જે પુણ્ય ભેગું થાય,
તેનું ફળ ઈન્દ્ર પણ આપી શકે નહીં!

તમને ભલે દેખાતું નથી, પણ એટલું તો પ્રબળ પુન્ય બંધાય છે કે જેની કલ્પના યે ન કરી શકીએ! એ માટે જરૂરી છે તન્મય ભાવ! પ્રભુ! તારું આપેલું તને જ સમર્પિત કર્યું. બસ! 'હું ધરું છું' એવું તો છે જ નહીં! પ્રભુએ આપેલું આપવાનો જ ભાવ હોય. અમે સાધુઓ ય અભયદાન-જ્ઞાનદાન કરીએ પણ દાન તો આવ્યું જ ને? દાન વિના કશું ન ચાલે! શ્રેષ્ઠ દ્રવ્યો અને ભાવથી પ્રભુભક્તિ કરવી. દ્રવ્યમાં બાંધછોડ ન કરવી. ભક્તિના નામે આશાતનાઓ આજે બહુ વધી છે, એમાંથી પાછા હટવું જરૂરી બન્યું છે.

એ પહેલા એકવાર ગુરુ મહારાજની એક/બે ઘટના બતાવી દઉં. એકવાર તેમણે હસતાં હસતાં મને પૂછ્યું કેઃ 'ધુરંધર, તમે લોકો જ્યારે વિહારમાં હો, ત્યારે અજૈનોના ગમે તે આશ્રમો/મંદિરોમાં જાવ, ત્યારે તમને સ્થાન મળે?' 'હા અવશ્ય. હિંદુઓ અમે જ્યાં જઈએ, ત્યાં બહુ આદરથી રાખે. બાવાને બહાર ઉભો રાખે પણ અમને જૈન સાધુઓને અંદર બોલાવીને પછી જ જમવાનું વહોરાવે.

અમને એમ ન કહે કેઃ ‘બહાર ઉભા રહો મહારાજ!’ બાવો હોય તો કહી દે! ‘બહાર ઉભો રહેજે, લાવું છું.’ આમ ઘણીવાર તો જૈનો કરતાં યે વધુ આદર તો અજૈનોના આશ્રમો કે મંદિરોમાં મળતો હોય, એવું અમોને લાગ્યું છે.’

પછી સાહેબજીએ મજાકમાં પૂછ્યુંઃ ‘એ જ રીતે જૈનોને ત્યાં કોઈ અજૈન સંન્યાસી આવે અને એક રાતનો આશરો માંગે, તો કોઈ જૈનો એને આશરો આપશે ખરા? એને ઉભા યે રાખશે ખરા?
તમને ગોચરી-પાણી-રહેવાની એમ બધી જ સગવડ કરી દે અને કોઈ સંન્યાસી જૈનોના ગામમાં આવી ચડ્યો, તો એને એક ટંકનું ખાવાનું યે મળશે ખરું?’ શું જવાબ આપું? તેથી ચૂપ રહ્યો.

પછી સાહેબજીએ એક બહુ સરસ વાત કરી કેઃ ‘એક બાપના ૧૦ છોકરા હોય, એ દસે બાપના ઘરે જ રહે ને? ગમે ત્યારે આવે, બાપ એમ નહીં કહી દે કે ભાગી જાવ. બાપ એને ઘરે સાચવશે અને ૧૦ છોકરા બાપને નહીં સાચવે. એટલે જે બધાને સાચવે, એ બાપ અને જે બધાને ન સાચવે, તે દિકરો. આમ તમે ઊંચા છો, એવા ફાંકામાં ન રહેવું. હિન્દુસ્તાનમાં ધર્મ સલામત છે, એ આસ્તિક હિંદુ પ્રજાના કારણે, નહીં કે જૈન પ્રજાના કારણે! કારણકે એમના સંસ્કાર જ આપવાના છે. એમના ભજનોમાં પણ એ જ વાત આવે. બધે આપવાની જ વૃત્તિ ચાલે, એમના મંદિર માત્રમાં ભૂખ્યાંને ભોજન અને બધું જ મળતું જ હોય.’

દાનના પાયા પર જ ધર્મ સંસ્કૃતિ ટકવાની છે. ઔદાર્યનો-ચૈતન્યનો આદર, વિશ્વના દરેક આત્માનો એકસરખો આદર, એ જ ‘દાન’.

પ્રભુ સર્વશ્રેષ્ઠ પાત્ર હોવાથી તેમને થોડું આપો, તે ઘણું થઈ જાય. ગુરુ પણ શ્રેષ્ઠ પાત્ર છે, એને થોડુંક આપો, તોયે ઘણું થઈ જાય! વ્યવહારથી ભલે તમે અમુક જ ગુરુ ધારો, પરંતુ નિશ્ચયથી નિર્ગ્રંથ-નિશ્ચલ-ફક્કડ હોય, જેને કાંઈ જોઈતું ન હોય, પરમાત્માની ભક્તિમાં જ મસ્ત હોય, એવા ગુરુઓને ય આપો.

જેમની દ્રષ્ટિ સર્વ ચૈતન્ય ઉપર જ છે, તેને છે સમ્યગ્ દર્શન. જે આપણા છે, જે આપણું જ બીજું રૂપ છે, તેના ઉપર નજર, તેનું નામ સમ્યગ્ દર્શન. બાળ/વક્ર જીવોને સમ્યગ્ દર્શન વિષે પકડવા પડે, નહીંતર એક્કે ઠેકાણાં જ ન રહે, બધે રખડતાં જ ફરે!

ભણવું હોય, તો એક જ માધ્યમમાં ભણવું પડે.
એવું ન ચાલે કે આજે સંસ્કૃત માધ્યમમાં ભણ્યા,
કાલે અંગ્રેજી, પરમે ગુજરાતી, પછી હિન્દી માધ્યમમાં ભણે.
એટલે બાળજીવોને પહેલા એક જ વ્યાખ્યામાં સમજાવવું તો પડે, પછી મોટો થાય, એટલે કહેવાય કે બધું એક જ છે. બધા ભટકી ન જાય એટલે તમે એને વાડામાં બાંધો. જેમ આખ્ખી ય આ ધરતી એક જ છે, પણ અવ્યવસ્થા ન થાય એટલે ભીંતો બાંધી - બાંધી અને મકાનો કરી-કરીને સૌ રહે છે. બાકી જેવું ઘર તમારું, એવું બીજાનું પણ છે. એવું નથી કે તમારું ઘર એ ઘર અને બાકીનું ઘર એ ઘર નહીં!

એક ગામમાં નાના છોકરાંઓ એવું ગીત ગાતાઃ
શીલુ-મીલુ સોનાના, બાકીના છોકરા ગારાના, કેમકે
શિલ્પા અને મિલન, બે એકદમ રૂપાળા ભાઈ-બહેન.

આપણામાં યે એવું જ છે કે અમે જ સાચ્ચા, બીજા ખોટાં! છોકરાવમાં એવી રમત ચાલે, પણ એક પરિપકવ વ્યકિત આગળ આવે, પછી તે બધાનો સમાવેશ કરતી થઈ જાય, એ જ ઔદાર્ય!

શ્રાવકનું ઘર તો 'અભંગ દ્વાર' કહેવાય. જ્યાં બધાંયને આશરો, ખાવા-પીવાનું મળે, એવું અભંગદ્વાર! અનાદિનો મોહ-મમતા-માલિકી તોડવા માટે જ આ બધાં દાનધર્મ છે, તે સિવાય મોક્ષ ના થાય! વિશ્વ આખ્ખું દાનના આધારે જ ચાલે છે, આપવાના આધારે જ ચાલે છે. ખૂબ બધા અનુભવો અમોને થયાં છે એના.

૨૦-૨૫ વર્ષ પહેલાની વાત છે, જ્યારે...

એકવાર મારા દોસ્ત યશોવિજયજી મહારાજ અને હું આબુમાં હતા. ત્યાં જે. કૃષ્ણમૂર્તિના શિષ્યા વિમલાબેન ઠકાર ખૂબ જ ઊંચી કોટિના સાધિકા. વળી હતા એક કિસનસિંહ ચાવડા. તેઓ યે બહુ ઊંચી કોટિના સાધક, જેના લગભગ દરેક લેખો સાહેબજી કટીંગ કરીને ભૂલ્યા વગર રાખતા.

એક દિવસ યશોવિજય કહેઃ 'વિમલાબહેન ઠકારને મળવા જઈએ.' મેં કહ્યુંઃ 'હા. મને ય બહુ વખતથી ઈચ્છા છે. સાહેબ પાસેથી તેમનું નામ સાંભળ્યું છે.' અમે તો ગયા એમને ઘરે. આટલા વર્લ્ડ લેવલના ઊંચા ફિલોસોફર, પણ અમે પહોંચ્યાં, ત્યારે તેઓ વાસણ ઉટકતા હતા. અમે તો જોઈ જ રહ્યાં. બહુ ચીવટથી વાસણ ઉટકી સાફ કરી બધું ઠેકાણે મૂકયું. પછી આવીને અમારું અભિવાદન કર્યું. બધાને પગે લાગીને પછી વિમલાબહેન બેઠા અને પૂછ્યુંઃ 'પ્રભુ, આપ કેમ પધાર્યા છો?' અમે કહ્યુંઃ 'સત્સંગ કરવા.'

એ પછી અમને જોઈને શી ખબર એમને કેવી હોંશ થઈ કે દોઢ કલાક સુધી આત્મધર્મની જે વાતો કરી કે અમે હલી શક્યાં નહીં! એવું સ્પષ્ટ લાગે કે જાણે આગમની જ શુદ્ધ દેશના આપી રહી છે આ બાઈ! આત્મતત્ત્વની એટલી જબરદસ્ત ઉપસ્થિતિ, અહંકારનો સંપૂર્ણ અભાવ! રસોઈ પણ જાતે જ બનાવે અને મહેમાનોને ય જમાડે ય એ પોતે! એમના કપડા પણ ધોઈ આપે. એક બાજુ આ...ટલી ઊંચાઈ અને બીજી બાજુ આ નમ્રતા!

શુદ્ધ નિશ્ચયમાં જીવતાં લોકોની નમ્રતા
આ બહેન જેવી ઉચ્ચ જ હોય!
એ બધાનું કરી છૂટે! કોઈની પાસે માંગે નહીં,
કોઈનો પા'ડ માથે ચડાવે નહીં! એ આપે જ, માંગે નહીં!

જે રીતે આપણા જ નિશ્ચયના ગ્રંથોનો ઊંડો અભ્યાસ-અધ્યયન કરીને આ બહેન બોલ્યાં, તે સ્પષ્ટ લાગે કે આત્માનુભવ કરીને જે બોલે, તે જ વાત હતી. ગ્રંથિભેદ થઈ ગયો ને, મોહ અને દેહની એકતાનો, પછી ગમે તે વાત કરે, એ પરમાત્માની જ. પ્રભુ ઉપર અટલ શ્રદ્ધા કે એ બધું ધ્યાન રાખી આપણું સારું કરી જ રહ્યો છે. હવે તો એના પ્રવાહમાં સહજ ભાવે જે કર્તવ્ય આવે, એ કરીને વહેતાં રહેવાનું! સ્વકર્તવ્યબોધ! જ્યાં સુધી અહંકાર અને માલિકીનો ભાવ ન છૂટે, ખાવાનો મોહ ન છૂટે, જ્યાં સુધી ખાવા-પીવા-રહેવામાં પસંદગી હોય, ત્યાં સુધી બધી જ ક્રિયાઓ કરવાની. જે દહાડે બધું જ છૂટી જાય અને સહજ ભાવે જીવતાં થઈ જાઓ, પછી બધી જ દ્રવ્ય ક્રિયાઓ છૂટી જાય. એ છોડવાની નથી...! છૂટી જ જાય!

એક ફકીરને પૂછ્યું ને... કે તમે શું કરો છો? તો કહેઃ 'હું બધું પ્રભુનું જ કામ કરું છું. ગાઉં છું - ફરું છું - શ્વાસ લઉં છું, બધું જ પ્રભુને સમર્પિત છે. મારી બધી જ ક્રિયા પ્રભુને માટે જ છે. પુન્ય સાથે પાપ પણ તેમને જ સમર્પિત છે! જે જે કર્તવ્યબોધ બને, એ બધું જ પ્રભુને સમર્પિત કરી દેવાનું. પુન્ય પણ અને પાપ પણ કર્તૃત્વને કારણે જ બંધાય.

'મેં પૂજા કરી' એ પુન્ય. 'મેં આશાતના કરી' એ પાપ. પણ જો એમ કહેવાય કેઃ 'પ્રભુની કૃપાથી પૂજા થઈ.' તો કર્મબંધ ગયો, કેમકે માલિક કે કર્તા મટી ગયા એટલે બંધ ગયો. પણ એ સ્થિતિ આવતાં બહુ વાર લાગે. પ્રભુને આંગી કરો ને, તો'ય 'આજે બહુ સરસ આંગી થઈ, નહીં?' આવું તરત મનમાં આવે જ!

એ ય શાબ્દિક અહંકાર છે, જો કે તામસિક અહંકાર નથી, એટલે વાંધો નથી. પહેલી વાત એ છે કે 'પ્રભુ જ પ્રિયતમ છે. બધું જ એની કૃપાથી મળ્યું છે. જે કઈ સર્વશ્રેષ્ઠ હશે મારા માટે, એ જ મને આપશે.' પહેલી વાત આ. આમાં બાંધછોડ નહીં!

**પૂ. આચાર્યશ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજઃ આ બધી વાતો શું અજૈનો જેવી નથી લાગતી?**

**ઉત્તરઃ** ભક્તિમાર્ગમાં ઈષ્ટનો ભેદ નથી. એક જ ઈષ્ટ છે બધાના. 'ઈષ્ટ' એટલે બધાના. તે તીર્થંકરોનું જ સ્વરૂપ છે. રામ પણ તીર્થંકરનું જ સ્વરૂપ છે. જે બધામાં રમતાં હોય, એ રામ! બ્રહ્મા હોય, તો એ ય એ જ છે, જે ચૈતન્ય સ્વરૂપ છે. શિવ પણ એ જ છે. શુદ્ધ ચિદાનંદમય આત્મા! આ સૌ તો માત્ર પ્રતિકો છે.

બજારમાં ભિન્ન ભિન્ન પસંદગીવાળા લોકો હોય, ઘરે જેને જે આઈટમ પસંદ હોય, એ લઈ જાય. પણ એમાં 'મારી આઈટમ સાચી અને પેલાની ખોટી છે' એ તારા માટે બરોબર છે, પણ એના માટે નહીં, જ્યાં પરમાત્માના આર્હંત્યનો વિસ્તાર છે. જ્યાં જીવહિંસા, તામસી દેવોની વાસના, પંચેન્દ્રિય જીવોની હત્યા, ત્રસજીવોની ભયંકર હિંસા થાય, એવી રીતે પૂજા-અર્ચના થતી હોય, તો એ બધું મિથ્યાત્વ.

**આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ વ્યવસ્થા માટે એ કરીએ તો?**
**ઉત્તરઃ** વ્યવસ્થા કરનાર 'એ' છે, આપણે નહીં અને એટલે જ ૫૦૦ માણસની રસોઈમાં ૫૦૦૦ માણસ જમી જાય! તમે તો ઠીક, ચપટીમાત્ર જ આપવાના છો, 'તે' તો સીધા પાંચ પાંચ મણના થેલા જ રવાના કરે, તો થોડોક તો ભરોસો રાખો! આજ સુધી ફલે ચુંદડીમાં ક્યારેય ખૂટ્યું હોય, એવું બન્યું નથી. જ્યારે બધા માટે કરે, ત્યારે એટલું વધે, એટલું વધે કે વાત નહીં!

એક વાર યશોવિજયજી સાથે અમો મધ્યપ્રદેશમાં પ્રતિષ્ઠા માટે ગયેલ. જોયું કે આપણા કરતાં ત્યાં જરા વધુ સારું વાતાવરણ. એક ગામની પ્રતિષ્ઠામાં સ્થાનકવાસી અને દેરાવાસી, એમ બે ભાગ પડી ગયેલાં. સ્થાનકવાસીઓએ આપણો બહિષ્કાર કરેલો, તો ગામના મુસ્લિમો આપણા સપોર્ટમાં ઉભા થઈ ગયા. કહે કેઃ 'આપ કે ભગવાન કી પ્રતિષ્ઠા ઠાઠ સે કરવાઓ. સબ બનિયે એક બાજુ બૈઠો! તુમ્હારા સબ કામ હમ હી કરેંગે.' મુસલમાનોએ કામ વહેંચી લીધું. આપણા તો માત્ર ૧૦ જ ઘર! મુસલમાનો આવીને ખડેપગે ઉભા રહ્યાં! એટલે તમે માનો, એવું કંઈ બધે નથી હોતું.

હિંદુસ્તાન તો શ્રદ્ધાનો દેશ છે. હવે ત્યાં આગળ ફલે ચુંદડી કરી. આપણે સ્થાનકવાસીઓ મારા બેટા આવે નહીં, પણ ઘરમાં રોજ જમણ કરે. મીઠાઈ બધા રોજે ખાય ઘરે બનાવીને, પણ તમારે ત્યાં જમવા નહીં આવીએ! પ્રભુપ્રતિષ્ઠાનો આનંદ તો તેમને ય! તો એ ફલે ચૂંદડી કરી, ત્યારે ૫૦૦૦ માણસના અંદાજથી ત્યાંના રિવાજ પ્રમાણે ત્રણ ખાટલા ભરીને અડદની બુંદી દુધમાં બનાવી, તેટલામાં ૫૦૦૦ માણસ જમી લે. પણ જ્યારે ૫૦૦૦ માણસ જમી ગયું ને, ત્યારે તો હજુ એક જ ખાટલો ખાલી થયેલો.

**પૂ. આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ ન્હોતી ભાવતી બધાને?**
**ઉત્તરઃ** (સભાઃ હાસ્ય) એ તો હું પૂછવા ન્હોતો ગયો પણ અમને તો ભાવી'તી અને પેટ ભરીને ખાધી હતી. એટલે બીજાને નહીં ભાવી હોય, એવું તો ન માની શકાય. પછી ૧૦/૧૫ દહાડાં સુધી ગામના ગોંદરે જેટલી મોટરો નીકળે, એને પ્રસાદ તરીકે આપવા એ લોકોને ઉભા રહેવું પડયું, ત્યારે માંડ એ બુંદી પૂરી થઈ.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ દ્વારકા તીર્થની પ્રતિષ્ઠામાં પણ આમ જ બનેલું.**
**ઉત્તરઃ** વાહ! અમે એમ.પી.માં ત્રણ જગ્યાએ પ્રતિષ્ઠા કરાવેલી, ત્યાં બધે પણ આમ જ બનેલું. ૫૦૦૦નો માલ ૫૦,૦૦૦ લોકોને આનંદ અપાવી ગયો. આમ બધું આપણે જ કરીએ છીએ, એમ ન માનવું. પ્રભુની યે જવાબદારી તો ખરી ને?

એક પણ જીવની તમે અવહેલના કરો, એ એમને ના ગમે. તમારું સમ્યગ્દર્શન આમાં કામ ન લાગે, સંઘપૂજનમાં કામ લાગે.

સાધર્મિક વાત્સલ્ય હોય, એમાં જેટલા અજૈન નોકરો હોય, એને જમાડો કે ન જમાડો? હા. એમાં સમ્યગ્દર્શન જતું રહે? આપણે ભલે નોતરું ન આપીએ, પણ એ નીકળે તો કહેવું કેઃ ભાઈ, જમીને જજો, 'બિરાદરી' છે.

વિશ્વમૈત્રીની વાત કરનારા જે સામે જે મળે,
એની સાથે ય મૈત્રી ન કરી શકીએ, તો વિશ્વમૈત્રી ક્યાં?

એમ.પી.માં મહાત્માઓનું બહુ માન! ત્યાં ગુરુ જ મુખ્ય છે.
એના બજેટમાં જૈનો-અજૈનો બધા જમીને જાય. થોડોક તો
ભગવાન પર ભરોસો રાખીએ! પ્રભુને ય ઈજ્જત છે ને?
એ બધાની ઈજ્જત સંભાળીને રાખે છે.
તમારી જેમ નથી કે દેવાળું કાઢે!

સમ્યગ્ દ્રષ્ટિ દેવો ચારે બાજુએ ઉભા જ હોય છે! જો તમે ભક્ત હો, તો એ તમને સહાય કરવા તૈયાર જ હોય છે, પણ જો તમે માલિક હો, તો એ બધા દૂર ઉભા રહે છે!

એક મહાત્મા નદી પાસે ધ્યાન ધરતાં હતા.
નદીની દેવી આવી રોજ એમને શાતા પૂછે. થોડીવાર બેસે, પછી જાય. એમાં ગામનો ધોબી બિમાર પડયો હશે, તે થોડાંક દિવસ અહીં ન્હોતો આવ્યો, તે હવે સાજો થઈને આવ્યો. એ શીલા ઉપર કાયમ કપડા ધોતો, જ્યાં મહાત્મા ધ્યાન કરવા ઉભા રહેતા. તેથી ત્યાં આવી ધોબીએ વિનંતી કરી કેઃ 'મહાત્માજી, તમે બીજી શીલા ઉપર બેસો, તો હું અહીં મારું કામ કરી લઉં.'

મહાત્મા તો 'અપ્પાણં વોસિરામિ' કરીને ધ્યાનમાં બેસી ગયેલાં. કોણ સાંભળે? તેઓ ઉભા ન થયાં. તેથી ધોબીએ તેને સીધા ઉપાડી લીધા. મહાત્મા તો તેની સાથે બથંબથામાં આવી ગયા, પણ ધોબી તો એને ઉપાડીને બીજી શીલા ઉપર મૂકી જ આવ્યો. મહાત્મા વીલા મોઢે ત્યાં બેઠા. થોડીવાર થઈ. પેલી નદીની દેવી ત્યાં આવીઃ 'સાહેબ, શાતામાં?' અને મહારાજનું તો ફાટયું બોઈલર! કહેઃ 'શું શાતામાં? પેલો ધોબી મને ધોઈ રહ્યો હતો, ત્યારે તમે કયાં હતા?' 'સાહેબ, હું અહીં જ હતી.' 'તો કેમ સહાય ન કરી?' 'મને ખબર જ ન પડી કે આમાં ધોબી કોણ અને મુનિ કોણ?' (સભામાં હાસ્ય) તમે એને ધોયાં, એ તમને ધોતાં હતાં! બેઉ સરખાં થઈ ગયેલ. તો સમજ જ ન પડી કે આમાં સાધુ કોણ? કોને સહાય કરું?'

દેવતાઓ આપણી આગળ જ હોય છે,
પણ વિચારે છે કે હું સહાય કોને કરું?
જો ભગવાનનો હોય, તો સહાય કરીએ,
નહીંતર આપણને શું લેવા-દેવા?
ભગવાનના હોય, એ બધા એને માટે સમકિતી.
ભગવાનના ન હોય, એ બધાં એને માટે મિથ્યાત્વી!
એટલે કોઈ સમ્યક્દ્રષ્ટિ દેવ આજે પણ ગેરહાજર નથી.

એ સહાય કરે, એવી લાયકાત હોય, તો જ એ સહાય કરે, બાકી નક્કામા માણસોની એ સહાય કરતાં નથી, એટલે 'તમે કયાં છો?' એ જોવાનું. દેવી-દેવતાઓ સહાય કરતાં નથી, એમ ન વિચારવું.

તમને પુન્યની જે ૯ રીત બતાવી, એ નવ પ્રકારના દાન જ છે.
દાન અને પુન્ય સાથે જ છે. આત્માથી પુન્ય બંધાય.

મૂળ નિયમ એક જ. શું આપવાનું? જીવનજરૂરીયાતની વસ્તુ. શા માટે? મનુષ્યજીવનથી જ મોક્ષમાર્ગની યાત્રા થવાની છે માટે.

મનુષ્યજીવન બહુ જ કિંમતી છે.

ભોગ માટે આ દેહ છે જ નહીં. નહાઈ-ધોઈને ગમે તેટલા લપેડા કરો, કલાકમાં ગંદો થઈ જાય તેવો છે તે. તેના ભોગનું શું મહત્વ? કશું નહીં પણ દેહની એક વિશેષતા છે. આ ઔદારિક દેહમાં પ્રેમ કરવાની જે તાકાત મળી છે, તે બીજા કોઈ દેહને નથી મળી! દેવલોકમાં વિલાસ છો'ને અદ્ભૂત હોય, પણ જે નિઃસ્વાર્થ પ્રેમ મનુષ્ય કરી શકે, એવું કોઈ ના કરી શકે.

પોતાની પાસે જે છે, એને જે ચાહે, તેને આપી દેવું, એનું જ નામ પ્રેમનો વિસ્તાર. ચાહવા માટે શ્રેષ્ઠ પાત્ર કયું? અવિનાશી.

વિનાશીને પ્રેમ કરવાથી શું મતલબ?

'અવિનાશીની શેં જડીયે, રંગ લાગ્યો મોરી સજની...'

મારી સજની! મને અવિનાશી સાથે રહેવાનો રંગ લાગ્યો છે.

વિનાશી સાથે મારે ઊંઘવું નથી. અવિનાશી છે ચૈતન્ય.

દેવલોકમાં મુશ્કેલ છે આવો પ્રેમ થવો. એક ભવમાં ક્રોડો દેવી બદલાઈ જાય, એમાં કોને યાદ રાખે-કોને ભૂલે? દેવલોક એટલે લકઝરીયસ જીવન. રોજ નવી નવી દેવીઓ જીવનમાં આવી ભરપૂર પ્રેમ કરી છટકી જાય. બસ, એ સમય પૂરતો પ્રેમ, કારણકે એનું એ રીતનું કર્મ છે, પછી સમાપ્ત. એમનો સંબંધ દેહવ્યાપી - તત્ક્ષેત્રવ્યાપી છે, જ્યારે આ સંબંધ ચૌદ રાજલોકવ્યાપી છે.  કઈ એવી જગ્યા છે, જ્યાં ચૈતન્ય ન હોય? નિગોદની ચેતના સુષુપ્ત પણ ચૈતન્ય તો છે ને? સર્વત્ર છે. કઈ જગ્યાએ નથી આ?

એ નિગોદની ચેતનાને પણ સંવેદન કરી પ્રેમ પહોંચાડયો.
બધાનું દુઃખ દૂર કરવાની તીવ્ર તમન્ના થઈ.
બસ, એમાંથી જ તીર્થંકર નામકર્મ નામનું સર્વશ્રેષ્ઠ પુણ્ય બંધાયું.

તમને એમ હતું કે સાહિત્યને બદલે આ ચર્ચા કેમ કરે છે? ચર્ચા મારે પુણ્યતત્ત્વની જ કરવાની છે, મોક્ષતત્ત્વની નથી કરવાની.

પુણ્ય એટલે શુદ્ધ પુણ્ય. એમાં પછી પાપાનુબંધી - ભાભાનુબંધી એવા બધા ભેદ ના ચાલે. શુદ્ધ પુણ્ય એટલે જેને માત્ર ચેતના સાથે જ સંબંધ હોય, પુદ્ગલના કોઈ પર્યાય સાથે સંબંધ ન હોય! એમાંથી જ સર્વોત્કૃષ્ટ તીર્થંકર નામકર્મ બંધાય, જેના પ્રભાવે મોક્ષગમન યોગ્ય જીવોને સર્વ સામગ્રી મળે. જીવન જીવવાની જે સામગ્રી ઉત્પન્ન થાય, તે પ્રભુના તીર્થંકર નામકર્મના પ્રભાવથી થાય, તમારા પ્રભાવથી નહીં. તમારૂં પુણ્ય એટલું જ છે કે સામગ્રી તમને સહજ રીતે મળે અને તેનો ઉપયોગ કરી શકો.

આખા વિશ્વમાં ઉત્પાદન તો પરમાત્માના પુણ્યથી જ થાય. આ થીયરી તમે જાણતા નથી. જે તમારે સૌથી વધારે જરૂરી છે, તે ઓક્સિજનનું કે સૂર્ય-ચંદ્રના પ્રકાશમાં રહેલી ઊર્જાનું ઉત્પાદન કોણ કરે છે? એક વાત ખ્યાલમાં રાખજો કે અઢી દ્વીપની બહારના જેટલા પણ સૂર્ય - ચંદ્ર છે, એ કશું ઉત્પાદન કરતા નથી.

જીવન જીવવાની એક પણ ચીજ અઢી દ્વીપની બહાર થતી નથી. આખું ચક્ર, સર્વેનું ઉત્પાદન માત્ર અઢી દ્વીપમાં જ થાય. પ્રભુનું તીર્થંકર નામકર્મ અને એની ઊર્જા ફકત અઢી દ્વીપવ્યાપી છે.

પ્રભુને 'જગદીશ્વર' કહ્યા છે.
'જગત' શબ્દનો અર્થ છેઃ गच्छति इति जगतः।
જ્યાં ગતિ, ત્યાં જ કાળ અને ત્યાં જ કાલાતીત થવાની સાધના.
કાળ પણ માત્ર અઢી દ્વીપમાં જ છે,
એનું કારણ ગતિ છે અને ગતિનું કારણ તીર્થંકર નામકર્મ છે.

એ પુણ્યના પ્રકૃષ્ટતમ ઊર્જારૂપ
પુદ્‌ગલો પરમાત્માના જિનાલયના શિખરોમાં સમાઈ જાય અને ત્યાં
થી નિરંતર એમના શાસનકાળ સુધી રીલીઝ થયા જ કરે.

જેવો શાસનકાળ સમાપ્ત થાય કે સીધો છઠ્ઠો આરો શરૂ થાય, અને ત્યારે સૌ પહેલા અગ્નિ જ સમાપ્ત થઈ જાય, જેના કારણે તમારી આખ્ખી વ્યવસ્થા છે. ઊર્જા હોય તો વ્યવસ્થા હોય ને?

ઊર્જા ન હોય તો સૂર્યમાંથી ઊર્જાને બદલે સીધો અગ્નિ જ આવે. બધું બાળી નાખે. જે સૂર્ય 'સવિતા' અને સર્વ પદાર્થોનું ઉત્પાદક કહેવાય, એનું ઉત્પાદકત્વ પ્રભુનું તીર્થંકર નામકર્મ સમાપ્ત થતાં જ ખતમ થઈ જાય. પછી તે માત્ર કાલાગ્નિ બની બધું બાળી નાખે. એને 'પ્રલયાગ્નિ' કહી શકાય. અગ્નિ તીર્થંકર નામકર્મના પ્રભાવે છે, એનું કારણભૂત ઓક્સિજન, જે વગર અગ્નિ ન ચાલે.

દિપક પ્રગટાવીને ઢાંકી દો. થોડીવારમાં બુઝાઈ જશે, કેમકે તેમાં જીવ છે. ઓક્સિજનની જરૂર જીવને જ પડે. ઓક્સિજનના ઉત્પાદક છે પરમાત્મા. એટલે જ એમને 'પુનિતપ્રાણ' અને 'મહાપ્રાણ' પણ કહ્યા. 'શક્રસ્તવ'માં એ બધા જ નામો આવે છે.

**પરમાત્માની સમગ્ર જગતને નિગોદમાંથી ગતિ આપીને મોક્ષ સુધી પહોંચાડવાની તીવ્રતમ કર્તૃત્વ ભાવનામાંથી જ બંધાયેલું તીર્થંકર નામકર્મ અને તેમાંથી ઉત્પન્ન થતી સમગ્ર વિશ્વની શ્રદ્ધા એ ઉર્જા અને તેનું નામ જ 'આર્હંત્ય'.**

જગતના સર્વ જીવોને જડતાથી મુકત કરી સમગ્ર દુઃખથી મુકત કરવા માટેની ગતિ આપે, એના માટેના બધા સાધનો ય ઉત્પાદન કરી આપે, તેનું નામ તીર્થંકર નામકર્મ. તમે તે સાધનોના માત્ર ગ્રાહક છો, ઉત્પાદક નથી. ભગવાનનું તથાભવ્યત્વ એ ઉત્પાદક તથાભવ્યત્વ છે, જ્યારે આપણું ગ્રાહક તથાભવ્યત્વ છે.

ઉપકારક પુન્યમાં કારણ જીવો જ છે. જે જેટલાનું કલ્યાણ વાંછશે, એટલું મોટું એનું પુણ્ય! સમગ્ર જીવોના ચૈતન્યનો અનુભવ કરીને પ્રભુ વિશ્વના સમગ્ર જીવોનું કલ્યાણ વાંછે, આપણી જેમ માત્ર હા એ હા કરીને નહીં. 'નિગોદ છે?' 'હા જી'. 'મોક્ષમાં અનંત જીવો છે?' 'હા જી. હું અનુભવું છું.' એમ પ્રભુ પરમ ચેતનાનો - ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ બંનેનો અનુભવ કરે છે. દક્ષિણ ધ્રુવ એટલે નિગોદ અને ઉત્તર ધ્રુવ એટલે મોક્ષ કે નિર્વાણ.

**પૂ. આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ પરમાત્માનું તથાભવ્યત્વ શું પહેલેથી જ ઊંચું હોય?**

**ઉત્તરઃ** જ્યારથી ક્ષાયિક તીર્થંકર નામકર્મ બંધાય, ત્યારથી એમના આત્મપ્રદેશોમાં બીજા માટે ઉપયોગી થવાની જ તમન્ના હોય! તેઓ સ્વસુખનો વિચાર ક્યારેય ન કરે. કોઈ કર્મનો ઉદય આવી જાય અને કો'ક તીર્થંકર વાસુદેવ વગેરે બની જાય, ત્યારે આવરણ

થવાથી વચ્ચે થોડો સમય જીવો સાથે ન્યાયના નામે દુર્વ્યવહાર કરનાર કદાચ બને ય તે ખરાં, પણ બાકી આંધળો કાયદો કે પરમાત્માનું તથાભવ્યત્વ પહેલેથી જ ઊંચું હોય.

રાજાની આજ્ઞાનો ભંગ એ શસ્ત્ર વગરની એમની હત્યા ગણાય છે. પેલા શૈયાપાલકે આજ્ઞાભંગ કર્યો. આજ્ઞા શું હતી? 'આ બિચારા મને રાજી કરવા આવ્યા છે. હું જાગતો હોઉં, ત્યાં સુધી ગાય, એ બરોબર છે. હું ઊંઘી જાઉં, પછી ગાય તો તેનો મતલબ શું? હું ઊંઘી ગયો, એટલે કાંઈ રાજી થવાનો નથી.' તે પછી રાજા ઊંઘી ગયા, છતાં તેનું ધ્યાન ન રહ્યું અને શૈયાપાલકે પોતે ગુલતાન થઈ આખી રાત સાંભળ્યા કર્યું ને આજ્ઞાભંગ કર્યો. એટલે પ્રભુના આત્માએ દંડ કર્યો. દંડમાં કર્તૃત્વ આવ્યું એટલે નરકમાં જવું પડયું. દંડ કોઈ ન્યાયાધીશે કર્યો હોત, તો તેમને નરક ન આવત.

**પૂ. આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ ન્યાયાધીશ ન્યાયપૂર્વક કોઈપણ ચુકાદો આપે, તો ન્યાયાધીશને કોઈ દોષ લાગે?**
**ઉત્તરઃ** કશો જ દોષ ન લાગે, કેમકે વિશ્વમાં ન્યાયની વ્યવસ્થાથી નિર્દોષ, નિરીહ, નિર્બલ પ્રજાજનોને રક્ષણ મળે છે. જો તમે દાબ ન રાખો, તો દુનિયામાં દંડ વિના સીધા ચાલવાવાળા ઓછાં છે! સોમાંથી ત્રીસ તો એવા ખરા જ કે દંડના ડરે જ સીધા ચાલે. તો એમના અન્યાયથી ઘણાં જીવો બચે. એકને દંડ મળે અને હજારો બચતાં હોય, તો તે દંડને ધર્મમાં દંડ નથી ગણ્યો.

જોધપુરમાં હાઈકોર્ટના એક બહુ મોટા એડવોકેટ લેખરાજ મહેતા. મોટા રાજા-મહારાજાઓના વકીલ. કાયદાના બહુ વિદ્વાન.

રોજની લાખ રૂા.ની ફી અને આમ પાક્કા શ્રાવક. રોજ પૂજા કરે. નેવું વર્ષની ઊંમરે રોજ ઊભા ઊભા ખમાસમણા દઈને વંદન કરે.
જજ અને એમના શ્રાવિકા બંને હંમેશા આવે.
એકવાર બેઠા મારી પાસે. કહેઃ
મહારાજ સાહેબ, હું 'અર્હન્નીતિ'નું અધ્યયન કરું છું.
યાજ્ઞવલ્કયનીતિ છે, મનુસ્મૃતિ છે,
યાજ્ઞવલ્કયસ્મૃતિ છે, કેવલસ્મૃતિ વગેરે અનેક ન્યાયના ગ્રંથો છે.
એમાં કયા ગુના માટે કયો દંડ છે તથા તે કઈ માત્રામાં આપવો,
એ માટે હેમચંદ્રસૂરિજી મ.સા.ની રચના
'અર્હન્નીતિ' તેઓ વાંચતા હતા.
એમાં અમુક અમુક ગુનાઓમાં દેહાંત દંડ અપાય છે,
એવું લખેલું એટલે પૂછવા આવ્યા લેખરાજજી.

'સાહેબ, યે કૈસે હો સકતા હૈ? એક જૈન આચાર્ય ઈસ તરહ સે દેહાંત દંડ કી વ્યવસ્થા નીતિપૂર્વક બતાતે હૈ, નામ 'અર્હન્નીતિ' ઑર ઉસ મેં દેહાંત દંડ કી નીતિ બતાના? યે કયા બાત હુઈ?'
હું ય વિચારમાં પડી ગયો પણ મારા ગુરૂ મહારાજે કહેલું કેઃ
'તને કોઈપણ પ્રશ્ન પૂછશે કે તરત જવાબ આવશે.'
મેં એમને કહ્યું કેઃ 'લેખરાજજી, દેહાંત દંડ કયું - કિસે પડતા હૈ?
નિશ્ચયનય સે તો કોઈ ભી આત્મા મરતી હી નહીં.

नैनं छिन्दन्ति शास्त्राणि, नैनं दहति पावकः। (ગીતા) શ્રીકૃષ્ણ એના આધાર ઉપર જ અર્જુનને દ્રષ્ટાભાવે લડવા માટે તૈયાર કરે છે. આત્મા તો ગુનો કરતો જ નથી, દેહનું મમત્વ કરે છે એટલે ગુનો તો તેનો દેહભાવ કરે છે. એ ગુનાનું પુનરાવર્તન ન કરે, એનો

એને દંડ આપવો પડે. એનું જોઈને બીજા પણ કોઈ એવો ગુનો ન કરે, એ ધાક બેસાડવી પડે અને પેલાના સબકોન્સીયસમાં પણ ધાક એવી બેસે કે એ બીજા ભવમાં યે ગુનો કરતો ભૂલી જાય.

એટલે આમાં બે હેતુ છેઃ પેલો ભવાંતરમાં ય ગુનો ન કરે, એવી આ દંડથી ધાક બેસે. એનું જોઈ દેશમાં કોઈ ગુંડાઓ ગુનો ન કરે. આ લોક કે પરલોકમાં ધાક બેસી જાય, એના માટે દેહાંત દંડ. ન્યાય તો સ્પષ્ટ છે. આત્મા મરતો નથી. જે દુષ્ટ કર્મ કરે, એનું ફળ એ જ ભોગવે, આત્મા નહીં. કાયાએ નીચ કર્મ કર્યું, તો એનું ફળ કાયાએ જ ભોગવવું પડે, એમાં કંઈ ખોટું નથી.

હેમચંદ્રસૂરિજી મહારાજ કહે છેઃ 'આ બધું લાઘવ-ગૌરવ છે.' મતલબ કે નાનું નુકસાન વેઠવાથી મોટો ફાયદો થતો હોય, તો એ નાનું નુકસાન વેઠી લેવાનું. એટલે શૈયાપાલકના કાનમાં સીસું ઘાલ્યું, એ ગુનાનો દંડ છે અને ત્યારે હતા જ આવા કઠોર દંડ. રાજાની આજ્ઞાનો ભંગ રાજાની હત્યા જ ગણાય અને હત્યાનો દંડ એવો જ મળે. વાત એટલી જ છે કે પોતે ગુસ્સે થઈને દંડ કર્યો, એટલે નરકમાં જવું પડયું. એ દંડ કોઈ ન્યાયાધીશે કર્યો હોત, કેસ ચાલ્યો હોત, તો એ નરકમાં ન જાત.

લોકો પૂછેઃ 'તીર્થંકરો આટલા કરૂણાવંત હોય, એણે આવો ભયંકર દંડ કેમ કર્યો?' તો જવાબ છેઃ 'તીર્થંકરનો જીવ પણ પરિસ્થિતિને વશ કયારેક દુર્બળતાનો શિકાર થઈ આવી મોટી ભૂલ કરી બેસે, એમાં નવાઈ નથી પણ મૂળમાં એમનું જીવદળ શું? આપવાવાળો, પરોપકારી. બસ, આ એક જ ભવમાં એમણે એવું કર્યું.

બીજી ભૂલ એ કરી કેઃ

મરીચીના ભવમાં મોક્ષમાર્ગ માટે પ્રભુવીરના આત્માએ અસત્ માર્ગની પ્રરૂપણા કરી. એ આધ્યાત્મિક ગુનાનો દૈહિક દંડ ન મળ્યો. એનો દંડ મળ્યો બહુ લાંબા ગાળાનો સંસાર વધ્યો એ! વળી બધા જ ભવમાં એમને બ્રાહ્મણ કુળમાં જન્મ લેવો પડયો. એટલે તીર્થંકરનો જન્મ ન થાય, એવા કુળમાં એ દંડ ભોગવવો પડયો, પણ મૂળમાં જીવદળ પરોપકારનું.

'આર્હંત્ય' એટલે જગતના સર્વ જીવોને ઉપકાર કરનાર અને દ્રશ્ય-અદ્રશ્ય અને સૂક્ષ્મ-સ્થૂલ જગત ઉપર એકસરખી સત્તા ચલાવનાર. સમગ્ર પરમાણુઓના સંગઠન-વિઘટન ઉપર એની જ સત્તા ચાલે,

નાના ભૂખંડ ઉપરનું રાજ્ય એ 'રાજ્ય' અને
મોટા ભૂખંડ ઉપરનું રાજ્ય એ 'સામ્રાજ્ય' કહેવાય.
સમગ્ર વિશ્વ, ચૌદે રાજલોક ઉપરાંત
ષટ્દ્રવ્યો ઉપર જે રાજ્ય છે, એનું નામ 'આર્હંત્ય'.

જે રાજાની પુન્યશકિત જેટલા ક્ષેત્રમાં આભામંડલથી વ્યાપે, એટલા જ ક્ષેત્રમાં એનું રાજ્ય હોય. એ યાદ રાખજો કેઃ સૈન્યો રાજ્ય નથી કરતાં, રાજ તો એનું પુન્ય જ કરે છે. પુન્ય હોય, તો નાની સેના પણ મોટી સેના સામે જીતી જાય. પુન્ય ન હોય, તો મોટી સેના પણ નાની સેના સામે હારી જાય. ઍલેકઝાન્ડરનો જ દાખલો લો. એ માત્ર પાંચ હજારના સૈન્ય સાથે આવે, સામે પોરસ ત્રીસ હજારની સેના રાખે. એક હાથી ઉપર છે, બીજો ઘોડેસવાર છે. પેલાનું પુન્ય વધારે હતું, એટલે ઍલેકઝાન્ડર જીતી ગયો.

આખું ભૌતિક વિશ્વ પુન્યને આધીન, પુન્યબંધ ચૈતન્યને આધીન. ચૈતન્ય સાથે જેટલો તમારો રૂડો અને સહાય કરવાનો સંબંધ, એટલું પુન્ય તમારૂં વધતું જાય. તમે એકને જ કે પાંચ જણને સહાય કરો, તોય તમને મોક્ષે જવાનો પરવાનો મળી જાય! ભલું કરવાનો પરવાનો જોઈતો હોય, તો વધારે સહાય કરો, એટલું પુન્ય તમારે વધે, તો ભલું કરી શકો, મોક્ષમાર્ગે જવા સહાય કરી શકો.

તીર્થંકર પરમાત્મા વિશ્વના સર્વ જીવોને મોક્ષે લઈ જવાનું સામર્થ્ય ધરાવે પણ જાય કેટલા? જેટલાનું ભવ્યત્વ પાકયું હોય એટલા જ! વરસાદ બધે જ પડે, પણ બધે જ ઊગે ખરૂં? અગાશી ઉપર પડે તો? પહાડ ઉપર પડે તો? રણમાં પડે તો? અરે જ્યાં જ્યાં યોગ્ય ભૂમિ હોય ત્યાં પડે, તો એ ફસલ આપે. અહીંયા આવ્યા, એટલે સૂર્યપ્રકાશની જેમ પરમાત્માની શકિત યે સૌને મળે, જેમ તમને બધાને બંધારણીય સ્વાતંત્ર્ય એકસરખું મળે.

તમારો ગાંડો છોકરો હોય, એનામાં બંધારણીય સ્વાતંત્ર્યનો ઉપયોગ કરવાની તાકાત નથી, તેને ય તે મળે તો ખરૂં ને? નાના-મોટા, અમીર-ગરીબ બધાને એકસરખું સ્વાતંત્ર્ય મળે. કાયદા પણ બધા માટે સરખા લાગુ પડે. અમીર છે તો લાગુ ન પડે, ગરીબ છે તો લાગુ પડે, એવું નથી. સ્વાતંત્ર્ય બધાને મળે, પણ ટકે કોનું? એ સ્વાતંત્ર્યને એની શરત પ્રમાણે સાચવે તેનું.

તમે કોઈ નાગરિકને નડયા, અંતરાય કર્યા વિના જે કરવું હોય, તે કરી શકો. આ પરમ સત્તા એવી રીતે છે. રીખવદાસજી તેને ‘કોસ્મીક ઓર્ડર’ કહેતાં. આર્હંત્યની પહેલી ખબર રીખવદાસજીએ આપી.

સં.૨૦૧૦માં ગુરુમહારાજને પહેલી વાર મળવા અંધેરીમાં આવ્યા પછી ભાવાવેશમાં આવી બોલવાનું શરૂ કર્યુંઃ 'પરમાત્માની પરમ સત્તા એટલે?' ઉપસ્થિત જનો તેમને સ્તબ્ધતાથી સાંભળી રહ્યા. એને તેઓ 'કોસ્મીક ઓર્ડર' કે 'પરોપકારનો પ્રબળ નિયમ' કહેતા.

સત્તા તેને જ મળે કે જે બીજા માટે જીવતો હોય.

પોતાના છૈયાં-છોકરાનું પેટ ભરવા માટે જ સત્તાનો ઉપયોગ કરે, તેને બીજીવાર સત્તા ન મળે. એનું જબરદસ્ત વર્ણન એમણે કર્યું.

રીખવદાસજીને 'કોસ્મીક ઓર્ડર'નું દર્શન કયાંથી થયું?
ગૌતમસ્વામી એમના ઈષ્ટ દેવ, જેઓ પોતે આર્હંત્યસ્વરૂપ છે.
ગૌતમસ્વામી ભલે નિર્વાણ પામ્યા,
પણ એમની એસ્ટ્રલ બોડી આજે ય
હાજર રહી જબરદસ્ત કામ કરે છે.
પ્રભુ મહાવીરની એસ્ટ્રલ બોડી કરતાં પણ વધુ!

પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ 'એસ્ટ્રલ બોડી' એટલે શું?
ઉત્તરઃ 'એસ્ટ્રલ બોડી' એટલે તૈજસશરીર, પ્રાણશરીર,
ચિતીશક્તિ કે ચૈત્યશરીર.
તે વિદ્યુત કે ઉર્જાતરંગ રૂપે હોય.
સમગ્ર વિશ્વને એ જ ઊર્જા પૂરી પાડે.
સૂર્ય અને ચંદ્રની ઊર્જા ય એમાંથી આવે છે.
પરમાત્માની એસ્ટ્રલ બોડી પરમ સૂર્ય, પરમ ચંદ્ર છે.
મૃત્યુનો વિજય
તમારી એ પરમ ઉર્જાને સ્પર્શ કર્યા સિવાય થઈ શકતો નથી.
ચરમ ઝંખના તો મૃત્યુના વિજયની જ છે ને?

**પૂ. આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ મૃત્યુનો વિજય એટલે પછી ક્યારેય મરવું જ નહીં તે?**

**ઉત્તરઃ** બસ, શાશ્વત જીવન જોઈએ બધાને જે આપે જ છે પ્રભુ! સંસારી જીવોને શરીરમાં જ અમર થઈ જવું છે, જે અશક્ય છે.

જે બન્યું, તે નષ્ટ થવાનું જ.

જે અવિનાશી છે, એ જ માત્ર નષ્ટ નથી થતું.

તો સમગ્ર વિશ્વ, સચરાચર, સૂક્ષ્મ અને સ્થૂલ ઉપર

શાસન કરનારું તીર્થંકર નામકર્મ બાંધ્યુ પ્રભુએ.

પરમાણુઓના સંગઠન-વિઘટન કરે, એવા પ્રભુના શાસનમાં

એ ઊર્જા કઈ રીતે ઊત્પન્ન થાય? તીર્થંકર નામકર્મના પ્રભાવથી.

તીર્થંકર નામકર્મના બે તબકકાઃ

એક પંચકલ્યાણકરૂપ તબકકો અને બીજો નિરંતર દેશનારૂપ તબકકો. પંચકલ્યાણકો પણ પ્રભુના તીર્થંકર નામકર્મના ઊદયથી જ થાય. તીર્થંકર નામકર્મના ઉદયે તીર્થંકર નામકર્મને ભોગવવા જ પ્રભુ દેશના વડે બોલવાના કાર્યથી પોતાની સમગ્ર શકિતને વિશ્વમાં પાથરી દે. શબ્દમાં સૌથી વધુ તાકાત છે. શબ્દ એ દ્રશ્ય-અદ્રશ્ય બંને વિશ્વ વચ્ચેનો સેતુ છે અને બંને ઉપર નિયંત્રણ કરી શકે છે.

શબ્દના તરંગો ઉર્જારૂપ છે અને એમાં

જે પંચકલ્યાણક છે, એ પાંચ અણુવિસ્ફોટ છે.

કોઈ પણ બોમ્બ ફૂટે અને ત્રણ ક્રિયા થાયઃ

પહેલા પ્રકાશ, પછી ભયંકર ગડગડાટીનો અવાજ, પછી થરથરાટી. મીનીટો સુધી કે લાંબા સમય સુધી એના વૅવ્સ ચાલ્યા જ કરે. અણુબોમ્બના વિસ્ફોટના વૅવ્સ-રેડીએશન હજારો વર્ષ સુધી ચાલે. જયાં થયો હોય, એ આખી ભૂમિ એનાથી જ વાસિત થઈ જાય.

હિરોશીમા-નાગાસાકીમાં આજે પણ
બાળકો પાંગળા જન્મે છે, એટલું ખરાબ એ રેડીએશન છે.
વામાવર્ત વિસ્ફોટ સંહાર કરે અને દક્ષિણાવર્ત સર્જન કરે છે.
પ્રભુનો અણુવિસ્ફોટ દક્ષિણાવર્ત છે.
આપણે સાંભળીએ છીએઃ 'સાતે નરકે થયાં અજવાળા' એ પ્રકાશ.
દેવદંદુભીની ગડગડાટી થઈ એ અવાજ.
વિશ્વમાં સુખની લહેર ફેલાઈ ગઈ, એ રેડીએશન.

જ્યાં કલ્યાણક થયું હોય, તે ભૂમિ એનાથી ચાર્જ થઈ જ જાય, કારણકે હજારો-લાખ્ખો વર્ષો સુધી એ રેડીએશન ત્યાં ફેલાયા જ કરે. જે એના સંપર્કમાં આવે, એનું બધું જ પોઝીટીવ થઈ જાય. પોઝીટીવ એટલે સકારાત્મક યા દક્ષિણાવર્ત. અધ્યવસાય આત્મલક્ષી થાય, એટલે દક્ષિણાવર્ત. પર્યાયલક્ષી અધ્યવસાય એટલે વામાવર્ત. સંસારના કોઈપણ પર્યાય મેળવવા માટે જ્યારે પણ વિચારો, ત્યારે તમારા શરીરનું જે આભામંડળ છે, એ વામાવર્ત થાય છે. મોટા ભાગે સંસારના કાર્યોના વિચારમાં જ તમે બેઠેલા હો છો. એટલા માટે જ તમે જ્યારે મંદિરે જાવ, ત્યારે પહેલો જ નિયમ કે ત્રણ પ્રદક્ષિણા આપવી. તો કયા ક્રમથી આપવી? દક્ષિણાવર્ત ક્રમથી. મંદિર જેટલું ઊંચું હોય, તેટલું જ પહોળું એનું ઊર્જાશરીર હોય. પરમાત્માની પ્રતિષ્ઠા દ્વારા કેન્દ્રિત કરાયેલ ઊર્જા ત્યાં પ્રગટ થાય છે. તમે એમાં ત્રણ પ્રદક્ષિણા આપો, એથી તમારૂં વામાવર્ત ચક્ર દક્ષિણાવર્ત થઈ જાય. એ થયાં પછી તમે જિનાલયે પ્રવેશ કરો. વિજાતીય ઊર્જાને પ્રભુના મંદિરમાં પ્રવેશ માટે મનાઈ છે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ 'વિજાતીય ઊર્જા' એટલે?**

ઉત્તરઃ વિજાતીય ઊર્જા એટલે જેની પોતાની ઊર્જા વામાવર્ત હોય.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ એ ખબર કેમ પડે?**
ઉત્તરઃ હે ભગવાન! (સભાઃ હાસ્ય) એ ખબર ન પડે, એટલે જ તો પ્રદક્ષિણા દેવાની છે! ખબર પડે કે મારી ઉર્જા દક્ષિણાવર્ત છે, તો દેવાની જરૂર જ નથી. નથી ખબર પડતી એટલે જ દેવાની છે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ પ્રદક્ષિણા દઈશું, તો ઉર્જા દક્ષિણાવર્ત થઈ જ જશે ને?**
ઉત્તરઃ હા, એ થઈ જ જાય. એ તો નિયમ જ છે. વંટોળીયો ચાલતો હોય અને તેમાં તમે જાવ, તો એમાં તમે પણ ફરવા લાગો કે નહીં? કારણકે વાતચક્રનું બળ તમારા કરતાં વધી જાય. પરમાત્માની ઊર્જા આપણા શરીરનું બળ ઘણું વધારે છે, કેમકે સર્જનાત્મક હોય, તેનું બળ હંમેશા વધારે જ હોય છે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મ.સાઃ તે બળ અનુભવાતું કેમ નથી?**
ઉત્તરઃ આ સીધા ચાલો છો, એ એના જ કારણે તો ચાલો છો! નુકસાન નથી કરતા બેઠા બેઠા ને ભલું કરો છો, એ એના કારણે. એનો અનુભવ શું હોય બીજો? એ કંઈ ટમેટા રૂપે આવે? કોઈ પદાર્થ રૂપે આવે? જો એનો અનુભવ શું છે, એ ખબર છે તમને?

मनः प्रसन्नतामेति। उपसर्गाः क्षयं यान्ति।

ઉપસર્ગ એ વામાવર્તનું ચકકર છે. વિઘ્નો ય વામાવર્તનું ચકકર છે. વામાવર્ત મટી જાય, એટલે ઊપસર્ગો-વિઘ્નો જતાં રહે અને ચિત્તમાં થી નેગેટીવ ફોર્સ જાય એટલે પ્રસન્નતા વધી જાય. પોઝીટીવ ફોર્સ માટે જ મંદિરમાં જવાનું છે સવારમાં ઊઠીને.

જેથી તમે કોઈનું ખરાબ ન કરો, કોઈ તમારૂં ખરાબ ન કરે. તમે કોઈનું ખરાબ કરો, તો તમારૂં ખરાબ થાય ને? તમે કોઈનું ખરાબ ના કરો, તો સવારમાં એવા વાઈબ્રેશન્સ લઈ આવો કે આખો દહાડો સીધા જ ચાલો અને ક્યાંય વાંકા-ચૂંકા ન થાવ. તો એ જે દેશના દ્વારા પ્રભુએ વિસર્જન કરેલા તીર્થંકર નામકર્મના પુદ્ગલો જ સમગ્ર વિશ્વનું શાસન કરે છે, એ 'લલિત વિસ્તરા'માં હરીભદ્ર -સૂરિજી મહારાજે સ્પષ્ટ રીતે લખ્યું છે. સૃષ્ટિમાં વરસાદ આવે, અન્ન-ધાતુ-રત્નો ઊત્પન્ન થાય, એ તીર્થંકર નામકર્મનો પ્રભાવ.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજીઃ આપે કહ્યું એટલે માની જ લેવાનું?**
**ઉત્તરઃ** ના ભાઈ ના. ન માનીને એના કડવા ફળ ભોગવવાના! (સભાઃ હાસ્ય) મેં કહ્યુંઃ 'આ ગાડીમાં બેસી જા, તારે ચાલવું નહીં પડે, પહોંચી જઈશ.' પેલો કહેઃ 'વિશ્વાસ નથી આવતો. એના બદલે ગાડીને ટીંગાઈને જઈશ.' તે ભલે જાતો, આપણું શું જાય છે? હાથ દુઃખશે એટલે મૂકાઈ જશે, ત્યારે ખબર પડશે કે ટીંગાઈને જવું એટલે શું? બેસી ગયો હોત તો શું તકલીફ હતી? પણ કર્તૃત્વ થાય ને? કે હા, મેં ય મહેનત કરી પેલા સરદારજીની જેમ જે પોટલું માથે રાખીને દિલ્હીની ગાડીમાં બેઠા. ગાડી ચાલે, તેમ તે ચાલે. કોઈએ પૂછ્યુંઃ 'કયા બાત હૈ? કયું ચલ રહે હો?' 'દિલ્હી જા રહા હું!' 'ગાડી દિલ્હી હી જા રહી હૈ, તો આપ કયું ચલ રહે હો?' 'અરે, ગાડી જાયેગી ઔર મૈં અગર બૈઠા રહુંગા, તો ગાડી ચલી જાયેગી, ઈસલિયે મૈં સાથ મેં ચલતા હું.'

તો ચાલો ભાઈ, કોણ ના પાડે છે?

એમાં મારૂં શું જાય? આપણે કાંઈ વાંધો નથી.

ભગવાન કોઈને પકડીને કહેતા નથી કેઃ 'મારી ગાડીમાં બેસો.'

ન બેસવું હોય તો ફિલ્ડીંગ ભર્યા કર ને જન્મ-મરણના ફેરા કર્યા કર. સમગ્ર વિશ્વવ્યવસ્થા એમને આધીન છે. ધાર્યું ધણીનું થાય, તમારૂં ન થાય. ભગવાન ન હોય, તો બધું જે નિયમિત ચાલે છે, તે કોના આધારે ચાલે છે?

સૂર્ય-ચંદ્રની નિયમિત ગતિ,
ઋતુઓના ચક્ર વગેરે એના કારણે વ્યવસ્થિત ચાલે છે.
આજ સુધી કોઈ નીચા માથાવાળો કે
વાંકો-ચૂંકો માનવી પેદા થયો?
આનો વ્યવસ્થાપક કોણ? પુન્ય કર્મ.
પુન્ય કર્મના વ્યવસ્થાપક કોણ? પરમાત્મા.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ એટલે જેટલું પુન્ય થાય છે, તે બધું પરમાત્માને જ કારણે?**

**ઉત્તરઃ** બીલ્કુલ! આ વિશ્વની બધી જ વ્યવસ્થા સૂર્યથી જ ચાલે છે ને? કોઈપણ વૈજ્ઞાનિકને પૂછો. એ બાબતમાં સૌ આસ્તિક છે, કોઈ નાસ્તિક નથી. સૂર્ય ના હોય, તો આ બધી વ્યવસ્થા ખતમ થઈ જાય. એટલે જ પ્રભુને ય 'પરાત્પર સૂર્ય'ની ઉપમા આપી ને? 'પરાત્પર સૂર્ય' એટલે ઉર્જાનો પૂંજ. સિદ્ધની પરમ શક્તિ અનંતમાં ઓગળી, કેન્દ્રિત થઈ, સૂર્યની જેમ ગરમીથી અશુભ કર્મને બાળી નાંખી પછી ચંદ્રની જેમ ઠંડી થઈ વિશ્વને પોષણ આપે, એ રીતે વિશ્વમાં ફેલાય, એનું નામ 'આર્હંત્ય'.

સિદ્ધ પરમાત્મા એ સૂર્ય છે અને તીર્થંકર પરમાત્મા એ ચંદ્ર છે. લાલ વર્ણના સિદ્ધ પરમાત્મા માત્ર શક્તિનો પૂંજ છે, એટલે તમે

જે લાલ ચૂંદડી ઓઢો છો ને? એ શકિતનો-જીવનનો રંગ છે. એ શકિત અરૂપી છે, એટલે એને કોઈક રૂપીનું માધ્યમ પકડવું પડે, તો જ કામ કરી શકે. એ ઉપકારી શકિત અરિહંતના માધ્યમે પરમાત્માના તથાભવ્યત્વ થકી એમાં કેન્દ્રિત થાય છે.

'સકલાર્હત પ્રતિષ્ઠાનં, અધિષ્ઠાનં શિવશ્રીય'માં 'શિવશ્રીય' એટલે મોક્ષલક્ષ્મી કે મોક્ષશકિત કહો. ત્રણે જગતની સમગ્ર વ્યવસ્થા એ શકિત કરે છે. પ્રભુ કશું જ કરતાં નથી અને પ્રભુની શકિત સિવાય કશું જ થતું નથી. (સભાઃ આહાહા!) તમે શ્વાસ લો, ચાલો, ખાઓ, તમારૂં ભોજન પચે, તેમાંથી બ્લડ અને વીર્ય બને, તે એમની શકિતથી. દુનિયા કર્મના કંટ્રોલમાં અને કર્મ પરમાત્માના.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ કર્મ પરમાત્માના કંટ્રોલમાં હોય, તો પરમાત્મા...?**
**ઉત્તરઃ** જૂઓ, આ આખો દેશ સરકારના કંટ્રોલમાં ખરો ને? આ સરકારને સરકાર બનાવનારા પાછા કોણ? સભાઃદેશ. પણ દેશ પાસે એ સત્તા નથી. દેશમાં વ્યકિતની શકિત વિખરાયેલી છે. વોટ રૂપે એ શકિત જયારે એક જ વ્યકિતમાં કેન્દ્રિત થાય, ત્યારે એ શકિત બને ને વિકેન્દ્રિત થાય, ત્યારે અસ્થિર બને. (સભાઃ વાહ વાહ!) જગતના જીવો પ્રભુને પૂરો સપોર્ટ કરે છે કેઃ સરમુખત્યારશાહી તારી. પ્રભો! તું જીવાડે તો જીવશું, તું મારે તો મરશું!

'આર્હંત્ય' એટલે વિશ્વસત્તા એટલે કોસ્મીક ઓર્ડર. કોસ્મીક એનર્જી પણ એ જ છે. તે વિશ્વવ્યાપી છે. પણ એ બધું મનુષ્યલોકમાં, દેવલોકમાં કશું જ નહીં. અહીં બધા ફેરફાર થાય, દેવલોકમાં જેમ છે,

તેમ જ રહે. હિમયુગની જેમ. ત્યાં જેમ છે, તેમ જ રહે ને? સૂર્યનો પ્રભાવ વધે, પછી બધામાં ફેરફાર થવાનું શરૂ થાય. મડદું લાખ્ખો વર્ષો સુધી પડ્યું રહે, તો પણ કશો ફેરફાર થાય? ના.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ દેવલોક તથા હિમયુગમાં ભગવાનની શકિત કામ નથી કરતી?**

**ઉત્તરઃ** વિદ્યુતતરંગ જેવા એ શકિતના તરંગો મનુષ્યલોક પૂરતા જ હોય. જ્યાં તીર્થંકર ઊત્પન્ન થાય, ત્યાં જ એના કલ્યાણકો થાય. કલ્યાણક અને દેશના જ્યાં થાય, એ જ લેન્થ ઉપર શકિત જાય. દેવલોકમાં ખેતીની, વરસાદની, જીવન જીવવા માટે કશું ઊગાડવાની જરૂર છે? જ્યાં જરૂર નથી, ત્યાં શું કરવા માટે એ શક્તિ હોય? દેવલોકમાં વાસના શરીર જ છે, ઔદારિક નથી. ત્યાંની વ્યવસ્થા એમને આધીન છે, કેમકે ત્રિલોકવ્યાપી નાદ અને પંચ કલ્યાણકના કારણે ઊત્પન્ન થયેલા રેડીએશનો માત્ર આ એરીયામાં જ છે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ તો ચૌદે રાજલોકમાં કેવી રીતે અજવાળા થાય?**

**ઉત્તરઃ** હા, અજવાળા થાય. એનો વાંધો નથી, કેમકે એના જે રેડીએશનના તરંગો છે, એ બધે વ્યાપી જાય અને સુખ-શાંતિની અનુભૂતિ ત્રણે લોકમાં થાય. કદાચ નિગોદ સુધી ય થતી હોય! પાંચે સ્થાવર અને નારકને પણ સુખ થાય. જીવમાત્રને સુખ થાય. પંચકલ્યાણકના કેવા અદ્‌ભૂત પુદ્‌ગલો છે, પણ દેશનાના પુદ્‌ગલો ક્યાં રહે? મનુષ્યલોકમાં ભરતક્ષેત્રના માત્ર ભરતક્ષેત્રવ્યાપી અને મહાવિદેહના મહાવિદેહ વિજયવ્યાપી, એથી વધારે નહીં.

આમ જે અલગ અલગ તીર્થંકર થાય, તે તીર્થંકરોના શ્રુતથી આ બધું ચાલે. મહાવિદેહક્ષેત્રમાં લાંબા ગાળે તીર્થંકરો નથી થતાં, છુટાં-છવાયાં તીર્થંકરો થવાના તો બધા વિજયમાં ત્યાં ચાલુ જ હોય. આપણે ત્યાં લાંબા ગાળે જિનેશ્વરો થાય, તો યે મોક્ષમાર્ગ ચાલે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ તીર્થંકર કે જિનેશ્વર?**

**ઉત્તરઃ** બંને એક જ છે. એક પછી એક થતાં તીર્થંકરથી જ આખી વ્યવસ્થા જાળવવા માટેનું ઊર્જાક્ષેત્ર છે, તે ઉત્પન્ન થાય. આગલા તીર્થંકરની ઉર્જા ચાર્જીંગ કરીને પાછી ચલાવાય. એ વ્યવસ્થા ઉપર સિદ્ધ ભગવાનનો કંટ્રોલ છે પણ એ આપણા માટે કલ્પનાતીત વસ્તુ છે. એટલે અજૈનોમાં ય પરમ શિવ પછી પરામ્બિકા કહે છે.

'પરામ્બિકા' એટલે સિદ્ધ પરમાત્મા, જેની ઉપર કોઈ નથી. પણ એ અહીંયા નથી ને, એથી એમની શકિત તીર્થંકર દ્વારા જ વ્યકત થાય છે. એટલે તીર્થંકરરૂપ જ ગણી આપણે એને માનીએ.

તીર્થંકર નામકર્મના પુદ્ગલો પંચકલ્યાણકથી જન્મતાં વિસ્ફોટમાંથી ફેલાતી ઊર્જા છે. અરે, નિર્વાણ પછી છૂટી જતું એમનું તૈજસ શરીર પણ કાંઈ તરત વિખરાતું નથી.

સમગ્ર જગતના કલ્યાણની ભાવનાથી ઓતપ્રોત
એવું એ શરીર લાંબો સમય કામ કરે છે.
જેમ ભગવાન ઋષભના શરીરે મોક્ષમાર્ગને ચલાવવાનું કામ
૫૦ લાખ ક્રોડ સાગરોપમ સુધી કાર્ય કર્યું, એમાં પાંચે પરમેષ્ઠીના
તૈજસ શરીરના પાવરહાઊસમાંથી કનેકશન હોય.
મુનિધર્મનું પાલન ત્યારે જ કરી શકે, જયારે એ કનેકશન હોય.

એટલે અર્હંતની શકિતની અંદર પાવર વિના
મુનિપણું, ઉપાધ્યાયપણું, આચાર્યપણું કે
શ્રાવકપણું પણ રહે નહીં.

**સભાઃ અજૈનો કહે છેઃ 'જે કરે છે, એ બધું ભગવાન જ કરે છે.' તો એ માન્યતા શું સાચી છે?**

**ઉત્તરઃ** ના. એ લોકો એમ માને છે કે જે કંઈ થાય, એ ભગવાન જ કરે છે. એમનો જે ભગવાન છે ને, એ માટી અને કુંભાર બંનેને બનાવે છે, જયારે આપણો ભગવાન ફકત કુંભારને જ બનાવે છે, માટીને નહીં. માટી ઊપાદાન કારણ છે. એ લોકો ભગવાનને ઉપાદાનકર્તા માને છે, આપણે નિમિત્તકર્તા માનીએ છીએ.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ નિમિત્તકર્તા યાને શું લેવાનું?**

**ઉત્તરઃ** તમારૂં શરીર કઈ વર્ગણામાંથી બન્યું? ઔદારિક વર્ગણામાંથી. એ શરીર બનવાની યોગ્યતા શેમાં છે? ઔદારિક વર્ગણામાં. બનાવ્યું કોણે? તમારા આત્માએ એને ગ્રહણ કરીને બનાવ્યું. એટલે તમારો આત્મા કુંભાર અને શરીરનું ઉપાદાન કારણ ઔદારિક વર્ગણા છે અને આત્માએ પોતાના ગત જન્મના સંકલ્પ દ્વારા શરીર બનાવ્યું.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ પરમાત્માએ શું બનાવ્યું?**

**ઉત્તરઃ** તમે એ શરીર બનાવો, બનાવી શકો, એ માટેના કર્મને
શુભ બનાવવાનું કામ પરમાત્માએ કર્યું.
ધ્યાન રાખજો, અશુભ બનાવવાનું કામ તમે જ કરો છો.
ગુનો તમે કરો. દંડ કોણ આપે? તમે આપો? ના. સરકાર.
સારૂં કામ તમે કરો. બઢતી કોણ આપે? સરકાર. એ નિયમ છે.

તમે ખોટું કામ કરતાં અટકો ને પ્રોત્સાહન મળે, તો નવું કામ કરો. એટલે પ્રભુના તીર્થંકર નામકર્મના પ્રભાવે બધા જ જીવને અનુકૂળ થવા માટે તમને આ અઢી દ્વીપમાં ચાલતા જીવનમાં જીવવાની બધી જ વ્યવસ્થા અને અનુકૂળતા મળે છે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ આપણે જ બધા જીવોને અનુકૂળ થવું?**
**ઉત્તરઃ** સરકાર તમને જે બંધારણીય સ્વાતંત્ર્ય આપે છે, એ દેશના બધા નાગરિકો સાથે તમે સારૂં જ વર્તન કરશો, એવો તમારા ઉપર ભરોસો મૂકીને અને આશા રાખીને આપે છે ને? કે એમ ને એમ આપી દે છે? આનું નામ જ 'બંધારણીય સ્વતંત્રતા' છે. નિર્બંધ કે નિયમન વગરની નહીં, નિયમવાળી સ્વતંત્રતા. તમારૂં શરીર આવું જ કેમ બન્યું? કેમકે આવું બને તો જ પરમાત્માની ઊર્જાના તમે માધ્યમ બની શકો, નહીં તો નહીં. ભલે નાક લાંબુ હોય કે ટૂકું, મોઢું પહોળું હોય કે નાનું, ડોક લાંબી હોય કે ટૂંકી, છાતી ઊપસેલી હોય કે બેસી ગયેલી, ટાંગા મજબૂત હોય કે ઢીલાં હોય, મૂળમાં કોઈ ફરક પડે ખરો? મોડેલ તો એક જ રહેવાનું ને?

એ એટલા માટે કે પરમ શકિતને કામ કરવું છે, તો એમના જેવા જ તમને બનાવવા પડે. નહીંતર કામ શી રીતે કરાય? કર્મને પણ એ ફરજ પાડે. તમારા જ કર્મ, તેની ઉપર કંટ્રોલ એમનો, બોલો! તમારૂં કર્મ અશુભ છે, એને શુભ કોણ કરી આપે? એ કરી આપે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ 'એ' એટલે કોણ?**
**ઉત્તરઃ** 'એ' એટલે પરમ શકિત પરમાત્માની. શક્તિ જ લેવાનું,

વ્યકિત તો અહીં છે જ નહીં. આર્હંત્ય એ શકિત છે, રાજ્ય એ શકિત છે, સામ્રાજ્ય એ શકિત છે, વ્યકિત નથી. વ્યકિત એનો માત્ર વાહક છે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ આપ જે વાત કરો છો, એ વાત જનરલ કેમ સંભળાતી નથી?**

**ઉત્તરઃ** કયાંક આપણે 'ભગવાન જ બધું કરે છે' એમ માની અને હાથ જોડીને બેસી ન જઈએ, એટલા માટે. ગાડી તમને ચોકકસ અહીંથી બોમ્બે લઈ જ જાય, પણ ઘરેથી સ્ટેશન પહોંચવાની, ટીકીટ લેવાની, અંદર બેસવાની જવાબદારી કાંઈ સરકારની નથી. હા, બેસી જાવ પછી પહોંચાડવાની જવાબદારી એમની છે. એમ પ્રભુ પણ તમને સાવ હરામના હાડકા ન બનવા દે.

નવકાર ગણે એટલે રોગ મટી જાય.

નવકાર ગણે એટલે તાવ મટે. ગાંડા, એવું નથી.

નવકાર ગણે એટલે રોગ મટવાના સાધનો જે દૂર હોય, પુણ્યના અનુદયના કારણે ન આવતા હોય, તો ખેંચી લાવે. પ્રતિબંધક કર્મને કારણે દવા લાગુ ન પડતી હોય, તો એ પ્રતિબંધક કર્મને તોડી નાંખે, તો દવા લાગુ પડી જાય. એટલે એસ્ટ્રલ બોડી ઊપર જ બધું કામ કરે ભગવાન, આ બોડી ઉપર નહીં. આ મારી/તમારી બોડી, જેને એ ઊર્જા ચલાવે છે, એ એની માટે છે.

બલ્બ તમારો, લાઈટ ફીટીંગ તમારૂં, પણ વિજળી? સરકારની. એ તમને નહીં કહે કેઃ 'લાવ, તારા ઘરમાં બલ્બ હું નાંખી આપું.' એ જ તમને બધું કરી આપે, તો તમે કરશો શું? હાથ જોડીને બેસી

રહેશો? સરકાર નિષ્કર્મણ્ય બનાવવા નથી, ધંધે લગાડવાર્થે છે. સરકારે બધાને ધંધે લગાડયા, એમ ભગવાને ધંધે લગાડયા તમને. પેલા લોકો જે માને છે, એ માત્ર અહંકારમાં રાચવા માટે જ માને છે. બાકી બધા પ્રવૃત્તિ કરે છે, બેસી થોડાં જ તો રહે છે?

જલારામ બાપાએ ભૂખ્યાનું દુઃખ દૂર કરવા માટે આટલું મોટું જબરદસ્ત કામ કર્યું. તો એ બેસી રહીને થોડું કર્યું છે? જીવતાં'તા, ત્યારે કેટલું બધું મથ્યા છે! એવા અધ્યવસાયને કારણે બધાની પીડા મટાડવાનું જબરજસ્ત પુણ્ય બાંધ્યું. એના કારણે એમના આજે જ્યાં પણ રસોડા ચાલે, તેમાં ક્યારેય દાન ખૂટતું જ નથી. તેથી જ વીરપુરવાળા હવે કહે છેઃ 'ભૈસા'બ, સો વર્ષ અમે હવે કોઈનું યે કશું નહીં લઈએ.' આ તીર્થંકર નામકર્મનાં જ ખેલ છે.

બીજાનો વિચાર એટલે તીર્થંકર નામકર્મનો પ્રારંભ! અમે નાના હતા ને, ત્યારે કુંદકુંદવિજય અમારી સાથે મજાક કરતા. ક્યારેક ગોચરી વધી હોય, ત્યારે કહેતાઃ 'સાહેબ, તીર્થંકર નામકર્મ બાંધવાનું છે આજે.' (સભાઃ હાસ્ય) પછી એ આગળ કહેતાઃ 'સાહેબ, વધ્યું છે, એમાંથી તમે થોડું વાપરશો, તો બધાને સહાય થશે એટલે તમને તીર્થંકર નામકર્મ બાંધવાનો મોકો મળશે ને!' બીજા માટે ઘસાવાની વૃત્તિ આવી કે તમે આંશિક તીર્થંકર નામકર્મ બાંધો અને મહાતીર્થંકર નામકર્મ સાથે તમારૂં ય જોડાણ થઈ જાય!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ આજે ય કોઈ પણ વ્યક્તિ શું તીર્થંકર નામકર્મ બાંધી શકે?**
**ઉત્તરઃ બીલ્કુલ બાંધી શકે! માત્ર નિકાચિત ના કરી શકે!**

પ્રભુ નિકાચિત કરે. બાકી તીર્થંકરો જેવું તીર્થંકર નામકર્મ ભાવની ધારામાં ચડીને ઘણા આત્મા બાંધે છે! પણ એમાં એ ફોર્સ નથી હોતો કે જેનાથી એ નિકાચિત થાય! એટલે એ પાછો down થઈ જાય! હા, પણ ભગવાન સાથે જોડાણ જરૂરથી થઈ જાય!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ એટલે બંધાયેલ તીર્થંકર નામકર્મ જાય પણ ખરા?**

**ઉત્તરઃ** હા... હા! બીલ્કુલ! નિકાચિત ન હોય, એ બધું જ જાય! બહુ ભરોસે ના રહેવું. જે પુણ્ય નિકાચિત હોય, એટલું જ ભોગવાય. જો અનિકાચિત હોય ને, તો એનાથી પાવરફૂલ ખરાબ કર્મ આવે, તો પેલું પુણ્ય છે, તે પાપમાં પલટાઈ જાય!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ એ જ વસ્તુ પલટાઈ જાય?**

**ઉત્તરઃ** હા, એ જ! તમે દૂધ કેટલું સરસ ચોખ્ખું લાવો છો ને? પણ પીધાં પછી કેવું થાય છે? બગડી જાય... ફાટી જાય! એટલે ગંદાના સંપર્કમાં આવીને સારૂં પણ બગડી જાય ને? એમ તમારા તીવ્ર ગંદા અધ્યવસાયના સંપર્કમાં આવી પુણ્ય પણ જાય ગટરમાં!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ શુભ અધ્યવસાયો તો અમૃત જેવા ન ગણાય?**

**ઉત્તરઃ** દૂધ પણ તમે ના પીઓ, ત્યાં સુધી એ ય અમૃત જેવું જ છે ને? (સભાઃ હાસ્ય)

**સભાઃ જેમ પુણ્ય પાપમાં કન્વર્ટ થાય, તેમ પાપ પણ પુણ્યમાં કન્વર્ટ થાય ને?**

**ઉત્તરઃ** બીલ્કુલ! ગટરના પાણી ઉપર જો સૂર્યનો પ્રકાશ પડે, તો ચોખ્ખું થાય જ છે ને? અને તે જ પાણી ખેતરમાં વવાય, તો સરસ ફસલ નથી ઉગતી? મ્યુનિસિપાલીટી કાંઈ બધો જ કચરો થોડો દૂર કરી શકે? પેદા કરનાર એવો સૂર્ય તે કચરાની નાબૂદી પણ કરે. એનું કામ તો સર્જન-વિસર્જન-ઉત્સર્જન બધું જ છે ને? બસ, એમ પ્રભુની શકિત બધું જ કામ કરે, પણ એનું પરિણામ એ શકિત વાપરનાર ઉપર આધાર રાખે!

ઉદાહરણ તરીકેઃ પાણી જીવન આપે, બરોબર? તો પછી પાણીના તપેલામાં માથું નાંખી દો. શું થશે? (સભાઃ મારી નાંખે!) હવે એ મારી નાંખે, એમાં પાણીનું કર્તૃત્વ કે કારણત્વ? (સભાઃ કારણત્વ) તો કર્તૃત્વ કોનું? (સભાઃ અમારૂં) બસ! તો સમજી ગયા!

પ્રભુ માત્ર શકિત આપે છે, હવે એનો સદુપયોગ કરવો કે દુરૂપયોગ કરવો, એ તમારા હાથમાં છે. દૂર દેશમાં જવા માટે તમને સરકારે ગાડી આપી, પણ તમે તમારી ઘરવાળીથી કંટાળ્યા, એટલે પાટા ઉપર જઈને સૂઈ જાવ, તો એમાં સરકાર પણ શું કરે? એ જ ગાડી તમને દૂર લઈ જવાની બદલે ઉપર પહોંચાડી દે! હવે એમાં વાંક કોનો? ગાડીનો કે તમારો? (સભાઃ અમારો)

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ આપ જે આર્હંત્ય શકિત વિષે બોલો છો આજે, એમાં આપે શું અનુભવ કર્યો છે?**
**ઉત્તરઃ** કશું યે નહીં, બોલો! (સભાઃ હાસ્ય) હું બેઠો છું, એ જ આર્હંત્ય શકિતનો પ્રભાવ છે. અત્યારે તમારી સામે આ જે બોલી શકુ છું, એ પણ એનો જ પ્રભાવ છે!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ એ પ્રભાવ આપ માનો છો કે ખરેખર એ પ્રભાવ છે જ?**

**ઉત્તરઃ** હું છું, એ તો તમે માનો છો ને? (સભાઃ ખડખડાટ હાસ્ય!) મને ૧૬ વર્ષની ઉંમરે ભયંકર લકવો થઈ ગયેલો, તે તો ખબર છે ને? (સભાઃ હા જી) મને બધા ડૉકટરોએ કહી દીધેલું કે આમાં કાંઈ જ નહીં થઈ શકે. હવે આખી જીંદગી હાથ-પગ વિનાના રહેશો! અત્યારે એવું લાગે છે તમને? બસ તો! આર્હત્ય શક્તિનો એ પ્રભાવ! જ્યાં બધા ડૉકટરો થાકી-હારીને બેસી ગયેલ, એ સમયે મેં ૯ લાખ નવકાર ગણ્યા અને છ મહિને હું ઉભો થઈ ગયેલ! છ મહિના રોજની ૫૦ માળા કરી. નવકાર તો આર્હત્ય શક્તિનો પરમવાહક મંત્ર છે. પ્રભુનું સંપૂર્ણ જોડાણ છે એની સાથે!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ આપ જે આટલું બોલો છો, એ શ્રદ્ધા કઈ રીતે આવે છે?**

**ઉત્તરઃ** હું શ્રદ્ધાથી બોલતો જ નથી! હું તો 'પેંડો મીઠો છે' એમ ચાખીને પછી કહું છું. (સભાઃ હાસ્ય) પ્રભુ કૃપા કરે તો જ એમની પરમ શક્તિનું દર્શન થાય. એટલે જ યશોવિજયજી મહારાજે કહ્યું ને કેઃ 'કર કે કૃપા પ્રભુ દરિશણ દીન્હોં, ભવ કી પીડ મિટાઈ!'

૧૦ વર્ષની ઊંમરે અંધેરીમાં આર્હત્યના બીજ મારામાં પડી ગયા રિખવદાસજી દ્વારા! રિખવદાસજીને મારા ઉપર અગાધ પ્રેમ! 'મેરે છોટે ગુરૂજી' એમ જ કહીને બેસે મારી પાસે! મને પણ રિખવદાસજી ઉપર ખૂબ જ બહુમાન! અને પૂર્વજન્મના સંસ્કારને કારણે પરમાત્માની પરમ શક્તિની વાત મારી ૧૦ વર્ષની ઊંમરે પણ મને ખૂબ ગમતી અને હું સમજી શકતો.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ એટલે શ્રાવક પાસે પણ આવી શક્તિ હોય?**

**ઉત્તરઃ ‘નુગરા’ અર્થાત્ જેને ગુરૂ ન હોય, તેની પાસે આ શક્તિ ન હોય! (સભાઃ વાહ!) મેં પહેલા જ તમને કહ્યું ને કે ગુરૂ ગૌતમ તેઓને ઈષ્ટ હતા અને તેઓની પરમ શક્તિ તેમને પ્રત્યક્ષ હતી! એ આસન્ન ઉપકારીએ એમને સીધા જ દર્શન આપ્યા! આર્હંત્યની વાત તેમને ગૌતમ જ કરાવે છે, બીજું કોઈ નહીં!**

**એમનું સૂક્ષ્મ શરીર આજે પણ અત્યંત પાવરફૂલ રીતે કાર્ય કરે છે, એટલે જ આપણે જોઈએ છીએ ને કે પ્રભુ વીરનું નામ કદાચ ન લઈએ પણ ગૌતમ ગણધરનું નામ લઈએ એટલે કામ થઈ જાય! નવા વર્ષે કોઈ પ્રભુ વીરનું નામ નથી લખતાં, સૌ ગૌતમસ્વામીનું જ નામ લખે છે ને? કારણકે ભગવાન મહાવીરની શક્તિ ગૌતમમાં પ્રતિબિંબિત થઈને દસ ગણી થઈ જાય છે! જેમ બિલોરી કાચમાં સૂર્યકિરણો પ્રતિબિંબિત થઈ બાળી નાંખી શકે, એટલી શક્તિવાળા થઈ જાય છે ને, એવી રીતે! એટલે હંમેશા આ એક સમીકરણ છે કે ભગવાન એકડો અને સમર્પિત ભકત એ મીંડુ છે. જો એકડાની આગળ મીંડુ હોય, તો ભકત વિના ભગવાન એકલા થઈ જાય, પણ જ્યારે ભકત મળી જાય અને પાછળ મીંડુ લાગે, તો ભગવાનની શક્તિ દસ ગણી કામ કરવા લાગે!**

**શાસ્ત્રોમાં સ્પષ્ટ લખ્યું છેઃ ‘**गौतमाः आर्हंत्य।**’ એટલે મહત્વની જે સાધના છે, એ આર્હંત્યની જ સાધના છે! રીખવદાસજીને ઈષ્ટ એવા ગૌતમસ્વામી અને મુનિસુંદર મહારાજ - બંને પ્રત્યક્ષ થતાં. ધ્યાન રાખજો, ગુરૂ બે જાતના હોયઃ એક પ્રત્યક્ષ, બીજા અદ્રષ્ટ.**

ઘણાં એવા હોય કે અમને પ્રત્યક્ષ ગુરૂની જરૂર ના પડે. માત્ર અદ્રષ્ટ ગુરૂનો જ સંપર્ક કરીને પોતાને આગળ વધારે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ આમાં કેટલાંક એમ કહે છે કે અમારે તો અદ્રશ્ય ગુરૂની શક્તિ છે, એટલે એ માની લેવાનું?**
**ઉત્તરઃ** તમે ના કરી શકો, એવા કામ જો એ કરતા હોય, તો માનવું જ પડે ને કે એમને કોઈ અદ્રષ્ટ ગુરૂની સહાય છે. પણ એક વાત છે કે ગુરૂ સહાયક હોય, એ વ્યક્તિ જે પણ પ્રવૃત્તિ કરે, એ સકલ સંઘના હિતમાં જ પ્રવર્તે અને જો એ વ્યક્તિ વિભાજન કે વ્યક્તિગત પૂજામાં પ્રવર્તતી હોય, તો કાળ કરેલ ગુરૂનો વ્યંતર આત્મા એમને સહાય કરે છે, એમ સમજીને ચાલવું. જો વ્યક્તિપૂજા ઉભી થતી હોય, તો ગુરૂતત્ત્વની સહાય નથી. તો એ વ્યંતરતત્ત્વ છે એમ માનવું, જે માત્ર વ્યક્તિનો પ્રભાવ પાથરે. ગુરૂતત્ત્વ તો પરમાત્માની પરમ શક્તિનો જ પ્રભાવ પાથરે. આ બેમાં આટલો મોટો ફરક છે!

**સભાઃ** તીર્થંકરનું આયુષ્ય પૂરૂં થયા પછી પણ નામકર્મનો વિપાક બધે ચાલુ રહે? **ઉત્તરઃ** નામકર્મના વિપાકોદયથી છૂટેલ પુદ્ગલો રહે! સૂર્યાસ્ત થયાં પછી પણ ઉનાળામાં કેટલો સમય ગરમી રહે?

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ અડધો-પોણો-એક કલાક, બે કલાક...!**
**ઉત્તરઃ** હા, ધરતીમાં ગરમીને સંઘરવાની જેટલી તાકાત હોય, ત્યાં સુધી એ પ્રદેશ ગરમ રહે. પહાડોની વચ્ચે આવેલા એવા ય ગામો મેં જોયાં છે કે આખા દિવસનું તપેલું આખું ગામ સવારે ઉઠો,

ત્યારે પણ એની લાદીઓ અને બધું આગ જેવું ધગતું હોય! આખી રાત ગયા પછી પણ એ ઠંડુ ન થાય! એમ પરમાત્માના એ પુદ્‌ગલોને ગ્રહણ કરવાની જે ભૂમિમાં તાકાત હોય, એ હજ્જારો વર્ષ ગયા પછી યે એમ જ કામ કર્યા કરે! સૂર્ય અસ્ત થયો એટલે કાંઈ એની ઉષ્ણતા-ઉર્જાનો ય અસ્ત થયો, એમ નહીં માનવાનું. એનો પ્રભાવ હજુ ચાલુ જ છે. આમ પણ સમગ્ર સૃષ્ટિમાં એ સંઘરાય છે. વૃક્ષોમાં - એના પત્તામાં બધે જ! અને પ્રભુની પ્રાણ પ્રતિષ્ઠા જે કરીએ છીએ, તે આપણે તૈજસ શરીરની કરીએ છીએ. 'પ્રાણ' એટલે જ તૈજસ શરીર અને એટલે એ મૂર્તિ જીવંત થઈ જાય! એકવાર જીવંત થાય, એટલે તમે જે ધરો, એ ખેંચી લે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ એટલે આ ખેંચાઈ જાય છે, એવો ખ્યાલ આવ્યો હોય, એવો કોઈ પ્રસંગ ખરો?**

**ઉત્તરઃ** હા..હા! કોઈપણ પૂજારીઓને પૂછો ને! તેઓ એમ કહેશેઃ 'પ્રભુને ચડેલા ફળોમાં કોઈ સ્વાદ જ નથી હોતો.' ઘણી જગ્યાએ પૂજારીજીઓ બૂમ મારતા હોય છે કેઃ 'સાહેબજી, અમારા બાળકો આ ખાય, એમાં નથી કોઈ એમનું વજન વધતું કે નથી એમાં કોઈ સ્વાદ હોતો! એના માટે અમારે બીજું જ લાવવું પડે! આ ફળ-નૈવેદ્ય જે ચડેલાં હોય છે, તે તો ફોફાં જ હોય... અમે એને કાઢી જ નાંખીએ! એમાં કાંઈ રસકસ બચ્યાં હોતાં જ નથી!'

(સભાઃ વાહ!) એટલે એનું નામ જ 'નિર્માલ્ય' છે, વીર્યહીન છે. વીર્ય આખું ખેંચાઈ જાય એમાં. કેલેરી હોય એ મૂર્તિમાં સમાય, તેથી મૂર્તિનું તેજ, મૂર્તિનું આયુષ્ય, તેનો પ્રભાવ વધતા જાય!

મૂર્તિ જેટલી તાકાતવાન, એટલો જ એ સંઘ બળવાન!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** બદામ અને સાકરથી પણ?
**ઉત્તરઃ** બધી ઉત્તમ વસ્તુથી એમ થાય. જે ઓછું ખાવ અને વધુ તાકાત આપે, એ ભગવાનને ધરાય. જે ઘણું ખાવ, પણ ઓછી તાકાત આપે, એ ન ધરાય! જે વસ્તુ ખાતાં જ સ્ફૂર્તિ આપે ને, એ પણ ધરી શકાય. એટલે જ એ તૈજસ શરીર છે ને?

તમે અષ્ટપ્રકારી પૂજા કરો, ત્યારે 'સ્વાહા' બોલો ને? એ કયારે બોલાય? અગ્નિ હોય, તો જ બોલાય. (સભાઃ અચ્છા...?)
મૂર્તિમાં અદ્રશ્ય તેજોગ્નિ હોય છે. તમે છ મહિના સુધી રોજ બે ઘડી સુધી નાભિ ઉપર જો ધ્યાન કરો, તો નાભિમાં અગ્નિની આખ્ખી જવાળા ચાલી રહી છે, તેવું રીતસરનું તમને દેખાશે! ભગવાનની જીવંત મૂર્તિ સામે આમ ધ્યાન કરી જોજો.

**સભાઃ** આપણી નાભિ કે પરમાત્માની નાભિમાં? (સભાઃ હાસ્ય!)
**ઉત્તરઃ** પરમાત્માની નાભિમાં. પાંચમા આરામાં છે ને બધું જ ચોખ્ખું કરવું પડે. માટે તમને જે પ્રશ્નો થાય એ પૂછવા જ, કેમકે તમે લોકો જો ગેરસમજ લઈને ઘરે જાવ, તો અમારી બદનામી થવામાં કોઈ કસર ના રહે!

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ** વચ્ચે એક પ્રશ્ન કરી લઉં. કોઈને એમ થાય કે આપ પૌષધ અને સામાયિક વિશે પહેલા જે બોલ્યા, તો શું આપ પૌષધ અને સામાયિકના વિરોધી છો?
**ઉત્તરઃ** બિલ્કુલ! અહીં આવીને પૌષધ કે સામાયિક લઈને જેને ઉંઘવું જ છે યા વાતો જ કરવી છે, એના બદલે પ્રભુપૂજા કરે, નાચે અને ભકિત કરે, એ વધારે સારૂં!

પ્રમાદી લોકો માટે હું પૌષધના કે સામાયિકના પક્ષમાં યે નથી! કારણકે ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપશમ સિવાય સાચું સામાયિક ન આવે અને અવિધિએ કરવાથી તો એનો કોઈ અર્થ જ નથી અને ઉપરથી બંધન વધતું જાય. એટલે શાસ્ત્રોમાં સ્પષ્ટ લખ્યુંઃ

'જેણે પોતાના ચારિત્રમોહનીય કર્મોનો ક્ષય કરવો હોય, તેમણે સાધુ અને ભગવાનની પૂર્ણ હૃદયથી ભક્તિ કરવી. તો જ ચારિત્ર મોહનીય કર્મનો ક્ષયોપશમ થાય અને જે મોક્ષનું કારણ બને.' વગર ક્ષયોપશમે આવેલું ચારિત્ર ગચ્છનો મોહ, શિષ્યોનો મોહ, પદનો મોહ, ભક્તોનો મોહ વગેરે કરાવે અને અટવાઈ જાય! જનરલી સમકિત દ્રષ્ટિ મરીને વૈમાનિકમાં જ જાય, એને બદલે એ મહાત્મા આચાર્ય હોવા છતાં ય વ્યંતરમાં જાય! એટલે એ ઉપરથી વળી બહુ જ નીચી કક્ષાએ ગયા - degrade થયાં.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ એમ કરતાં કરતાં પણ અંતે તો એ આત્માનું સારૂં થશે ને?**

**ઉત્તરઃ** કરતાં કરતાં જો સુધરે, તો સારૂં થાય! અને સુધારે કોણ? છોકરો બારાખડી ઘૂંટતો હોય, ત્યારે એ ઘૂંટયા જ કરે, તો એના અક્ષર સારા થાય કે એના મા-બાપ ધ્યાન આપીને એના અક્ષરોને સુધારે, તો સારૂં થાય? (સભાઃ મા-બાપ ધ્યાન આપે તો.) એટલે જો એવા ગુરૂ મળ્યા હોય અને ગુરૂને સાંભળવાવાળો એ શિષ્ય હોય, તો ચોક્કસ સારૂં થતું જાય.

અહીં તો ધર્મ જ દેખાદેખીનો છે! એટલે એક ભક્તિમાર્ગ છે ને, ત્યાં તમારૂં બધું ચાલે! જેવું આવડતું હોય, એવું કરો!

સ્તવનો જેવા આવડતા હોય, એવા ગાવ. કોઈને નડો નહીં, તેમ તમારા રાગડાં યે ભલે ને તાણો! નાચવું હોય તો નાચો, કૂદવું હોય તો કૂદો ભગવાન સામે! બધી જ છૂટ! પણ વિરતિની બધી જ ક્રિયા અધિકારી વિના ન આવે!

મારો સામાયિક-પૌષધમાં વિરોધ નથી, પણ એ કર્યા પછી યે આખ્ખી જીંદગી એવા ને એવા જ રહેવાનું? રોજ પડિક્કમણું કરતાં હોય, ઘરે રોજે સાધુ આવતાં-જતાં હોય, તો'ય એ બુઢ્ઢાંઓને જ્યારે પૂછોઃ 'આજે સંઘમાં કયા મહારાજ સાહેબ આવ્યા છે?' તો એમને કશી ખબર ના હોય! આપણે પૂછીએઃ

'વહોરવા માટે બોલાવવા ગયા હતા?' તો કહેશે ના! 'શાતા પૂછી હતી?' તો કહેશે ના! 'થાકીને આવેલ, તો પગ દબાવ્યા હતા? તો કહેશે ના! તો ઉપાશ્રયે ગયા શું કામના? આવા લોકો તો ટેકા દઈ દઈને થાંભલા બગાડવા જ જાય છે ને? સાધુઓની નબળાઈ જોઈને પછી બહાર જઈને ઓટલા પરથી જ ગીત ગાવાનું શરૂ કરી પાપ બાંધે. બોલો, સાધુની સૌથી વધુ નિંદા ઉપાશ્રયમાં બેસનારા કરે કે ન બેસનારા કરે? (સભાઃ ઉપાશ્રયમાં બેસનારા!)

જે વ્યક્તિ પોતાના પ્રત્યક્ષ ઉપકારીને પણ જો કૃતજ્ઞ નથી થતો, તો અહીંયા આવીને મારા ભગવાનનો કે ગુરુનો શું કૃતજ્ઞ થવાનો? સંસારની જવાબદારી હોય, એ પૂરી કરીને જરૂરથી અહીંયા આવો! એમ ગભરાવી ન મૂકાય કેઃ 'જીવનનો કાંઈ ભરોસો નથી, તો તત્કાળ દીક્ષા લઈ લો!' એવો ઉપદેશ મોટી ઉંમરે ય સંસારમાં ચોંટેલા હોય ને, તેવા માટે છે!

ભણીને ઉગતા છોકરાંઓ, જેની માથે ઘર અને માતા-પિતાની જવાબદારી છે, એવા માટે નથી ઉપદેશ!

જેને દીક્ષા લેવા જેવી જ છે અને નથી લેતાં, એને ફટકારવાના. કહેવું કેઃ 'હવે તમારે કઈ જવાબદારી બાકી છે? ચાલો, હવે અહીંયા આવીને બેસી જાવ. તમારા વિના શું અટકી પડવાનું છે? નીકળો બહાર એ સંસારમાંથી અને કરો આત્માનું કલ્યાણ હવે!' પણ એવાઓને તો લેવા નથી ને આ રીતે ઉપાડીને લઈ જવા છે. 'પંચસૂત્ર'માં સ્પષ્ટ લખ્યું છે કેઃ 'માતા-પિતાને ઉપતાપ કરીને જે સંયમ લેવા આવે, એને કયારેય દીક્ષા આપશો નહીં.'

મારી જ વાત કરૂંઃ મારા દાદાનો હું એકનો એક પૌત્ર અને અમારા કુળમાં એવો શ્રાપ કે કુટુંબમાં એક જ દિકરો થાય! મારા બાપાને ચાર ભાઈ, જે મારી દાદીમાને ઈષ્ટ એવા એક દેવીના વરદાનથી થયેલ, પણ એ પછી હું એક જ થયો. બીજા કાકાઓને ત્યાં દિકરીઓ જ થઈ. મારી દીક્ષા માટે તેથી મારા દાદા બિલ્કુલ નારાજ! તેઓ કહેતાઃ 'દીક્ષા નથી જ આપવાની.'

મોટા ગુરૂ મહારાજ મને ઘણીવાર કહેતાઃ 'તારી નિયતિ હતી, એથી અમે તને દીક્ષા આપી દીધી, પણ તું દીક્ષાને પાત્ર ન ગણાય. તારા દાદાને ઉપતાપ કરીને તું અહીંયા આવ્યો, પછી અમે બધા જે તારી ૧૬ વર્ષની ઉંમરે આશા રાખતા હતા, તે તારા અપંગ થવાથી આખી આશા ઉપર પાણી ફેરવાઈ ગયું. આ અપંગતાના કારણે તારે કેટલા બધા અપવાદોનું ય સેવન કરવું પડયું! આખી જીંદગી તું અમારી જેમ દોડી ના શકે, ના કાંઈ કરી શકે, એ

તારા દાદાનો જે નિસાસો લાગ્યો'તો, એનું જ એ પરિણામ કે તું નિરૂપદ્રવી અને નિરતિચાર ચારિત્ર ન પાળી શક્યો.' વહેલા અહીં આવો કે મોડા, ઘરનાં બધ્ધાંયના આશીર્વાદથી આવો ને, એ થોડો સમય પણ નિરતિચાર ચારિત્ર પાળીને એ જ ભવમાં મોક્ષે પણ જતો રહે! નહીંતર આવી રીતે તો ભવ વધી જાય! ગુરૂ મહારાજ રોજે કહેતા કેઃ 'એક ભૂલ થઈ ગઈ અમારી કે તારા દાદાની આવી તકલીફ, મનમાં આવો સંતાપ અને અમે દીક્ષા આપી!' મારા દાદા ખરેખર જ દીક્ષા પછી મારૂં મોઢું જોવા પણ ન આવ્યા અને છ મહિનામાં જ મૃત્યુ પામ્યા.

હું આજે જે છું ને, એ જો દાદાનો નિહાકો ન લાગ્યો હોત અને થોડી મોડી દીક્ષા લીધી હોત, તો છું એનાથી દસ ગણો હોત! ગુરૂ મહારાજ તો ત્યાં સુધી માનતા કે દાદાના આશીર્વાદ વિના આવ્યા, તો તારી આખી કારકિર્દી રોળાઈ ગઈ! ગુરૂ મહારાજની દ્રષ્ટિ પારદર્શી હતી. તેઓ કાર્ય અને કારણ - બંને જોઈ શકતા. એટલે જ તો કેટલા બધા મુમુક્ષુઓ તેઓ પાસે દીક્ષા લેવાની ભાવનાથી આવતા, પણ ગુરૂ મહારાજ તેઓને ના પાડી દેતા!

બાબુભાઈ-હિરાભાઈ-હિંમતભાઈ-પ્રવિણભાઈ વગેરે તો તૈયાર જ હતા. બે-ત્રણ-ચાર મહિના વિનંતી કરે, પછી થાકે. પણ ગુરૂ મહારાજ દર વખતે કહેતાઃ 'હમણાં જાવ... પછી વાત!' એમ થોડી આપી દેવાય દીક્ષા? એમ થોડો મોક્ષમાર્ગ ચાલે? ન ચાલે! જે પરમાત્માએ અવશ્યમેવ દીક્ષા લઈ તીર્થ સ્થાપવાનું છે, એવા પ્રભુ વીર પણ પોતાના મા-બાપ ખાતર ૨૮ વર્ષ સુધી સંસારમાં રહ્યા અને તે પછી ભાઈ ખાતર વળી બે વર્ષ ખેંચ્યાં. શા માટે ભઈ?

બીજી બાજુ એક ઋષભદેવ હતા, જેમણે પોતાની મા આંધળી થઈ ગઈ, તો યે એની સામે નજર પણ ન નાંખી!

એ કાળ એવો હતો અને પ્રભુ વીરનો કાળ આવો હતો! વક્ર-જડ લોકો મારા માર્ગના નામે નહીંતર કંઈકને સંતાપ કરાવશે. લોકો નિર્દય હશે એવા કે ઓચ્છવો પતશે, પછી ભૂખ્યાં માણસોને ય નહીં જમાડે. કહી દેશે કાયદેસર કેઃ 'જાવ! નથી કાંઈ.' એટલે જ પ્રભુ વીરે દીક્ષામાં યે અડધું દેવદુષ્ય આપીને બતાવ્યુંઃ 'જુઓ, અનુકંપા તો દીક્ષા લીધા પછી મારો અધિકાર નથી તો યે કરૂં છું.'

પ્રભુ વીરે ગૌશાળાને બચાવ્યો... શીતલેશ્યા નાંખીને. કયો વ્રતધર હતો ગોશાળો? ગળેપડુ હતો એ તો! તો'ય એમની કરૂણાનો વ્યાપ! તીર્થંકર તરીકે એમનું કર્તવ્ય નહોતું, છતાં યે ચંડકૌશિકને પમાડવા ગયા. શૂલપાણિને પણ પમાડવા ગયા. આગલા બધા જ તીર્થંકરોની ચર્ચાથી વીરપ્રભુની ચર્ચા જૂદી પડે છે. છદ્મસ્થ અવસ્થામાં જેની નથી જરૂર, એ બધું જ તેઓ કરે છે.

**પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ પ્રભુ મહાવીરે પોતાની કરૂણાથી જ એ સર્વ કરેલ?**

ઉત્તરઃ બીલ્કુલ. કરૂણાથી જ! કરૂણા જ પ્રધાન છે અને સંપૂર્ણ વિધિ અને અધિકારથી જેણે જેણે દીક્ષા લઈ પોતાનું પૂર્ણ જીવન શાસનને સમર્પિત કરી દીધું છે, એમાં આર્હંત્યનો જ પ્રભાવ છે. પછી એ ચાહે જંબુવિજયજી મહારાજ હોય, ચાહે અભયસાગરજી મહારાજ હોય, ચાહે પંન્યાસજી મહારાજ હોય કે ચાહે કલાપૂર્ણસૂરિ મહારાજ હોય! કૈલાસસાગરસૂરીશ્વરજીને મારા ઘણાં ભાવવંદન છે!

ઘરમાં બધાની પ્રસન્નતાપૂર્વકની રજા અહીં આદર્શ ઉંમરે આવ્યા, તો આખી જીંદગી દરેક સંઘને પ્રસન્ન પ્રસન્ન કર્યો! જે જે ઘરનાને તરછોડીને આવ્યા ને, એ આખા સંઘને પ્રસન્ન ન કરી શકયા!

કૃત્રિમ વૈરાગ્યના ફોર્સથી જે દીક્ષાઓ અપાય છે, તે યોગ્ય નથી. વિરતિની ક્રિયાઓ અધિકારીને જ આપવાની કહી છે. ચૈત્યવંદન માટે પણ 'લલિત વિસ્તરા' ગ્રંથમાં કેટલી બધી શરતો મૂકી છે કે ચૈત્યવંદના પણ અધિકારી વ્યક્તિને જ આપજો... અને તમે લોકો દીક્ષાની કયાં માંડો છો?

**સભાઃ** હમણા દીક્ષા વધી રહી છે, તે યોગ્ય છે?
**ઉત્તરઃ** હા. એમાં કાંઈ જ ખોટું નથી. દીક્ષા વધે, એ તો ખૂબ સારૂં. અવિધિ ન થવી જોઈએ એટલું જ આપણે કહી શકીએ.

આમ પણ પહેલાના સમયની સરખામણી કરો, તો દીક્ષા હમણાં કાંઈ વધી જ નથી. આ તમારો ખોટો ભ્રમ જ છે! જ્યારે યતિ પરંપરા હતી ને, ત્યારે દરેક યતિના બે-બે હજાર જતિઓ હતા. માત્ર અચલગચ્છના જ ૩૦૦૦ સાધુઓ હતા, ખરતરગચ્છના ૩૦૦૦ સાધુઓ હતા, તપાગચ્છના ૨૭૦૦ સાધુઓ હતા. આ તો મેં માત્ર ત્રણ ગચ્છની વાત કરી, ત્યારે તો ૮૪ ગચ્છ હતા ને હિંદુસ્તાનમાં હજારો ગૌશાળાઓ હતી, જેમાં એક પણ ગૌશાળા એવી ન હતી કે જ્યાં બે-ચાર સાધુઓ ન હોય! હા, સાધ્વીઓ આટલી ન હતી. સ્ત્રીઓની દીક્ષા ઓછી થતી, પુરૂષોમાં ખૂબ દીક્ષાઓ થતી. કર્મગ્રંથના કર્તાશ્રી દેવેન્દ્રસૂરિ મહારાજે એક જ મંચ ઉપર ખંભાતમાં ૭૨ પુરૂષોને એક્કી સાથે દીક્ષા આપેલ.

પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ પુરૂષોને જ દીક્ષા આપેલ? ઉત્તરઃ હા! સ્ત્રીઓને સાચવવી કઈ રીતે? કેમકે ત્યારે ચારે બાજુ મુસ્લિમોના આક્રમણ થતાં. ગમે ત્યારે - ગમે તેને ઉપાડી જતા. એમાં સાધ્વીજીઓને સાચવવા કઈ રીતે? આચાર્યો જોખમ ન લેતા. સાધ્વી હોય કે શ્રાવિકા, એ લોકો ઉપાડી જતા! કોઈ બચાવનાર કે સામે લડનાર ન હતું. પુરૂષોમાં યે પરિણિતને જ સાધુ બનાવાતા. યુવાન સુકુમાર કિશોરો અને સાધુને પણ મનુષ્ય તસ્કરો ઉપાડી જઈ સજાતીય સંબંધોના શોખીન મુસલમાનોને ત્યાં વેચી દેતા. તેથી બાળવયના સાધુ બનાવવામાં યે જોખમ હતું.

આમ પૂર્વે દીક્ષાઓ થતી, પણ રેશિયો જોઈએ તોઃ પુરૂષો ૨૭૦૦ ને બહેનો ૭૦૦. પરિણિત દંપતિઓ ને નવયુગલોએ એ જમાનામાં દીક્ષા લીધી એટલે ૭૦૦ દંપતિ થયા. આખા પરિવારોએ દીક્ષા લીધી, એટલે સંઘમાં સાધ્વીઓ ઉમેરાયા. એટલે હવે જ વધુ દીક્ષાઓ થાય છે, એમ તો માનશો જ નહીં! અત્યાર સુધીમાં અમારા ડીસામાં જ ૨૦૦ દીક્ષાઓ થઈ છે!

હમણાં હું જંબુવિજયજીનો ગ્રંથ વાંચતો હતો, તેમાં આવ્યું કેઃ સં.૧૯૦૦માં પણ ડીસામાંથી પાંચ પુરૂષોની દીક્ષાઓ થઈ હતી. એટલે દીક્ષાઓ તો લેવાયા જ કરવાની અને લે એનો વાંધો નથી, પણ ફોર્સફૂલ દીક્ષા થાય, તો એમ લાગે કે અનુચિત છે. મા-બાપનું દિલ તોડીને કે એમની આશાઓને તોડીને, લાખ્ખોના ખર્ચ કરાવીને પછી જવાબદારી ન નિભાવે, તો અનુચિત લાગે. દિકરો એકાએક કદાચ અકસ્માતમાં મરી જાય, તો બાપા સહન કરી જ લે ને, એવી યે દલીલ કરે છે લોકો.

પણ સંસારમાં જો કાંઈ થાય ને, તો એનો 'હાયકારો' નથી લાગતો! દીક્ષા લે, તો સાધુને 'હાયકારો' લાગે છે. એટલે સાધુ માટે જ એ નિયમ.

ચલો, હવે આર્હંત્યનો ખ્યાલ આવી ગયો? જૂઓ, ફરી કહું કેઃ સચરાચરમાં વ્યાપેલા પરમાત્માની પરમ મંગલકારિણી, સમગ્ર વિશ્વસંચાલિકા, સૌને જીવન અર્પનાર પરમ શકિત એટલે આર્હંત્ય, જે તીર્થંકર નામકર્મના વિપાકોદયથી અહીંના વાતાવરણમાં સમાય.

હવે તૈજસ શરીર! એ કયાં રહે? એ આધાર વિના રહે નહીં. યોગના ગ્રંથો કહે છે કેઃ 'પાવરફૂલ ગુરૂઓના નિર્વાણ પછી એમનું તૈજસ શરીર એમના અધિકારી શિષ્યોના શરીરમાં સમાઈ જાય છે. પણ ગુરૂ જો દેવલોકમાં જાય, તો એમનું તૈજસ શરીર એમની સાથે ત્યાં જ જાય અને તેથી એમની મૂર્તિ ના બનાવાય.

જે મોક્ષે જાય, એની જ મૂર્તિ બનાવાય, કારણકે તેમનું તૈજસ શરીર અહીં જ રહે છે. જેઓ દેવલોકમાં જાય, તેની મૂર્તિ બનાવાય, તો એ કારણે તે દેવલોકમાં ડીસ્ટર્બ થાય. એમના ઉપકારના સ્મરણમાં એમના માત્ર પગલા જ પધરાવાય. રામચંદ્રજી કે હનુમાનજી કે પાંચ પાંડવો હોય, તેઓ સર્વે મોક્ષે ગયેલ છે, માટે એમનું તૈજસ શરીર જેટલું શકિતશાળી હોય, એટલો સમય તે સક્રિય રહે.'

તો પ્રભુનું તૈજસ શરીર એમના પછી જે યુગપ્રધાન આચાર્ય આવે, તેમનામાં સમાઈ જાય! એ કહેવાય તમારી ભાષામાં પરમાત્માનો શકિતપાત! અને યુગપ્રધાન આચાર્યનો કયારેય વિરહ જ ન હોય.

જેવા એક યુગપ્રધાન કાળ કરે કે ફટ્ દઈને ત્યાંની શક્તિ એમના પછીના યુગપ્રધાનમાં ટ્રાન્સફર થઈ જાય. એ વ્યવસ્થા આપોઆપ જ થતી હોય. ત્યાં એક જ આચાર્યના શરીરમાં રહેલી એ પરમ શક્તિ સમગ્ર શાસનના સમગ્ર અંગોમાં તેઓ ધ્યાન કરે, એટલે વ્યાપ્ત થઈ જાય! મૂર્તિ-સાધકો-શ્રમણો-આચાર્યોમાં ય સર્વવ્યાપક ઈલેકટ્રીક વિજળીની જેમ એ પરમ શક્તિનું જોડાણ થઈ જાય.

યુગપ્રધાન એટલે પાવરહાઉસ, બાકીના બધા જે છે, એ વપરાશ કરનારાઓ. આમ પાંચમા આરાના અંત સુધી પરમાત્માનું તૈજસ શરીર ક્ષીણ થતું થતું થતું અને પ્રભુનું પેલું શબ્દશરીર પણ ક્ષીણ થતું થતું થતું દ્વાદશાંગીમાંથી અંગો ઓછાં થતાં જ જાય અને છેલ્લે દસવૈકાલિક સૂત્રાદિ ૪ મૂળસૂત્રો રહે, એમ ક્ષીણ થતું જાય. તૈજસ શરીર કે શબ્દ શરીર એટલે ઉર્જા શરીર.

‘त्वं मे माता पिता नेता, देवो धर्मो गुरुः परः।
प्राणाः स्वर्गोपवर्गश्च, सत्त्वं तत्त्वं गतिर्मतिः॥’
‘जिनो दाता जिनो भोक्ता, जिनः सर्वमिदं जगत्।
जिनो जयति सर्वत्र, यो जिनः सोऽहमेव च॥’

એટલે બધું તમે છો પ્રભુ! તમે જાઓ, એટલે બધું જ બંધ થઈ જાય! એક વિજળી જાય, એટલે જેમ તમારા બધા ઉપકરણો બંધ થઈ જાય, એમ પ્રભુ જાય, એટલે આખી વિશ્વવ્યવસ્થા બંધ! એટલે હે પ્રભો! જે છે, એ તમે જ છો અને તમારા સિવાય કશું જ નથી! અમે કર્તૃત્વના ફાંકા કરીને કે આ અમે કરીએ છીએ અને ‘શ્રી વર્ધમાન શક્રસ્તવ’માં કહ્યું છે તેમ ફકત ફાંફા મારીએ છીએ.

ધ્યાન રાખજો કેઃ તમે ધર્મ નથી કરતા, પ્રભુ ધર્મ કરાવે છે!
તમે સંઘ કાઢતા નથી, પ્રભુ સંઘ કઢાવે છે!
તમે માસક્ષમણ નથી કરતા, પ્રભુ કરાવે છે.

આપણે સામાન્ય રીતે સારા કામ માટે બોલીએ જ છીએ ને કેઃ પ્રભુની કૃપાથી આ કામ થઈ ગયું. અજૈનોમાં ખૂબ શ્રદ્ધા હોય છે કે ભગવાન વિના કોઈ કામ સારાં ન થાય, એવી શ્રદ્ધા આપણે પણ રાખવી. સારાં કામનો યશ પરમાત્માને અને ખરાબ કામના અપયશનું કારણ આપણે. તમારું કર્તૃત્વ તો છે જ ને?

એ પાપબંધન કરાવે.
પ્રભુનું કર્તૃત્વ જ્યારે તમારી ઉપર આવે, ત્યારે પુન્યબંધ થાય.
પુન્યના ઉત્પાદક પરમાત્મા અને પાપના ઉત્પાદક આપણે!
પ્રભુ પાસેથી તમને પુન્ય મળે! તમે પુન્ય મેળવનાર છો.

પ્રભુનું તીર્થંકર નામકર્મ એ પુન્યનો અનંત જથ્થો છે, જે પોતાના સ્વાર્થનું વિસર્જન કરી પ્રત્યેક જીવનું ભલું કરે કે પેલા અનંત જથ્થામાંથી અહીં જમા થઈ જાય. તેઓ સ્હેજ વિચાર કરે, તો યે એમ જ થાય! આમ બીજાના સુખના વિચારથી જ પ્રભુના ધર્મનો પ્રારંભ થાય છે. જે સુખ માટે તમે લાલાયિત હો, એ જ સુખનો બીજા માટે વિચાર કરો, તો ત્યાંથી જ ધર્મ શરૂ થાય છે.

તમે ભૂખ્યા છો, તો ભોજન માટે લાલાયિત છો.
તરસ્યાં છો, તો પાણી માટે લાલાયિત છો.
તમારા કપડાં ફાટી ગયા છે? તો કપડાં લાવવા લાલાયિત છો.
બિમાર છો, તો દવા માટે લાલાયિત છો.
ખૂલ્લામાં ઉભા છો, તો કોઈ આશરો મળે, એના લાલાયિત છો.

તમારા ઉપર કોઈ બહુ જ સરસ સદ્ભાવ રાખે, મીઠા શબ્દોથી તમને આશ્વાસન આપે, તમે પડી ગયા હો, તો દોડી આવીને શરીરથી પણ તમને સહાય કરે અને આટલું કર્યા પછી પણ તમારી પાસે અહેસાન ન મનાવે, તેનું જ નામ શ્રી નમસ્કાર મહામંત્ર! (સભાઃ વાહ!) બધું કરવા છતાં કર્તૃત્વનો અભાવ એ જ નમસ્કાર!

સારૂં બધું પ્રભુ જ કરે છે, હું નિમિત્તમાત્ર છું.
કડછો ક્યારેય કહે કેઃ 'દૂધપાક હું આપું છું'?
ના. એને જાણ જ છે કે...
ભાઈ, એ દુધપાક તો તપેલામાં છે જ,
માત્ર ત્યાંથી લઈને હું તને આપું છું,
એ કાંઈ મારૂં નથી! વિશ્વમાં જે શુભ વિચારો છે,
એ બધા પ્રભુની કૃપાથી આવે છે.
શુભ વિચાર એટલે બીજાને સહાય કરવાનો વિચાર!
મળ્યું છે, એમાંથી બીજાને થોડો ભાગ આપવાનો વિચાર!
પ્રભુની કૃપાથી બીજાને આપો અને તેનાથી પુન્ય તમને મળે.
પુન્ય મળે એટલે શું થાય? મોક્ષમાં જવાના અમોઘ સાધનો મળે.
પ્રભુ સાથે સંપર્ક થાય, એ તો સારૂં જ.

કપણ વધુ સારૂં એ કે તમારા દ્વારા પ્રભુની શક્તિ જ સ્વયં કામ કરે, તો પછી સાત - આઠ ભવથી વધારે ભવ તમારા ન થાય! જે લોકો નિગોદમાંથી તાજાં જ બહાર આવેલા હોય, એ બહુ જ સીધા હોય, પ્રભુના સીધા સંપર્કમાં આવી જાય, એવું એમનું તથાભવ્યત્વ હોય છે. જે આત્માઓ સંસારમાં જેટલા વધારે ભવો રખડયા હોય, એ રીઢા હોય. એ રખડવાનું કારણ કર્તૃત્વની ભાવના!

એટલે પછી એ લોકો દોઢ ડાહ્યા થઈ થઈને રખડયા જ કરે! જ્યારે પેલા ભદ્રિક લોકો તો ભગવાનના ભરોસે જ જીવતા હોય કેઃ

'મારા ભગવાન જે કરે, તે ખરૂં!' એટલે પછી ફટાફટ બે-ત્રણ ભવમાં જ મોક્ષે પહોંચી જાય. એમાં કોઈ ઠેકો નથી કે માત્ર જૈનોના ઘરમાં જ તેઓ જન્મ્યા હોવા જોઈએ! એ ભંગીના કે રબારીના ઘરમાં જન્મ્યો હોય, તો યે ચાલે. એવો જીવ બધે પ્રભુને જ યશ આપે. એમ જ કહે કેઃ 'મારા પ્રભુને ગમ્યું તે ખરૂં !' કોઈ મરી ગયું તો કહેશેઃ 'પ્રભુને ગમ્યું તે ખરૂં, આમાં હું શું રોઉં? મારા પ્રભુને ગમ્યું એટલે મને ય ગમ્યું!' બાપા મરી ગયા હોય, તો દિકરો શું લખે? એ કેઃ 'પ્રભુને ગમ્યું તે ખરૂં!' તેઓ આ રીતે પ્રભુના ભરોસે જીવે. આમાં પ્રભુના ગમવા ન ગમવાનો પ્રશ્ન જ હોતો નથી, તમારા સંસાર સાથેના એટેચમેન્ટને પાતળું પાડવા આમ કરવાનું હોય છે.

ભારતીય સંસ્કૃતિમાં વણાયેલું જ છે કેઃ સાક્ષી થવું, કર્તા ન રહેવું. તમને નિશ્ચયનયની વાતો જે અઘરી લાગે છે, તે અમારા દેશના સામાન્ય માણસને નથી લાગતી, કેમકે એના ભજનોમાં એ જ વાતો હોય છે! તમને જે અઘરૂં લાગે છે, એ જ્યારે એમની સાથે વ્યાખ્યાન કરવાનું થાય, ત્યારે આ બધી વાતમાં હા પાડે અને માથું ડોલાવે. નિશ્ચયનયની વાતોને તેઓ બરોબર પકડી લે અને એટલે જ ભારતીય હિંદુ લોકો મસ્તીમાં રહે છે. સ્વીકારી લો કેઃ બધી જ પ્રભુની લીલા છે. જમવામાં જેમ કડવું પણ હોય, મીઠું પણ હોય, તીખું પણ હોય અને ભેગું થાય, તો જમવાની મજા આવે. એક જ જાતનો સ્વાદ હોય, તો મજા આવે?

એમ જીવનમાં આપત્તિ યે હોય, સંપત્તિ યે હોય,
સુખ-દુઃખ -વ્યસ્તતા યે હોય, એ બધા...નો સ્વીકાર!
અનાદિની કોર્ટમાં પકડાયા, એટલે કબૂલ કરી જ લેવાનું કે
ગુનો કર્યો છે, પછી ભલે આ ભવે ગુનો કર્યો હોય કે ન હોય!
જે દંડ ફટકારાય, તે ખુશીથી ભોગવીને આગળ નીકળી જવાનું.
એક જ વાત કે પ્રભુને ગમ્યું તે ખરૂં, બીજી ખટપટ જ ના કરો.

સુખમાં 'પ્રભુની કૃપાથી થયું' - દુઃખમાં 'પ્રભુને ગમ્યું, તે ખરૂં' એમ વિચારવાનું છે. આ બે વાકયની શ્રદ્ધા તમારે રાખવાની અને ગમાડી જ દેવાની છે. દુઃખને સહન કરી જ લેવાનું. માનસિક સમતુલા જાળવવાનો આ ઉત્તમ ઉપાય છે. આ રીતે પ્રભુ સાથેનો સતત સંબંધ જાળવી શકાય છે. પણ એ માટે જ્યાં તમે વસો છો, ત્યાં આસપાસના બધા જ જીવાત્માઓ સાથે તમારો સંપર્ક, સહાય, આદાન-પ્રદાન જીવંત હોવો જોઈએ.

સંવત્ ૨૦૨૫માં રાજસ્થાનના ગઢસિવાણા ગામે પંન્યાસજી મહારાજ ચોમાસુ હતા, ત્યારે ભયંકર દુષ્કાળ ચાલે. સંઘે વિનંતી કરીઃ 'સાહેબ, ઉપધાન કરાવવા છે.' જવાબ મળ્યોઃ 'ચોક્કસ. ઉપધાન એ જબરદસ્ત આરાધના છે. એથી સંઘનું પુન્ય ખૂબ વધે, એટલે કરાવવા જેવું જ છે.' આવો જવાબ સાંભળી ઘણાં વિચારમાં પડી ગયાઃ 'આવા દુકાળમાં સાહેબ ઉપધાનની હા પાડે છે?' પણ ત્યાં જ સાહેબે ધીરે રહીને મમરો મૂકયોઃ

'જેટલા રૂપિયા ઉપધાનમાં ખર્ચો, એટલા જ રૂપિયા દુષ્કાળનું રસોડું ખોલી ભૂખ્યાંને જમાડવામાં ખર્ચવાની તૈયારી હોય, તો જરૂર

ઉપધાન કરાવીએ.' પતી ગયું. આપણે અન્યને ખવડાવવામાં તો માનતાં જ નથી ને? આપણે ઉપધાનમાં રહેલ પૌષધવાળાઓને ખવડાવીએ તો જ પુન્ય થાય ને? ઉપધાન ઉડી ગયા! સાહેબે બંધ ના રાખ્યા, અપલખણાંઓએ જ તે બંધ રાખ્યા.

ગામના બીજા માણસો ભૂખે મરતા હોય અને તમે ઉપધાન કરાવો, તે ઔચિત્ય કહેવાય? ઉપધાન કરાવ્યા હોત, તો નીવીના રસોડામાં જે આવે તે જમી જાય, તેવી વ્યવસ્થા થઈ શકી હોત. કજુંસાઈ વગર એ તમે જ બજેટ બનાવ્યું હોય, તો મોટું પુન્ય બંધાય. તમારો ધર્મ કેવો હોવો જોઈએ, એની આ વાત છે.

કરૂણા અને પરોપકાર જ સંબંધવિશ્વનો નિયમ છે. જીવે જીવને સહાય કરવી, એ ફરજિયાત કાયદો છે. તેને તોડે તો દુર્ગતિ અને પાળે તો સદ્ગતિ! ત્યાં આ બે જ વાત છે, ત્રીજી વાત જ નથી! સહાય કરી? જાઓ સદ્ગતિમાં. પીડા આપી? જાઓ દુર્ગતિમાં. જીવના સંબંધ થકી જ પુન્ય અને પાપ થાય ને? જીવને પીડા ક્યારે આપો? જડ ઉપર પ્રેમ હોય ત્યારે! જીવોને સહાય કરવામાં તમારે તમારા સુખનો ત્યાગ કરવાનો, સુખ છોડીને માત્ર ત્યાંથી નીકળી નહીં જવાનું! એટલે જ પ્રભુ પણ દીક્ષા લેતાં પહેલા ૧૨ - ૧૨ મહિના સુધી બધાંને આપીને પછી નીકળે છે, ત્યાગ કરીને નથી નીકળતાં, તેઓ આપીને નીકળે છે! આમ માત્ર ત્યાગ - ત્યાગની વાતો કરો, તે ન ચાલે. પોતાની સંપત્તિમાંથી ૧૦ ટકા દિકરાઓને આપીને ૯૦ ટકામાંથી જેમની સાથે કોઈ સંબંધ ન હોય, તેવા દીન-દુઃખીયાઓને આપીને પછી દીક્ષા લો, તે દીક્ષાને અમે વખાણીએ. એવી દીક્ષા તરત જ મોક્ષનું કારણ થાય!

અનંતા ઓઘા લીધા અને મૂકયા, એનું કારણ એક જ છેઃ
આપ્યા વિના અહીં આવ્યા છો.
જો આપીને આવ્યા હોત, સહાય કરીને આવ્યા હોત,
તે એ જ ભવમાં મોક્ષે જઈ શકાત! બસ! વાત આ જ છે.

બે દિવસની શિબિરમાં રોજે ૮-૯ કલાક તમને તપાવ્યા.
દુકાનમાં આટલું તપ્યા હો, તો લાખ-બે લાખનો સોદો કરો.
તો અહીં આવ્યા અને તપ્યા, તો કર્મરાજા સાથે કાંઈક સોદો કરીને
ઘરે જજો - સંકલ્પ કરીને ઘરે જજો, તમારા ફાયદાનો!

'ધર્મનું ફાઉન્ડેશન કે મૂળ પાયો દાન જ છે'
બસ! એટલો સંદેશ લઈને ઘરે જજો.
એ રીતે આગળ વધો, તો મોક્ષ આ રહ્યો, કયાંયે દૂર નથી!
ગુરૂ મહારાજ કહેતાઃ 'મોક્ષ હાથની હથેળીમાં છે.
બસ, હથેળી આમ (દાન દેવાની મુદ્રામાં) રહેવી જોઈએ,
આમ (લેવાની મુદ્રામાં) નહીં.
જો એમ (લેવાની મુદ્રા) રહે, તો સંસાર છે અને
આમ (દેવાની મુદ્રા) રહે, તો મોક્ષ છે.'

પૂ.આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજઃ એક પ્રશ્ન એવો છે કે સાહેબ, આપે ૮ વર્ષની ઉંમરે દીક્ષા લીધી અને ૭૨ વર્ષનો દીક્ષાપર્યાય થયો, પણ તેમાં આચાર્ય પદવી કેમ ન લીધી?
તેઓ તો નહીં ઉત્તર આપે, તેથી હું જ કહું કેઃ
આવી તબિયતમાં યે વડિલ મહાત્મા આ.મહોદયસાગરજીએ પોતાની પાસે રાખીને 'મહાનિશીથ સૂત્ર'ના જોગ પણ તેમને કરાવ્યા છે,

પણ એમનો કાયદો ભારે છે. પ્રેમસૂરિદાદાએ તેમને જ્ઞાન મેળવવા પીસ્તાલીસે આગમ વાંચવાની અનુમતિ આપેલી, પણ બસ એક જ જીદ કે મારે આગળ નથી વધવું!

વળી મજાકમાં મને કહેઃ 'તમે આચાર્ય અને હું તો માત્ર મુનિ.'
તો મારે કહેવું છે કેઃ
મારો જન્મે ય ન્હોતો થયો ને, ત્યારે એમની દીક્ષા થઈ ગયેલી!
બીજું કે એમણે જ અમને પદવી આપી,
તો પાછા અમે જ એમના ધણી થઈએ? એ તો કેવી વાત છે!
એટલે સંઘ માટે આચાર્ય, એ તો માત્ર વહેવાર છે.
એમની આગળ તો અમે શિષ્ય તરીકે જ હોઈએ...
અને એ જ અમારી શોભા છે.
**સાહેબે આ બે દિવસમાં જે જે પદાર્થો - ભાવો ખોલ્યા છે,**
**તે સર્વ દાદાગુરૂ મહારાજે જીવનમાં અનુભવેલા છે.**

વળી વજ્રસેનમહારાજે અમને એક વાત કરેલી, એ ય કહી દઉં કેઃ
'આર્હંત્ય' ઉપર એમણે લખાણ કરીને
જ્યારે દાદા ગુરૂમહારાજને એ નોટ આપેલ,
એ વખતે તેઓ પણ હલી ગયેલા અને વાંચીને બોલેલા કેઃ
'આ ધુરંધરે લખ્યું છે?
આ ભાવ એણે કાઢયા છે? એણે સંવેદ્યા છે? વાહ!'

અહીં પણ બે દિવસમાં પ્રથમ જૈનધર્મના પાયાની વાત કરીને પહેલા તો સૌને પકાવ્યા, પછી જોયું કે હવે બરાબર પાકયા છે, એ પછી જ તેમણે 'આર્હંત્ય' ઉપરના એ સર્વ ભાવો ખોલ્યા.

તમે ય અંતરથી સાચું બોલજોઃ એ સાંભળીને હલી ગયા કે નહીં? (સભાઃ જી..જરૂર!) અને આ તો હજી જરાક જ ખોલ્યું છે હોં!

આ પૂર્વે એકવાર 'શક્રસ્તવ'ના ભાવો ખોલવા તેઓ હજી 'ૐ નમો અર્હતે...' એટલું જ બોલ્યા અને જે ધારા છૂટે.. છૂટે..! આજે ય યાદ છે અમદાવાદ શાંતિનગરના એ ચોમાસામાં વજ્રસેનવિજયજી અને અમે બધા તેઓ સામે નીચે બેસતા, કેમકે અમારે લેવું હતું .. અને ત્યારે જે ધારા છૂટતી! ઓહો.. ધન્ય છે!

દાદાગુરૂ મહારાજના ભાવોને કમાલ... કમાલ રીતે ત્યારે અને આ બે દિવસમાં ખોલીને સમજાવ્યું છે કેઃ 'આપણા હૃદયની અંદર કોઈપણ શુભ ભાવ આવે, એટલે સમજી જ લેવાનું કે પ્રભુની કૃપા ઉતરી.' આ માનવાની વાત નથી, હકીકત જ છે.

**અરે... સાહેબે એક બહુ ગજબનો ખુલાસો કર્યો કેઃ**
**કૃતજ્ઞતાપૂર્વકનો પરોપકાર કર્યો હશે, તો જ અભિમાન નહીં આવે.**
**મારા ઉપર પ્રભુનો અનહદ ઉપકાર છે,**
**એટલે એ ઉપકારનો બદલો હું કઈ રીતે વાળું?**
**એમ વિચારીને જે પરોપકાર કરાય છે,**
**તે જ કૃતજ્ઞતાપૂર્વકનો પરોપકાર ગણાય છે.**

ભગવાને જ્યારે દીક્ષા લીધી, ત્યારે 'करेमि सामाइयं'માં 'भंते' શબ્દ બોલ્યા? અને દીક્ષા લીધી તે પહેલા ભગવાન ત્રણ જ્ઞાનના ધણી હતા અને 'करेमि' પૂરૂં થયું ત્યારે? ચાર જ્ઞાનના ધણી બન્યાં. તો જ્ઞાન વધ્યું કે ઘટયું? વધ્યું અને કૃતજ્ઞતાના સ્વામી પરમાત્માને

કેવળજ્ઞાન થયું, ત્યારે સમોવસરણમાં વામાવર્ત નહીં - દક્ષિણાવર્ત ત્રણ પ્રદક્ષિણા દઈ પછી સિંહાસન ઉપર બેઠા. પરમાત્માની કૃતજ્ઞતાની એ મહાન પરાકાષ્ઠા કે 'નમો તિત્થસ્સ' કહ્યા પછી તેઓ સમોવસરણમાં બિરાજમાન થયા.

સાહેબે એ વિષે જે ભાવધારા વહાવી, એ સૌ યાદ રાખજો. તેની ઉપર જરૂર અનુપ્રેક્ષા કરજો. આવા પ્રભુ અને તેમનું શાસન આપણને મળ્યું ને આજે સમજ્યા તેમ શક્તિસ્વરૂપે જ પરમાત્મા આપણું સંચાલન કરે છે, એ વસ્તુ દ્રઢતાપૂર્વક મનમાં ઠસાવી દેજો.

સાહેબ તો અલગારી છે. તેમને કર્મવશ શરીરબળ ઓછું મળ્યું,
પરંતુ બુદ્ધિબળ એટલું બધું મળ્યું દેવ-ગુરૂની કૃપાથી કે
તેનો અનુભવ અમે જૂદા-જૂદા સમયે
જે ત્રણ ચોમાસા સાથે કર્યા, તેમાં મળ્યો છે.
આવી તેજસ્વી વિભૂતિ માટે એમ કહેવું બહુ અઘરૂં છે કેઃ
'મારે અપવાદવાળું જીવન જીવવું પડ્યું.'
પણ સાહેબે કેટલી નિખાલસતાથી એ વસ્તુ પણ કહી.
છેલ્લે : સિદ્ધોની તાકાત ગ્રહણ કરી અરિહંત પરમાત્માઓએ અને
પછી એ વહેંચી અહીંયા.

જ્યાં સુધી ઉપા. યશોવિજયજી મહારાજા માત્ર જ્ઞાનયોગમાં પ્રવૃત્ત હતા, ત્યાં સુધી ૧૨૫, ૧૫૦ ૩૫૦ ગાથાના સ્તવનો રચ્યા. તે ગુરૂગમથી ન વંચાય, તો તેની નિંદા-કુથલીમાં પડી જવાય એવા છે. ગુરૂ એટલે ગીતાર્થ અને યોગ્ય. જો એવા ગુરૂગમથી ન વાંચીએ, તો ઊંધા રસ્તે ચડી જવાય.

એ જ ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ આનંદઘનજીને મળ્યા અને
આબુની ગુફામાં બંનેની જે ગોષ્ઠિ થઈ, તેમાંઃ
'આનંદઘન કહે જસ સુનો ભ્રાતા; યહી મિલે તો પ્રભુ...'
અને એમ કહી જે શકિતપાત કર્યો કે પ્રભુ તેમને જ્યારે મળ્યા,
ત્યારે એમની કૃતિઓમાં જાન આવી ગયો!

લખ્યું છે પછી જે મારી પ્રિય કડી છેઃ
'વામાનંદન જગના નંદન, સેવકજન આશા વિસરા...
...ઈતની ભૂમિ પ્રભુ તું મોહે આણ્યો,
ફરી ફરી બહોત બધાઈ મા!'
સાહેબ બે દિવસ સતત વરસ્યા, એ ધારા તૂટે એવી ન જ હતી!
એ ધારામાં શું થયું? તમે ભીંજાયા કે ઓગળ્યા?
**સભાઃ** દૂધમાં પતાસું ઓગળે એમ ઓગળ્યા.

**પ્રાંતે સમાપ્તિ કરતાં પૂજ્ય ધુરંધરવિજયજી મહામુનિરાજઃ**
છેલ્લું બે ઘડીનું કામ જ પ્રભુ બાકી રાખે છે. ત્યાં સુધી આપણને લઈ જાય છે. સાતમા ગુણસ્થાનકેથી તેરમા ગુણસ્થાનક સુધી જતાં તો માત્ર બે ઘડી જ લાગે, એનાથી વધારે ન લાગે.

તો ભગવાન કહેઃ 'તું માત્ર બે ઘડી તો મહેનત કર!
(સભાઃ હાસ્ય) અનંતકાળથી તો હું તને ચડાવતો ચડાવતો અહીં સુધી લાવ્યો છું. નિગોદમાંથી પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય અને એ પછી સ્ટેપ બાય સ્ટેપ બધી જ ગતિઓમાંથી ઉપર ચડાવતો જ ગયો, ચડાવતો જ ગયો કે જ્યાં સુધી તેં મારો સંગ ના કર્યો, ત્યાં સુધી ચડાવતો જ ગયો.

જેમ વિદ્યાર્થીને ચડાવતા ચડાવતા નવમા ધોરણ સુધી માસ્તર લઈ આવે અને પછી માસ્તર એમ કહી દે કેઃ 'તું બોર્ડમાં આવ્યો. હવે તું જાણ અને તારૂં કામ જાણે!' એમ જેટલો વિશ્વસત્તાનો એમનો કોસ્મીક ઓર્ડર ચાલે છે, ત્યાં સુધી ઠેઠ લઈ આવ્યા પછી સમય પત્યે પ્રભુએ આપણને કહ્યું છે કેઃ 'હવે તું આવી જજે.'

**છેલ્લે થોડી પ્રશ્નોત્તરીઃ**

**પ્રશ્નઃ કુરાન-બાઈબલની જેમ જૈન શ્રાવકોનો એક મુખ્ય ગ્રંથ કયો?**

**ઉત્તરઃ** પંચસૂત્ર. તે આખો મોક્ષમાર્ગ બતાવે છે, પહેલેથી લઈને છેલ્લે સુધી.

**પ્રશ્નઃ નામજપ સંસારસાગર તરવાની નૌકા છે. અન્ય ધર્મી રાધે-રાધે, રામ-રામ, હરેકૃષ્ણાદિ બોલે. તો જૈનોએ કયું નામ બોલવું?**

**ઉત્તરઃ** 'અરિહંત' શબ્દમાં દરેક અરિહંતોના નામ સમાઈ જ ગયા. 'અરિહંત' પદ નથી, નામ પણ છે. તેથી તેનો નામજપ કરવો.

**પ્રશ્નઃ ચામડા ઉપર ટીપેલ ચાંદીના વરખ પ્રભુની આંગીમાં વપરાય?**

**ઉત્તરઃ** ચાંદી અને સોનું અભડાતા નથી. એટલે કઈ રીતે વરખ બન્યા છે, એ તમારે જોવાનું નથી. એમ તો પછી કસ્તુરી શેમાંથી આવે? અંબર કયાંથી આવે? ગોરોચન કયાંથી આવે? બધા ઉત્તમ પદાર્થો પ્રાણીજ જ છે ને? ચામર પણ ચમરી ગાયના વાળ જ હોય છે ને? માટે પ્રભુપૂજામાં વસ્તુની પવિત્રતા જોવાની છે, એ કેવી રીતે ઉત્પન્ન થઈ, તે નથી જોવાનું. કમળ પણ કાદવમાંથી જ ઉત્પન્ન થાય, પણ પોતે? તે શુદ્ધ અને પવિત્ર છે. એટલે એ રીતે વરખમાં પણ કોઈ પ્રશ્ન જ નથી.

**પ્રશ્નઃ ‘કોસ્મીક ઓર્ડર’ વિશે વધુ વાત કરી શકો?**
**ઉત્તરઃ** મારે જો કોસ્મીક ઓર્ડરની વાત કરવી હોય ને, તો ત્રણ મહિના જોઈએ. તે બે દિવસમાં ન સમજાવાય. એટલો સમય હોય, ત્યારે એ સમજવા આવજો. (સભાઃ હાસ્ય)


અંતમાં ‘शिवमस्तु सर्वजगतः।’ની ભાવના કરી
પ્રથમ પ્રગટ ત્રણ સામુહિક નવકાર બોલી તથા
તત્પશ્ચાત્ મનમાં ૧૨ નવકાર ગણી
આ દ્વિદિવસીય અનન્ય-અભૂતપૂર્વ શિબિર સંપન્ન થઈ.



॥ शुभम् भवतु ॥

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ





જિનેશ્વરદેવની ભક્તિ તેમના વચનો
પ્રત્યે આદરભાવ ઉત્પન્ન કરી જીવો પ્રત્યેની
પ્રીતિને જગાડે છે તે સમ્યગ્દર્શન છે. અને
જીવ પ્રત્યેની પ્રીતિનો અમલ કરાવે છે તે
વિરતિના પરિણામ છે. વિરતિ અવિ-
રતિરૂપ જ્ઞાનનો સંગ્રામ વેને પામે છે ત્યારે
રત્નત્રયની એકતારૂપ નિશ્ચય ચારિત્રરૂપ
સમાપત્તિને જગાડે છે. પ્રીતિમાં ભળેલી ભક્તિ
માંહે વિરતિ અને વિરતિમાંહે અનુભવ સમાપત્તિ
મળવાય છે. પ્રભુ છે વિહિતાનુષ્ઠાન સંયમ
મોક્ષસાધન બનાવે. વિહિતાનુષ્ઠાન અસત્-
પ્રવૃત્તિ નિવૃત્તિ પ્રવૃત્તિરૂપ છે તેનું પાલન કરવાથી
આત્માનું આરાધન થાય છે. આત્મારાધનમાં
સાધક સ્મરણ તે ગુરુ સ્મરણ ...
ગુરુ સ્મરણ ... સ્મરણ કરાવી
આત્મ પ્રતિધાનમાં ... શુદ્ધાત્મ
ધ્યાન મોક્ષનું અસાધારણ કારણ બની
ને મોક્ષ અપાવી દે.

# શ્રી શંખેશ્વરજી મહાતીર્થ



JSBN : BDKRT0005